
Thag (Gujarati)

Desai, Ramanlal Vasantlal

VISIT…

LANZAROTE Caliente.COM



અનુક્રમ

અજાણ્યો : યુવક

આ જંગલમાં મુકામ નાખ્યે લગભગ છ મહિના થઈ ગયા હતા. ઠગ લોકોના છેલ્લા ભયંકર અત્યાચાર પછી અમે અમારી છાવણી જંગલમાં જ રાખી; આથી તેમના કાર્યવ્યવહાર ઉપર અમે ભારે અંકુશ સ્થાપ્યો. પરિ-ણામે આ છ માસમાં ઠગ લોકોનો જરા પણ ઉપદ્રવ જણાયો નહિ. ઊલટું કેટલાક એવા માણસોને અમે પકડ્યા કે જેમની પાસેથી ઠગ લોકો વિષે અમને ઘણી બાતમી મળી શકશે એવી અમને આશા ઊપજી.

હવે અમે લગભગ નિર્ભય થઈ ગયા હતા અને અમારા લશ્કરને અહીંથી ક્યારે બોલાવી લેશે તેની જ રાહ જોતા હતા. સ્થળ અને યોજના મારી મરજી અનુસાર પસંદ થયાં હતાં, એટલે આ નિર્ભય વાતાવરણ માટે હું જાતે જ મગરૂર હતો. મારા સૈનિકો વખતોવખત શિકારે જતા અને પાછા ફરતા. હું પણ છેવટના ભાગમાં થોડા સોબતીઓ લઈ શિકાર રમવા નીકળી પડતો.

ઇંગ્લૅન્ડમાં જન્મેલા ગોરાઓને હિંદુસ્તાનનો શિયાળો ઘણો જ પસંદ પડે છે. આજે સવારે ખાસ વધારે ઠંડી હતી; અને બીજું કાંઈ કામ ન હોવાથી નાસ્તા પછી શિકાર કરવા જવાનો મને વિચાર સ્ફુર્યો. પાંચેક સમો-વડિયાઓને મેં સાથે લીધા, અને હથિયારથી સજ્જ થઈ નજીકના ઝાડીવાળા ડુંગર તરફ અમે ઉતાવળે ચાલ્યા. ઠગ લોકોની શોધખોળમાં અમે આ પ્રદેશના સારા ભોમિયા થઈ ગયા હતા.

સૂર્ય મધ્યાકાશે પહોંચ્યો પણ આજ એકે શિકાર હાથ લાગ્યો નહિ. સાથે લીધેલો ખોરાક તો ખલાસ કર્યો, અને કાંઈ બાકી ન રહેવાથી અમે શરત બકી કે અમારામાંથી જે સહુથી પહેલો શિકાર કરી લાવે તેને ઠગ પકડવામાં મળતાં ઇનામ જેટલી રકમની મિજબાની બીજાઓએ આપવી.

ઝાડી વધારે ઘટ્ટ થતી ચાલી, અને સ્વાભાવિક રીતે અમે છૂટા પડી ઊંચાનીચા ટેકરાઓમાં જેમ ફાવ્યું તેમ ઘૂમવા લાગ્યા. દૂરના એક ઊંચા ટેકરા ઉપર કોઈ જાનવરનો ફરતો આકાર મને જણાયો, એને પહેલા શિકારનું માન ખાટી જવા હું છૂપાતો છૂપાતો તે ટેકરા ઉપર ચડી ગયો. શિકારીની નજરમાં તેનો શિકાર ભાગ્યે જ છૂપી શકે છે; પરંતુ મારી કેળવાયેલી આંખને ચારે ખૂણે ફેરવવા છતાં મારો ધારેલો શિકાર મારા જોવામાં આવ્યો નહિ. હું ખૂબ રખડ્યો. સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. અંતે હું નિરાશ થઈ એક મોટા પથ્થરની ઓથે આડો પડ્યો. આખો દિવસ રખડવાથી થાક લાગ્યો હતો, અને પથ્થરને છાંયે સૂતાં શીળો પવન લાગ્યો અને મારી આંખો ઊંઘથી ઘેરાઈ.

હું કેટલો વખત ઊંઘી ગયો હોઈશ તેની મને ખબર નથી. પરંતુ એ બહુ લાંબો વખત તો નહિ જ હોય; કારણ સૂર્ય આથમ્યા છતાં સંધ્યાનું અજવાળું પૂરતું હતું. ઓથારથી હું દબાયો

હોઉ એવી ભયભીત વૃત્તિ સાથે હું જાગી ગયો, અને જોઉ છું તો પંદર હાથ છેટે આવેલી ઝાડીમાંથી બે અંગારા મારી સામે ચમકતા દીઠા. શિકારી આ અંગારાને ઝટ ઓળખી શકે છે. એક જ છલંગે મારો ઘાત કરે એટલે નજીક એક ભયંકર વાઘ મેં ઊભેલો જોયો.

મને સહજ કમકમી આવી. ઠગ લોકોને માત કરનાર સેનાપતિ પરદેશમાં એક વાઘના પંજામાંથી ક્ષણભરમાં મૃત્યુ પામશે અને તેનું શરીર કબરમાં દટાશે પણ નહિ એ ખ્યાલથી હું લાચાર બની ગયો. વાઘ મેં પૂરેપૂરો જોયો. વાઘે પોતાનું ભયંકર પુચ્છ હલાવ્યું; કૂદકો મારવા તૈયારી કરવા તે ભોંયસરખો લપાયો; અને હું લગભગ મારું ભાન ભૂલ્યો !

એકાએક બૂમ પડી : ‘રાજુલ, બસ !’ એ બૂમનો પડઘો વિરમ્યો નહિ એટલામાં તો ફાળ ભરવા તત્પર થયેલો વાઘ પેંતરા ફેરવી ઊભો, પાછો વળ્યો અને અદૃશ્ય થયો. જતાં જતાં તેના ઘર્ઘર થતા ઉચ્ચાર મેં સાંભળ્યા, અને એ ઝાડી પાસેથી જ એક યુવકને મેં મારા તરફ આવતો જોયો. દરમિયાન હું બેઠો થયો. યુવકે પાસે આવી સલામ કરી મને કહ્યું :

‘સાહેબ ! બીશો નહિ. એ તો મારો પાળેલો વાઘ હતો. શિકારની પાછળ આટલે દૂર ચાલી આવ્યા ?’

તેનો કંઠ મને ઘણો મીઠો લાગ્યો. અંગ્રેજો વાઘથી ગભરાય છે એમ તેને લાગવા દેવું મને દુરસ્ત ન લાગ્યું, એટલે મેં જણાવ્યું :

‘સારું થયું કે તમારા વાઘને તમે પાછો બોલાવ્યો. આ છરો કાઢવાની તૈયારીમાં જ હું હતો. તમારો વાઘ બચી ગયો છે !’

વાઘને પાળનાર આ યુવકને મારી બડાઈ ખરી લાગી કે નહિ તે હું કહી શકતો નથી. પરંતુ તેણે સહજ હાસ્ય કર્યું અને તે મારી પાસે બેઠો. ચોવીસ-પચીસ વર્ષથી વધારે ઉંમર તેની લાગી નહિ. તેનું મુખ ઘણું જ સુંદર અને નાજુક હતું. તેની સ્વસ્થતા આકર્ષક હતી. જાણે પોતાના ઘરમાં કોઈ ઓળખીતા પાસે તે બેઠો હોય એવી સ્વસ્થતાથી તે બેઠો. હિંદ-વાસીઓ ગોરાઓ પાસે સામાન્યતઃ ગભરાતા બેસે છે એ હું જાણતો હતો, તેથી આ યુવકની સ્થિરતા મને ખરેખર આકર્ષક લાગી. છતાં હું શિકારની પાછળ આટલે દૂર આવ્યો હતો તે આ અજાણ્યા છોકરાએ કેમ જાણ્યું ? મેં તેને તે વિષે પૂછ્યું. તેણે સરળતાથી જવાબ વાળ્યો :

‘સાહેબ ! આપને હું બરાબર ઓળખું છું. કર્નલ સ્લિમાનસાહેબને કોણ ન ઓળખે ? ઠગ લોકોનો નાશ કરવા કંપની સરકારે આપને નીમ્યા છે. આખું હિંદુસ્તાન આપને ઓળખે છે અને હું ન ઓળખું ?’

આવી ભયંકર એકાન્ત જગામાં મારા નામ અને હોદા સાથે મને પિછાનતો એક હિંદી મારી સામે બેઠો છે એ વિચાર મને કંપાવવા માટે બસ હતો. ઠગ લોકોનું મુખ્ય મથક આ પ્રદેશમાં જ હતું એમ હું જાણતો હતો. અને એટલા જ કારણે મારા લશ્કરની છાવણી આટલામાં નાખી હતી. શું મારી સામે કોઈ ઠગ બેઠો હતો ? વાઘના કરતાં પણ ભયંકર હાસ્ય હસતો ઠગ અને ગળે ફાંસો દેવા માટે છૂપાયેલા રેશમના રૂમાલની મને કલ્પના ખડી થઈ. હું એકલો હતો; મારું હૃદય સહજ ધડક્યું.

હવે તો અંધારું થવા આવ્યું છે અને આપનો તંબુ અહીંથી ઘણો જ દૂર છે. અત્યારે આપનાથી જઈ શકાશે નહિ. રાત અહીં જ મારી સાથે ગાળો. હું આટલામાં જ રહું છું. પેલી ખીણ ઊતરશું એટલે તુરત મારું ઘર આવશે.’ તેણે કહ્યું.

આ યુવકની ભયંકર સરળતાથી હું ગભરાયો. તેના વિષે થતી શંકા મને દૃઢ થઈ ગઈ, અને મેં અનેક બહાનાં કાઢવા માંડ્યાં. મુસાફરોમાં વિશ્વાસ ઉપજાવી મધુરતાભર્યાં આમંત્રણોને અંતે તેમનો ઘાત કરવા ઠગના આગેવાનોથી હું છેક અજાણ્યો નહોતો. પરંતુ અહીં હું અને પેલો યુવક બે એકલા જ હતા. મારા સાથીઓનો પત્તો નહોતો અને યુવક તો પોતાનું સ્થાન પાસે જ બતાવતો હતો. બહાનાં કાઢ્યા સિવાય બીજો માર્ગ મને દેખાયો નહિ. મારા સૈનિકો રાહ જોતા હશે ! મને રાત્રે નહિ દેખે તો તેઓ અનેક કલ્પનાઓ કરી બેસશે ! કદાચ ઠગના હાથમાં જ હું ફસાઈ પડ્યો હોઈશ એવા ભયમાં પણ તેઓ પડશે અને ધાંધળ કરી મૂકશે ! આવી આવી કેટલીક વાતો કહી તેના આમંત્રણમાંથી કેમ છુટાય તેની પેરવી મેં કરવા માંડી. મારાં બહાનાં સાંભળી યુવકના મુખ ઉપર સ્મિત તરી આવ્યું. તેણે કહ્યું :

‘સ્લિમાનસાહેબ ! હું રાતમાં જ આપને આપના મુકામ ઉપર લઈ જાત; પરંતુ મારાથી આજે અનેક કારણોને લીધે આવી શકાય એમ નથી. બીજો કોઈ ભોમિયો માણસ પણ નથી કે જેને આપની સાથે મોકલું. આપ એકલા જશો તો હિંસક પ્રાણીઓ અને જંગલી ભીલોના પંજામાંથી જીવતા જઈ શકશો કે કેમ એની મને ખાતરી નથી. આપને મારો પરિચય નથી એટલે મારે માટે પણ આપને શંકા આવતી હશે. પરંતુ હું મારી આ સમ-શેરના સોગન ખાઈને કહું છું આપનો વાળ પણ વાંકો નહિ થવા દઉં ! અને આવતી કાલ પ્રભાતમાં તો આપ આપના તંબુમાં પહોંચી ગયા હશો.’

આટલું બોલતાં બરોબર તેણે એક તાળી પાડી. એ તાળીના અવાજ સાથે ટેકરાઓને ઓથેથી ચાર માણસો અચાનક ફૂટી નીકળ્યા. એ ચારે જણા અમારી સામે અત્યંત અદબ વાળીને ઊભા. યુવકે તેમને આજ્ઞા કરી:

‘સાહેબને આપણા મઠમાં ઉતારો. તરત હું આવું છું. સાહેબને કશી વાતની અડચણ પડે નહિ, એ જોજો.’

મારે તો કાંઈ લાંબે જવાનું હવે રહ્યું નહિ. ચાર હથિયારબંધ ભયંકર માણસોની સાથે ગમે તેમ કરીને પણ મારે જવું જ રહ્યું. હું નિરાધાર સરખો ઊઠ્યો, અને હુમલો ઉઠાવવાની મને બિલકુલ ટેવ નહિ છતાં પેલા યુવકની આજ્ઞા કચવાતે હૃદયે સ્વીકારી. પેલા માણસોએ મને રસ્તો બતાવવા માંડ્યો.

‘સાહેબ ! જરા પણ શંકા લાવશો નહિ. બેધડક મારા સ્થાન ઉપર જાઓ. બે ઘડીમાં હું આપને આવી મળીશ.’ જતે જતે તે યુવકે કહ્યું.

અમે ચાલવા માંડ્યું. યુવક હજી પોતાને સ્થાને એકલો જ ઊભો હતો. તેનું આકર્ષક મુખ અને અત્યંત વિનયભરેલું વર્તન મારા સરખા પરદેશીને ચકિત કરી નાખવા માટે બસ હતાં.

એ કોણ હશે ?

૨

ફાંસાનો અનુભવ

એ કોણ હશે એની કલ્પના કરતો હું મારા ભોમિયાઓ સાથે રસ્તો કાપવા લાગ્યો. ઠગ લોકો બાર-પંદર વર્ષની ઉમરથી બાળકોને ઠગના ધંધાની દીક્ષા આપતા આવે છે એ હું જાણતો હતો અને ઠગ લોકોમાં અપૂર્વ વિનય અને વિવેક હોય છે એની પણ મને ખબર હતી. માત્ર એ વિનય અને વિવેક નિર્દોષના ઘાતમાં પરિણામ પામતાં હતાં તેની મને ખાતરી હતી. જિજ્ઞાસા બહુ તીવ્ર થવાથી મારી સાથે આવતા માણસોમાંથી આ જણને મેં એને વિશે પૂછ્યું પણ ખરું; પરંતુ વાતચીતમાં પડવાની તેની જરા પણ ઇચ્છા દેખાઈ નહિ. ટેકરાઓ ચડતાં ઊતરતાં કેટલીક વારે અમે એક ઊંડા ડુંગરની વિશાળ સપાટી ઉપર આવ્યાં.

આ સપાટીની મધ્યમાં એક નાનો કિલ્લો દેખાયો. મારા સાથીદારને મેં કહ્યું :

‘હવે મારાથી બિલકુલ ચલાતું નથી. હું ઘણો થાકી ગયો છું. અહીંથી આગળ હવે હું વધી શકીશ નહિ.’

તે સાથીદારે જણાવ્યું :

‘આપણે મુકામની નજીક જ આવી ગયા છીએ. અંધારાને લીધે કદાચ નહિ સમજાતું હોય. પરંતુ આપણે સામા કોટ જેવા દેખાતા મકાનમાં જવાનું છે.’

મને ફરી કંપારી આવી. આ અંધકારમય રાત્રિમાં હું કોના મકાનમાં પ્રવેશ કરું છું ? મારી આજુબાજુ ચાલતા ચારે મનુષ્યો તરફ મેં જોયું. તેમની મુખમુદ્રા મને ભયંકર લાગી. પરંતુ હવે હિંમત રાખ્યા વગર બીજો ઇલાજ નહોતો. કોટના દરવાજા ખુલ્લા હતા. એક દરવાન આમતેમ ફરતો હતો. તેણે પોતાની પાસેનો એક ચોરદીવો ઊંચો કર્યો; અને અમને અંદર જવા દીધા. મને જોઈને તેને ઘણું આશ્ચર્ય લાગ્યું હશે. કારણ અમારામાંથી એક જણને તેણે સહજ રોક્યો અને કોઈ ગુપ્ત વાત કરી મારા વિષે પૂછપરછ કરી.

કોટને અડીને આવેલા વિશાળ મકાનમાં અમે દાખલ થયા. મકાનનો ચૉક વટાવતાં આવેલા એક મોટા ઓરડામાં પાટ પાથરેલી હતી. તેના ઉપર મને બેસાડી ચારે જણા અંદર અદૃશ્ય થઈ ગયા.

ઓરડાની સુંદર ગોઠવણ જોઈ મને આશ્ચર્ય લાગ્યું. આવા ડુંગર ઉપર, વસતિથી આટલે દૂર આવો વૈભવ કોણે કેવી રીતે વસાવ્યો હશે ? બખ્તરો અને હથિયારો મોટી સંખ્યામાં ભીંતે ટાંગેલાં હતાં. એક-બે ખીંટી ઉપર ભગવાં વસ્ત્ર લટકાવેલાં જોઈ મને વિશેષ નવાઈ લાગી.

એકાએક અંદરથી બારણું ખૂલ્યું. લગભગ સાઠેક વર્ષનો એક બુઢ્ઢો સાધુ તેમાંથી મારી પાસે આવ્યો. તેની પાછળ બે માણસો થાળીઓ લઈને આવ્યા. હિંદુસ્તાનના સાધુઓ કોઈને

નમતા નથી તે હું જાણતો હતો, એટલે મેં ઊઠી તેને માન આપ્યું. હાથ ઊંચા કરી આશીર્વાદ આપતો આ વૃદ્ધ સાધુ મારી જોડમાં બેસી ગયો. તેના ઊંચા કદાવર શરીર આગળ હું મને પોતાને જ ઘણો નાનો લાગ્યો. અત્યંત સ્વસ્થતાથી એ સાધુએ મારા તરફ જોયું. તેની આંખમાંથી વાત્સલ્ય વરસતું મેં નિહાળ્યું. પરંતુ સાધુના વેશમાં - સાધુની અભયમુદ્રામાં ઠગ લોકોએ કેટકેટલાક નિર્દોષોના ઘાત કરી નાખ્યા હતા ? મારી શંકા વધે તે પહેલાં જ સાધુએ મને કહ્યું :

'સાહેબ ! અમે સાધુઓ તમારો ખોરાક વાપરી શકીએ એમ નથી. ફળ અને વનસ્પતિનો સાત્ત્વિક ખોરાક એ અમારો સાધુઓનો ખોરાક. તમે થાકેલા જણાઓ છો. તમને આ ફળફળાદિ બહુ અનુકૂળ ન લાગે તોપણ સ્વસ્થતાથી જમો અને પછી આરામ કરી જાઓ.'

મેં તેનો આભાર માન્યો અને પૂછ્યું :

'હું કોનો મહેમાન છું ?'

આધુનું હસતું મુખ વધારે હસતું બન્યું. પરંતુ તેની આંખમાં ક્ષણભર આવી ગયેલો ચમકાર મેં જોયો. તે જોતાં જ મને લાગ્યું કે આ ભવ્યમૂર્તિ સાધુની આંખમાં કોઈ ભારે તોફાન સમાયેલું છે.

હસતાં હસતાં તેણે જવાબ આપ્યો :

'આપ મારા મહેમાન છો. આ મારો મઠ છે; અને ઈશ્વરઇચ્છા અનુસાર ભૂલ્યાં ભટક્યાંનો અતિથીસત્કાર અમો કરી શકીએ છીએ. વિશેષ જાણવાની અત્યારે જિજ્ઞાસા ન રાખશો. ભોજન કરીને અહીં જ સૂઈ જાઓ.'

આટલું બોલી હાથ ઊંચા કરી મને આશિષ આપવાનો તેણે દેખાવ કર્યો. અને તુરત તે પાછો કર્યો. દમામ ભરેલાં ડગલાં ભરતા આ વૃદ્ધને જોઈને મારું મન ચગડોળે ચઢ્યું. મેં આવેલા ફળફળાદિને પૂરતો ન્યાય આપ્યો, અને તે પછી પાથરેલા એક મોટા ખાટલા ઉપર હું પડ્યો.

ટાઢ તો હતી જ; એટલે સુંદર મશરૂની રજાઈ મેં ઓઢી અને ઊંઘવાનો પ્રયત્ન કર્યો. આજના સ્વપ્ન જેવા બનાવોના ખ્યાલે મારું મન અસ્થિર બનેલું જ હતું. અને શરીરને ઘણી જ જરૂર લાગ્યા છતાં ઊંઘ તો મને આવી જ નહિ. મેં કૈંક ઠગ આગેવાનો પકડ્યા હતા. તેમના સ્થાન ઉપર કૈંક હુમલાઓ લઈ ગયો હતો, પરંતુ આવી રીતે એકાંત સ્થળમાં હું એકલો કોઈ ઠગને મળ્યો ન હતો.

હું એકાદ ઘડી પડી રહ્યો હોઈશ, એટલામાં સહજ ખખડાટ થયો. જે દ્વારમાં થઈને હું આ ઓરડામાં આવ્યો હતો તે દ્વાર ઊઘડ્યું, અને હું ચમક્યો. ઝાંખા દીવાના પ્રકાશમાં હું જોઈ શક્યો કે એક યુવકે ઓરડામાં પ્રવેશ કર્યો છે.

તેણે ઓરડામાં ફરવા માંડ્યું. મારા ખાટલા પાસે આવતાં મેં આંખો મીંચી લીધી, નિદ્રાવશ દેખાવાનો મેં પ્રયત્ન કર્યો. ઠગ લોકો ફાંસો નાખતા પહેલાં પોતાના ભોગને જાગ્રત કરતા હતા તે હું જાણતો હતો. તત્કાળ અંદરથી દ્વાર ખૂલ્યું, અને મને વાઘથી બચાવી આ સ્થાને પહોંચાડનાર યુવકને મેં ઓરડામાં દાખલ થતો જોયો. તેના મુખની રેખાઓ સખ્ત બની ગઈ હતી અને નવા યુવકની સલામ ઝીલી ન ઝીલી અને તેણે તુરત કડકાઈથી પૂછ્યું :

'તમને મોકલવાની મેં ના પાડેલી હતી. શી માટે તમને મોકલ્યા ?'

નવા યુવકે સહજ નમનતાઈથી જવાબ વાળ્યો :

'મને નાયકે આજ્ઞા આપી એટલે હું ના કેમ પાડી શકું ?'

યુવકનું મુખ વધારે સખત થયું. પરંતુ તેણે કાંઈ પણ બોલતાં પહેલાં મારા ખાટલા તરફ નજર નાખી અને નવા યુવકને કહ્યું :

'અંદર આવો !'

જતે જતે નવીન યુવકે પૂછ્યું :

'આ ગોરો કોણ છે ? એ ફિરંગીને ક્યારે ઝાલ્યો ?' અને બારણું બંધ થયું. મને લાગ્યું કે મારો ભોગ ભવાનીને આપવાનો જ છે. ઠગ લોકોની જડ કાઢવા તૈયાર થયેલો હું જીવનની છેલ્લી ક્ષણો અનુભવી રહ્યો.

ઊંઘ તો આવી જ નહોતી, અને હવે આવવાનો સંભવ પણ રહ્યો નહોતો. મારી જિજ્ઞાસા અતિશય તીવ્ર થઈ અને પૂર્ણ નિરાશાને લીધે સાહસવૃત્તિ સતેજ થઈ. ઓરડામાં કોઈ જ નથી એવી ખાતરી કરીને હું ઊઠ્યો, અને જે દ્વારમાં થઈને એ બંને જણા ગયા હતા, તે દ્વાર મેં ઉઘાડવા માંડ્યું. તે સહેલાઈથી ઊઘડે એમ લાગ્યું નહિ. તેને આગળો, તાળું, નકૂચો, સંચ, એમાંથી શું છે તે શોધવાનો મેં આરંભ કર્યો.

મારી ખાતરી થઈ ગઈ હતી કે આ મકાન માત્ર સાધુનો મઠ ન હતું; એ કોઈ ભારે ખટપટની જગા હતી. અને જે મનુષ્યોની વચમાં હું આવી ચડ્યો હતો તે કોઈ સરલ સાધુ કે ગૃહસ્થો ન હતા, પણ કોઈ જબરજસ્ત કાવતરાના સૂત્રધારો હતા.

દીવો ઝાંખો બળતો હતો, તે મેં બિલકુલ બુઝાવી નાખ્યો. અંધકારમાં બારણું ખોલવાનું શરૂ કર્યું. બની શકે એટલું મેં જોર કર્યું, યુક્તિઓ કરી, પણ બારણું ખૂલ્યું નહિ. ચારે પાસ બારસાખ ઉપર હાથ ફેરવી જોયો તો જમણી બાજુએ એક ઝીણી ખીલીનું માથું હાથમાં આવ્યું. ખીલીને આમતેમ ખેંચી, ઊભી આડી હલાવી અને મને લાગ્યું કે બારણાની ચાવી આ જ છે. ખીલીને જમણી પાસે આડી ખેંચતાં બારણું ખૂલ્યું અને મેં અંદર પગ મૂક્યો. આ સ્થળે પણ સંપૂર્ણ અંધકાર હતો. દીવાલને અડી મેં આગળ વધવા માંડ્યું. વગર ખડખડાટે વચમાં આવતી વસ્તુઓને અડ-કીને પોતાનો માર્ગ કેમ કરવો એ સફાઈ માત્ર શિકારી કે ચોરને જ આવડે. ભીંતના ખૂણા પ્રમાણે હું વળતો જતો હતો. શા માટે આમ કરતો હતો તેની મને ખબર ન હતી. મારી આહસવૃત્તિનું પરિણામ મારા લાભમાં જ આવશે કે કેમ તેની પણ મને ખાતરી ન હતી. અત્યારે તો હું ઉદ્દેશ વગર આગળ વધ્યો. અંતે મારો આ અર્થ વગરનો પ્રયત્ન સફળ થયો હોય એમ મને લાગ્યું. દીવાલ ઉપર ઊંચાણમાં આકાશની સફેદી આછી આછી જોવામાં આવતાં મને લાગ્યું કે કોઈ નાનું જાળિયું તે જગાએ હશે. પ્રયત્ન કરી હું ઊંચે કૂદ્યો, અને એક કૂદકે તે જાળિયું હાથમાં પકડી લીધું.

આ જાળિયું એક વિશાળ ચૉકમાં પડતું હતું અને ચૉકને મૂકીને એક મોટી ઓસરી આવેલી હતી. મને કોઈ દેખી શકે એમ નહોતું. અતિશય કષ્ટ લાગ્યા છતાં હું જાળી પકડીને અધ્ધર રહ્યો અને સામે નજર ઠેરાવી તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

એક યુરોપિયન કન્યા સામે બંને યુવકો બેઠેલા હતા ! શું કૅપ્ટન પ્લેફૅરની આ દીકરી ? ઠગ લોકો જેને ઉપાડી ગયા હતા તે છોકરી શું હજી જીવતી છે ? ઠગ લોકોનો આ છેલ્લો અત્યાચાર હતો, અને કૅપ્ટન પ્લેફૅરના જ તંબુમાંથી તેની દીકરી ગુમ થતાં થયેલો હાહાકાર હજી

શમ્યો નહોતો. કૅપ્ટનની સ્થિતિ અતિશય દયાજનક બની ગઈ હતી; અને જે ઠગ લોકોએ તેમના ઉપર આવો ક્રૂર વિજય મેળવ્યો તેમને બદલે મને મૂકવામાં આવ્યે હજી થોડો જ સમય થયો હતો. છેવટે આટલે દિવસે છોકરીની ભાળ મળી ખરી ! તે જીવતી છે એમ જાણી હું રાજી થયો. મારા પુરોગામી અમલદારની પુત્રીને જીવતી શોધવાનું માન હું લઈ શકીશ કે કેમ? એ ગૌરકન્યાની અહીં શી હાલત થઈ હશે ? તે મૃત્યુ પામી છે એવા સમાચાર શા માટે ફેલાયા કરતા હશે ? આવા આવા વિચારો ઉપરાઉપરી મને આવવા લાગ્યા. મારા પરિચિત યુવકની વાતે મારું ધ્યાન ખેંચ્યું. તેણે અન્ય યુવકને સંબોધીને કહ્યું :

'હવે તમારી ખાતરી થઈ ?'

'ખાતરી થાય કે ન થાય, પરંતુ તમારે તેને મોકલ્યા વિના છૂટકો નથી.' નવીન યુવકે કહ્યું.

'મને બળજોરીથી કોઈ ફરજ પાડી શક્યું નથી. હું તો કોઈની મગદૂર જોતો નથી કે મેમસાહેબને તેમની ઇચ્છા વિરુદ્ધ મારી પાસેથી ખસેડી શકે.' યુવકે જવાબ આપ્યો.

'આ સંદેશો તમે કોને પહોંચાડો છો તે ખબર છે ?'

'મને પરવા નથી. જેને એ સંદેશો સાંભળવો હોય તે સાંભળે.' મારા પરિચિત યુવકે કહ્યું.

યુવતીનું માન રહ્યું હતું અને તેની ઇચ્છા સચવાતી હતી એ જાણી મને સંતોષ થયો. હું મારા હાથને થતું દુ:ખ વીસરી આ વાતચીત સાંભળવા એકચિત્ત બન્યો, અને અકસ્માત મારા પગ કોઈએ નીચેથી ખેંચ્યા. મેં પકડેલું જાળિયું મારા હાથમાંથી છૂટી ગયું. હું નીચે પડ્યો અને ભયંકર પરિણામો માટે તૈયાર થવા લાગ્યો. દુ:ખ પ્રત્યક્ષ ખડું થાય ત્યારે તેનો ભય જતો રહે છે. મને ખાતરી થઈ કે આ પ્રસંગ સહેલો નથી. પરંતુ તે સાથે જ તે પ્રસંગને ઉચિત બળ અને કળ વાપરવા હું તત્પર થયો અને ઊઠવા લાગ્યો. હું ઊઠી શકું તે પહેલાં તો બે જબરજસ્ત મનુષ્યોએ મને નીચે નાખ્યો અને મારા બંને પગ ઉપર જબરજસ્ત ભાર લાગ્યો. ઠગ લોકો પોતાના ભોગને વીજળીની ઝડપે નીચે નાખી તેના પગ ઉપર ભાર દઈ તેના ગળાને રૂંધી નાખવાની ક્રિયા કરતા હતા એ વર્ણનો મેં સાંભળ્યાં હતાં. ખરેખર, મારા જેવા સૈનિકને પણ આટલી ત્વરાથી માત કરવાની ચપળતા મેં તેમનામાં કલ્પી ન હતી. જોકે અનેક સૈનિકોને માર્યાના પુરાવા મારી પાસે હતા, છતાં ગોરા સૈનિકને હજી સુધી કોઈ ઠગે હાથ લગાડ્યો જાણ્યો ન હતો. તેમનો પહેલો ભોગ બનવાની મારી ઇચ્છા ન હતી. હું પ્રયત્નશીલ બનવા મથ્યો; પરંતુ હું બીજો પ્રયત્ન કરું તે પહેલાં તો એક લાંબું સુંવાળું કપડું મારા ગળાની આજુબાજુએ વીંટાયું અને મારા હોશકોશ ઊડી ગયા. હું તુરત સમજ્યો કે ફાંસિયાઓના પંજામાં હું સપડાયો હું. મેં જીવવાની આશા મૂકી દીધી. મારે ગળે વીંટાળેલા કપડામાંથી કોઈ મીઠી પરંતુ ઝેરી વાસ આવવા લાગી. મૃત્યુને કિનારે હું ઊભો હતો. મારે કંઠે શોષ પડ્યો. કપડું ગળે ખેંચાયું ન ખેંચાયું, અને હું બેભાન થઈ ગયો કે મૃત્યુ પામ્યો ?

3

મારા તંબુમાં

મારા શરીરને સખત ઠંડી લાગવા માંડી. મારે ગળે ફાંસો દેવાયો હતો તેનો ગૂંગળાટ થઈ બેભાની આવતાં મૃત્યુનાં દ્વાર હું દેખી ચૂક્યો હતો. શું મારો નવીન જન્મ થયો ? અગર તો શું મને સ્વપ્ન આવ્યું હતું ?

હું સફાળો બેઠો થઈ ગયો. એક મોટા વૃક્ષની છાયામાં કામળી પાથરેલી હતી અને મારા દેહ ઉપર પણ કામળી ઓઢાડેલી હતી. સવાર પડવા આવ્યું હશે એમ મને લાગ્યું. હું અહીં ક્યાંથી ? કઈ જગ્યાએ ? મારા મનને મેં સ્થિર કર્યું. ધીમે ધીમે અજવાળું વધવા લાગ્યું અને ટાઢમાં બંને કામળીઓ ઓઢી મેં રસ્તો ખોળવાનું શરૂ કર્યું. તુરત મને સમજાયું કે હું મારી છાવણી કરતાં પા ગાઉથી વધારે દૂર નહોતો. મને હિંમત આવી અને પગ જોરમાં ઊપડ્યો.

રખવાળોના તંબુ પાસે આવતાં જ તેણે મને ઓળખ્યો અને સલામ કરી. તેમના મોં ઉપરથી જ મને લાગ્યું કે મારી ગેરહાજરીથી છાવણીમાં ગભરાટ ફેલાયો હતો. આખી રાત માણસો શોધખોળમાં રોકાયા હતા. હું મારા તંબુમાં ગયો. મારી સાથે શિકારે આવેલા તેમ જ બીજા અમલદારોએ આવી બહુ ખુશી પ્રદર્શિત કરી.

'કોઈ ઠગની સાથે ઝપાઝપી થઈ લાગે છે.' એક જણે મારું નિરીક્ષણ કરી કહ્યું.

'શા ઉપરથી કહો છો ?' મેં પૂછ્યું.

'આ ગળે ઠગનો રૂમાલ વીંટ્યો છે ને ? આપની જીતનું આ ચિહ્ન આપ ઠીક લાવ્યા છો.'

મેં સંમતિ આપતાં હાસ્યનો ડોળ કર્યો, પરંતુ હું ચમકી ઊઠ્યો. મને અત્યાર સુધી ખબર જ નહોતી કે રાતનો રેશમી રૂમાલ હજી મારા ગળાથી ખસ્યો જ નથી. બનેલા બનાવની હકીકત નિરાંતે બપોર પછી કહેવા અને તત્કાળ સહેજ આરામની જરૂર હોવાનું કહી સર્વને મેં વિદાય કર્યા, અને મારે ગળે લટકતો રૂમાલ મેં કાઢ્યો. રૂમાલને એક છેડે કાંઈ બાંધેલું હોય એમ લાગ્યું. મેં તે છોડી જોયું અને એક નાની કાગળની કાપલી બહાર આવતાં મેં આશ્ચર્ય સાથે વાંચવા માંડી :

"આપને વચન આપ્યા પ્રમાણે આપને સહીસલામત

પહોંચાડ્યા છે. આજ રાતે હું આપને મળીશ."

મારું મન વધારે તીવ્ર બન્યું. હુ ઠગ લોકોની જ વચમાં ફસાયો હતો એ વાત સિદ્ધ જ હતી; કાલ રાતે મારે ગળે વીંટાળાયેલો રૂમાલ સાક્ષી રૂપ હજી મારા હાથમાં જ હતો, અને મને બચાવી કાળજીપૂર્વક મારે સ્થાને પહોંચાડવાનું પરોપકારી કાર્ય પણ થયું હતું. આ બધું શું ? આ ગૂંચવણનો ગમે તેમ કરી ઉકેલ મેળવવો જ જોઈએ ! આશ્ચર્યની વાત તો એ જ કે પેલો

યુવક આજ રાતે મને મળવાનો હતો ! હું બહાર જવાનો નથી. પછી તે મારા તંબુમાં જ આવવો જોઈએ ને ! ગમે તે રીતે યુક્તિપ્રયુક્તિ કરી, લાલચ અને ભય બતાવીને પણ આ બાબત ઉપર અજવાળું પડાવવું જ જોઈએ એવા નિશ્ચયો મેં કરવા માંડ્યા.

દિવસનાં કાર્યો યંત્રોની માફક થયે ગયાં. ઠગ લોકોની શોધખોળ માટે મોકલવા આવતી રોજની ટુકડીઓ ચારે પાસ ફરી આવી. રાતની હકીકત સાંભળવાની મારા સાથીદારોની ઇંતેજારીને મેં બીજો વાયદો કરી ને વધારે તીવ્ર બનાવી. એમ કરતાં શિયાળાનો ટૂંકો દિવસ પૂરો થયો અને રાત પડવા માંડી.

મારા ભરોંમાના પાંચ સૈનિકોને મેં તૈયાર રહેવા સૂચવ્યું. હું પણ હથિયારથી સજ્જ થઈ બેઠો. રાત્રે કોઈ મળવા આવે તો તુરત મને ખબર કરવી એવી સૂચના સૈનિકોને આપી દીધી; અને દીવાને અજવાળે કામના કાગળો વાંચતો એક ખુરશી ઉપર હું મારા તંબુની ઓરડીમાં બેઠો.

રાત વધ્યે જતી હતી. રાહ જોતાં જોતાં મને કંટાળો આવવા લાગ્યો. અચાનક દૂર શિયાળ રડી ઊઠ્યાં. હું સતેજ થઈ ગયો. તંબુના દ્વાર તરફ નજર કરતાં તેમાંથી એક આકૃતિ આવતી મેં જોઈ. હું બબડી ઊઠ્યો :

‘ચોકીદારો શું મરી ગયા ? મેં કહ્યું જ હતું કે મને પૂછ્યા વગર કોઈને આવવા ન દેશો.’ પરંતુ મારો અવાજ પેલી આકૃતિના સાંભળવામાં આવ્યો નહિ - અગર સાંભળ્યા છતાં તે આકૃતિએ તેની દરકાર કરી નહિ.

આકૃતિ અલબત્ત પેલા યુવકની જ હતી. હસતો હસતો તે મારી પાસે આવ્યો. મેં પણ તેને અણગમતો આવકાર આપી મારી સામે ખુરશી ઉપર બેસાડ્યો. દ્વાર પાસે રોકેલા માણસો તરફનો મારો અણગમો હું છુપાઈ શક્યો નહિ અને તેને કહ્યું :

‘કોઈ બહાર નહોતું કે શું ? તમારા આવ્યાની કોઈ માણસે મને ખબર ન કરી !’

‘એમાં તેમનો વાંક નથી,’ યુવકે જણાવ્યું. ‘અહીંથી પચાસેક કદમ ઉપર એક મોટો ભડકો થતાં સઘળા સ્વાભાવિક રીતે તે તરફ ગયા અને હું અંદર ચાલ્યો આવ્યો.’

‘ભડકો થયો ? તો કાંઈ આગ લાગી હશે. મારે પણ તપાસ કરવી જોઈએ.’ મેં આતુરતા બતાવી કહ્યું.

‘નહિ નહિ સાહેબ ! એ તો બધાને ચમકાવવા અને ખસેડવા મેં થોડો રાળનો ભડકો કર્યો. આપને ઊંચા જીવનું કારણ નથી.’ યુવકે જણાવ્યું. તેનું મુખ હસતું જ રહ્યું. મેં ઘણાં આનંદી માણસો જોયાં હતાં, પરંતુ આવો કુદરતી હસમુખો યુવક હજી મેં જોયો નહોતો. તેની મોટી કાળી ચમકતી આંખોના તેજને ઝીલવું મને સહજ કપરું લાગ્યું. જોકે તે પરવા વગરનું સાહજિક હસતું મુખ કોઈ બાળકની નિર્દોષતાનો ખ્યાલ આપતું હતું. તેની આંખ અને તેના મુખ વચ્ચે આવો તફાવત કેમ હોઈ શકે તેનો મને વિચાર આવ્યો.

‘ત્યારે તમે મને પણ ચમકાવવાનો નિશ્ચય કરી આવ્યા છો કે શું ? કાલે રાતે મને ઓછો ચમકાવ્યો નથી !’ મેં કહ્યું.

‘હું બહુ જ દિલગીર છું. તેમ થવા દેવાનો મારો જરા પણ ઇરાદો નહોતો. પરંતુ આપની જિજ્ઞાસા અમને પ્રતિકૂળ થઈ પડે એટલી હદ સુધી પહોંચી હતી.’ તેણે જવાબ આપ્યો. ‘પણ

એ તો મેં ધારેલું જ હતું. હું પણ આપની જગ્યાએ હોઉં તો એમ જ કરું ! અને કેટલોક અનુભવ જાતે કરવો એ જ વધારે સારું છે, નહિ ?'

'પરંતુ મને એક જ નવાઈ લાગ્યા કરે છે કે તમે મને બચાવ્યો કેમ ?' મેં પ્રશ્ન કર્યો.

'શા માટે આપને ન બચાવીએ ? આપ તો અમારા મહેમાન હતા.' તેણે પ્રશ્નનો જવાબ આપ્યો.

'પણ હું તમારો દુશ્મન છું એ તો તમે જાણો જ છો !' મેં ભાર દઈ જણાવ્યું.

આ સાંભળી તે ખડખડાટ હસી પડ્યો, તેના હાસ્યનો રણકાર આખા તંબુમાં ફેલાયો.

'એટલે તમે મને ઠગ ધારી જ લીધો કે શું ? આપ ઠગ લોકોના દુશ્મન છો કે મારા ?' હસતે હસતે તેણે જણાવ્યું.

મને પણ હસવું આવ્યું. મેં કહ્યું :

'જો તમે ઠગ નહિ તો કોણ છો તે જણાવવું જોઈએ. હું તો તમને ઠગ માન્યા જ કરીશ.'

તેનું મુખ સહજ ગંભીર થયું અને કોઈ વિદ્વાન વાચાળને શોભે એવું મુખ કરી તે બોલ્યો :

'ખરી વાત છે. જગતમાં કયો માણસ ઠગ નથી ? અમારા પંડિતો તો કહે છે કે ઈશ્વર જે શક્તિ વડે આ સંસાર રચે છે એ શક્તિ - માયા – પણ ઠગ છે.'

આ રમતિયાળ લાગતો છોકરો મોટે મોંએ હિંદુઓનો માયવાદ સમજાવતો હતો એ જોઈ હું હસ્યો. મેં તેને સ્પષ્ટ કહ્યું :

'આપણી મુદ્દાની વાતને ફિલસૂફીની ચર્ચામાં ઘસડી જવા હું માગતો નથી. તમે કોણ છો એ તમારે મને કહેવું જોઈએ.'

'કહીશ...કોઈક દિવસ વખત આવ્યે.' તેણે બેદરકારીથી જણાવ્યું.

'વખત હમણાં જ છે. તમારે સમજવું જોઈએ કે તમે મારા તંબુમાં છો.' મેં ગંભીર થવા માંડ્યું. બળ દેખાડ્યા વગર આ છોકરો પોતાની હકીકત નહિ કહે એમ લાગવાથી મેં બળ બતાવવાની તૈયારી કરવા માંડી.

'એટલે ?' તેણે પૂછ્યું.

'એટલેબેટલે કાંઈ નહિ. તમે જાણો છો કે હું ઠગ લોકોનો નાશ કરવા માટે નિમાયલો છું. મને પૂરેપૂરો શક જાય છે - અરે મારી પાસે સાબિતી જ છે કે તમે ઠગ છો. વળી તમે મારા તંબુમાં છો એ વાત તમારે ભૂલવી ન જોઈએ.' મેં ગોરીસત્તાનો તેને અનુભવ આપવા માંડ્યો.

'તમારા તંબુમાં છું તેથી તો હું વધારે નિર્ભય છું.' તેણે હસતે મુખે આસાએશ ભરેલી ઢબે જવાબ આપ્યો.

૪

ચમકાવતી સાબિતી

‘જુઓ, તમે ઠગ છો એ વાત કબૂલ કરી બધી હકીકત મને જણાવશો તો તમને બચાવી લઈશ. અને... અને જાગીર અપાવવાની પણ સરકારને ભલામણ કરીશ.’ મેં લાલચ બતાવી.

‘શું મને ટોંકનો નવાબ બનાવશો ?’ રીસ ચડે એવા ઉચ્ચારે તેણે પૂછ્યું. પીંઢારાઓના એક સરદારને જાગીર આપી મેળવી લીધો હતો એ વાત હજી તાજી જ હતી. મને રીસ ચડી છે એમ ખાતરી કર્યા પછી જાણે વધારે રીસ ચડાવવી હોય એમ તેણે મને પૂછ્યું :

‘અને હું નહિ કહું તો ?’

મને લાગ્યું કે મારે પૂરેપૂરું રૂપ બતાવવું પડશે. એકદમ મારી કમરેથી આચકતો છરો મેં ખેંચી કાઢ્યો અને આંખ મીંચી ઊઘડે એટલામાં તો તેની ખુરશી પાસે ફાળ ભરી તેની છાતી સામો છરો ધરી હું ઊભો.

‘જો નહિ કહે તો આ મારો છરો બધી હકીકત કહેવડાવશે. ગીરા લોકો પાસે છિછલ્લાપણું કે છોકરવાદી ચાલશે નહિ. ફરજની વાતમાં અમારું કોઈ સગું કે મિત્ર છે જ નહિ !’

‘છરાનો ઉપયોગ આપને ફાવશે ? ગોરાઓ તો ગોળીબારે જીતે છે !’ તેણે કહ્યું. તેના મુખ ઉપર સહજ પણ ફેરફારનાં ચિહ્ન જણાયાં નહિ. તેની નિર્ભયતા જોઈ હું ખરેખર ચકિત થઈ ગયો. છાતી સામે મૃત્યુ ચમકતું હતું છતાં એ યુવક ઉપર અસર ન થઈ એમાં તેની બહાદુરી આગળ તરી આવતી હતી કે તેની ફિલસૂફી ?

‘છરાનો ઉપયોગ કરવામાં હું પાછો નહિ પડું.’ મેં જવાબ આપ્યો.

છાતી સામે છરો હોવા છતાં તેને કશી જ અસર કેમ ન થઈ એનો હું વિચાર કરું તે પહેલાં તો તેણે ચપળતાથી અને સહજ ગાંભીર્યથી મને કહ્યું: ‘આપની પાછળ સહજ જુઓ. મને મારતાં તમને શું થશે તેનો સહજ વિચાર કરો.’

મેં દૃષ્ટિ સ્વાભાવિક રીતે જરા પાછી ફેરવી, અને વીજળીની ઝડપ તથા વજના ભારનો મારા હાથને અનુભવ થયો. ખુરશી ઉપર બેઠે બેઠે પેલા યુવકે મારી પાછી પડેલી દૃષ્ટિનો લાભ લઈ મારા હાથને મજબૂત પકડ્યો. આટલું બળ આ છોકરામાં હશે એમ મેં ધાર્યું નહોતું. હાથને સખત ઝાટકો લાગતાં મારી પકડ હલકી થઈ ગઈ અને છરો નીચે પડ્યો.

છરો નીચે પડ્યો અને હું લેવા ગયો. પરંતુ તરત જ યુવકે મારો હાથ છોડી દીધો. મને હિંમત આવી. મેં ફરી ગંભીરતાથી કહ્યું : ‘મને છેતરીને મારો છરો તમે પડાવી નાખ્યો છે, પરંતુ તમે તંબુમાં છો એ યાદ રાખજો. મને પૂરી હકીકત જણાવ્યા વિના તમે અહીંથી સહીસલામત

જઈ શકશો નહિ.'

'હું કોઈને જ છેતરતો નથી !' તેણે કહ્યું. 'એ કામ ગોરાલોકો વધારે સારી રીતે કરી શકતા લાગે છે.'

તેના મહેણાથી હું જરા શરમાયો. પરંતુ હજી તેને ડરાવવા મારું મન લલચાતું હતું. તેની સ્થિરતા મને ક્રુદ્ધ બનાવી રહી હતી. મેં આંખ કપરી કરી કહ્યું :

'તમને ગીરા લોકો ન ગમતા હોય તો હું તત્કાળ તમને કાળા માણસોને સોંપી દઈશ.'

આથી ધમકીનો અર્થ પણ સરશે, અને બહાર મારા માણસો તૈયાર છે કે નહિ તેની ખાતરી પણ થશે, એવા વિચારે હું પાછો ફર્યો અને તંબુના દ્વાર તરફ જવા મેં એક ડગલું ભર્યું.

ડગલું ભરતાં જ એક ભયાનક વાઘ મારી પાછળ ઊભેલો મેં જોયો, અને હું ભયભીત થઈ ગયો. અલબત્ત મને યાદ આવ્યું કે ગઈ કાલે આવો જ એક વાઘ યુવકના કહેવાથી ચાલ્યો ગયેલો મેં જોયો હતો; છતાં હું એકાએક મારી ખુરશી ઉપર બેસી ગયો.

યુવક મારી આ ગભરાયલી સ્થિતિનો લાભ લેવા માગતો ન હોય તેમ મને કહેવા લાગ્યો :

'સાહેબ ! આપ ઉતાવળા ન થાઓ. હું કોણ છું એ આપ વખત આવ્યે જાણી શકશો. દરમિયાન હું તમારો દુશ્મન નથી પરંતુ મિત્ર છું એમ ખાતરીથી માનીને ચાલશે.'

'હું ઠગ લોકોને મારા મિત્ર તરીકે કેમ ગણી શકું ?' મેં જવાબ આપ્યો.

'હું ઠગ છું એવું તમે શા ઉપરથી કહો છો ?' તેણે પ્રશ્ન કર્યો.

'ગઈ રાતનો ફાંસો હજી મારી પાસે કાયમ છે.' મેં જણાવ્યું.

'ડાકુઓ અને ખૂનીઓ છરા રાખે છે અને છરાનો ઉપયોગ પણ કરે છે. આપે પણ તે વાપરવા આજે પ્રયત્ન કર્યો. હું શું તમને ખૂની કે ડાકુ તરીકે ઓળખાવી શકીશ ?' તેણે મને ગૂંચવણમાં નાખતો પ્રશ્ન કર્યો.

'તો શું તમે ઠગ નથી ? મને ખાતરી આપશો ?' મેં પૂછ્યું. આવી ભયંકર શક્તિવાળો યુવક સરળતાથી મારો મિત્ર બને તો વધારે સારું લાગે એમાં નવાઈ નહોતી.

'હું ઠગ છું કે નહિ તે નક્કી કરવાની આપને જરૂર નથી. હું આપનો મિત્ર છું એટલું ખાતરીથી માની રાખજો. હું આવ્યો છું તે આપને એક સલાહ આપવા આવ્યો છું.'

આટલું બોલી તેણે ચપટી વગાડી અને મારી પાછળ ઘૂરકી રહેલો પેલો ભયંકર વાઘ અત્યંત ગરીબાઈથી આગળ આવી યુવકના પગ પાસે બેસી ગયો.

'હું તો આવા મિત્રો રાખું છું.' તેમણે હસતાં હસતાં કહ્યું. 'વાઘ અને માણસની દોસ્તી અશક્ય માની શકાય. છતાં આ મારા રાજુલ જેવો નિમકહલાલ મિત્ર હજી મને મળ્યો નથી. આપની સાથેની દોસ્તી પણ આવા પ્રકારની અશક્ય લાગે એવી છતાં તે વફાદારીની જ રહેશે'

નીચે બેઠેલા વનરાજ ઉપર પ્રેમથી હાથ ફેરવતા યુવકને જોઈ મને એક પ્રકારનું સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થયું. અલબત્ત, વાઘનો ભય છેક દૂર તો નહોતો જ થયો.

મેં પૂછ્યું : 'તમે શી સલાહ આપવા માગો છો ?'

'આપે આપની છાવણી અહીંથી ઉઠાવવી પડશે.' તેણે કહ્યું.

મને શક પડ્યો કે આ યુવક જાણી જોઈને મારી આ મજબૂત કરેલી જગીમાંથી મને દૂર કરવા પ્રયત્ન કરે છે. મારા મનમાં ચાલતો વિચાર જાણે તે સમજી ગયો હોય તેમ તે બોલ્યો :

'આપને શંકા પડે એ સ્વાભાવિક છે. પરંતુ અહીં રહ્યો આપ ઠગ લોકોને નાબૂદ નથી કરી શકવાના.'

'કારણ ?' મેં પૂછ્યું. 'અત્યારે તો મારા અહીં આવવાથી ઠગ લોકોનો ઉપદ્રવ નરમ પડ્યો છે.'

'આપ શું એમ માનો છો કે ઠગ લોકો એક જ જગાએ રહે છે ? મારે આપને જણાવવું જોઈએ કે એવા ભ્રમમાં આપ કદી પણ રહેશો નહિ. ઠગબિરાદરી હિન્દુસ્તાનના કયા ભાગમાં વેરાયલી નથી એ કહેવું મુશ્કેલ છે. હું તો એટલે સુધી પણ કહીશ કે દેશમાં ગામેગામમાં ઠગ લોકો રહે છે. વળી આપની છાવણીમાંથી પણ હું ઠગ લોકોને બતાવી શકું એમ છું. કદાચ આપના અંગરક્ષકો જ ઠગ હોય તો ? અને આવતી કાલ આપ જાતે જ ઠગ લોકોના સહાયક નહિ બની જાઓ એની કોઈ ખાતરી ?'

તેનાં આ ગંભીર વચનો ચમકાવનારાં હતાં.

'શું તમે મારે જ માટે શંકા લઈ શકો છો ?' મં પૂછ્યું. મને ખાસ પસંદ કરી ઠગ લોકો સામે યોજ્યો હતો. એટલે મારે માટે તેણે આવો શંકાશીલ અભિપ્રાય આપ્યો તે મને બિલકુલ ગમ્યો નહિ.

'આપના કરતાં પણ વધારે મોટા માણસો ઉપર શંકા લઈ શકાય એમ છે.' આપ કહેતાં કહેતાં તેણે પોતાના અંગરખાના ખિસ્સામાંથી કાંઈક ચમકતી ચીજ કાઢી પોતાની હથેલીમાં મૂકી મને બતાવી. 'કહો સાહેબ ! આ ચીજને ઓળખી શકો છો ?'

નાના લીંબુ જેવડો અતિશય ચમકારા મારતો આ સુંદર 'ચંદ્રિકા' નામનો હીરો મેં તરત જ ઓળખ્યો અને હું બૂમ પાડી ઊઠ્યો :

'અરે, નામદાર હાકેમસાહેબનાં પત્નીનો આ ચોરાયેલો હીરો તમારી પાસે ક્યાંથી ?'

'હાકેમસાહેબનાં પત્ની પાસે આ હીરો કેમ આવ્યો તે જાણો છો ?' તેણે મને પૂછ્યું.

મેં કહ્યું : 'હા હા, હું બરાબર જાણું છું. બેગમસાહેબાએ તેમને તે ભેટ આપેલો.'

'બેગમસાહેબાને શું હાકેમનાં પત્ની ઉપર એટલો બધો ઉમળકો આવી ગયો હતો કે આવા બેનમૂન હીરાની તેમને ભેટ કરવી પડી ?' તેણે ઝીણી આંખ કરી પ્રશ્ન પૂછ્યો.

હું આ પ્રશ્નનો મર્મ સમજી ગયો. બેગમસાહેબાનો દીકરો ખરો નથી એવી બૂમ ઊઠતાં તપાસ થઈ, અને તેમના તથા તેમની વિરુદ્ધના એમ બંને પક્ષે અઢળક પૈસા વાપર્યા છતાં દીકરો ખરો નથી એમ સાબિત થવાનો પ્રસંગ આવ્યો ત્યારે યુક્તિ કરી બેગમસાહેબાએ હાકેમનાં પત્નીને પોતાનાં મહેમાન તરીકે બોલાવ્યાં અને પોતાના દીકરાની ગાદી ચાલુ રહે એ માટે આ હીરો તેમને ભેટ આપવા જણાવ્યું.

હીરાની ચમકે તેમના હૃદયને એટલું આકર્ષ્યું કે ભેટ ન મળે ત્યાં સુધી આ કામમાં બેગમસાહેબની તરફેણમાં વચ્ચે ન પાડવાનો હાકેમનાં પત્નીએ નિશ્ચય કર્યો હતો. કમનસીબે જે

દિવસે હીરો તેમને મળ્યો તે જ દિવસે બેગમસાહેબાનો દીકરો ખોટો સાબિત થઈ તેમનું રાજ્ય ખાલસા કરવાનો સરકારનો હુકમ આવી ગયો હતો. હીરો મળતાં સુધી કાંઈ કર્યું નહિ અને હીરો મળ્યો ત્યારે કાંઈ પણ કરી શકાય એમ રહ્યું નહિ; કારણ હુકમ બહાર પડી ચૂક્યો હતો.

આવી પરિસ્થિતિમાં હીરાની ભેટ પાછી વાળવી જોઈએ; અને પ્રામાણિકપણે તેવી તજવીજ કરવા હાકેમસાહેબનાં પત્નીએ પોતાના પ્રાઇવેટ સેક્રેટરીને આજ્ઞા પણ કરી દીધી. પ્રાઇવેટ સેક્રેટરીએ ઘણી સંભાળથી તે હીરાને ખજાનામાં સુરક્ષિત રીતે મૂક્યો. રાતમાં જ ખજાનાના ચોકીદારને ગળે ફાંસો દેવાઈ તેનું કોઈ ઠગે ખૂન કર્યું અને આ નામાંકિત ‘ચંદ્રિકા’ને કોઈ ચોરી ગયું.

આ બધી હકીકત જાણીતી હતી અને તે મેં એ યુવકને સંભળાવી. મને નવાઈ લાગી કે આ હીરો યુવક પાસે ક્યાંથી આવ્યો હશે ! અને તે નવાઈ મેં પ્રદર્શિત કરી.

‘તમને શું લાગે છે ?’ તેણે પૂછ્યું. ‘મારી પાસે આ હીરો કેવી રીતે આવ્યો હશે ?’

‘તમે ઠગ છો એ બાબતની મારી ખાતરી વધારે દૃઢ થતી જાય છે.’ મેં કહ્યું.

‘કદાચ હાકેમસાહેબનાં પત્ની અગર તેમના સેક્રેટરી જ ઠગ પુરવાર થાય તો ?’ તેણે ભાર મૂકી જણાવ્યું અને હું આ સાંભળી આભો બન્યો.

‘તમે ઘણા જ ભયંકર છો !’ મારાથી બોલાઈ ગયું.

૫

મૂંઝવણ

'સંભવિત છે.' તેણે જવાબ આપ્યો, 'પરંતુ આપ આવતી કાલ સુધીમાં જો આ છાવણી અહીંથી ઉઠાવી નહિ લ્યો તો જે પરિણામ આવશે તે એટલું જ ભયંકર બનશે.'

'પણ મારે તેનું કારણ જાણવું જોઈએ. ફક્ત તમે કહો એટલા ઉપરથી હું આવી સારી જગા છોડી શકીશ નહિ. યુદ્ધનો મને પણ અનુભવ છે. ઠગ લોકોને આ જગ્યાએ રહીને કાબૂમાં લાવી શકાય એમ છે.' મેં કહ્યું.

'ભલે, આપની ઇચ્છા. હું હવે જઈશ. મારી સલાહ માનવી ન માનવી એ તમારી મરજીની વાત છે. માત્ર એક મારી માગણી છે : હું તમારો અંગત મિત્ર છું એ વાત કદી ભૂલશો નહિ.' આમ કહી તે ઊભો થયો. તેની નજીકમાં બેઠેલા 'રાજુલે' પણ ઊભા થઈ આગળ ચાલવાનું શરૂ કર્યું. આટલું બધું સૌંદર્ય, આટલી બધી સરળતા ! અને સાથે સાથે ભયંકર ભેદીપણું ! આ બાળક જેવા લાગતા યુવકમાં એ સર્વ શી રીતે સમાયું હશે ? તેને મારી સાથે શો સ્વાર્થ કે સંબંધ હશે કે જેથી તે મારો મિત્ર થવા માગે છે ?

આ વિચારો તેને તંબુમાંથી વિદાય કરતાં કરતાં મને આવી ગયા. મેં તેને જતે જતે ખાતરી આપી કે તેણે મને પણ પોતાનો મિત્ર સમજવો – જોકે સાથે સાથે મેં એ પણ કહ્યું કે ફરજ અદા કરવામાં મિત્રાચારીનો પણ ભોગ આપવો જોઈએ. નિર્ભયતાની મૂર્તિ સરખો તે વગર સંકોચે મારી છાવણીમાંથી બહાર જઈ રાતના અંધકારમાં અદૃશ્ય થયો.

આટલેથી મારું મન માને એમ નહોતું. આ યુવકને આમ ને આમ જવા તો ન જ દેવો જોઈએ એમ મને લાગ્યું. એના સંબંધમાં ચોક્કસ બાતમી મેળવવી જ જોઈએ એ વિચાર મને પીડવા લાગ્યો. મેં બૂમ મારીને મારા એક વિશ્વાસુ અંગરક્ષક દિલાવરને બોલાવ્યો.

દિલાવરને એક અત્યંત બહાદુર અને યુક્તિબાજ સૈનિક તરીકે હું જાણતો હતો. પ્રાણાન્તે પણ તે પોતાનું કામ પાર પાડશે એવો મને તેના ઉપર વિશ્વાસ હતો. દિલાવર આવી મારી પાસે સલામ કરી ઊભો રહ્યો.

'દિલાવર ?' મેં કહ્યું, 'મારી પાસે હમણાં આ ભયંકર માણસ આવી ગયો. તું જાણે છે ?'

'જી, હા.' તેણે જવાબ આપ્યો અને ઉમેર્યું : 'મને લાગ્યું કે તે બાતમીદાર છે.'

'તારી ધારણા ખરી છે.' મેં ભેદ ન ખોલતાં જણાવ્યું. 'છતાં મને તે બાતમીદાર ભયંકર લાગે છે. તું એની પાછળ દોડ, અને એની હિલચાલ ઉપર નજર રાખ. વખતોવખત મને ખબર કરતો રહેજે. જલદી જા, નહિ તો તેનો પત્તો લાગવો મુશ્કેલ છે.'

'જેવી હજૂરની મરજી !' કહી સલામ કરી દિલાવર દોડ્યો, અને અંધકારમાં તે પણ ગુમ

થયો.

હું સૂતો. પરંતુ મને યુવકનાં જ સ્વપ્ન આવ્યાં કર્યાં. સવારમાં હું મોડો ઊઠ્યો. ગવર્નર જનરલ તરફ મેં એક ગોળ ગોળ નિવેદન મોકલ્યું અને તેમાં જણાવ્યું કે મિસ પ્લેફૅર સંબંધી ચોક્કસ બાતમી મળી છે અને તે જીવે છે; ઉપરાંત ‘ચંદ્રિકા’ હીરો ચોરાયેલો તે પણ મારા જોવામાં આવ્યો છે, અને તે મેળવવાની તૈયારીમાં જ અમે બધા છીએ. એ હકીકત લખી કાગળ રવાના કર્યો.

બપોર થતાં અમારી છાવણીમાં એકાએક ગભરાટ છવાઈ રહ્યો. સૈનિકો આમતેમ જવા લાગ્યા. સહુના મોં ઉપર મેં વ્યાકુળતા જોઈ. એટલામાં જ મારા મદદનીશે દોડતાં આવી મને જણાવ્યું કે ખજાનો લૂંટાઈ ગયો હતો.

આજે સરકારી ખજાનો આવવાની રાહ જોવાતી હતી. અમારી પાસેના પૈસા ખૂટી ગયા હતા; એટલે રીત મુજબ આખા લશ્કરને પગાર અને ખોરાકી મળે એ માટે લગભગ ત્રણ લાખની રકમ અમારા તરફ આવવાની હતી.

હું એકદમ ઊભો થઈ ગયો. ‘શું કહો છો ?’ મેં ઉશ્કેરાઈને પૂછ્યું. ‘આપણાથી આપણો પૈસો પણ સચવાતો નથી, તો હવે લશ્કરો ઊભાં કરી રૈયતને ઠગના ત્રાસમાં છોડાવવાનો ડોળ કરવો મૂકી દેવો જોઈએ !’

મારો મદદનીશ બોલ્યા વગર ઊભો રહ્યો. ઠપકો સહન કરવાની તૈયારી કરીને જ તે આવ્યો હતો. ખજાનો ક્યાં લૂંટાયો, કોણે લૂંટ્યો, વગેરે પ્રશ્નો મેં કરવા માંડ્યા. તેણે જવાબ આપ્યો :

‘ખજાના ઉપરના પહેરાનો નાયક બહાર ઊભો છે. તે ખબર લાવ્યો. મેં બીજી હકીકત પૂછી જ નથી. કહો તો અંદર બોલાવું.’

મેં નાયકને અંદર બોલાવવા કરતાં તંબુની બહાર જવાનું પસંદ કર્યું. હું તથા મારો મદદનીશ બંને બહાર ગયા. નાયક ઊભેલો જ હતો. તેણે લશ્કરી ઢબે મને સલામ કરી. હું ચિડાયો.

‘નાયક ! તમે આ ખબર લાવ્યાં ?’ મેં બૂમ મારી પૂછયું. તેણે શરમમાં ડોકું નીચું નમાવ્યું.

‘તમને હથિયાર આપ્યાં છે તે વાપરવા માટે આપ્યાં છે, એ તો ખબર છે ને ?’ મેં ટોણો માર્યો.

‘હજૂરને હથિયાર વાપર્યાની હું ખાતરી આપી શકું એમ છું.’ તેણે જવાબ આપ્યો. તેના શરીરમાં લોહી વહેતું હતું, માથામાં પડેલો ઘા દેખી શકાતો હતો અને તેનાં કપડાં રુધિરથી ભીનાં થયેલાં હું જોઈ શકતો હતો. આવા બહાદુર સિપાઈને ઠપકો આપવો એ તેને અન્યાય કરવા જેવું મને લાગ્યું.

તેને સારવારની વધારે જરૂર હતી. મેં કહ્યું :

‘ચાલો, જે થયું એ ખરું. એ લોકોને ઠેકાણે લાવવા પડશે. ક્યાં આગળ તમે લૂંટાયા ? અને કોણે લૂંટ્યા ?’

‘હજૂર ! બહુ નજદીકમાં જ લૂંટ થઈ. અહીંથી અડધો ગાઉ પણ નહિ હોય. લૂંટારાઓને તો હું ઓળખી શક્યો નહિ, પરંતુ પચાસેક માણસો હથિયારબંધ હતાં.’ તેણે જવાબ આપ્યો.

મેં એકદમ રણશિંગડું ફૂંકાવરાવ્યું, નાયકને સારવાર માટે મોકલી દીધો, અને લશ્કરને તૈયાર કરી ચારેપાસ ફરી દુશ્મનોનો અને ખજાનાનો એકદમ પત્તો મેળવવા હુકમ આપી દીધો. લશ્કરીઓમાંથી કેટલાક જમ્યા હતા અને કેટલાક જમતા હતા. તે સર્વ પોતપોતાની ટુકડીઓમાં ભેળવાઈ ગયા અને પા કલાકમાં આખું લશ્કર તૈયાર થઈ ઊભું.

મેં મોટે અવાજે જણાવ્યું :

આજ તમારી નજીકમાં જ બદમાશોએ તમારો ખોરાક ઝૂંટવી લીધો છે. એ બદમાશો નજીકમાં જ છે એટલે તમે બહાદુરી બતાવશો તો રાત પહેલાં તેમને પકડી સજાએ પહોંચાડી શકશો. કંપની સરકારનું લશ્કર કદી પાછું પડતું નથી. જો ખાલી હાથે આવશો તો તમે સરકારના હથિયાર પકડવા લાયક રહ્યા નથી એમ માની તમને સઘળાને હું ખેતી અને મજૂરી કરવા પોતપોતાને ઘેર મોકલી દઈશ.'

આટલું કહી છાવણીમાં રક્ષણ માટે થોડાક સૈનિકો રાખી આખા લશ્કરને મેં આજ્ઞા આપી. ચારે બાજુએ યુક્તિસર કેમ વેરાઈ જવું અને અમુક અમુક જગાઓ કેમ તપાસવી, એ સંબંધમાં ખાસ કાળજીભરી સૂચના કરી લશ્કરને આગળ વધવાનો હુકમ આપ્યો.

આ હુકમ આપતાંની સાથે મારા તંબુમાંથી ખડખડાટ હસવાનો અવાજ મારે કાને પડ્યો. મેં ચોંકીને અંદર જોયું તો પેલા યુવકનું હસતું મોં મારી નજરે પડ્યું. મારો શ્વાસ રૂંધાઈ ગયો.

'શું આ યુવક કોઈ ભૂતપ્રેત તો નથી ?' એકદમ મને વિચાર થઈ આવ્યો. મેં આગળ વધતા લશ્કર તરફ નજર ફેરવી. હુકમ મુજબ તે છાવણીની બહાર ધસતું હતું. નજર પાછી અંદર કરી તો તંબુમાં કોઈ જ નહોતું; મને લાગ્યું કે મેં યુવકને જોયો એ મારી ભ્રમણા જ હતી. હું તંબુમાં ગયો. એકએક ખૂણો મેં તપાસ્યો. તંબુ ખાલી જ હતો. હું મારા પલંગ ઉપર પડ્યો અને ખજાનો લૂંટાયાનો અફસોસ કરવા લાગ્યો.

૬

અણધારી હાર

મારા ચિત્તને બિલકુલ ચેન નહોતું. ખજાનો લૂંટાય જ કેમ ? મારે નીચું જોવા પ્રસંગ આવ્યો. ઠગ લોકોને નાબૂદ કરવાનું તો બાજુએ રહ્યું, પણ નાબૂદ કર્યાની જાહેરાત કરવા બરોબર ઊલટ અમારો જ ખજાનો તેમના હાથમાં ગયો ! જે બ્રિટિશ પ્રજાએ પેશ્વાઈનો અંત આણ્યો હતો, જેણે સિંધિયા-હોલ્કર નિઝામ વગેરેને પોતાના અંકુશમાં રાખ્યા હતા, જેણે ટીપુ સુલતાન જેવાને હણી તેનું રાજ્ય બીજાને બક્ષિસ કર્યું હતું, એવી પ્રજાનો હું પ્રતિનિધિ શું ઠગ જેવા મિસ્કીનોથી હારી બેસીશ ?

'નહિ, નહિ !' હું લગભગ બોલી ઊઠ્યો. જાતિઅભિમાને મારા હૃદયને દૃઢ બનાવ્યું. જાતિઅભિમાને અમારી પ્રજા પાસે અનેક મહાન કાર્યો કરાવ્યાં છે. હરકત નહિ; હું પણ એ જ બ્રિટિશરોમાંનો એક છું. મારા બાહુમાં બળ છે અને હૈયામાં હિંમત છે. એવા લાખો ઠગ હશે તોપણ શું ? મોટાંમોટાં રાજ્યોને નમાવ્યાં તો આવા ચોરીછૂપીથી રહેનારા ઠગ લોકોની શી વિસાત ?

'આમ જાતિઅભિમાનના પ્રફુલ્લ પ્રેરક વિચારોમાં મેં મારી નિરાશા દબાવી. વચ્ચે વચ્ચે પેલા ગૂઢ યુવકના વિચારો પણ આવતા હતા એ કહેવું જોઈએ. સંધ્યાકાળ થવા આવ્યો પરંતુ મોકલેલી ટુકડીઓમાંથી એક પણ પાછી ન આવી. મારી ખાતરી હતી કે પોતાનું કામ સાધ્યા વિના તેમનાથી પાછું અવાય જ નહિ.

અચાનક મારી છાવણીમાં ભયનું રણશિંગુ વાગ્યું. હું ચમક્યો. વળી શી આફત આવી હશે ? તંબુની બારી મેં ઉઘાડી અને જોઉં છું તો અંધકારમાં સમાતી મારી છાવણીમાં ચારે બાજુએથી ભડકા ઊઠી રહ્યા છે !

આગ લાગી શું ? હું બહાર દોડી આવ્યો. મારાં રહ્યાંસહ્યાં માણસોએ કોલાહલ મચાવ્યો; હથિયારથી સજ્જ થયેલા કેટલાક સૈનિકો મારું રક્ષણ કરવા મારી પાસે આવી ગયા; મને શક પડ્યો કે દુશ્મનો અહીં આટલામાં જ હશે અને આ ગભરાટનો લાભ લઈ અમારા ઉપર તૂટી પડ્યા હશે. એક બાજુએથી અગ્નિ અને બીજી બાજુએથી દુશ્મન, એમ બંને સામે યુદ્ધ કરવાનો ભયંકર પ્રસંગ અમારે માટે આવ્યો. માણસો પૂરતા હતા નહિ છતાં મેં હુકમ કર્યો :

'આગ બુઝાવી નાખો. તંબુઓ તોડી પાડો અને જે અજાણ્યો માણસ લાગે તેને જીવતો જવા ન દેશો !'

હું આટલું કહી રહ્યો એટલામાં છાવણીની એક બાજુએથી માણસો ધસતાં હોય એવો આભાસ થયો. મારા સૈનિકોને મેં એકદમ તે બાજુએ દોડાવ્યા અને તત્કાળ મારા તંબુમાં જ અગ્નિનો એક મોટો ભડકો નીકળી આવ્યો. હું પાછો ફરી તંબુમાં પેઠો. મારી વહાલી ચીજો

તંબુમાં પડેલી હતી, તે કાઢી લેવાની મને તીવ્ર લાલસા થઈ. અંદરથી જ્વાલાઓ બહાર આવતી દેખાવા લાગી છતાં એ લાલસાને હું રોકી શક્યો નહિ, અને હુકમ આપી હું તત્કાળ તંબુમાં દોડ્યો. તંબુમાં જતાં બરોબર મેં શું જોયું ?

મારા બેસવાના સ્થાન આગળ શાંતિથી પેલો યુવક ઊભો હતો. આશ્ચર્ય અને ક્રોધની લાગણી અચાનક મારા હૃદયમાં ઉદ્ભવી. શું મારી વ્યથાની મશ્કરી કરવા આમ હસતું મોં રાખી તે ઊભો હતો ?

'શયતાન !' હું એકદમ પુકારી ઊઠ્યો. 'શયતાન ! તારું હવે આવી બન્યું માનજે !'

'ના જી, હજી આવી બનવાને વાર છે.' તેણે સ્વસ્થતાથી કહ્યું.

ક્રોધના આવેશમાં હું થરથરી રહ્યો, અને મારે કહેવાનું હું કહી શક્યો નહિ. તે આગળ વધ્યો અને વધતે વધતે બોલ્યો :

'આપ શયતાન કહો કે ફિરસ્તો ! પરંતુ આપ ભૂલી જાઓ છો, કે મેં પ્રથમથી જ આ છાવણી ઉઠાવવાની સૂચના આપને કરી હતી.'

'હરામખોર !' હું આવેશમાં બોલ્યો, 'તારી સૂચનાની મને જરૂર નથી. અમે અમારું ફોડી લેવા શક્તિમાન છીએ. અહીંથી ચાલ્યો જા. નહિ તો-'

હું અટકી ગયો. મારી પાસે કાંઈ જ હથિયાર નહોતું.

'હું ચાલ્યો જઈશ, પણ તે પહેલાં તમારે તંબુની બહાર જવું પડશે.' તેણે ઉદ્ધતાઈથી જવાબ આપ્યો.

'કાળા માણસોના હુકમ માનવા અમે સર્જાયા નથી. તેમના ઉપર તો હુકમ કરવાને જ અમે સર્જાયા છીએ !' મારો આવેશ રોકાતો નહોતો.

તે હસી પડ્યો અને બોલ્યો :

'રાવણને પણ એવું જ અભિમાન હતું ! હુકમ માનો અગર ન માનો; પણ જુઓ, આ અગ્નિ તમારી નજીક આવી પહોંચે છે. બહાર નીકળો, જલદી બહાર નીકળો –'

'હું બળી જઈશ પણ બહાર નહિ જાઉં.' હું મમતે ચડ્યો. મમત ઘણી વખત સત્ય વસ્તુને સ્વીકારતાં અટકાવે છે.'

'મારાં માણસો ક્યાં મરી ગયાં ?' મેં ફરી બૂમ મારી.

યુવકની આંખો સ્થિર થઈ, તેના મુખ ઉપરની રેખાઓ સખત થઈ. હાથ તલવારની મૂઠ તરફ વળ્યો. અને અગ્નિના પ્રકાશમાં બીજી જ્વાલા નીકળતી હોય તેમ તેની લાંબી ચમકતી શમશેર મ્યાનમાંથી બહાર આવી.

'આપને હું મારા કેદી બનાવું છું. એકદમ તંબુની બહાર જાઓ. તંબુના પાછલા ભાગમાં બે ઘોડા છે. વિશ્વાસ રાખી એક ઘોડા ઉપર બેસી જાઓ અને બીજો ઘોડેસ્વાર જ્યાં લઈ જાય ત્યાં એકદમ જાઓ ! પાછું ફરી જોશો તો શિર તમારું નથી.'

આવો રુઆબ મેં કોઈ પણ ક્રૂર રાજા કે નવાબમાં જોયો નથી. હું તાબે થવા તૈયારી કરતો હતો, પરંતુ ગોરા તરીકેનું મારું અભિમાન પાછું તરી આવ્યું અને હું ઊભો રહ્યો. મને ઊભેલો

જોતાં તે વધારે સખત થયો, પરંતુ ખેંચેલી તલવાર તેણે મ્યાનમાં મૂકવા માંડી અને મને કહ્યું :

'આપણે મિત્ર છીએ એ વાત ભૂલવાની નથી.'

હું જરા શરમાયો. અને તેના કહેવા પ્રમાણે તંબુની બહાર ગયો. ચારે પાસ ભડભડ અગ્નિ લાગી રહ્યો હતો. તંબુના પાછલા ભાગમાં જતા યુવકના કહેવા પ્રમાણે બે સુંદર અશ્વો સજ્જ થયેલા મેં જોયા.

અશ્વની પાસે જ મેં ભગવાં વસ્ત્રધારી સાધુને ઊભેલો જોયો. આ જ સાધુના મઠમાં મને પેલો યુવક અમારા પરિચયના પ્રથમ દિવસે લઈ ગયો હતો; એનો જ હું મહેમાન હતો અને એણે મને ભોજન અપાવ્યું હતું. તેણે મને જોતાં જ બૂમ પાડી :

'સાહેબ ! પધારો. આ ઘોડા ઉપર બેસી જાઓ. આ મુશ્કેલીમાંથી હું તમને સહીસલામત બહાર લઈ જઈશ.'

હું ઘોડા ઉપર બેસી ગયો. વૃદ્ધ સાધુ પણ એક જ છલંગે ઘોડેસ્વાર થયો, અને થનથનતા આ બંને અશ્વો આગળ વધ્યા. છાવણીના એક ખૂણામાંથી અમને માર્ગ મળ્યા અને બળતે હૃદયે બળતી છાવણી એમ ને એમ મૂકી હું બહાર આવ્યો. મેં ઘોડો થોભાવ્યો; મને શરમ આવી.

'મારા માણસોનું શું થશે ?' મેં મોટેથી પૂછ્યું.

'ઈશ્વરને સોંપી દો !' વૃદ્ધ સાધુએ કહ્યું, અને આપ પણ તેને જ યાદ કરી આગળ વધો ! અહીં વધારે રહેવું સલામતીભર્યું નથી.'

ઘોડાને એડી મારી, પણ તે એકાએક આગળ ન વધ્યો.

જોતામાં એક ટોળું અમારી આગળ આવી રસ્તો રોકી ઊભું. આગ, ઝપાઝપી અને બુમરાણની ગૂંચવણ વચ્ચે વૃદ્ધ સાધુએ પેંગડા ઉપર ઊભા થઈ મારી ટોપી મારે માથેથી ખેંચી લીધી. અંધારું આ જગાએ વિશેષ હતું અને પાછળ બળતા તંબુઓનું અજવાળું કોઈને પણ ઝંખવી નાખે એવી સ્થિતિ ઊભી કરતું હતું.

'દૂર હઠો ! અહીં કેમ ફાંફાં મારો છો ? તમારું સ્થાન તો લશ્કરીઓ સામે છે.' સાધુએ મોટેથી ત્રાડ પાડી.

ટોળું અટક્યું - સાધુને ટોળાનાં માણસો ઓળખતા લાગ્યાં.

'જય નારાયણ !' ટોળામાંથી એક અવાજ આવ્યો. 'સાહેબ તંબુમાંથી નાસી ગયા લાગે છે. તેની ખોળમાં છીએ.'

'અરે હા ! તે હમણાં જ છટકી ગયો. એને પકડતાં એની ટોપી મારા હાથમાં આવી, અને એ નાસી છૂટ્યો. અમે એની પાછળ જ છીએ. ચાલો, ખસી જાઓ વચમાંથી ! તમારે એની પાછળ પડવાની જરૂર નથી.' આટલું બોલી વૃદ્ધ સાધુએ મારી ટોપી ટોળા તરફ ફેંકી અને ઘોડાને એડી મારી તે આગળ વધ્યો; તેને જવાની જગા થઈ. હું ટટાર થયો અને તેની જોડે જોડે જ મેં પણ ઘોડાને આછા અંધકારમાં દોડાવી મૂક્યો.

૭

આયેશા

અંધારામાં અમે બંનેએ ઘોડા પૂરપાટ મૂકી દીધા. ઘોડા પણ શરતે ચડ્યા હોય તેમ હરીફાઈમાંથી એકબીજા આગળ રહેવાનો પ્રયત્ન કરતા હતા. જોતજોતામાં અમે ગાઉના ગાઉ કાપી નાખ્યા. આ વૃદ્ધની વૃદ્ધાવસ્થા તેથી ઘોડેસ્વાર તરીકેની ઉમદા રમતમાં આડે આવતી નહોતી એ કોઈ મને નવાઈ લાગી. આટલી ઝડપથી આટલા લાંબા વખત સુધી મેં કદી મુસાફરી કરી નહોતી. હું હવે થાક્યો અને મારો શ્વાસ ભરાવા લાગ્યો. વૃદ્ધ સાધુએ એટલામાં ઘોડાને ધીમો પાડી દીધો. સ્વાભાવિક રીતે જ મારો ઘોડો પણ ધીમો પડ્યો.

‘બહુ થાક લાગ્યો ખરું ?’ વૃદ્ધે પૂછ્યું.

‘આટલી ઝડપથી અને આટલી લાંબી સ્વારી મેં કરી નથી.’ મેં કહ્યું.

‘ઘોડાને આટલો વેગ ન આપ્યો હોત તો તમે જરૂર પકડાઈ જાત. ઠગ લોકો તમારી પાછળ પડ્યા છે.’ તેણે કહ્યું. ધીમે ધીમે ચાલતા પોતાના ઘોડાને ગરદન આગળ થાબડી તેના તરફનો પ્રેમ વૃદ્ધ સાધુએ વ્યક્ત કર્યો અને એક યુવકને શરમાવે એવા ગર્વથી તેણે કહ્યું :

‘ઘોડેસ્વાર બનવું એ જીવનની અજબ મોજ છે. હું ઘોડે બેસું છું એટલે વૃદ્ધનો યુવાન બની જાઉં છું.’

મેં તેના ઘોડાનાં અને તેનાં વખાણ કર્યાં.

મધ્યરાત્રિ વીતી ગઈ લાગતી હતી. અંધકારમાં પાસે જ મકાનો જણાવા લાગ્યાં. મને લાગ્યું કે અમે કોઈ ગામમાં થઈને પસાર થઈએ છીએ. મને વળી સહજ થાક લાગ્યો હતો; અને કદાચ આ વૃદ્ધ માણસ કોઈ ઓળખીતાને ત્યાં જઈ મને આરામ લેવા દે એવો મને વિચાર થયો. પરંતુ વૃદ્ધે કોઈને ઉઠાડવાનો પ્રયત્ન ન કર્યો. શાંત સુતેલી વસતિમાં થઈને અમે ગામની બહાર નીકળ્યા.

‘આખું ગામ ઠગ લોકોનું છે.’ ગામ બહાર નીકળીને વૃદ્ધે મને સૂચના આપી. હું કંપી ઊઠ્યો.

‘શું ગામનાં ગામ ઠગ લોકોથી વસેલાં છે ?’ હું બોલી ઊઠ્યો.

પાસે જ એક મોટી ઇમારત હતી. મારા પ્રશ્નનો ઉત્તર આપ્યા સિવાય તે ઇમારત તરફ વૃદ્ધે ઘોડો દોર્યો; હું પણ તેની પાછળ જ હતો. ઇમારતના દરવાજા પાસે ઘોડો ઊભો રાખી દરવાજાનું કડું વૃદ્ધે ખખડાવ્યું.

કડું બબડતાં બરોબર એક દરવાજાની ડોકાબારી ઊઘડી, અને અંદરથી કોઈએ પૂછ્યું :

'કોણ ?'

'જય નારાયણ ! જય ભવાની !' વૃદ્ધે જવાબ આપ્યો. 'દરવાજે કોણ છે, ભાઈ ? દરવાજો ઉઘાડ તો !'

દરવાજો તત્કાળ ઊઘડ્યો અને એક માણસે અમારા બન્ને ઘોડાની લગામ ઝાલી રાખી. અમે નીચે ઊતર્યા. વૃદ્ધે બંને ઘોડા ઉપર પ્યારથી હાથ ફેરવ્યો, તેમને થાબડ્યા અને થાબડતે જ પેલા માણસને પૂછ્યું :

'આયેશા છે ?'

'જી, હા.' તેણે જવાબ આપ્યો.

'ઘોડા બાંધીને એને જગાડ. અમે આગલા ખંડમાં બેઠા છીએ.'

આમ કહી વૃદ્ધ સાધુએ મને એક મોટા ઓરડામાં બેસાડ્યો. મને થાક લાગ્યો હતો અને ઊંઘ પણ આવતી હતી. તથાપિ ઠગ લોકોથી ગામ વસેલું છે એમ જાણતાં મારી ઊંઘ ઊડી ગઈ હતી. આ ઘરમાં પણ ઠગ લોકો જ રહેતા હશે કે શું ? એમ હોય તો આ સાધુ મને અહીં કેમ લાવે ? એ સાધુ જ ઠગ હોય તો ? તે કોઈ ભારે કારસ્તાની હતો એમ તો કેટલા વખતથી મને લાગ્યું હતું. પરંતુ તેના ઉપર વિશ્વાસ રાખ્યા સિવાય બીજો ઇલાજ મારી પાસે ન હતો.

એટલામાં અંદરથી આ બારણું ખૂલ્યું અને હાથમાં નાનું ફાનસ પકડી એક યુવતીએ અંદર પ્રવેશ કર્યો.

સૌંદર્ય ફક્ત યુરોપીય સ્ત્રીઓમાં જ હોય એવું જાતીય અભિમાન એ યુવતીને જોતાં બરોબર હું વીસરી ગયો, અને આ અનુપમ લાવણ્યવતી સ્ત્રીને જોઈ હું બેઠો હતો ત્યાં જ ઠરી ગયો.

મધ્યમ કદની આ યુવતીની આંખો ઢરેલી હોવા છતાં તેની કાળાશ અને લંબાઈ તે છુપાઈ શકી નહિ. ઊંચી જાતની ઝીણી કાશ્મીરી શાલ તેનાં ખૂલતાં વસ્ત્રો ઉપર અવ્યવસ્થિત લટકતી તેના ઘાટીલા દેહને દીપાવતી હતી.

ભરેલી મોજડીઓવાળા પગ ધીમેથી ઊપડતા તેનું શરીર જે હીચ લેતું હતું તે હીચની ગંભીર છતાં સુકુમાર લઢણ યુરોપીય સ્ત્રીની વ્યગ્ર, ચંચલ અને કૃત્રિમ ચાલમાં મેં કદી ભાળી નથી.

તે ઓરડામાં દાખલ થઈ કે સાધુ ઊભો થયો. તેની આંખ સહજ ચમકી, તેનું મુખ સહજ ગંભીર થયું અને નીચું જોઈ તેણે કહ્યું :

'આયેશા ! હું બહુ અણધાર્યો આવ્યો છું.'

જવાબમાં આયેશાએ આંખો જમીન સામેથી લઈ સાધુના મુખ ઉપર સ્થાપી. પૂર્વના દેશોમાં વસતી સુંદરીઓની આંખ હમેશાં ઘેરી, ગહન અને શાંત સાગર સમી હૃદયના ભાવ સંતાડનારી લાગે છે. છતી આયેશાની આંખમાં વૃદ્ધ સાધુને જોઈ કાંઈક એવું માર્દવ અને માધુર્ય તરી આવ્યું કે તે જોઈ હું ચમકી ઊઠ્યો.

'યુવાન અસરા અને વૃદ્ધ સાધુ! શો સંબંધ હશે ?' મારા મનમાં મેં પ્રશ્ન કર્યો.

આયેશાએ સાધુને કાંઈ જવાબ ન આપ્યો. તેણે માત્ર સાધુ જ જોયું.

'એક બહુ જરૂરનું કામ છે. તારા સિવાય કોઈ માથે લે એમ નથી.' સાધુએ આંખ નીચે જ રાખી જણાવ્યું.

'એમાં પૂછવાની શી જરૂર છે ?' આયેશાએ જવાબ વાળ્યો. તેનો કંઠ સૌંદર્યને શોભાવે એવો જ મધુર હતો.

'તમારા દુશ્મનને આજની રાત આશ્રય આપવાનો છે. બની શકશે?' સાધુએ પૂછ્યું.

'આશ્રય આપવામાં દોસ્ત કે દુશ્મનનો ફેર આપણે ક્યાં રાખીએ છીએ ? મહેમાનને માટે મારું ગરીબખાનું સદાય બુદુ છે.' આયેશાએ કહ્યું.

'આ સાહેબને હવેલીની કોઈ પણ છૂપી જગાએ સંતાડી રાખ. આવતી કાલ રાત સુધીમાં હું તેમને પાછા લઈ જઈશ.' સાધુએ જણાવ્યું.

'અને આપને અત્યારે જવું છે? રાત અંધારી છે અને આટલી ઠડી પડે છે. નહિ જાઓ તો નહિ ચાલે ?' આયેશાએ પૂછ્યું.

તેના બોલવામાં જે આર્જવ રહેલી હતો તેણે મારા કુતૂહલમાં વધારો કર્યો. આ આજેવમાં કોઈ સ્નેહીનાં આગ્રહ અને માધુર્ય મને જણાયાં. મેં મારા મનને ઠપકો દીધો. શું હું પોતે જ આ સ્ત્રી ઉપર મોહ પામીગયોતો ન હતો? નહિ તો આવા વૃદ્ધ સાધુ તરફ વિનય અને વિવેકથી વતન ચલાવતી આ સુંદરીના આજેવમાં મને કોઈ ગુપ્ત પ્રેમના ભણકારા કેમ ભળાય? હું પોતે જ દૂષિત હતો એમ મને લાગ્યું, છતી મારા મનનું સમાધાન થયું નહિ. ઠગની દુનિયામાં પ્રેમનાં નાટક ભજવાતાં હશે ખરાં?

સાધુ સહજ હસ્યો અને બોલ્યો :

'અહીં મારાથી રહેવાય એમ નથી. અત્યારે તો પાછા જવું પડશે.' મને એકલો મૂકી આ સાધુ ક્યાં જશે ? મને પહેલેથી દુશ્મન તરીકે તેણે ઓળખાવી દીધો જ હતો. શું મને તે કેદ કરવા માગતો હતો ? હું શા માટે આધુનું કહેવું માનીને આવ્યો હોઈશ? આવા આવા વિચારો મને એકાએક સ્ફૂરી આવ્યા.

'આયેશા ! હું જાઉં છું ત્યારે. સાહેબને કશી અડચણ ન પડે એ જોજે.'

'કાલે તો આવશો ને ?' આવેશીએ પૂછ્યું.

'હા, રાત સુધીમાં પણ આવીને સાહેબને લઈ જઈશ' કહી સાધુએ નીચી રાખેલી આંખ સહજ ઊંચકી અને આયેશા તરફ જોયું. તત્કાળ તેણે ફરી આંખો નીચી નમાવી અને ઓરડાની બહાર જવા માંડ્યું. જતે જતે પાછા ફરીને મને કહ્યું :

'અહીં નિશ્ચિંત રહેજો તમને કશી હરકત આવવાની નથી.

આટલું કહી તેણે ઓરડાની બહાર પગ મૂક્યો: અને મારી દૃષ્ટિ બહાર ચાલ્યો ગયો.

આયેશાએ તે બાજુ તરફ ટગર ટગર જોયા કર્યું.

થોડીક ક્ષણો બાદ મને આશાએ તેની સાથે જવા સૂચવ્યું. મારે માટે બીજો ઇલાજ નહોતો એટલે તેની પાછળ મેં ચાલવા માંડ. ત્રણચાર સુંદર શણગારેલા ઓરડાઓમાં થઈને મને લઈજવામાં આવ્યો. મેં તે યુવતીને વાતમાં ઉતારવા અને બને તો મારી અહીં કેવી સ્થિતિ છે તે જાણી લેવા પ્રયત્ન શરૂ કર્યો. પરંતુ કોઈ પણ રીતે સ્પષ્ટતા થાય એવા ઉત્તર તેણે આપ્યા નહિ.

તેના મુખ ઉપરથી મને લાગ્યું કે તે ગમગીન હતી. શા કારણથી ? પેલો વૃદ્ધ સાધુ ચાલ્યો ગયો માટે? આવા વૃદ્ધ તરફ કોઈ યુવતીને મોહ હોય ? અલબત્ત, એ સાધુ કાંઈ નિર્માલ્ય ડોસોન હતો. મારા કરતાં તે વધારે સારી રીતે ઘોડે બેસીશક્યો હતો; શું હશે ?

નમનતાઈ અને વિવેકથી સુંદરતાભર્યા અસ્પષ્ટ જવાબી આપતી આયેશા મને આ નાની ઓરડીમાં લઈ ગઈ. ઓરડીની બારીઓ તેણે ખોલી દીધી. એક પલંગ ઉપર આરામ લેવા મને સૂચવ્યું અને મારે અહીં છૂપી રીતે રહેવાનું હતું એ વાત મારા ધ્યાન ઉપર લાવી તે મુજબ વતન રાખવા તેણે મને જણાવી દીધું.

તે ગઈ અને ઓરડીને બારણે તાળું લાગ્યું. હું આ જગાએ કેદી થયો, એ વાતની હવે મને ખાતરી થઈ. છતો થાક એટલી લાગ્યો હતો કે બંધનના વિચારો વીસરી જઈ પલંગ ઉપર સૂઈ જ ગયો.

પ્રભાતના અજવાળાથી અને પક્ષીઓના કિલકિલાટથી જાગી ઊઠ્યો. જાગતાં જ નાસ્તાની ચીજો મારી સામે મુકાયેલી મેં જોઈ. હું ઓર-ડીમાં આમતેમ ટહેલવા લાગ્યો : બારીની બહારનાં દૃશ્યો જોવા લાગ્યો. બારીએથી ઊતરી નાસી છુડાય એમ હતું કે નહિ તેની તદબીર વિચારવા લાગ્યો એટલામાં જ દૂરથી ઘોડાઓની ખરીઓના જેવો અવાજ મારે કાને પડ્યો. હું ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો ઘણી ઘોડાઓનો પગલાં સંભળાતાં હતાં. બારીએથી મને કાંઈ જ દેખાયું નહિ.

એટલામાં મારી ઓરડીનું બારણું ઊઘડ્યું અને આયેશાને મેં મારી સામે ઊભેલી જોઈ.

મેં માનપૂર્વક ડહે નમાવ્યું.

આયેશાએ કહ્યું :

'આપને આજનો દિવસ ચાલે એટલું બધું સાધન અહીં છે. તમે મુખ્ય બારી બંધ રાખજો અને જે ખુલી રાખો તેમાંથી કશો નહિ ઘણી માણસો આવે છે અને તેમાંથી કોઈ પણ તમને દેખશે મેં મારે એર તમારે ઘણું અમ ઉઠાવવું પડશે'

મેં કહ્યું :

'તે બાબત નિશ્ચિંત રહેજો પરંતુ બીજી જ કોઈ રીતે જોખમ આવી પડે તો મારે શું કરવું ?'

'તે હું જોઈ લઈશ.' તેણે જવાબ આપ્યો. 'આપે કાંઈ જ કરવાનું નથી.'

પડદા પાછળ સંતાડી બીકણ હિંદી સ્ત્રીઓમાં આવી હોશિયારી હશે એમ મેં ધાર્યું નહોતું. પરંતુ મારે ભૂલવું ન જોઈએ કે અનેક રાણીઓ, રાજમાતાઓ અને બેગમોએ રાજ્યની બાજી હિંદમાં ચલાવ્ય રાખી હતી.

ઘોડા આ મકાનના ચોગાનમાં આવી પહોંચ્યા હોય એમ લાગ્યું. આયેશાએ એકદમ ઓરડીમાંથી બહાર પગ મૂક્યો અને તાળું વાગ્યું.

પાછો હું એકલો પડ્યો. કેદીની ભાવના તીવ્ર બની.

પ્રેમના ભણકાર

હું ઓરડીમાં હવે બરોબર પુરાવો. મારી મૂંઝવણ વધી. બહાર માણસો આવ્યાની પૂરી ખાતરી થાય એટલી ઘરમાં ધમાલ થતી હતી. મારી શી સ્થિતિ હોઈ શકે? અહીંથી છૂટી જાઉ તોપણ હું મારી સરકારને શો જવાબ દઈશ ? વધારે વિચિત્રતા તો એ હતી કે હું ખરેખર હાર્યો છતાં મને બચાવવાનો ચોખા પ્રયત્ન થતો હતો. એવા પ્રયત્નનું કારણ ? વિચારમાં ને વિચારમાં મેં ઘણી સમય વિતાવ્યો. વળી મારે અહીંથી નાસવાની જરૂર પડે તો? મારે ક્યાંથી નાસવું ? એ વિચાર આવતી હું ઊભી થઈ ગયો અને ઓરડીમાં ચારેપાસ ફરવા લાગ્યો. બારી આછી ઉમાંડીને મેં બહાર પણ જોયું. નાસવાનો એક પણ માર્ગ મને જડ્યો નહિ.

બપોર થઈ ગયા. દુ:ખમાંથી છૂટવાનો કાંઈ જ માર્ગ રહે નહિ ત્યારે મનુષ્યને દુ:ખ સાથે દોસ્તી બંધાય છે તે એક પ્રકારની નિશ્ચિંત વૃત્તિ અનુભવે છે. નાસી છૂટવાની આશી છોડતાં હું સૂઈ ગયો. પણ હું જાગ્રત કેમ થયો ? અસ્પષ્ટ સ્વપ્ન આવ્યું હતું શું? કે મારા જ.. ઓરડાની જોડે કોઈ માણસો વાતો કરતા હતા તે વાતોએ મને જાત કર્યો હતો? મારું મન ઉશ્કેરાયું અને જ્યાં વાત ચાલતી હતી ત્યાં આગળની ભીતિ કાન માંડી હું ઊભી રહ્યો.

'આયેશા ! એક જ શરત છે - જોતારે બચવું હોય તો' એક અવાજ આવ્યો.

હું મારા બચાવ માટે શરત કરતી જ નથી. અને મારો બચાવ ? મારા ઘરમાં કાંઈ પણ પૂછવાનો તમને અધિકાર નથી.'

આયેશાના અવાજ તરીકે એ સાદને મેં ઓળખ્યો.

'તારું ઘર ?' સામા માણસે પૂછ્યું.

'અલબત્ત, મારું !' આયેશા બોલી.

'જો આ રૂમાલ ! અને પછી કહે છે કે ઘર તારું છે.'

રૂમાલ શબ્દનો ઉચ્ચાર સાંભળી મારું શરીર આપોઆપ સંકેલાયું. એક રૂમાલ મારે ગળે વીંટાયો હતો. એવો જ રૂમાલ શું પેલા યુવકની પાસે હતો ? રૂમાલ એ ઠગ લોકોનું શું સીએલ હશે ?

'ભલે તમને ખબર તો હશે કે ઉપભોગ કરવા હું ના પાડતી નથી. પરંતુ હું ઘરમાં શું કરું છું તે પૂછવાનો તમને હક્ક નથી.' આયેશાએ જણાવ્યું.

'તને ખબર તો હશે કે ભવાનીના અનુયાયીઓથી અરસપરસ વાત છૂપી રાખી શકાય નહિ. કાંઈ પણ હતું રાખવું એ પણ ગુનો છે. એ જગુના માટે ફરીદખાન અને ગુલાલીસેહનો

ભવાનીને ભોગ અપાયો તે યાદ છે ને?'

હું કંપી ઊઠ્યો. આવી ક્રૂરતા ! શું આયેશાને મારે માટે આ સજા ભોગવી પડશે ?'

'પણ મારે છુપાવવાનું કાંઈ છે જ નહિ. શી માટે નાહક જીદ કરો છો?' આયેશાએ સહજ ચીડથી કહ્યું.

'આ ઓરડી ખોલ એટલે સાબિત થશે કે તે કોને છુપાવ્યો છે. આયેશા ! હું બધું જાણું છું. હું જરૂર તારા ભાઈની સમક્ષ આ વાત જાહેર કરીશ. સ્ત્રીઓ પણ સજામાંથી બચતી નથી તે તું જાણે છે.'

'હા, હું જાણ છું. પરંતુ તમારાથી મને સજાથાય એમ નથી. અનેમારો બચાવ કરનાર વળી તમે કોણ ?'

'તેની તને સમજ પૂરીપડે છે છતો નાહક આગ્રહ લઈ તું બેકી છે ! બચવું હોય માત્ર એક શરત છે.' પુરુષના અવાજમાં વિજયનો રણકાર રમી રહ્યો હતો.

આયેશા થોડી વખત સુધી કાંઈ બોલી નહિ. પોતાની ધમકી તેની ઉપર શી અસર ઉપજાવે છે તે જોવા રાહ જોતો પુરુષ પણ કાંઈ બોલ્યો નહિ. થોડી વારે પેલા પુરુષનો ઉચ્ચાર સંભળાયો :

'આયેશા ! તું ઘણી જ ક્રૂર છે.'

'મેં કદી ક્રૂરતા કરી નથી.' આયેશાએ કહ્યું.

'મારું તલપતું જિગર તે જોયું છે. મારી આંખમાંથી બૂનેનો બુંદ પડતાં તેં જોયાં છે. મારી બળતી આહ અને રડતી આરજૂતે સાંભળી છે. કહે, શું તું અત્યાર સુધી પથ્થર બનીને નથી રહી ? આયેશા ! મેં કેક વખત દામન પાથર્યા ! શું તું એ દામનને લાત મારી ચાલી નથી ગઈ ?'

આયેશા ખડખડાટ હસી પડી. મને તેનું મુખ જોવાની ઇચ્છા થઈ આવી. ગંભીર અને ગમગીન ચહેરાવાળી સ્ત્રી આટલું બધું હસી શકતી હશે એ જાણીને મને નવાઈ લાગી. હું મનમાં જ બોલ્યો :

'હં ! અહીં પણ પ્રેમની વાતો છે. ઠગ લકોમાંયે આવા કિસ્સા બને છે ખરા !'

આયેશા હસી રહીને બોલી :

'એમ તો આખી દુનિયા દામન પાથરે ?'

'આખી દુનિયા તારી પાસે દામન પાથરે એમાં નવાઈ નથી. ઓ હુરી! ખૂબસૂરતી સારી આલમને બેભાન બનાવવા માટે બસ છે.' પેલા પુરુષે કહ્યું.

'મેં મારા મનથી તેના અભિપ્રાયને ટેકો આપ્યો. તે ખરું જ કહેતો હતો. મારી સ્થિતિનું મને ભાન ન હોત તો હું જરૂર મોટેથી બોલીને મારો અભિપ્રાય આપત.'

'પણ એ સારી આલમના દામનને હું શું કરું ?' આયેશાએ જવાબ આપ્યો. એ જવાબમાંથી હાસ્યોનો પડયો હજી ગયો ન હતો.

આ પ્રશ્નનો ઉત્તર શી હોઈ શકે ? મને તો ઉત્તર ન જ જડ્યો. જગતની સ્વરૂપવતી સ્ત્રીઓને નિત્ય આ ઉદ્‌ગાર કાઢવા પડતા હશે? પુરુષ જાતની લોલુપતા અને સ્ત્રી આગળની

દીનતા ઉપર આ પ્રશ્ન કેટલી સચોટ અને સબળ ટીકા રૂપ હતો ?

પરંતુ આ ટીકામાં રહેલો તુંબ પેલા વાત કરતા મનુષ્યના ધ્યાન બહાર ગયો. તેણે સજાથી કહ્યું:

'શું તું મને બીજાઓ સાથે સરખાવે છે ?'

'નહિ જી. આયેશાએ મીઠાશથી જવાબ આપ્યો. 'આપની લાયકાત ઘણી ઊંચી છે માટે તો આપ આટલી ઊંચી પાયરી ઉપર છો.'

ઠગ લોકોમાંયે લાયકાત મુજબ પાયરીઓ રાખવામાં આવતી હતી એ હું જાણતો હતો. સૈનિકોની માફક તેમનામાં પણ નાયક જમાદારો. ભટોરી, ભટ્ટ જેવી પાયરીઓ હતી.

'તો પછી તું મને ચાહતી નથી? ખારની બદલી પ્યારથી કેમ વાળતી નથી ?'

'એ વાત અલગ છે એમ શું તમને નથી લાગતું ?' આવેશીએ જવાબ આપ્યો.

મને તેનું કહેવું ખરું લાગ્યું. વ્યવહારની લાયકાત અને પ્રેમની લાયકાત એક જ હોત તો ઘણાં જોડાં જગતમાં બંધાત જ નહિ.

'ઠીક. તારી નજરમાં પેલો છોકરો ભરાઈ રહ્યો છે તે હું જાણું છું.'

'તો પછી તમે શા માટે વચ્ચે આવો છો ?' આયેશાએ કહ્યું પેલો માણસ પાછો આવેશમાં આવી બોલતો હોય એમ મને લાગ્યું. 'એક કાફર તને મારા કરતો વધારે લાયક જણાય છે, નહિ ?'

આયેશાએ જવાબ આપ્યો : 'મને કોણ વધારે લાયક લાગે છે એ મને જ નક્કી કરવા દો; અને ઠગના ધર્મમાં - મહાકાળીના પંથમાં આપણે બધાંય આ છીએ એ ભૂલવાનું નથી. ધર્મને ખોટી રીતે આગળ કરવાનું પરિણામ બૂરું આવે છે એ આપની જાણ બહાર તો નથી જ.'

થોડી વાર સુધી ઓરડામાં શાંતિ પથરાઈ, અંતે મારે કાને કઠોર શબ્દ પડ્યા :

'ઠીક ત્યારે હવે જોયા કર ! તને, પેલાને અને આ ઓરડીમાં સંતાડેલા પેલા ફિરંગીને શું થાયછે તે !'

તે આમ બોલી રહ્યો અને તેનાં પગલાં ઓરડામાંથી જતી મારા સાંભળવામાં આવ્યાં. હું ઊભી જ રહ્યો. ઠગ લોકોની વિભા થઈને આ મુજબ મને બચાવવાનું કાવતરું પેલા યુવકે કર્યું હતું અને મને સાધુ સાથે પોતાની પ્રિયતમા તરફ સંતાડવા મોકલી દીધો હતો એમ મને સહજ લાગ્યું.

થોડી વારે એક ઊંડો નિશ્વાસ સંભળાયો અને ધીમે પગલે કોઈ બહાર જતું જણાયું. આયેશાએ મારી પાસેનો ઓરડો છોડ્યો.

૯

ભોંયરામાં

હું આ ઓરડીમાં પુરાવો છું એ વાત કોઈકના જાણવામાં આવી હતી એ તો નક્કી જ થયું. આ વાત જાણનાર કોઈક મહત્ત્વનો ઠગ અધિકારી હતો એની પણ મને ખાતરી થઈ. વળી તે આયેશાનો પ્રેમ માગતો હતો અને મને સંતાડવામાં થતા ગુનાને પ્રકાશમાં ન લાવવાના બદલા તરીકે તે આયેશાના પ્રેમની માગણી કરતો હતો, એટલે આયેશા તેને ચાહતી નહોતી એ નક્કી થયું.

અને આ ધમકીને પણ ન ગણવા જેટલી દૂકતાથી તે કોઈ હિંદુ યુવકને ચાહતી હતી એ પણ મને સમજાયું. એ યુવક કયો ?

મારી મૈત્રી માગી મને વારંવાર બચાવવામાં સહાય આપતો યુવક તો નહિ ? મને લાગ્યું કે ખરેખર તે જ હોવો જોઈએ. મેં મનથી આ સુંદર પસંદગી માટે આવેશને મુબારકબાદી આપી.

પરંતુ મારું શુ ? પ્રેમીઓ તો કંટકભર્યો માર્ગે ચાલે જ છે. હું કાંઈ પ્રેમી નહોતો. ઠગ લોકોના હાથે જ મારે મરવું પડશે ?

સાંજ સુધીમાં કાંઈ જ બનાવ બન્યો નહિ એટલે અંધારું થતાં મેં સહજ બારી ઉઘાડી નીચે જોયું. નીચે જાપારબંધ પહેરેગીરો ઊભા હતા. તેમાંના કેટલાક બારી ઊઘડતી મને જોઈ ગયા અને આતુરતાથી એકીસાથે મારા સામે ઓગળી કરી.

મેં એકદમ બારી બંધ કરી. પરંતુ હવે તો મને વધારે માણસોએ જોયો હતો. ભૂલનો મને પસ્તાવો તો ઘણો થયો. પરંતુ હવે બીજો ઇલાજ ન હતો.

સભામાં વીસ-પસ્વીસેક માણસોનો પગલાં મારી ઓરડી આગળ સંભળાયાં. મેં જાયું કે હવે આવી બન્યું.

‘આયેશા ! તને અહીં કેમ રાખવામાં આવી હતી તે તો તું જાણે છે ને?’ કોઈ ભરેલા અવાજે બોલુ.

‘મારાં રૂપ અને બુદ્ધિને રમકડાં બનાવવા માટે, નહિ ?’ આયેશાએ કહ્યું.

‘બેટા ! તું સમજતી નથી. હવે નાદાનપણું દૂર કર, અને તારા ઓરડામાં કોણ સંતાયું છે તે જોવા દે.’

‘મારો ઓરડો હું ખોલવા દેનાર નથી.’

‘અમે જોર કરી બોલશું.’

'હા, ભાઈ વગર આવી બેઇજ્જતી કોણ કરે છે ?'

'તું ગમે તે કહે. જ્યાં તારા ઉપર આરોપ આવ્યો. ત્યાં મારે ખાતરી કરી આપવી જ જોઈએ. આઝાદે મારી આગળ ફરિયાદ કરી અને તારા ઉપર આરોપ મૂક્યો; મારે આવવું પડ્યું એટલા જ માટે. વળી હમણાં જ થોડી વાર પર આપણા કેટલાક લશ્કરીઓ આવ્યા અને તેમણે સંતાયેલા ગોરાને નજરે જોયો. ખાઈબહેનનાં સંબંધ બિરાદરીને અંગે બાજુએ મૂકવા પડે છે તેનું જાણે છે ?' બહુ જ કોમળતાભર્યા અવાજથી આયેશાને મનાવવા મથતો પુરુષ તેનો ભાઈ હતો એમ વાતચીત ઉપરથી મને સમજાયું.

હવે છૂટવું અશક્ય હતું. મરણની ઘડી નજીક દેખી મારામાં સંપૂર્ણ હિંમત આવી. મારી જાતનું મને ભાન થયું અને આ ઓરડીમાં આવતા લોકોને અટકાવવા, અને ન ચાલે તો છેવટે બને એટલાને મારીને મરવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો.

મારી કટાર કાઢી હું બારણાને અટેલી ઊભી.

બારણાને વાગેલા તાળાની કૂટી આયેશાએ કદાચ ન આપવાથી તાળું તોડવાના પ્રયત્નો થવા લાગ્યા એમ મને સમજાયું. મારી કટાર ચમકવા લાગી. પહેલો ભોગ એનો કોણ થશે?

અચાનક ઓરડાના મધ્ય ભાગની જમીન મને ઊપડતી લાગી. મારી આંખને ઝાંઝવાં તો નહોતાં વળતો? મેં આંખ ઉપર હાથ ઠેરવ્યો. જમીન વધારે ઊંચકાઈ. સ્તોમાં તો ત્યાં આગળની જમીનો ભાગ અદૃશ્ય થયો અને એક મોટું ભોંયરું ખૂલતું દેખાયું.

શું અહીંથી મારા ઉપર ઘસારો થવાનો હતો ? હું ઝડપથી ત્યાં ગયો અને જોઉં છું તો નીચે અંધકાર જણાયો.

અંધકારમાં દૃષ્ટિ સ્થિર કરી જોઉં છું તો એક માણસ લટકતું દોરડું ઝાલી અંધકારમાંથી ઉપર ચઢી આવતો હતો. ભોંયરાને માથે હું કટાર ઝાલી ઊભી રહ્યો. મારો હાથ પહોંચે એટલે તેની ખોપરીમાં કટાર ભોંકી દેવા તૈયારી કરી.

'સાહેબ ! જલદી નીચે ચાલ્યા આવો.' દોરડા ઉપર ચડતા માણસે પૂરેપૂરું ઉપર ચડતો ધીમેથી કહ્યું.

મેં અવાજ ઓળખ્યો. પેલા યુવકનો પરિચિત આકાર હું પારખી શક્યો.

અહીં પણ આ જ માણસ મને ઉગારવા આવ્યો હતો ? મને તેના તરફ પ્રેમ ઉત્પન્ન થયો. ઠગ લકોમાંયે લાયકાત હોય છે ખરી !

પરંતુ એટલામાં તો કટાર હું નહિ ભોંકી દઉં એમ ખાતરી થતાં તે ઉપર ચડી આવ્યો. વાર ન કરવા મને તેણે જણાવ્યું અને પ્રત્યક પળે ત્રણ જણાના જીવને જોખમ છે એમ તેણે સૂચવ્યું. હું આ સ્થળે રહ્યો હતો, એમ કોઈને શક પડે એવી નિશાનીઓ તેણે નાબૂદ કરી બારણાની સાંકળ ઉપાડી નાખી અને મારો હાથ ઝાલી ભોંયરા પાસે ખેંચી મને પહેલો દોરડે લટકાવ્યો અને પાછળ તે લટક્યો. જમીન પાછી એકદમ સરખી થઈ ગઈ અને ગઢ અંધકારમાં માત્ર ત્વચા અને દોરડાના સંબંધનું જ જ્ઞાન રહે તેવી સ્થિતિ થઈ. એટલામાં તો અમારા ઉપરની માળની જમીન ઉપર પગના ધબકાર થતા સંભળાયા. એક ક્ષણ શાંતિ ફેલાઈ અને ઝડપથી દોરડે ઊતરતી ઊતરતાં આયેશાનું એક અટ્ટહાસ્ય અમે સાંભળ્યું. અમે બંને નીચે ઊતરી આવ્યા, અને મારા પગ જમીનને અડક્યા. હું ઊભો થઈ ગયો, દોરડું છોડી દીધું અને મારી

પાછળ પેલા યુવકે પણ ઊતરી મારે ખભે હાથ નાખ્યો.

'ભાઈ ! હવે તું ક્યાં લઈ જશે ?' મેં નિરાશાથી પૂછ્યું.

'સાહેબ ! હાથમાં દોરડું વાગ્યું તો નથી ને ?' તેણે મીઠાશથી મને પૂછ્યું.

'તમે હવે સહીસલામત છો.' વળી તેણે જણાવ્યું.

'પણ આયેશાનું શું ? એની કેવી દશા કરશે ?' મને તે સુંદરી યાદ આવી. મારે માટે આટલું ભયંકર જોખમ ખેડનારી સન્નારી માટે મને લાગણી ન થાય એવો ક્રૂર હું ન હતો.

'એને શું થશે ? આપને સંતાડ્યાનો આરોપ તેને માથે મૂક્યો હતો, પરંતુ આપનો પત્તો તેમને ક્યાં મળ્યો છે ? ખરી તકે આપણે નીકળી આવ્યા. એક ક્ષણ વાર લાગી હોત તો જુદો જ પ્રસંગ આવત. આઝદ ખરેખર અમારો દુશ્મન બની ગયો છે.'

આમ કહી તેણે આગળ ચાલવા માંડયું. ઝાંખો ઝાંખો પ્રકાશ ક્યાંઈકથી આવતો હતો. તેની સાથે મેં પણ ચાલવા માંડયું, અમારી ચારે બાજુએ દીવાલ હતી, અને એક અત્યંત સાંકડી ભૂમિના ગર્ભભાગમાં આવેલી નેળમાં હોઈએ એવો મને ભાસ થયો. ચોરખાનાં અને ભોંયરાં મેં જોયાં હતાં, પરંતુ આવી યાંત્રિક તદબીરવાળા ભોંયરાને-મેં પહેલી જ વાર જોયું. ઠગ લોકો આવાં આવો સાધનો ધરાવે છે એનો મને વિચાર આવ્યો. આવાં છૂપાં અને ગુપ્ત માધનો હોય તો તેમને જેર કરવા એ મુશ્કેલ જ બને એમાં નવાઈ નથી. અને તેમની ટોળીમાં આ યુદ્ધ સરખા બુદ્ધિમાન પુરુષો અને આયેશા સરખી રૂપવતી અને મનોબળવાળી યુવતીઓ જોડાયેલી હોય તો ઠગ લોકોને માત કરવાનો રક્ત ખરેખર વધારે જ મુશ્કેલીભર્યો બની જાય.

આયેશાનો વિચાર આવતી મેં ફરી પૂછ્યું :

'કદાચ ઓરડામાંથી બહાર જવાનો પ્રસંગ ન આવ્યો હોત તો આયેશાનું શું થાત ?'

'તેનો ભવાનીને ભોગ આપત.' તેના અવાજમાં મને કાંઈ ફેરફાર લાગ્યો. શું આવું ભયંકર પરિણામ માથે વહોરી લઈ આયેશાએ મને બચાવ્યો હતો ? ઉપકાર અને આશ્ચર્યની લાગણી નીચે હું દબાઈ ગયો.

'પરંતુ આયેશાએ મારે માટે આવું જોખમ કેમ ખેડ ?' મને વિચાર આવ્યો અને તે મેં યુવકને જણાવ્યો. યુવકની આંખ ચમકી ઊઠી એમ અંધકારમાં પણ મને જણાયું. પછી તે સહજ હસ્યો અને બોલ્યો :

'આપની સાથે આવનારનું તેણે માન રાચું હશે !'

'મારી સાથે આવનાર એ યોગી કોણ હતા ? આપણી મુલાકાતને પ્રથમ દિવસે તેમને તા જ મને ઉતારો આપ્યો હતો.' મેં પૂછ્યું.

'હ!. જી.' એટલું કહી તેણે મારા પ્રશ્નને ઉડાવ્યો.

મને આટલેથી સંતોષ ન થયો. મેં કહ્યું :

'ભાઈ ! એક વાત પૂછવાની હું ધૃષ્ટતા કરું ?'

'ભણે પૂછો !'

'આયેશા પેલા સાધુને ચાહે છે, નહિ ?' મેં સંકોચાતા પૂછ્યું.

યુવક સહજ હસ્યો, અને હસતો હસતો બોલ્યો :

‘દુનિયામાં દીવાનો એટલાં વસે છે કે વાત ન કરશો. તેમ પણ હોય. પરંતુ સાધુ તો ઘણી મોટી ઉમરનો છે, નહિ ?’

મેં વાત બંધ રાખી. થોડે આગળ ગયા એટલે ફરી બિલકુલ અંધારું થઈ ગયું. યુવકે કહ્યું :

‘હજી આપણે દોરડાં ચડવાનો છે. મારી પાછળ આવો.’

તેણે દોરડું મારા હાથ આગળ આણી મને ચડવા કહ્યું.

મેં દોરડું પકડી ચડવા માંડ, તદ્દન અંધકાર વ્યાપેલો હતો પરંતુ જેમ જેમ હું ઉપર ચડતો ગયો તેમ તેમ ઝાંખો પ્રકાશ જણાવા માંડ્યો. મેં નીચે જોયું, પરંતુ યુવકને મેં મારી પાછળ આવતો જોયો નહિ. મને ભય લાગવા માંડ્યો. પરંતુ હવે ચડી ગયા સિવાય છૂટકો જ ન હતો. ઉપર ચડતી પ્રથમના મકાન જેવું જ બલ જણાયું. છું પાછી ત્યાં જ આવ્યો હતો કે શું ?’ મારા મનમાં થયું.

ઉપરથી એકાએક પેલા વૃદ્ધ સાધુની મૂર્તિ મારી સામે આવી. થોડી ક્ષણો પૂર્વે મેં તેના જ પ્રેમસંબંધમાં આછી ટીકા કરી હતી. તેના મુખ ઉપર અત્યંત શાંતિ પ્રસરેલી હતી. મને તેની ટીકા કરવા માટે જરા ગ્લાનિ ઊપજી. મધુર વાત્સલ્યભર્યા અવાજે તેણે બૂમ પાડી કહ્યું :

‘સાહેબ ! પધારો. ચિંતા નથી. આ તો આપણું જ ઘર છે.’

આશ્ચર્યથી ચકિત થતો હું ઉપર ચડી ગયો.

૧૦

ગોરી કાળીઠગાઈ

'ચાલો ઠીક થયું. તમે બચી ગયા. સાધુએ મને ઉપર બોલાવી એક સુંદર પલંગ પર બેસાડતાં કહ્યું.

'મને મારી જાત કરતી મારા સૈન્યની વધારે ચિંતા છે.' મારી બળી ગયેલી છાવણી અને લૂંટાયેલી તિજોરી પાછળ મોકલેલા સૈન્યનો વિચાર આવતાં મેં જણાવ્યું. મારી અધીરાઈ વધી. આ લોકો મારા દેહને કાંઈ નુકસાન કરવા માગતા નથી એની મને ખાતરી થઈ હતી, અને તેવી ખાતરીથી ઉત્તેજિત થતાં મારી અધીરાઈ બતાવવાની મેં હિંમત કરી. મને કશી જ સમજ પડતી ન હતી, છતો જાણે હું હારી ગયો હોઉ એવું ભાન મને રહ્યા કરતું હતું. આ સ્થિતિમાંથી હવે છૂટવું જોઈએ !

નિરાશામાંથી પ્રગટ થતી હિંમત દર્શાવી મેં પૂછ્યું :

'હવે તમે શું કરવા માગો છો ? તમે કોણ છો એ હું જાણતો નથી. તો હવે મને તમારે જવા દેવો જોઈએ.'

'આવી રાતમાં ક્યાં જશો ? અને કદાચ આપ જઈ શકો તોપણ અમારાથી તમને જવા દેવાય નહિ.' સાધુએ સ્થિરતાથી જવાબ આપ્યો.

મારા પલંગની સામે એક પાટ હતી અને તે પાટ ઉપર એક મોટું મૃગચર્મ પાથરી બેઠો હતો.

'મને કેમ ન જવા દેવાય ?' મેં પ્રશ્ન કર્યો.

'તમે મારા કેદી છો માટે !'

'હું કેદી ?' ગુસ્સે થઈ હું પોકારી ઊઠ્યો હિંદવાસીઓથી અમે ઘણા જ ચડિયાતા છીએ એમ અમારી ખાતરી થવા લાગી હતી, અને તેને પરિણામે હિંદીઓ ઉપર રાજ્ય કરવાને પણ અમે જ સરજાયા છીએ એવી ભાવના પણ ધીમે ધીમે અમો ગીરાઓમાં સ્થિર થતી જતી હતી. એવા હિંદીઓ શું મને કેદ કરે? એ વિચાર હું સહન કરી શક્યો નહિ.

'અલબત્ત !' સાધુએ પોતાની સ્થિરતા તજ્યા વિના જ જવાબ વાળ્યો.

'કંપની સરકારનો હાથ કેટલો લાંબો છે તે તમને ખબર તો હશે જ. અંગ્રેજના લોહીનું એક ટીપું તમારા લાખો આદમીઓના જાન બરાબર છે, એ શું તમે નથી જાણતા ?' મેં ગુસ્સો સહજ દાબી અમારી સરકારનો ભય બતાવ્યો. પરંતુ પેલા સાધુ ઉપર તેની કંઈ અસર જણાઈ નહિ. તેણે સહજ હાસ્ય કર્યું અને બોલ્યો :

'શા માટે અંગ્રેજ લોહીનું એક ટીપુ લાખો હિંદીનો જાન બરાબર ગણાય? એવું શું છે અંગ્રેજોના લોહીમાં ?'

આનો જવાબ મને જડ્યો નહિ. સાધુએ આંખો મીંચી અને પોતાના હાથમાંની માળા ફેરવવા માંડી. જાણે મારું અસ્તિત્વ હોય જ નહિ એ પ્રમાણે તેણે આંખો મીંચી માળ ફેરવવાનું કામ ચાલુ રાખ્યું. થોડી વારે માળા ફરતી બંધ થઈ. અને ટટાર બેઠેલી આ સાધુ જાણે ઊંડાણમાં ઊતરી કોઈ અગમ્ય વસ્તુ સાથે એકતાર ન થઈ ગયો હોય એમ લાગ્યું. થોડી વાર મેં તેને નિહાળીને જોયો. યોગીઓ અને અગરોના ખાનની અને મંત્રજેવની વાત મેં ઘણી સાંભળી હતી. એવા યોગીને હું પ્રત્યક્ષ નિહાળી રહ્યો.

શું તે ઈશ્વરની ભક્તિ કરતો હતો ? જો ઈશ્વરનું ધ્યાન તે ધરતો હોય તો આની ઠગ લોકોની જંજાળામાં તે શા માટે પડ? મારા ઉપર છાપ પાડવાનો તેને ઇરાદો હશે એમ મને લાગ્યું. આવા આધુઓથી અંગ્રેજો ઠગાય એમ ન હતું.

ઘડી બે ઘડી તે આમ ને આમ બેસી રહ્યો. પછી તેણે આંખ ઉઘાડી. મેં હસતાં હસતાં પૂછ્યું :

'જાદુ કરો છો કે શું ?'

'અંગ્રેજોનો જાદુ હું વિચારું છું.' તેણે પણ જવાબ આપ્યો.

'અંગ્રેજોનો જાદુ તમને સમજાય એવો નથી. તમે હજારો વર્ષ આમ ધ્યાન ધરી રાખશો છતાં તેનો પાર તમે ભાગ્યે જ પામી શકશો.' મેં ગર્વથી જવાબ આપ્યો.

મારા ગવભર્યાં વેણની તેના ઉપર અસર થતી જણાઈ નહિ. તેણે મને ઊલટ સંબંધ વગરનો પ્રશ્ન કર્યો :

'આપને શા કામે સરકારે રોકેલા છે ?'

'ઠગ લોકોને પકડવા માટે.' મેં જવાબ આપ્યો.

સાધુ ખડખડાટ હસી પડ્યો. હસતી હસતી તેણે કહ્યું :

'કામ તો સહેવું છે. જેટલી ટોપીવાળા છે એટલાને પકડો એટલે કામ પૂરું થશે.'

આવો તોછડાઈભર્યો જવાબ સાંભળી મારું મુખ જરા બદલાયું. મને લાગણી થઈ હોય એવા અવાજે મેં પૂછ્યું :

'શું તમે બ્રિટિશરોને ઠગ માનો છો ?'

'એકલા બ્રિટિશરોને નહિ, પણ બધા જ ટોપીવાળાઓને.' હસતે હસતે તેણે ઉમેર્યું.

'તમારી ભૂલ થાય છે, યુરોપવાસીઓ એટલા ખુલ્લા દિલના છે, સત્યને એટલા ચાહનારા છે કે તમે છાણમાં ઊછરેલા હિંદીઓ તેમની લાયકાત સમજી શકતા જ નથી.' મેં કહ્યું.

'ખુલ્લું દિલ ? સત્યનો પ્રેમ ? સાહેબ ! મેં આ સિતેર વર્ષ નકામાં ગાળ્યાં નથી. અંગ્રેજોએ હિન્દુસ્તાનમાં પગ મૂક્યો ત્યારથી આજ સુધી તેમણે કેવું ખુલ્લું દિલ રાખ્યું છે, સત્ય માટે કેવો પ્રેમ બતાવ્યો છે, તેનાં દૃષ્ટાંતો આપ કહો તે હું ગણાવી જાઉં.'

'કહો, કહો. અમારા ઇતિહાસથી અમારે શરમાવું પડે એમ નથી.' મેં જરા ગર્વથી કહ્યું.

'એમ ? આપ સાંભળી શકશો ? થોડાં દૃષ્ટાંતો ગણાવી જાઉં ત્યારે. બંગાળના પેલા બિચારા સિરાજને માથે કાળી કોટડી (Black Hall of Culcutta) નું તહોમત મૂક્યું હતું એમાં સત્ય કેટલું છે એ આપ જાણો છે.? મીર કાસમને ભોળવી બંગાળની નવાબી કબજે કરાવીને તેને પછી વહેતો મૂક્યો એમાં ખુલ્લું દિલ આપને જણાતું હોય તો કોણ જાણે ! અમીચંદને ગાંડો બનાવ્યો એમાં કયું સત્ય હતું ? ચૈત્રસિંગને કાશીમાંથી નાસવું પડ્યું; અયોધ્યાની બેગમોને બેહાલ થવું પળે હૈદર-ટીપુનાં રાજય અને પેશ્વાઈને ભસ્મ કરી નાખ્યાં ! આપને આ બધા પ્રસંગીનો સત્ય ઇતિહાસ સીભળવો છે ? હું બતાવું એમાં સત્ય કેટલું હતું અને ખુલ્લું દિલ કેટલું હતું તે ? જે ઠગ લોકોને આપ પકડવા તૈયાર થયા છો તે લોકોની ઠગાઈ ટોપીવાળાની ઠગાઈ જેટલી કદાચ ભયંકર નહિ હોય, સાહેબ ! ઠગ લોકોની ઠગાઈ થોડા રૂપિયામાં અને બહુ જ .જૂજજાજ માણસોના પ્રાણ લેવામાં જ સમાય છે, જ્યારે ગોરાઓની ઠગાઈ રાજ્યોનાં રાજ્યો દબાવી પાડવાથી પણ ધરાતી નથી! ઠગ લોકો માણ હરી લઈ પોતાના ભોગને દુ:ખતું ખાન કરવા દુનિયામાં રહેવા જ દેતા નથી, જ્યારે કોપીવાળાઓ તો પ્રાણ હરી પોતાના ભોગને જીવતા રાખે છે, અને તેમને ભાન થવા દે છે કે આ તેઓ પ્રાણહીન., નિ:સત્ત્વ પવનને જોરે આમતેમ આથડતાં સૂકાં પાંદડાં જેવું નિરર્થક અને નિરાધાર જીવન ગાળે !'

સાધુના બોલવામાં અસહ્ય જુસ્સો હતો. તેની આંખમાંથી તેજ ચમક્યા કરતું હતું, છતાં મુખ ઉપરથી તેનું સ્મિત ખર્ચ ન હતું. પેલા યુવક અને સાધુને કાંઈક સગપણ હશે એમ મને લાગ્યું. ઘણી વબત મુખરેખાઓ કોઈ ગઢ સંબંધ સૂચવતી લાગે છે. તેના બોલવામાં જા હતો, પરંતુ ક્રોધ ન હતો.

અંગ્રેજોનાં પરાકમોને ઠગાઈનું સ્વરૂપ આપનાર આ વિચિત્ર સાધુ ઉપર મને ખોટું ન લાગ્યું. પેશ્વાઈ પડ્યા પછી હવે હિંદુસ્તાનમાં અંગ્રેજો જ સર્વભૌમ સત્તા ધરાવતા હતા; તેમના એક પ્રતિનિધિ સામે તેમનું ભૂંડું બોલવું એ તે જમાનામાં સહજ વાત ન હતી. અંગ્રેજોએ ભભામાં એટલી પ્રતિષ્ઠા મેળવી હતી કે સર્વ હિંદીઓની સલામ ઝીલવાનો ગીરાઓને જન્મસિદ્ધ હક છે એવી લાગણી સર્વ ગોરાઓમાં દૃઢ થઈ ગઈ હતી.

છતાં મને તેના બોલ સાંભળવામાં મજા આવી. કદાચ આ સાધુના વિચિત્ર આરોપોમાં અમારી પ્રેષ્ટતાનો સ્વીકાર થતો હોય એમ પણ મને લાગ્યું. મેં વાત લખાવવા આગળ પૂછ્યું :

'ત્યારે અમે પણ ઠગ અને તમે પણ ઠગ ! આપણે બંનેએ ભેગી થઈ જવું જોઈએ, મળીને ચાલવું જોઈએ.'

સાધુ ફરીથી હસ્યો અને બોલ્યો :

'ઠગાઈને આપે કેવી લલિતકળા બનાવી દીધી છે ! આપ અત્યાર સુધી વિજય પામ્યા છો એમાં મને જરાયે નવાઈ લાગતી નથી.'

'તમારાં વખાણ મારે નથી સાંભળવો. તમે અમને મળી જાઓ એમાં તમારું જ એય છે. મારાથી બનશે તે રીતે હું તમને બ્રિટિશ વાવટા નીચે સુખી થયેલા જોવાનો જ પ્રયત્ન કરીશ.' મેં આગળ ચલાવ્યું. મારી યુક્તિ સફળ થાય તો વિના કારણની મારામારી ટળી જાયકએમ મને લાગ્યું.

સાધુ હસતો જ રહ્યો. તેણે પૂછ્યું :

'પરંતુ અમે ઠગ છીએ એમ આપે કેમ માની લીધું ?'

'મારી પાસે તેનાં ઘણાં કારણો છે. મારી તો ખાતરી જ થઈ છે કે તમે લોકો ભયંકર ઠગની ટોળીના વધારે ભયંકર આગેવાન છો.'

'તો પછી અમને પકડતા કેમ નથી !' સાધુએ જરા મર્મભર્યો પ્રશ્ન કર્યો. મને તેમાં મારી સ્થિતિ ઉપર કટાક્ષ થતો લાગ્યો. સાધુ તે પરખી ગયો. તેણે અત્યાર સુધી કદી અંગત કટાક્ષ કર્યો ન હતો. તેણે મારાવિચાર સમજી ગહસ્થાઈ બતાવી આગળ ઉમેર્યું :

'હું તમને - તમારી જાતને અંગત કહું છું એમ નથી, તમારી પાછળ રહેલી સત્તાને ઉદ્દેશીને કહું છું.'

'જે સત્તાને તમે આજ નિંદો છો એ સત્તા એવી જબરજસ્ત છે કે તમને ખબર પણ નહિ પડે અને તમે પકડાશો. તેથી જ મારી તમને સલાહ છે કે તમારે અમને મળી જવું જોઈએ. તમે બંનેએ મને ન સમજાય એવી રીતે આભારી કર્યો છે, માટે હું તમને વિનંતિ કરું છું કે તમે ઠગ મટી અમારી પ્રજા બનો.' મેં કહ્યું.

'અમારો અને તમારો રસ્તો જ જુદો છે. અમે ઠગ છીએ એમ પુરવાર કરવા તમારી પાસે કાંઈ જ પુરાવા નથી. છતાં હવે મારે જણાવવું જોઈએ કે તમારી માન્યતા અમુક અંશે ખરી છે. અમે જરૂર ઠગ છીએ આપ અત્યારે માની લો કે અમે તમારા દુશ્મન પણ છીએ છતાં તમારી અને અમારી ઠગાઈમાં ફેર છે. અમારી ઠગાઈ ઉપર ગેરુનો ભગવો રંગ છે એ આપજી શકો છો.'

કોતરમાંર રાત્રિ

તેણે મૂકેલા આરોપોનો હું જવાબ દઈ શકત. સાધુએ બીજી બાજુ પણ જોવી જોઈએ એમ ધારી હું અંગ્રેજોનો બચાવ કરવા જતો હતો. એટલામાં તે ફરી બોલી ઊઠ્યો :

'સાથે સાથે હું હિંદીઓનો પણ વાંક નથી કાઢતો એમ ન માનશો. તેમની મૂજઈ, તેમના સ્વાર્થ, તેમનો ઘમંડ અને તેમની અવ્યવસ્થતા એટલાં બધાં તીવ્ર બની ગયાં છે કે તેઓ તમારી ગુલામી સ્વીકારીને પણ પોતાના ભાઈઓ સાથે લડે છે. તમારા જેવી બુદ્ધિશાળી પ્રજાને બીજું શું જોઈએ ?'

'શું અમે એવા સંજોગોનો જ લાભ લઈએ છીએ ?' મેં પૂછ્યું.

'માફ કરજો પરંતુ જ્યાં ન હોય ત્યાં એવા સંજોગી ઊભા કરીને પણ તમે લાભ લો છો ! એટલા માટે જ મેં તમને ઠગ કહ્યા. અમારામાં અને તમારામાં ફેર એટલો જ કે અમે પ્રામાણિક ઠગ છીએ - ખુલી રીતે ઠગ કહેવાઈએ છીએ, અને તમે મામાણિકપણીને ખુશીથી બાજુએ મૂકો છો. અમારા કરતી તમે વધારે માણસોને છેતર્યા છે, વધારે લૂંટ કરેલી છે, વધારે પ્રાણની ખુવારી કરી છે. હવે કહો, ખરેખરા ઠગ કોણ ?'

સાધુની આંખ ચમકી ઊઠી. એ ચમકતી આંખો લડી નાખવાનું મને મન થયું.

અચાનક મારી સામેનું બારણું ખૂલ્યું અને ધીમેથી ઊઘડતા દ્વાર પાછળ મને લાગ્યું કે મેં મારા બહાદુર નોકર દિલાવરને જોયો. મારી ભમવા મટે તે પહેલાં તો બારણું બંધ થયું. મારો આભાસ ખરો હતો કે કેમ તેની ખાતરી થઈ નહિ, છતાં હું ખૂબ ચમકી ઊઠ્યો.

શું દિલાવર દુશ્મનને મળી ગયો ? કે તે છુપાતો છુપાતો અહીં સુધી આવી પહોંચ્યો ? સાધુએ તેને જોયો કે નહિ તેની ખાતરી કરવા મેં તેની સામે જોયું. પરંતુ બારણું ઊઘડ્યાની તેને ખબર ન હોય એમ સાધુએ ઊઠવા માંડ્યું, અને મને જણાવ્યું :

'આપ હવે આરામ લો બહુ આચર્યો જોયાં એટલે મનને સ્થિર કરવાની જરૂર છે. અમે દુશ્મન હોઈશું પરંતુ આપની જાતને હાનિ નથી થવાની એમ ખાતરીપૂર્વક માનજો' આટલું બોલી તે ઓરડામાંથી બહાર ગયો અને હું આરામ લેતો પલંગ ઉપર આડો પડ્યો. મન અને તન બંને થાકી ગયાં હતાં, પરંતુ મને ઊંઘ ન આવી, છતાં મેં આંખો મીંચી દીધી. પરંતુ કાંઈ ભ્રમણા થતાં તે આંખો પાછી ખૂલી ગઈ.

આંખો ખોલીને જોઈ છું તો જે બારણું પ્રથમ ઊઘડી બંધ થયું હતું તે ફરી ઊઘડ્યું અને મને ફરીથી દિલાવર જેવી આકૃતિ જણાઈ. ઓરડામાં મારા સિવાય બીજું કોઈ નથી એમ ખાતરી કરી તેણે બારણું પૂરેપૂરું ખોલી અંદર પ્રવેશ કર્યો અને પોતાની પાછળ દ્વાર બંધ કર્યાં.

હવે મારી ખાતરી થઈ કે મારો નિમકહલાલ દિલાવર જ અહીં ઊભી હતો.

હું બેઠો થયો. દિલાવરને મેં ધારીને જોયો અને પાસે બોલાવ્યો. આ કદાવર સૈનિકને જોઈ મને પાછી હિંમત આવી. મારી ટુકડીમાં સૌથી વધારે શક્તિમાન સૈનિક તરીકે દિલાવર ગણાતો. તેની બહાદુરીના અનેક પ્રસંગોને નીરખી મેં એને અંગરક્ષક બનાવો હતો. બહુ જ થોડું બોલતો, છતાં તેની વફાદારી ઉપર મને પૂર્ણ ભરોસો હતો. એ બાતમી જરૂર લાવશે એમ માનીને જ મેં એને તે દિવસે યુવકની પાછળ મોકલ્યો હતો.

'દિલાવર ! તું ક્યાંથી ?' મેં પૂછ્યું.

'અરે સાહેબ ! પણ આપ આ ભયંકર જગાએ ક્યાંથી સપડાઈ ગયા? આ તો સુમરા ઠગનું મકાન છે.' તેણે આશ્ચર્યથી પૂછ્યું.

'સુમરો ઠગ ! અહીં રહે છે ?' મારાથી પુછાઈ ગયું. સુમરા ઠગનું નામ આખા હિંદુસ્તાનમાં જાણીતું હતું. તેની ક્રૂરતા ભલભલાને કંપાવતી, છતાં તેની બહાદુરીનાં વર્ણનો ઘેર ઘેર થતાં. તેની બુદ્ધિ આગળ હિંદના મોટા મોટા મુતઓ હારી બેસતા મોટા મોટા રાજ્યકર્તાઓ છૂપી રીતે તેની સલાહ લેતા. તેનામાં કોઈ ગૂઢ દેવી શક્તિનો આરોપ થયો હતો, અને તેને માટે એની એવી અદ્‌ભુત વાતો ચાલતી હતી કે જે કલ્પનામાં જ બની શકે. એકેએક નવાઈનો પ્રસંગ બને તેમાં સુમરા ઠગનો હાથ માનવામાં આવતો. તેને જ પકડવાથી સમગ્ર ઠગ લોકોનું બંધારણ તૂટી પડશે એમ માનવામાં આવતું. પણ સુમરો ક્યાં ?

સુમરા ઠગને નામે ઓળખાતો સમરસિંહ કોણ હતો તે ભાગ્યે જ કોઈ જાણતું. કોઈ કહેતું કે તે વૃદ્ધ હતો, કોઈ કહેતું કે તે યુવક હતો; કોઈ એમ માનતું કે એક બુદ્ધિશાળી સ્ત્રી સુમરાનો વેશ લઈ ઠગ લોકોનું નિયંત્રણ કરતી હતી. કોઈ માનતું કે તે સાધુ છે; કોઈ કહેતું કે તે ગહસ્થ છે અને રજવાડી ઠાઠમાં રહે છે. પરંતુ અમારી બાતમી સુમરા વિષે ચોક્કસ થઈ શકી જ. નહિ. બધી તપાસને અંતે એક જ વાત આગળ આવતી: સુમરાને પકડો, ઠગ લોકો વેરાઈ જશે. પરંતુ સુમરો કોણ છે ? ક્યાં રહે છે ? એને કેમ પકડાય ? એ પ્રશ્નો સદાય અસ્પષ્ટ રહેતા.

એ સુમરાના મકાનમાં હું આજ પુરાયો હતો ! ભયનો એક ઝાટકો મારા દેહને લાગ્યો. ત્રણચાર દિવસના મારા અજબ અનુભવોથી મને ખાતરી થઈ કે હું સુમરા ઠગના સકજમાં સપડાયો છું. વળી સુમરાને માટે આવી વાતો કેમ થતી હશે તે પણ હું અનુભવોથી સમજી શક્યો. પરંતુ સુમરો કોણ ? પેલો વૃદ્ધ સાધુ કે રમતિયાળ યુવક ?

દિલાવરે સુમરાનું નામ લીધું તેની સાથે મને આ બધા વિચારો આવી ગયા. તેણે તો મને જણાવ્યું જ હતું કે આ જ સ્થાન સુમરાનું છે. દિલાવરને પાસે જોઈ મને પાછી હિંમત આવી.

'દિલાવર ! હવે શી રક્ત લેવો ?' મેં પૂછ્યું. 'તું અને હું બંને સપડાયા છીએ.'

'નહિ જી, હું સપડાયો નથી.' દિલાવરે ધીમેથી કહ્યું. 'આપ એકદમ ચાલો. આ મકાનમાંથી ગમે તે રસ્તે આપણે નીકળી જવું જોઈએ.'

'તેં રસ્તો જોયો છે ?'

'હા. જી. ચાલો જલદીથી.'

હું તત્કાળ ઊભી થયો. જે દ્વારમાંથી દિલાવર આવ્યો હતો તે દ્વારમાં થઈ અમે બહાર નીકળ્યા. મને લાગ્યું કે આ મકાનમાં હું પ્રથમ આવ્યો હોઈશ. પેલા યુવકે આશ્રય આપ્યો હતો

તે જ સ્થાનો આ એકાદ ભાગ હશે એમ લાગ્યું.

ઓરડાની બહાર ચૉગાન હતું. ચંદ્રની આછી ચાંદની ખીલી નીકળી હતી. મકાના પડછાયા નીચે ચૂપપકીથી અમે આગળ વધ્યા.

ચૉગીનની આસપાસ પાછો એક નાનો કોટ હતો. એ કોટની પાર શી રીતે જવાશે તેનો મને વિચાર થયો. અચાનક આ નાનો દીવો મારા જોવામાં આવ્યો. દીવાની આસપાસ એક નાની બારી પણ મારા જોવામાં આવી. દિલાવરે મને સાવધ રહેવા મારો હાથ દાબી સૂચના કરી અને સહજ પણ અવાજ ન થાય એવી રીતે અમે બંને આગળ ચાલ્યા. બારી પાસે કોઈ પહેરો ભરતો હતો એમ મને લાગ્યું, અને હું વિચાર કરું છું એટલામાં દિલાવરે છલંગ મારી પેલા પહેરેગીરને પકડ્યો અને નીચે ગબડાવી પાડ્યો. તે બૂમ પાડે તે પહેલાં તેના મુખમાં જૂગડાનો ડૂચો દાબી દીધો. અને અમે બારીમાંથી બહાર નીકળી પડ્યા.

'સાહેબ ! આપણે ભયાનક રસ્તો લેવો પડશે.' દિલાવરે કહ્યું.

'હરકત નહિ.' મેં જણાવ્યું.

થોડીવારે એક કોતર આગળ અમે આવ્યા. અંધારું તો હતું જ, છતાં ચંદ્રની ચાંદની એ પ્રદેશને વધારે ભયંકર બનાવી રહી હતી. હું જરા ધોભી એટલે મને દિલાવરે કહ્યું :

'અહીં ઠગ લોકોને ચડવાઊતરવાનો છૂપો રસ્તો છે. નીચે ઊંડી ખીણ છે, અને તેમાં ઊતરવા માટે દોરડાંની નીસરણીઓ બાંધેલી છે. આપ ઊતરી શકશો ?'

વિચિત્રતા અને મુશ્કેલીઓએ મને તદ્દન ધીટ અને મરણિયો બનાવી દીયો હતો. મેં હિંમત ધરી બેડ પાડી. નીચે આડો ફીટ ઊંડી ખીણ અને ઊતરવાના આવારમાં માત્ર દોરડાંની નીસરણી ! પગ લપસે કે દોરડું તુટે તો ? મેં ઘણા ભયંકર પ્રસંગો જોયા હતા; મૃત્યુ શું તેની પણ ઝાંખી કરેલી હતી. પરંતુ આ અનુભવ તદ્દન નવો અને હૃદયને હલાવી નાખે એવો હતો. અંધકારને પ્રત્યક્ષ કરતું ચંદ્રનું અજવાળું ભયંકરતાને પણ ભયંકર બનાવી રહ્યું હતું.

પ્રથમ દિલાવર ઊતર્યો. અને તેની પાછળ હું પણ ઊતરવા લાગ્યોMISSING DOT ઊતરતે ઊતરતે ચંદ્રની ચાંદનીમાં દીપી રહેલી આસપાસનો સુંદર અને ભવ્ય દેખાવ મને આકર્ષી રહ્યો. પરંતુ સૃષ્ટિસૌન્દર્ય અનુભવવા હું આવ્યો નહોતો. દૂરના વિચાર છોડી હું નીચે ઊતરતો ચાલ્યો, ઊતરતો ઊતરતી મારો જીવ તાળવે જ ચોટેલો રહ્યો.

અડધે ઊતરી રહ્યા હોઈશું ત્યા આ ટેકરો આવ્યો, અને થાક ખાવા અમે બંને જણ ઊભા રહ્યા. કોતરની ભીંતમાં એક જાળી જેવો આકાર જણાયો. મારી ઉત્કંઠા વધી, અને જાળીમાં નજર કરું છું તો ત્યાં પણ એક સુંદર મકાનો ભાગ જોવામાં આવ્યો. તેના ઓટલા ઉપર એક સુંદર યુરોપિયન બાળા પલંગ ઉપર બેસી આંખો ચોળતી હતી. શું આ પ્લેફૅર સાહેબની દીકરી તો નહિ હોય ? મને વિચાર આવ્યો તે સાથે તે છોકરીની નજર પણ જાળી તરફ ગઈ. તે જ ક્ષણે દિલાવરે મને પાછો ખેંચ્યો.

૧૨

મટીલ્ડા

જાળીમાંથી જોવા માટે દિલાવરે મને નમ્રતાભર્યો ઠપકો દીધો. તેના કહેવા પ્રમાણે આખો ડુંગર કોરી કાઢી તેમાં રહેવાનો સ્થાનક ઠગ લોકોએ બનાવ્યાં હતા અને કોઈને પણ ખબર ન પડે એમ અણધારી જગાએ ઠગ લોકોનો વસવાટ નીકળી આવતો. નાની ફાટી, કુદરતી ગુફાઓ, ટેકરાઓનો પોલછાર વગેરે કુદરતી અનિયમિત સ્થળોનો લાભ લેવાઈ કૃત્રિમ જાળીઓ, અજવાળું તથા હવા આવવાનાં સ્થાન ને જવા-આવવાના માર્ગ યોજતા હતા; અને પરસ્પરથી એ સ્થળો એવાં ગવાયલાં હતી કે એકમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં જવાનો કોઈ ગુપ્ત માર્ગ જરૂર તેમાં રાખવામાં આવેલો હોય જ! બહુ કાળજી રાખવા છતી કોઈને શંકા પણ ન પડે એવા સ્થાનથી આયાવાળિયાની હિલચાલ તરફ નજર રાખતો કોઈ ને કોઈ ઠગ ડુંગરના ગમે તે ભાગમાં બેઠેલો જ રહેતો. ડુંગરને આમ કોરી રહેવા લાયક બનાવવો અને તે સાથે તેને સુરક્ષિત અને શંકા રહિત સ્થાન જેવો બનાવી નાસવા, સંતાવા અગર કેદ પૂરી રાખવાની સાવધાની-ભર્યો બનાવો એમાં કોઈ ઊંચા અને અટપટા સ્થાપત્યની જરૂર રહે છે. હિંદુસ્તાનમાં સ્થળે સ્થળે મળી આવતી ડુંગર કોતરેલી ગુફાઓ જોતાં હિંદના સ્થપતિઓ પ્રાચીન કાળથી આવી સ્થિતિઓમાં કુશળતા ધરાવતા હશે એમ હું માનું છું. આવી સ્થિતિમાં દિલાવરનો ઠપકો વાસ્તવિક હતો.

પરંતુ મારી નજરે પેલી યુરોપિયન બાલિકા પડી હતી. શું આવા ભયંકર સ્થાનમાં લાવી તેને રાખવામાં આવી હતી ? પોતાની પુત્રીના હરણ પછી કૅપ્ટન પ્લેફૅરની સ્થિતિ અત્યંત દયાજનક થઈ પડી હતી. તે જીવતી છે કે નહિ તેની ખબર પણ પડવાનો સંભવ જ્યારે રહ્યો નહિ ત્યારે પિતાની હાલત ઘેલા જેવી થઈ ગઈ હતી. આવા સંજેગોમાં તે છોકરી મારી નજરે પડે અને હું એમ ને એમ નાહિંમત થઈ ચાલ્યો જઈ. એમાં મારી મરદાનગીને ખામી લાગે એમ હતું.

દિલાવરને મેં આ વાત સમજાવી. પરંતુ તેણે ભય બતાવ્યો કે ચારે પાસથી અમારી હિલચાલ તપાસવા મથતા ઠગ લોકોની નજર ચુકાવી આટલે છૂટી આવ્યા પછી જાણી જોઈ તેમના સ્થળ આગળ વધારે વખત રોકાવું અને તેમની દૃષ્ટિએ પડવું એ સલામતીભર્યું ન હતું. સ્થળ જોયું એટલે ફરીથી વધારે સાધનો સાથે આવી કંપ્ટનની દીકરીને છોડાવી જવામાં વધારે સલામતી છે એમ તેણે મને સૂચવ્યું.

તેની સૂચના અલબત્ત વ્યવહારુ હતી; મેં પણ તે માન્ય રાખી જોકે મારા હૃદયને આ વ્યવહારુપણું જરા ડપ્યું. ટેકરાની નીચે ઊતરી જવા માટે અમે તૈયારી કરવા માંડી અને ઉપરથી કોઈએ તાળી પાડી. ઉપર નજર નાખતો મને ખાસ થયો કે જાળીમાંથી ગોરા હાથ બહાર નીકળી તાળી પાડતા હતા. પ્રભાતની રોશની શરૂ થઈ લાગી. પ્રમાતનાં આછાં અજવાળામાં

પણ તે હાથ ઉપરનો ગૌર રંગ તેને ઓળખાવી આપતો હતો. દિલાવરે પોતાની નામરજી બતાવવા બની શકે એટલું કડવું મુખ કર્યું અને મને સાહસમાં ન પડવાની સલાહ આપી. પરંતુ હવે મારે તેની પાસે ગયા સિવાય છૂટકો જ ન હતો. તેણે તાળી પાડી ચોક્કસ મને ઇશારત કરી બોલાવ્યો હતો. હવે ન જવું એ ચોખ્ખી નામરદાઈ હતી.

હું ફરી પાછો સહજ ઉપર ચડી ગયો અને જાળી નજીક આવતાં જાળી પાસેની દીવાલમાં જ એક ન જણાતી ડોકાબારીમાંથી મિસ પ્લેફૅરે અમને અંદર લીધા; મને જોઈ તે બાળા અત્યંત ખુશ થઈ. અમને બંનેને તેણે ખુરશી ઉપર બેસાડ્યા, અને આવી ભયંકર જગ્યાએ અમો કેવી રીતે આવી શક્યા તે જાણવા ઇચ્છા દર્શાવી. તે મને સહજ ઓળખતી હતી. ક્વચિત્ તેના પિતાની પાસે જતો આવતો તેણે મને જોયો હતો. જોકે મને તેનું મુખ યાદ ન હતું.

પોતાના પિતાની ખબર પૂછતાં તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. મેં તેને બધી હકીકત છમાં જણાવી અને તેને મારી સાથે ચાલી આવવા જણાવ્યું.

‘મારાથી નાસી શકાય એમ છે જ નહિ. બીજું તો કાંઈ દુ:ખ મને અહીં નથી, પરંતુ પિતાને મળવાની હવે જ ઇચ્છા થઈ છે.’ મિસ પ્લેફૅરે જવાબ આપ્યો. તે મટીલ્ડાને નામે ઓળખાતી.

‘તો પછી મારી સાથે આવવા કેમ ના પાડો છો ? હું તમને અત્યારે લઈ જઈ શકીશ.’ મેં કહ્યું.

‘આપની ભૂલ છે. બીજું કોઈ મને લઈ જઈ શકે એમ નથી.’ આમ કહેતો સામે પડેલી બાજઠ ઉપર મૂકેલી એક છબી તરફ તેની નજર ગઈ. મારી પણ નજર ત્યાં જ ફરી, અને જોઉં છું તો પેલા યુવકની સુંદર તસ્વીર મારા જોવામાં આવી.

‘આ ભયંકર છોકરો અહીં પણ છે શું ?’ હું બોલી ઊઠ્યો.

મિસ પ્લેકૅરે જણાવ્યું :

‘એ છબી મેં હાથે ચીતરી છે.’

તેના બોલમાં અજબ માર્દવ આવ્યું. અને તેની છબી સામેની હાલત આંખમાં એવી અપૂર્વ મીઠાશ મેં જોઈ કે તેથી હું આશ્ચર્ય પામ્યો. આ છોકરી પેલા ઠગને ચાહતી તો નહિ હોય? મારા મનને ચૂંચવતો એક પ્રશ્ન ઊભી થયો અને તત્કાળ પહેલે દિવસે જોયેલી આયેશા સાંભરી. ખરે ! સ્ત્રીઓને આકર્ષવાની પણ એ ઠગમાં આવડત હતી - જોકે તેનો દેખાવ કોઈ પણ યુવતીને ગમે તેવો હતો - છતો ગોરી યુવતી કાળા પુરુષથી આવોઈ એ મને જરા પણ ગયું નહિ. હું વિચાર કરું છું એટલામાં તેના મુખ ઉપર અચાનક ભયની છાયા ફરી વળી અને તેણે એકદમ પોતાનું મુખ આવું ફેરવી લીધું. આ ફેરફારનું કારણ કલ્પતાં પહેલાં તો ઓરડાની સામે આવેલું બારણું ઊઘડી ગયું અને બારણા વચ્ચે એક કદાવર મનુષ્ય ઊભેલો મારા જોવામાં આવ્યો.

પાંચેક ક્ષણ એ ત્યાંનો ત્યાં જ ઊભી રહ્યો. તેના મુખ ઉપર આનંદ દેખાતો હતો. દિલાવરે મને ઇશારત કરી ત્યાંથી એકદમ જાળી પાસે થઈ નાસી જવા સૂચવ્યું. પરંતુ સાહસનો મારો શોખ હજી ઓછો થયો ન હતો, એટલે તેની- સૂચના મેં માની નહિ. અને આ નવીન પ્રસંગમાંથી શું નીકળી આવે છે એ જોવા મેં ધીરજ રાખી.

પેલો કદાવર મનુષ્ય ધીમે ધીમે આગળ વધ્યો. તેનું સ્થાન એક તેના જેવા જ કદાવર અને જબરજસ્ત માણસે લીધું. તેને પાસે આવતો જોઈ મરીસ્તાએ આંખો ઉપર હાથ મૂકી દીધા.

અને તે એક તીણી ચીસ પાડી ઊઠી. પેલા મનુષ્યના મુખ ઉપર સ્મિત આવતું દેખાયું. મને તત્કાળ લાગ્યું કે મટીલ્ડાને આ માણસનો કશો કડવો અનુભવ થયો હોવો જોઈએ. આ પ્રસંગમાં મારાથી બની શકે તેટલી સહાય આપવા માટે હું તત્પર થયો, અને ખુરશી ઉપરથી ઊભી થઈ હું બૂમ પાડી ઊઠ્યો :

'ખબરદાર! એટલે જ રહો.'

મુખ ઉપરનું સ્મિત ચાલુ રાખી તેણે પોતાનો નીચલો હોઠ સહજ દાંત નીચે દબાવ્યો.

'કાલ બચી ગયા તેમાં જોર રાખો છો કે? આજ બચવું મુશ્કેલ છે.' તેણે ભાર દઈ જણાવ્યું. તેના સૂર ઉપરથી મને લાગ્યું કે આ પુરુષ આયે- શાનો પ્રેમ ચાહનાર પેલો આઝાદ હોવો જોઈએ.

'મુશ્કેલ શબ્દ નાગરજી માટે રહેવા દો.' મેં કહ્યું. અહીં તો ગોરાઓ સાથે કામ છે. સ્ત્રીઓને ડરાવવા જેટલું તે કામ સહેવું નથી.'

'મારે પણ ગોરાઓ સાથે કામ પાડવું છે. મારે પણ ગીરો બનવું છે; એટલા માટે તો હું આ યેમને લેવા આવ્યો છું !' તેના આ પૂર લાગતા શબ્દો સાંભળી મરીસ્તાને કાને હાથ દીધા.

'કેમ મેમસાહેબ ! હવે તો જો આવું છે ને ? આજે ચાલવાનું નથી. સુમરા કરતો હું ખોટો છું ?' આ આંખ તીણી કરી તેણે મટીલ્ડાને સંબોધીને કહ્યું.

'મારે કાંઈ જવું પણ નથી અને કાંઈ આવવું પણ નથી. મને હેરાન કરશો તો ઈશ્વર તમને પૂછશે.' મટીલ્કાએ અત્યંત કરુણ સ્વરથી જણાવ્યું.

આઝાદ એ સુમરા સરખો જ બીજો ભયંકર ઠગ હતો. એનું નામ પણ ઘણું જાણીતું હતું. સુમરા અને આઝાદ વચ્ચે મટીલ્ડા તેમ જ આયેશાને માટે હરીફાઈ ચાલતી હોય એમ મને શક ગયો. હજી દુનિયાને સ્ત્રીઓ માટે લડવું પડે છે એ વિચારથી મને ખેદ થયો. પુર્વ પ્રદેશના સત્તાધારીઓ અને સાધનવાળા પુરુષો હજી એક કરતી વધે સ્ત્રીઓ મેળવવામાં માન સમજે છે એ વિચારે મને તેમના તરફ ઘૂણાની લાગણી થઈ આવી.

આઝાદે આ ડગલું આગળ ભર્યું, અને હું મટીલ્ડા અને આઝાદની વચ્ચે આવી ઊભો.

'ઠગને પકડનાર સાહેબ કે ?' અટ્ટહાસ્ય કરીને આઝાદે મારી મશ્કરી કરી. હાસ્ય પૂરું થતા પહેલી તો આંખ કપરી કરી તે આગળ વધ્યો અને બોલ્યો :

'વચ્ચેથી ખસેછે કે નહિ ? આ સુમરો ન હોય કે તને બચાવે.'

મેં હસીને જણાવ્યું :

'હું એ છું કે આવડા વજનદાર શરીરથી તું શું કરી શકે છે !'

વીજળીની ઝડપથી આઝાદ મારા પર તુટી પડ્યો. આટલી ત્વરાને માટે હું તૈયાર ન હતો. છતો મારામાં જેટલું બળ હતું તેટલું એકત્રિત કરી મેં આઝાદ સાથે દ્વંદ્વયુદ્ધ આરંભ્રૂ. આઝાદે ધાર્યું હશે કે આટલા હુમલાથી હું માત થઈ જઈશ અને તેથી જ તેણે કોઈ હથિયારનો ઉપયોગ પ્રથમ ન કર્યો, ઠગ લોકો અંગ્રેજો કે ગોરાઓને પોતાના ભોગ ભાગ્ય જ બનાવતા; અને અમારી રાજસત્તા વધતી હોવાથી અમને સીધા છંછેડવા એ પણ તેમને અનુકૂળ નહિ હોય. ગમે તેમ પણ તેણે હથિયાર વાપર્યું હોત તો હું ભાગ્ય જ બચત. તેને તત્કાળ જણાયું કે તેના ધાર્યા

જેટલી નબળો હું ન હતો. ઠગના એક જાણીતા આગેવાન સાથે સીધો સામનો કર્યાનો આ મારે પહેલી જ પ્રસંગ હતો; અને આવા અનેક ઠગ લોકોની ટોળીઓને વિનાશ કરવાનું કંપની સરકારે મને જ સોપ હતું, એ વિચારથી મારામાં બમણી હિંમત અને બમણું બળ આવ્યાં. આઝાદને મેં લડતો જ રાખ્યો; અને થોડી ક્ષણમાં તેણે જાણી લીધું કે મારી સાથે હથિયાર વાપર્યા વગર છૂટકો નથી. એનો આ વિચાર હું સમજી ગયો. અને તેના હાથ અને શરીરને જરા પણ ફુરસદ ન મળે એવી પેરવીથી મેં લડવા માંડયું. હથિયારનો ઉપયોગ કરવાની તેને તક મળી જ નહિ.

મને ઝાંખું ઝયું જણાયું કે આ ગરબડમાં દિલાવરે મટીલ્ડાને ઊંચકી જે બારીમાંથી અમે આવ્યા હતા તે બારીમાંથી નાસી જવાનો પ્રયત્ન કર્યો. હું ખુશ થયો. પરંતુ અચાનક પેલી બારણામાં ઊભેલી મનુષ્ય ધસી આવ્યો, તેની પાછળ છસાત માણસો બહાર પડ્યા અને જેવો દિલાવર બારીમાં પેસવા જાય છે, તેવો જ તેને સહુએ ઝાલી લીધો. મટીલ્ડા લગભગ બેભાન જેવી થઈ ગઈ હતી. દિલાવરનું બળ જેવું તેવું ન હતું એની મને ખબર હતી. મારી આખી ટુકડીમાં મને તેના ઉપર પૂરો વિશ્વાસ હતો. એક પ્રસંગે પૂરપાટ દોડતા ઘોડાને તેણે માત્ર પોતાના બળથી જ ઝાલી અટકાવી દીધો હતો. એક વખત જરા જરૂરના પ્રસંગે આ કલાકમાં વીસ ગાઉ જેટલે દૂર જઈ તેણે સંદેશો પહોંચાડ્યો હતો. નવરાશના વખતમાં છ-સાત માણસોની સાથે તે કુસ્તીઓ કર્યા કરતો અને આ પ્રદેશની તેની મહિતી એટલી બધી હતી કે તે કદી ભૂલો પડતો જ નહિ, તે માત્ર બોલતો ઘણું જ થોડુ.

મટીલ્ડાને મૂકી તેણે એ સાત માણસો સાથે યુદ્ધ આરંમ્ભ્યું. અત્યંત છૂટથી તેણે પોતાના બળનો પ્રભાવ બતાવ્યો. અને તેમને પોતાનાથી દૂર કર્યા. ફરી તેણે મટીલ્ડાને ઉપાડી અને બારીમાંથી ભાગી જવાનો પ્રયત્ન કર્યો. આઝાદે તે જોયું અને એકદમ તે મારી પાસેથી ખસ્યો અને દિલાવર ઉપર ધસ્યો. હું વિચારમાં પડ્યો, થાક્યો, અને ના છું તો દિલાવર ઉપર કટાર ઉગામી આઝાદ ઘા કરવાની તૈયારીમાં હતો. અમે બધા તે બાજુ તરફ દોડ્યા. મને રોકવાનો આઝાદના માણસોએ પ્રયત્ન કર્યો. પરંતુ તે સફળ થયો નહિ. જેવી કટાર આઝાદે દિલાવર ઉપર ઉગામી તેવો જ મેં આઝાદનો હાથ પકડી લીધો. કટાર દિલાવર ઉપર ન પડતી તે દૂર ઊડીને પડી અને આઝાદનો થા ખાલી ગયો. દિલાવરના હાથમાંથી મટીલ્હા છૂટી ઈ ગઈ. વીજળીની ઝડપથી દિલાવર બારીમાંથી બહાર પડ્યો, અને સઘળા આ રહીએ એટલામાં તો તે કોઈ દોરડું પકડી સડસડાટ નીચેની ભયંકર ખીણમાં ઊતરી પડ્યો.

આઝાદે ક્રોધાવેશમાં પોતાની કટાર નીચે ઊતરતી દિલાવર ઉપર ફેંકી અને તે ગરજી ઊઠ્યો :

'કમબસ્ત ! દગાખોર ! દુશ્મનોમાં ભરાયો છે !' ઊતરતો દિલાવર સહેજ સંકોચાયો, કટાર તેની પાસે થઈ નીચે ચાલી ગઈ અને કટારની પાછળ તે પણ ઊતરી ગયો. દિલાવર નાસી છૂટો અને આઝાદ અંદર આવતો બબડી ઊઠ્યો :

'આવા માણસોથી ખાસ ચેતવું જોઈએ. સામા પક્ષમાં ભરાઈ જનાર બેવફા આદમીઓથી જ બધી ખરાબી છે, દિલાવરનું શિર જે મારી પાસે લાવશે તેને ખુશ કરીશ.'

આ ઉપરથી એમ તો સ્પષ્ટ થયું જ કે દિલાવર પ્રથમ ઠગ લકોના પક્ષમાં હતો. એકાએક આઝાદે નિશાની કરતાં તેના માણસોએ મટીલ્ડાને ઉપાડી, અને જે દ્વારમાંથી તેઓ અંદર ધસ્યા હતા તે દ્વારમાં તેને લઈને ચાલતા થયા. મટીઘાએ આ નિરાધારપણું દર્શાવતી ચીસ પાડી, અને

તેને હું મુક્ત કરવા જી તે પહેલાં તો તેઓ અદૃશ્ય થયાં.

હું અત્યંત ક્રોધાવેશમાં આઝાદ ઉપર તૂટી પડો. આ વખતે એ બળવાન ઠગે મને એક જબરજસ્ત ધક્કો માર્યો અને હું જમીન ઉપર પડતો રહી ગયો બીજી વખત ધરું છું ત્યાં તો તે પણ પેલા બારણામાં થઈન પસાર થઈ ગયો, પસાર થતે થતે તેણે બારણું પણ બંધ કર્યું. મારા ગુસ્સાનો પાર રહ્યો નહિ. બારણાને મેં જોરથી લાતો ખેંચી કાઢી, હાથથી હચમચાવ્યું. પરંતુ મારા નિશ્ચ પ્રયત્નથી એક પણ બારણું ડગ્યું નહિ. આઝાદને મેં મોટેથી પોકાર્યો અને અંગ્રેજીમાં બની શકે તેટલી ગાળો દીધી. જોક મારા શબ્દો સાંભળવા તે થોભ્યો નહિ જ હોય એમ હું જાણતો હતો; છતાં આવેશમાં આવી હું બૂમ પાડો ગયો. બૂમનો કાંઇ અર્થ રહ્યો નહિ. ડુંગરની કરાડમાંથી કોરી કાઢેલા આ ઓરડામાં હું પાછો કેદી થઈ બેઠો.

સૂર્યનો અજવાળાં હવે જણાતાં હતાં. મારે શું કરવું તે મને સમજાયું નહિ. ઓરડામાં આમતેમ આંટા મારતા રાતનો ઉજાગરો અને સવારની મારામારીનો થાક મને જણાવા લાગ્યા. એક ખુરશી ઉપર હું બેસી ગયો, લાંબા પગ કર્યા અને મને લાગ્યું કે મને નિદ્રા આવવા માંડી.

કેટલીક વારે ખડખડાટ થતી હું જાગ્યો. સહજ આંખ ઉપાડી જોતાં એક અજાયો માણસ ઓરડાના એક ગુપ્ત સંચમાંથી કાંઈ કાઢતો જણાયો. હું કાંઈ બોલ્યો એ મેં સૂવાનો ડોળ ચાલુ રાખ્યો. તેણે થોડી વારમાં કેટલાક બાંધેલા કાગળો કાલ્યા અને બહુ જ તપાસ કરી, ઘણી કાગળો જોઈ તે બાજુએ મૂક્યા. અને તેને મહત્ત્વનો લાગતો એક કાગળ કાઢી બીજા બાંધી પાછા મૂકી દીધા. આસપાસ જોઈ તેણે તાકું બંધ કર્યું. તાકું બંધ થતી ત્યાં એ સાધારણ ભીતિ હોય એવો દેખાવ થઈગયો. વચમાં વચમાં તે મારા તરફ જોતો હતો અને હું જાગતો નથી એમ ખાતરી થતી તે કાગળો તપાસવાના કામે લાગતો તત ખોલવાની તરકીબ પણ મેં સમજી લીધી. ધીમે પગલે તે મારી તરફ આવ્યો. ઊંઘના સર્વ ચિન્હો મેં મુખ ઉપર પ્રગટ કરી દીધેલાં જ હતાં, એટલે તે બાબતની તેને ખાતરી થઈ અને પ્રસન્ન ચિત્ત તે ઓરડામાંથી ચાલ્યો ગયો.

તે ગયો અને બીજું કોઈ આવતું નથી એમ પ્રતીતિ થતાં હું ઊભી થયો. દ્વારને અંદરથી બંધ કર્યું, અને હું પેલા ભેદી તાકા તરફ ગયો. એક નાની ખીલી દબાવતાં ભીંત ખસી ગઈ અને તેને સ્થાને પેલું તાકું ખૂલી આગળ આવ્યું. અંદરથી કાગળનું પોઝ કાઢી લઈ મારી ખુરશી ઉપર આવી હું પાછો બેઠા કાગળો ખોલતાં હું આભો જ બની ગયો !

મારા આશ્ચર્યનો અનુભવ અદ્દભૂત છે. પરંતુ કાગળો જોતાં મને જે અજાયબીની લાગણી થઈ તે હું કદી ભૂલીશ નહિ. મારી આંખો ફાટી ગઈ અને બે હોઠ છૂટ્ટા પડી ગયા. આ ભયંકર ઠગ લોકો માત્ર લોકોનાં ગળી દબાવી ફસિયાઓનો જ ધંધો કરે છે એમ સર્વનો ખ્યાલ હતો; પરંતુ કોઈએ સવપ્ને પણ ધાર્યું નહિ હોય કે હિંદુસ્તાનમાં તો શું પણ હિંદુસ્તાન બહારનાં રાજ્યો સાથે પણ મસલતો ચલાવતી આ ભયાનક ઠગમંડળી તો અનેક રાજકીય કારઆનો કર્યાં કરતી હતી અને પોતાનો મુખ્ય ઉદેશ બહાર ન પડે એ અર્થ સહુને બુલાવામાં નાખવા માટે ફાંસિયાનો ધંધો કરતી હતી.

હિંદુઆનમાંથી તિબેટ, ચીન અને અફ્ઘાનિસ્તાનમાં જવાના રસ્તાઓના નકશા હિંદુસ્તાનના કેટલાય છૂપા માર્ગો અને છૂપાં પરંતુ મજબૂત સ્થાનોના ચિત્રો મારા જોવામાં આવ્યાં. એ જોઈને મને તેમની વ્યવસ્થાશિક્ત માટે માન ઉત્પન્ન થયું. પરંતુ જ્યારે કેટલાક કાગળો મારા વાંચવામાં આવ્યાં ત્યારે જ મને સમજાયું કે આ ટોળીના આગેવાનો હિંદુસ્તાન અને હિંદુસ્તાન બહાર ચાલતી કેટલીક પ્રચંડ ચળવળોમાં આગળ પડતો ભાગ લેતા હતા. તેમને

હૈદર અને ટીપુ સાથે સંબંધ હતો; સિંધિયા, હોલ્ડર, પેલા અને ભોંસલે તેમની સહાય મેળવવા સ્પર્ધા કરતા; રાજપુતાનાનાં રાજ્યો અને શીખ લોકો પણ તેમની મિત્રાચારીની યાચના કરતા! પરંતુ એટલેથી ન અટકતો તેમનો વ્યવહાર નેપાળ, ભૂતાન બ્રહ્મદેશ અને કાબુલ સુધી લંબાયો હતો. વળી તાર્તરી અને રશિયા જેવા : પ્રદેશમાંથી તેમની સાથે મસલતો ચાલતી હતી, એ વાત મારા જાણવામાં આવી ત્યારે હું આશ્ચર્યયાં ડૂબી જ ગયો. છૂપી રીતે આટલા આટલા લોકો, રાજાઓ અને પ્રજાઓ સાથે સંબંધ રાખતી ટોળીનો શો ઉદ્દેશ હશે ? મને સમજ ન પડી. પેલા યુવક અને સાધુની બુદ્ધિ માટે મને માન હતું તે એકદમ વધી ગયું, અને મને સમજાયું કે આવી વિસ્તૃત અને ગૂંચવણભરી ચળવળના આગેવાનીમાં ઊંચા પ્રકારની દક્ષતા અને ચાલાકી નિ:સંશય જરૂર હોય.

૧૩

ઠગનો કાર્યપ્રદેશ

વળી આ ઠગની ટોળી માત્ર દુષ્ટ વૃત્તિથી જ પ્રેરાયેલી હોય એમ ન હતું. કેટલાક પત્રોમાં તો તેમની નૈતિક ભાવનાઓ એવી સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરેલી હતી કે તે કોઈ પણ ધાર્મિક સંસ્થાના સ્થાપકને દીપાવે. પીંઢારાના મહાન સરદાર અમીરના એક પત્રમાં લખેલું હતું : 'આપે મને ઠપકો આપ્યો તે વાસ્તવિક છે; પરંતુ કેટલાક કારણોને લીધે વાત હાથમાં રહી નથી. લોકોને મોંએ મરચાંના તોબરા બાંધવાં એ હિચકારાનું કામ છે એમ આપ કહો છો, તે હું કબૂલ કરું છું. અને કોઈ પણ સ્ત્રી ઉપર હાથ ઉપાડવો એ ખુદાને આપણા ઉપર હાથ ઉપાડવાને તૈયાર કરવા જેવી ભૂલ છે. કેટલીક વખત આવી ભૂલ થઈ જાય છે. આપે એવી ભૂલોને બહુ આગળ કરી આપની મદદ પાછી ખેંચી લેવી ન જોઈએ.'

એક બીજા પત્રમાં જણાવેલું હતું : 'બાઈ... ને મારા માણસોએ લૂંટી લીધી એ બહુ જ ખોટું થયું છે. મારી એવી ઇચ્છા હોય જ નહિ. આપની સૂચના મુજબ લૂંટેલો તમામ માલ એ બાઈને આજે સાંજ પહેલી પહોંચી જશે. આપ હવે તકલીફ ન લેશો.'

ત્રીજો પત્ર જોયો તેમાં વળી વધારે આશ્ચર્ય ઉત્પન્ન થાય એવી હકીકત લખેલી હતી : 'રઘુનાથરાવ અંગ્રેજોને ન મળે તો બીજું શું કરે ? તેનું ચારે બાજુએથી અપમાન થાય છે. આજકાલના જુવાનિયા ભૂલી જાય છે કે આ વીર પુરુષે અટક નદીમાં પેશ્વાના ઘોડાઓને પાણી પાયું છે.'

ચોથા પત્રમાં વળી એથી વધારે તાજુબી પમાડનારી હકીકત હતી : પાટીલ બુવા અને નાનાસાહેબ ફડનવીસને ભેગા કરવાની તમારી યોજના ઘણી સારી છે, બંને જણ પોતપોતાની મહત્વાકાંક્ષાને દાબી હિંદી રાજ્યના હિત માટે ભેગી થઈ જાય તો જ હિંદુઆનનો ઉદ્ધાર છે. તમારો પ્રયત્ન સફળ થશે એમ હું ધારું છું. આજકાલના અંગત સ્વાર્થમાં બધા જ દેશને ભૂલી જાય છે. ગાયકવાડે ગુજરાતમાં ઘર કર્યું; સિંધિયા અને હોલકર મધ્ય હિંદુસ્તાનમાં વસી ગયાં; ભોંસલે બંગાળા સુધી દોડે છે; પણ એ બધા પેશ્વાઈને માટે શું કરે છે ? આમનું આમ ચાલશે, તો મને ડર રહે છે કે પેશ્વાઈ નાબૂદ થશે-અને બધા જ અંગ્રેજોના દાસ થઈ રહેશે.'

આ વાંચીને તો હું ચમક્યો. આમ જ થયું હતું. આવો ભવિષ્યવેત્તા ઠગ લોકોમાં કોણ હતો ?

વળી બીજો કાગળ લીધો : 'મેં પીઠારાના નાયક અમીરખાનને ચોખા વાત જણાવી દીધી છે. પાપીઓને આપણી સહાય મળશે નહિ. જોધપુર અને જયપુર મેવાડની ફકુમારી માટે રહે ચઢયાં. પીઢારાએ જોધપુરનો પક્ષ લીધો તો ભલે, પરંતુ ફખાધીમારીને તકરારનો અંત લાવવા માટે ઝેર આપવાનો તેણે પ્રસંગ આણ્યો એ શરમ ભરેલું છે. હૃદયપુરના કાયર રાજાનું તો પૂછવું

જ શું? અહીં હવે સંગ અને પ્રતાપ જન્મતી અટકી ગયાં છે, દીકરીને ઝેરનો ખાલો આપતાં પહેલી રાણીએ દુશ્મનની તલવાર ઉપર કપાઈ પડવું હતું !'

મારી ઉત્કંઠા અતિશય વધી ગઈ. આ સઘળી પત્રવ્યવહાર કબજે કરવાની મારી મરજી થઈ, પરંતુ હું જ બીજાને કબજે હતો ત્યાં હું પારકો માલ કેવી રીતે કબજે રાખું? મેં કાગળનું વાંચન ચાલુ રાખ્યું.

'રૂસ લોકોને સહાય કરીએ તેથી શું? એક ટોપી મટી બીજી ટોપી આવશે. હું તો ટોપીને બિલકુલ માગતો જ નથી. ટોપીવાળા વગર જો આપણે ચલાવી શકીએ તો જ ખરું પણ તે તો આપણે કરી શકતા નથી. કશુંક થયું કે અંગ્રેજોની પાસે દોડવું એ હમણાં આપણી ધર્મ બની ગયો છે! પિત્રાઈને ગાદી નથી આપતી, તો ચાલો અંગ્રેજો પાસે ! ખંડણી આપવાના કરાર તોડવા છે, તો ચાલી અંગ્રેજોપાસે ! પાસેનો મુલક પચાવી પાડવો છે, મળી અંગ્રેજોને ! વિધવા રાજ્યમાતાનું સાલિયાણું બંધ કરવું છે, લ્યો અંગ્રેજોની સલાહ! જાગીરદાર મટી રાજા થવું છે, બોલાવો અંગ્રેજોના ગીતદાજો ! હિંદુઆનનું નસીબ વાંકુ છે. આર્થતાગ ઉપર રાજ્યો રચાય છે, અને લોભમાંથી ગુલામી ફૂટી નીકળે છે. આપણે બધા અત્યારે શું કરીએ છીએ? આવી સ્થિતિમાં રૂસ લોકોને હિંદ ઉપર ઘસારો કરવામાં હું કદી સહાય નહિ આપું. જો અહીં ટોપી જ રહેવાની હોય તો અંગ્રેજોશી ખોટા છે ?'

શું રશિયાની સાથે પણ આ ટોળી મસલત ચલાવે છે ? મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. લોકોમાં માન્યતા છે કે ઠગ તો ગળે ફાંસો દઈ માલ લૂંટી લે છે; જ્યારે વલભી તો આમ, હતી ! સર્વ રાજ્યો સાથે સંબંધ ધરાવતી આ અદ્દભુત ટોળીને હજી કોઈ જ જાણી કે સમજી ફબી નથી એમ મને લાગ્યું.

મને ક્યારનો ખાસ થતો હતો કે કોઈ મને જોતું હતું. એકાંત દુશ્મનનો ભય અને લૂપી રીતે તેમની ચીજો જોવાનો આગ્રહ આવી ભમણા ઉત્પત્ર કરતી હશે એમ મને લાગ્યું. ઘણી વાર સુધી વાંચતે વોએ હું ચારે પાસ નજર નાખતો પણ કોઈ દેખાયું નહિ. અંતે આ ભ્રમણા એટલી પ્રબળ થઈ કે મેં પત્રો નીચે મૂક્યા અને અચાનક પેલી જાળી તરફ જોયું. જાળીમાંથી એક મનુષ્ય મારા તરફજોયા કરતો હતો! તેના તરફ મારી દૃષ્ટિ પડતોતેલે જાળી પાસેની ડોકાબારી ઉપાડી અને તે અંદર આવ્યો. હું ખરાબપરિણામ માટે તૈયાર જ હતો.

'કાગળો વાંચી રહ્યા ?' તેણે મને પૂછ્યું.

મેં જવાબ દીધો નહિ. માત્ર બેદરકારીભરી આંખે તેના તરફ જોયું.

'આની શી સજા છે એ જાણો છો ?' મેં જવાબ ન આપ્યો એટલે તેણે ફરીથી પૂછ્યું.

'તે તમે જાણો છો એટલે બસ છે. મને કોઈની પરવા નથી.' મેં તિરસ્કારપૂર્વક જવાબ આપ્યો.

'ઠીક' પરવા નથી એ સારું છે. પરંતુ નવેસર પરવા કરવા મથશો નહિ.' આમ કહેતી બરોબર શું થયું તે હું કહી શકતો નથી, પરંતુ એકદમ અંધકારમાં હું નીચે ઊતરવા માંડ્યો. મારા પગ નીચેની જમીન મને લઈને ઊંડે ઊતરતી જતી હતી. હું ભય પામ્યો. શું આ માણસ જાદુગર તો ન હતો? હું ભૂતપ્રેતને માનતો નહિ. પરંતુ મને લાગવા માંડયું કે હિંદુસ્તાનમાં તો તેમની વસતી જરૂર હોવી જોઈએ. ભૂતનો વિચાર અહીં આવતા ફરી મારું હૃદય ધડકી ઊઠયું. અચાનક મારા પગ અટક્યા અને અંધકારનું ભાન સહજ આછું થતાં મને જણાયું કે હું આ

દેવમંદિરમાં દાખલ થયો હતો.

૧૪

ભગ્ન હૃદયના ભણકાર

દેવમંદિરમાં હું એક ભયંકર મૂર્તિ સામે ઊતર્યો. આ કદાવર મૂર્તિ છ-આત માણસ જેવડી ઊંચી અને તેટલી જ પહોળી હતી. મૂર્તિની જીભ બહાર હતી. તેના એક હાથમાં પ્રમાણસર મોટી તલવાર હતી, બીજા હાથમાં પ્રચંડ ગદા હતી, બીજા બે હાથ બંને જાંઘ ઉપર મૂકેલા હતા. નીચેની એક બેઠક ઉપર પગ લંબાયા હતા. મૂર્તિ બેઠેલી હોય એવો ભાસ થતો હતો, છતાં બંને પાનીઓ થોડી થોડી વારે વારાફરતી ઊપડતી અને તેમાંથી ક્વચિત્ ધૂમ્ર તો ક્વચિત્ જ્વાળા બહાર આવતાં હતાં અને મૂર્તિની ભયંકરતામાં વધારો કરતાં હતાં.

મને વિચાર આવ્યો કે જવાળામુખી પર્વતના કોઈ ભાગને આ પ્રમાણે મૂર્તિના સ્વરૂપમાં બાંધી લીધો તો નહિ હોય ?

મંદિર વિશાળ હતું, પરંતુ તેની વિશાળતા ઈશ્વરનો આભાસ આપવા કરતાં મનુષ્યની નિરાધાર સ્થિતિ અને પૂર ભવિષ્યનો ખ્યાલ ઉપસ્થિત કરતી હતી એક મોટો થટ લટકતો હતો, અને બાજુ ઉપર ભારે કદનો એક ડંકો પડેલો હતો. હથોડી, ફરસી તલવાર, ભાલા, ધનુષ્યમાણ બસ્તર, ઢાલ વગેરે મોટી સંખ્યમાં દેવળની ભીંતો ઉપર લટકતાં દેખાયાં. નવીન યુગની બંદૂકોનો પણ સારો જથો ભેગો કરેલો લાગતો હતો. એકાદ સાધારણ લશ્કરને પૂરાં પાડી શકાય એટલાં આયુધોનો અહીં સંગ્રહ થયેલો મને દેખાયો.

'આ તે મંદિર કે શસ્ત્રભંડાર !' મારા મનમાં પ્રશ્ન ઊઠ્યો.

મંદિરમાં હું એકલો જ હતો. પર્વતની કોઈ વિશાળ ટેકરી ઉપર આ મંદિર કોરી કાઢયું હશે, અને તે ઠગ લોકોનાં જુદાં જુદાં રહેઠાણો સાથે ગુપ્ત માર્ગથી જોડી દીધું હશે એમ મને લાગ્યું. કારણ તે સિવાય હું અહીં કેવી રીતે ઊતરી શકત !

કદાચ આ સઘળો ભાગ ઠગ આગેવાનોના રહેઠાણનો પણ હોય. અતિશય ગુપ્ત આગ ઉપર મહત્ત્વના કાગળો, દાખલા વગેરે હતાં; અહીં મંદિર અને શસ્ત્રભંડાર હતો; આટલામાં જ ખજાનો અને કોઠાર પણ હશે એમ મને શક ગયો. વળી કલ્પના પણ ન પહોંચે એવાં આ સ્થાનોનું રક્ષણ કરવાની પણ જરૂર દેખાતી ન હતી. દુશ્મનોનાં અસંખ્ય લશ્કર આવે છતાં આ લોકોનો તલભાર સ્પર્શ પણ કરી શકાય એમ ન હતું, ભયાનક કરાડી અને પાતાળસ્થશી ખીણો અભેદ ઝાડીઓ અને ગનચુંબી શિખરોથી રક્ષણ પામતો આ પ્રદેશ અતીત સુરક્ષિત હતો. ઠગ લોકો સિવાય – અને તેમાં પણ તેમના આગેવાન. સિવાય ભાગ્ય જ કોઈ સમજી શકતું હશે કે કયું સ્થળ ક્યાં આવેલું છે. આ મંદિરની બાજુએથી કોઇ સેન્ય કદાચ જતું હોય તોપણ તેમાંથી કોઈને સંશય સુધ્ધાં ન પડે કે અનેક શસ્ત્રોથી સજાવેલું સ્થાન અહીં હશે.

આથી જ આ લોકોને વશ રાખવાનું કામ મુશ્કેલ બનતું હતું. અને આ સથળું મારા

જોવામાં આવ્યા પછી તો મારી ખાતરી થઈ કે લશ્કરો લઈ તેમની સામે થવામાં કાંઈ જ અર્થ નથી. આવા વિચારો વચ્ચે ગચવાયલા મારા જેવા અજીયા માણસને બહાર જલદી નીકળવાની સ્વાભાવિક ઈચ્છા થાય જ. છતી બહાર નીકળવાનો માર્ગ મને જડ્યો નહિ. એક બાજુ ઉપર થોડાંક નાળિયેર પડ્યાં હતી તેમાંથી મેં બેત્રણ ફોડ્યાં અને લીલું કોપરું ચાળ્યુ. કોઈ હતું જ નહિ એટલે હું સ્વતંત્રતાથી મંદિરમાં ફર્યો.

પેલી મૂતિને પણ તપાસી જોઈ. અલબત્ત, મેં હાથ તો અડાડયો જ નહિ. મને ડર લાગ્યો કે કદાચ કોઈ એ યંત્ર દબાય તો મને તેની યાતનામાંથી છોડાવનાર કોઈ મળે જ નહિ. દૂરથી જોતાં પણ મને એટલું તો સમજાયું કે કોઈક યાંત્રિક કરામતનું આ પૂતળું છે.

હું મૂર્તિને જોતો હતો એટલામાં પાછળથી કોઈ આવતું હોય એવો મને ભાસ થયો; પડછાયો પણ દેખાયો. પાછા ફરી જોતાં આયેશા મારી નજરે પડી.

ભીંત જેમની તેમ હતી; એક પણ બારણું કે જવા આવવાનો રસ્તો મને જણાયો નહિ. પછી આયેશા ક્યાંથી આવી હશે? કદાચ હું આવ્યો તેમ ઉપરથી તો નહિ ઊતરી હોય ?

મેં તેને માનપૂર્વક ઓળખાણભરેલી સલામ કરી.

‘તમે છેવટે છૂટી તો ન જ શક્ય !’ આયેશાએ પૂછ્યું.

આજુબાજુની ભયંકર પરિસ્થિતિમાં આયેશાનું સૌન્દર્ય વધારે ખીલી નીકળતું લાગ્યું.

‘ના, હજી પ્રયત્ન ચાલુ છે.’

‘હવે પ્રયત્નો મિથ્યા છે. આ મંદિરમાં પ્રવેશ કરનાર તેની બહાર જઈ જ શકતું નથી.’ આયેશાએ જણાવ્યું.

‘આપ સાથે જ છો એટલે મને તે વાત મુશ્કેલ નહિ લાગે. આપના સરખાં ઉદારચિત્તનાં બાજુની હાજરીમાં મારો અંત આવશે તોપણ કશી હરકત નથી.’ મેં તેને સંભળાવ્યું. મંદિરમાં પહેલી પ્રવેશ તો આયેશાએ જ મને કરાવ્યો. એટલે તેના કહેવા પ્રમાણે અમારે બંનેએ એક જ ભવિષ્ય ભોગવવું પડે.

આયેશાએ થોડી વાર સુધી જવાબ ન આપ્યો. તે વિચારમાં પડી ગઈ. કેટલીક વારે તેણે મને પૂછ્યું:

‘તમે મટીલ્ડાને તો ઓળખો જ છો !’

‘હા, જી.’

‘કોઈ યુરોપિયન સ્ત્રી હિંદીની સાથે લગ્ન કરે તો તે તમે પસંદ કરશો ?’ તેણે પૂછ્યું.

ઉત્તર માટે વિચાર કરવાની જરૂર નહોતી. મેં કહ્યું :

‘કદી નહિ.’

‘તમે ત્યારે મટીલ્ડાને સમજાવી શકો એમ છો ? તે કોઈ હિંદીના પ્રેમમાં પડી છે !’ તેણે કહ્યું.

મને સમજ ન પડી. આ બધું તે શા માટે મને કહે છે ? મટીલ્ડા કોની સાથે પ્રેમમાં પડી છે ? અને તેમ હોય છતો આયેશાને તેમાં શું લાગેવળગે ?

'પણ તમે કહી છો ને કે અહીંથી જવાનો માર્ગ જ નથી ! પછી એ બંધુ કેવી રીતે બની શકે ?' મેં જણાવ્યું.

આયેશા હસી. તેના હાસ્યમાં પૂર્વની અભેદ ગહનતા સમાયલી હતી. પૂર્વદેશીની રમણીઓનાં હાસ્ય છીછરાં હોતાં નથી, તેમાં ઊંડા અર્થ સમાયલા હોય છે. મને તે હાસ્યનો અર્થ ન સમજાયો.

'મારી આ શરત કબૂલ રાખો તો અહીંથી છૂટતો એક જ માર્ગ. તે હું બતાવું... આયેશાએ પોતાના ગહન સ્મિતને શમાવી ગંભીર બની થોડી વારે મને કહ્યું.

'આપનો મારા ઉપર ઉપકાર થયો છે, એટલે હું થી અગર ન છૂટું તોપણ મારાથી બને તે કરવા માટે હું બંધાયેલો જ છું. માત્ર શરત જામા સિવાય તે પાળવાનું વચન ન આપી શકું,' મેં જવાબ આપ્યો.

પ્રવાલ સરખા હોઠ ઉપર ગોરી અંગુલી અરાડી આયેશા સહજ વિચારમાં પડી. પડદા પાછળ જ રહેનારી આ અદ્દભુત સૌન્દર્ય ભરેલી સ્ત્રીને આ એકાંત સ્થળમાં મારા જેવા પરકોમના પરાયા પુરુષ સાથે ઊભા રહેતાં સંકોચ અગર ડર ન હતો એ જોઈ મને આશ્ચર્ય લાગ્યું.

'સમરસિંહ ક્યાં છે ?' મેં શાંતિનો ભંગ કરી પૂછ્યું. આટલા બનાવો બની ગયા હતા છતાં પેલા યુવકને મેં હજી સુધી જોયો નહિ તેથી મને નવાઈ લાગ્યા કરતી હતી.

એ નામ સાંભળતાં જ આયેશાના મુખ ઉપર ફેરફાર થયો. એ ફેરફાર એટલો સૂક્ષ્મ હતો કે જો એવો ફેરફાર જોવાની ધારણા સહ તેના મુખ તરફ મેં જોયું ન હોત તો મને પણ તે સમજાત નહિ. પરંતુ આયેશાના મકાનમાં મને થયેલો અનુભવ તાજો જ હતો, એટલે સમરસિંહના નામ સાથે તેના સુંદર મુખ ઉપર વધારે સૌંદર્ય ઊભરાયું. તેની લાંબી કાળી આંખો સહજ વધારે ચમકી અને કોઈ આછું અગમ્ય સ્મિત ફેલાયું.

'એ તો ભરતપુર ગયા છે.' તેણે જવાબ આપ્યો.

'કેમ ?'

'રાજ્ય માટે લડાઈ ચાલી છે; તમારું લશ્કર પણ ત્યાં ગયું .છે. એમને બોલાવ્યા હતા.' આયેશાએ કહ્યું.

'ત્યાં સમરસિંહનું શું લાગે ?' મેં વધારે માહિતી મેળવા પ્રશ્ન પૂછ્યો.

'એમને સચ્ચાઈની બિરાદરી છે. જ્યાં જ્યાં સાચને માથે આફત હોય ત્યાં સમરસિંહ ખરા જ.' આયેશાએ તારીફ કરી.

'તો પછી આ બધા પ્રપંચમાં તે કેમ ઊભા રહે છે? સાધુ થઈ ગંગાતટ કેમ વસતા નથી ?'

આયેશાએ આ વિશ્વાસ નાખ્યો. તેના મુખ ઉપર ગ્લાનિની છાયા ફરી વળી.

'એ તો સાધુ જ. સદાય ગંગાતટ ઉપર જ તેમનો નિવાસ છે.' તેણે કહ્યું.

'તેમાં તમે દિલગીર કેમ થાઓ છો ?' મેં પૂછ્યું.

'કેટલીક સ્ત્રીઓ એ વાત જાણતી નથી; જણે છે તો માનતી નથી, અને માને છે તોપણ

તેનો મોહ મૂકતી નથી. એની જ દિલગીરી !' આયે-શીએ દિલગીરીનું કારણ દર્શાવ્યું.

સમરસિંહ એ જ પેલા યુવકનું નામ હોય તો તેનું સૌન્દર્ય અતિશય મોહક હતું. પાતળો ઊંચો દેહ, સુપ્રમાણ મુખરચના આંજી નાખતી તેજસ્વી આંખો, અને સર્વદા સ્મિતભર્યું - બાલક સરખું કુમળુ મુખ : સ્ત્રીઓના આકર્ષણ માટે આટલું બસ હતું. પરંતુ તેની અપૂર્વ બુદ્ધિ અને તેનું શારીરિક બળ તેને પુરુષવર્ગમાં પણ સન્માન અપાવતા હતા મને પ્રથમથી જ તેને માટે પક્ષપાત થયો હતો. તેની લાવણ્યભરી છટા, મધુર કંઠ અને વિવેકભરી સ્થિર રીતભાત કોઈ પણ કુલીન ઘરને શોભા આપે એવો હતી. યુરોપીય વિવેક તેના આગળ તોછડી અને દંભભર્યો લાગતો હતો. અને જ્યારે તે સાધુ છે એ વાત મને આયેશાએ કહી, ત્યારે મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. સાધુત્ત્વભર્યું ગૂઢ અગમ્ય જીવન સર્વની કલ્પનાને ઉતેજિત કરવા માટે પૂરતું હતું. મને પણ દિલગીરી થઈ કે આ યુવક પોતાના જીવનપ્રવાહને સાધુતાની શુષ્ક રેતીમાં કેમ ઠાલવતો હશે? આયેશાને દિલગીરી થાય એમાં નવાઈ ન હતી. તેના કથનમાં મને ભગ્ન હૃદયના ભણકારા લાગ્યા.

'કેમ હવે શી વિચાર કરો છો ?' મને વિચારમાં પડેલો જોઈ તે સહજ હસી અને મને કહેવા લાગી : 'મેં તમને પેહેલાં કહ્યું હતું તે યાદ છે ને ? મટીલ્ડાને સમજાવવાનું ?'

'હું ચમક્યો. શું મટીલ્ડા સમરસિંહને ચાહે છે ! યુરોપી બાળા એક હિંદવાસી કાળા ઠગને ચાહે ? અને અત્યંત પ્રેમથી તેણે મને બતાવેલી સમરસિંહની છબી મને યાદ આવી. એ છબી મટીલ્ડાએ જ પોતાના હાથે ચીતરી હતી તેનું કારણ મારા ધ્યાનમાં આવ્યું. મારા જાતીય અભિમાનને આ થા લાગ્યો.

પરંતુ સ્ત્રીના હૃદયને કોણ કળી શકે એમ છે? આકાશની ગહનતાને ભેદી શકાય, સમુદ્રના ઊંડાણને માપી શકાય, કુદરતના ચમત્કારો ઉકેલી શકાય, પરંતુ સ્ત્રીના અગમ્ય હૃદયનો પાર કોણ પામી શકે ? મને મટીલ્ડાની પસંદગી માટે એક પ્રકારનો સદ્દભાવ પણ ઊપજા. યુરોપમાં સમરસિંહ મળી શકે ? મેં મનને પૂછ્યું.

એ જ આપની શરત છે ને ? અહીંથી જવાનો માર્ગ બતાવવા માટે એટલી જ શરત પાળવાની હોય તો હું કબૂલ છું.' મેં કહ્યું.

આયેશા ખુશ થઈ.

'હા, શરત તો એટલી જ છે; પરંતુ તેને પાળવી મુશ્કેલ છે, હો !' તેણે કહ્યું.

'હરકત નહિ. હું મારું બનતું કરીશ.' મેં કહ્યું.

'અને તેમાં જીવનસાટાનું જોખમ પણ છે. અત્યારે મટીલ્ડા આઝાદના કબજામાં છે.' આયેશાએ કહ્યું.

આઝાદ તેને મારી સમક્ષ કેવી રીતે ઉપાડી ગયો હતો તે મને યાદ આવ્યું.

'પણ આઝાદ તો તમને ચાહે છે ને ?' મેં પૂછ્યું.

'પરંતુ એ જાણે છે કે હું પણ સાધ્વી છું. મારાથી કોઈ સાથે લગ્ન થઈ શકે એમ છે જ નહિ !' મને ફરીથી ચમકાવતો જવાબ આયેશાએ આપ્યો.

આ શું ? આવી સ્વરૂપવતી સ્ત્રીને એકલી જિંદગી ગુજારવી પડશે ?'

અને તેથી જ મટીલ્ડાને ઉપાડી લાવવામાં આઝાદે આગળ પડતો ભાગ લીધો હતો.' આયેશાએ જણાવ્યું.

'તમે શું કહો છો? મારી સમજમાં જ કશી વાત ઊતરતી નથી. સમરસિંહ પણ સાધુ છે, અને તમેયે સાધુ છો ? અને તમે બંને કુંવારી જિંદગી ગાળવાનાં છો ?' મેં પૂછ્યું.

'એમ જ. આપ કહો છો તેમ જ.' આયેશાએ કહ્યું. 'અમારો ધર્મ અમને તેવી ફરજ પાડે છે.'

'પણ આઝાદ તો લગ્ન કરવા માગે છે ! એ શી રીતે ?' મેં પૂછ્યું.

'બધાંને લગ્નની મના નથી. ધર્મના ભેદની ચાવીઓ જેની પાસે રહે તેણે લગ્નને ઘણી વખતજતું કરવું પડે છે. હું અને સમરસિંહ અમારા ધર્મને યથાર્થ સમજીએ છીએ એટલે જગતના સુખનો ત્યાગ કરવાની અમારે માથે ફરજ છે.' આશાએ જણાવ્યું.

હું આ સાંભળી મૂઢ બની ગયો. આ લોકોનો ધર્મ શી? ધર્મના ભેદ શા? ઠગવિદ્યા અને ધર્મને સંબંધ કેવો? આ સુંદર સ્ત્રીના મુખ ઉપર સમરસિંહના નામ સાથે રતાશ આવે છે તે તેના સહચાર વગર કેમ રહી શકશે?

વળી આઝાદ મટીલ્ડાને ઉપાડી ક્યાં લઈ ગયો હશે? તેની કેવી દશા કરી હશે? આ બધા વિચારો ક્ષણમાત્રમાં મારા હૃદય ઉપર તરવરી રહ્યા.

'એ બધું તો ઠીક છે; પરંતુ હવે આપણે અહીંથી બહાર જવું જોઈએ. અમારા ધર્મનો ઇનકાર કરનાર અહીં આવે તો જરૂર આ દેવીનો ભોગ થઈ પડે. મારી શરત તો યાદ છે ને ?' તેણે પૂછ્યું.

'તમે મને પૂરી વાત કહી નથી. હજી નથી સમજી શક્યો કે તમારી શી શરત છે.' મેં જવાબ આપ્યો.

'મટીલ્ડાને આઝાદના કબજામાંથી છોડાવવા તમારે મને સહાય આપવી અને પછી તેને કોઈ હિંદવાસીના પ્રેમમાં ન પડવા સમજાવવી. એ શરત કબૂલ હોય તો હું તમને અહીંથી બહાર લઈ જાઉ.' આયેશાએ કહ્યું. તેની આંખમાં તોક્ષન ઊછળી રહેવું લાગ્યું.

'ઓહો ! એ તો મારી ફરજ છે.' મેં કહ્યું. 'મને વચન ન આયું તોપણ એ કામ કરવાને મેં મારી જિંદગી સમપી છે એમ જાણજો.'

'તમે ધીરતા હશો એટલું એ કામ સહેવું નથી. આઝાદને તમે હજી ઓળખતા નથી.' તેણે કહ્યું.

'તમારા સુમરા ઠગે મને શું કર્યું કે હવે મારે આઝાદથી ડરવું પડે ?' મેં આયેશને સહજ ચીડવવા પ્રયત્ન કર્યો. મારી ખાતરી હતી કે સમરસિંહનું જ બોલવું એ તેને ઉશ્કેરવા માટે બસ છે. આછા તિરસ્કારથી આયેશા હસી.

'તેને લીધે તો અત્યારે તમે જીવતા રહ્યા છો. શસ્ત્ર વગરનો સુમરો અત્યારે અનેક રાજ્યોને હલાવી રહ્યો છે. તમને ક્યાં ખબર છે ? પણ યાદ રાખજો કે એ કોઈ દિવસ શાસ્ત્ર વાપરશે તો અંગ્રેજોથી હિંદુસ્તાનમાં રહે-વાશે નહિ.' તેના બોલેબોલમાં અતુલ બળ હતું.

'હરકત નહિ. એ તો મારો મિત્ર છે. અંગ્રેજો હિંદુસ્તાનમાંથી જશે તોપણ હું સુમરાના

મહેમાન તરીકે રહેવાનો છું.' મેં સહેજ જણાવ્યું. આયેશા એકાએક ચમકી અને બોલી :

'સાહેબ ! ઉતાવળ કરો.' આંખે પછી બાંધી દેવો પડશે તે સિવાય અહીંથી બહાર નહિ જવાય !' તેણે કહ્યું અને મને કાંઇ પણ જવાબ આપવાની તક મળે તે પહેલાં તેણે આ રેશમી રૂમાલ કાઢી મારી આંખો ઉપર નાખ્યો.

રૂમાલને બાંધી તેણે મારી દૃષ્ટિ બિલકુલ બંધ કરી દીધી. પછી મને તેણે હાથ આપ્યો. એ હાથ પકડી તેની સાથે સાથે તેના કેવા પ્રમાણે હું દોરાયો. ઘણી ઊંચીનીચી જગાઓમાં થઈને મને આયેશા બહાર લાવી. હું તદન કંટાળી ગયો.

'છતી આંખોએ ક્યાં સુધી આંધળાનો વેશ ભજવાવશી ?' મેં છેવટે પૂછ્યું.

'હવે બહુ વાર નથી. આંખ વગરના કંગાલોની શી, સ્થિતિ થતી હશે તે તમારે અનુભવમાં ઉતારવી જોઈએ, કે જેથી ભવિષ્યમાં તમે તેમને હસી ન કાઢો.' આયેશાએ શિખામણ આપી.

'પણ હવે તો એકે ડગલું આગળ નહિ વધાય. મારી આંખોએ હું જોઈશ ત્યારે જ ચાલીશ' મેં જીદ લીધી.

'હવે એક જ ડગલું આગળ વધો. હું તમારો પાટો છોડી નાખીશ. ઉતાવળા થાઓ' તેણે મને આશા આપી.

હું એકાદ ડગલું આગળ વધ્યો અને તેણે મને બેસી જવા ઈશારત કરી મારો હાથ દબાવ્યો. હુંતે સૂચનાને માન આપી બેસી ગયો અને તુરત મારી આંખો ઉપરથી બંધન ખસી ગયું. મને આંખે ઝાંઝરી વળ્યાં. મારી આંખને કાંઈ જ ગમ પડી નહિ. હું ક્યાં હોઈશ? આંખે ધીમે ધીમે બાહ્ય સૃષ્ટિને ઓળખવા માંડી.

ખરા મધ્યાહ્ન થઈ ગયા હોય એમ લાગતું હતું. એક ડુંગર ઉપર આવેલા ટેકરાઓને ઓથે અમે બેઠાં હતી. એ ટેકરો લગભગ અમારી બાજુએ ફરી વળ્યો હતો. હું આવેશને કાંઈક પૂછવા ગયો, એટલામાં તેણે મને ચૂપ રહેવાની ઇશારત કરી. તેના મુખ ઉપર ગંભીર ચિંતાની છાપા પથરાઈ ગયેલી લાગી.

એકાએક અમારા ટેકરાની બાજુમાં થઈને કેટલાંક માણસો જતી હોય એમ મને લાગ્યું. અમે તેમને દેખી શકતાં ન હતો અને તેઓ અમને દેખી શકે એવો સંભવ ન હતો, પરંતુ સહજ પણ અવાજ થાય તો બહારના ભાગમાં તરત ખબર પડી જાય એમ હતું. મને ચૂપ રહેવા અંગે આયેશાએ શા માટે સૂચના કરી હશે તે હવે સમજાયું. મને લાગ્યું કે કોઈ ટોળી અમારી શોધખોળમાં નીકળી છે. તેઓની અને અમારી વચ્ચે માત્ર એક નાનોટેકરો જ હતો. ભૂલેચૂકે પણ જો કોઈ આ બાજુ નજર નાખે તો પકડવાનો પૂરો સંભવ હતો.

'તેઓ આટલામાં જ હોવા જોઈએ.' ટીવીમાંથી એક જણાએ વાત શરૂ કરી.

મારા હોશકોશ ઊડી ગયા. આયેશાની મુખમુદ્રા અત્યંત જડ થઈ ગયેલી લાગી. તેના મનના ભાવ તેના મુખ ઉપરથી પરખી શકાતા ન હતા. તદ્દન સ્થિરતાથી હાલ્યાચાલ્યા વગર શુન્ય દૃષ્ટિએ તે મારી પાસે લપાઈને બેઠી હતી, પરંતુ તેના મુખ ઉપર ભયનું એક પણ ચિહ્ન જણાયું નહિ.

'અને ભાઈ ! તને શી ભય થયો છે? એ ગીરો તે મંદિરમાં ઊતર્યો કે બીજે કાંઈ, એની પણ શી ખાતરી ?' એક જણે જવાબ આપ્યો. 'ચારે બાજુએ પહેરા હતા; અને મંદિરમાં ઊતર્યો

હોય તોપણ આયેશા એને શી રીતે નસાડી શકે? મંદિરની ચારે પાસ તો આપણે જ હતા.'

'ત્યારે કોઈ બે જણ નાસતાં કેવી રીતે દેખાયાં ?' પહેલા માણસે પૂછ્યું.

'માટે જ કહું છું ને કાંઈ ભય થયો હશે. જણાયા પછી તો તરત દોડતા આવ્યા છીએ. સંતાવાની જગ્યા નથી. પછી ક્યાં જાય ?' બીજા માણસે કહ્યું.

'પકડાયાં નહિ એટલે એમ જ કહેવું પડશે. પણ હવે આપણે અહીં આરામ લઈએ તો ?' ત્રીજાએ જણાવ્યું.

આયેશાની. આંખો મોટી થતી લાગી. તેમની ભમરો ઊંચકાઈ. મને પણ લાગ્યું કે જો આ લોકો અહીં આરામ લેશે તો અમારા બાર વાગી જશે !

'અહીં ખરા તડકામાં આરામની સારી જગ્યા .છે, નહિ ?' એ ટીળીમાંથી એક જણે હસતે હસતે જણાવ્યું.

'આ પાછળ ટેકરો છે, તેની છાયામાં બેસીશું.' માણસે .જવાબ આપ્યો.

આયેશાએ ધીમે રહી પોતાનું સ્થાન છોડયું અને ચારે બાજુએ વીંટળાયેલા ટેકરાનું એક નાનું સરખું કુદરતી દ્વાર બન્યું હતું ત્યાં જઈ ઊભી રહી. હું પણ તેની સાથે ત્યાં ગયો.

ચટ આયેશાએ પોતાની કમરમાંથી એક ભયંકર જાયો ખેંચી કાઢયો.

મારી પાસે હથિયાર જ ન હતું. છતાં મારા બાહુબળથી જે બને તે કરવા મેં તૈયારી કરી. શું કરવાનું હતું, કોને મારવાના હતા, શા માટે મારવાના હતા, એ બધા પ્રશ્નોનું મારે કામ ન હતું. આયેશા જે કરે તેમાં મારે વગર વિચારે મદદ કરવાની હતી. કટાર લઈ ઊભેલી આયેશાની ભયાનક સૌન્દર્યથી ભરેલી મૂર્તિ નિહાળી હું ચકિત થતો સાવધ થવા લાગ્યો.

પરંતુ આયેશાને કટાર વાપરવાનો અગર તો મારે બિનહથિયારે પરાક્રમ બતાવવાનો કશો પ્રસંગ આવ્યો નહિ. ટીળીમાંથી આ જણે કહ્યું :

'અહીં બેસી રહેવા કરતી આપણી જગા ઉપર જ જવું સારું છે. જરા તડકો વેઠીશું પણ ઘરભેગા તો થઈશું. ચાલો.'

માણસોએ ધીમે ધીમે ટેકરાની બાજુએ થઈ જવા માંડ્યું. આયેશાનું મુખ સખતાઈ છોડી પોતાનું અસલ માર્દવ ધારણ કરવા લાગ્યું. માણસો સ્થળ છોડી ગયા એમ ખાતરી થતાં આયેશાના મુખ ઉપર હાસ્ય ફરી વળ્યું.

'ખુદાએ જ આ લોકોને બચાવ્યા !' તે બોલી ઊઠી.

મને જરા નથાઈ લાગી. બચવાનું તો અમારે બન્નેને હતું. સંખ્યા તે ટોળીની ઘણી વધારે હતી. જો તેઓ આ ટેકરાના ગર્ભભાગમાં પ્રવેશ કરી શક્યા હોત તો અમારું બે જણાનું બળ નકામું જ હતું. મે તે હકીકત સમજવી; પરંતુ આવેશી બોલી :

'નહિ નહિ, તમે ભૂલો છો. મેં એકેએક માણસને ઝબે કરી નાખ્યો હોત ! તેમનાથી અંદર આવી શકાય એમ હતું જ નહિ.'

અમે બંને બહાર આવ્યાં. ડુંગરની તળેટીમાં થઈને પેલી ટોળીનાં માણસો ધીમેધીમે પસાર થતાં દૂરથી દેખાયાં. તેમણે સીધેસીધો રક્ત લીધો અને તેઓ અદૃશ્ય થઈ ગયા.

'હવે તો બે દિવસ જંપીને બેસાય તો ઠીક.' મેં કંટાળાભરેલા અવાજે કહ્યું. 'થોડા દિવસમાં કાંઈ અજબ નાટકો ભજવાયાં, કશું ખરું લાગતું નથી. સ્વપ્નમાં હોઉ એમ ભાસ થાય છે.'

'જિંદગી એ સ્વપ્ન છે, ભાઈ !' આવેશીએ સિદ્ધાંત જણાવ્યો.

'જિંદગી ગમે તે હોય ! હવે તો તે જિંદગીની સ્વનો બદલવાની મને જરૂર લાગે છે.' મેં કહ્યું.

'હવે તમને આરામની જરૂર છે. ચાલો.' કહી તેણે મને આગળ લીધો. આવા બપોરના વખતે આ પહાડ ઉપર મને શી રીતે આરામ આપશે તે મને સમજાયું નહિ, છતાં મારે તેની સાથે ચાલ્યા વગર છૂટકો જ ન હતો. ઊંચીનીચી જગાઓ ઉપર ચડીઊતરી અમે એક ઝાડી પાસે આવ્યાં.

ઝાડીમાં સહજ પ્રવેશ કરતાં મને જણાયું કે તેમાં એક ઝુંપડી હતી. એ ઝુંપડી ઝાડ સાથે મળી જતી હોવાથી દૂરથી ઓળખી શકાય તેવી નહોતી. પાસે જઈ આયેશાએ બારણું ઠીક્યું.

'કોણ ?' અંદરથી કોઈએ બૂમ પાડી, અને તત્કાળ બારણું ખૂલ્યું. બારણું ખોલનારને જોઈ આયેશા અને હું બંને સ્તભ્ય બની ગયાં. બારણું આઝાદે ખોલ્યુ હતું.

આઝાદને પણ અમારા જેવી જ નવાઈ લાગી. બેત્રણ ક્ષણ આઝદ સ્તબ્ધ બની ઊભી રહ્યો. આયેશાએ પૂછ્યું : .'તુલસી ક્યાં ગઈ? અંદર નથી ?'

આઝાદે જણાવ્યું :

'મેં એને બહાર મોકલી છે; હમણાં પાછી આવશે. અંદર આવો ને ?'

આઝાદ સાથે સવારે થયેલી મારામારી મને યાદ આવી. આરામ આપવા માટે આયેશા મને અહીં લાવી હોય એમ લાગ્યું; પરંતુ આઝદની હાજરીમાં આરામની આશા રાખવી એ મને નિરર્થક લાગ્યું. હું પણ હવે આઝાદ સાથે મારું જોર અજમાવવા તૈયાર થયો.

આયેશાએ બહાર પડેલા ખાટલામાંથી આ ખાટલી પાથર્યો અને મને બેસવા જણાવ્યું. હું તે પ્રમાણે બેઠો.

'અંદર નહિ આવો ?' આઝાદે મને પૂછ્યું.

'કાંઈ નહિ. અહીં જ પડ્યો છું.' મેં જવાબ આપ્યો.

૧૫

ઠગજીવનમાં માનવતા

હું ખાટલા ઉપર આડો પડ્યો. આઝાદ ઝૂંપડીમાંથી બહાર આવ્યો અને મારી સાથે જ એક બીજો ખાટલો નાખી તે ઉપર બેઠો. આયેશા આમતેમ ફરવા લાગી આ સ્થળ તેને પરિચિત હોય એમ લાગતું હતું.

ઝાડની ઘટામાંથી એક કદાવર બાઈ સાથે કાંઈ લઈને આવતી જોવામાં આવી. આયેશાએ તેને દૂરથી જોઈ બૂમ મારી :

'તુલસી ! ક્યાં રખડે છે ? તારે ઘેર મહેમાન થઈને આવીએ અને તું નાસતી ફરે છે ?'

'ઓહો, બે'ન ! તમે ક્યાંથી ?' તુલસી પાસે આવી આયેશાને ભેટી પડી. 'ભાલે, ભલે, મારે ઘેર તમે મહેમાન એ તો મારી નસીબદારી ! થોડી વાર ઉપર મિયાંમાહેબ આવ્યા, અને તેમને માટે થોડાં ફળ વીણી લાવવા ગઈ હતી. પણ બધાંને થઈ રહેશે. આવો બા અંદર.'

તુલસી આયેશાને અંદર લઈ ગઈ. તત્કાળ તે બહાર આવી, અને લીલાં પાંદડાંનાં ગોળ સ્વચ્છ પતરાળાં અને પડિયા તેણે અમારી પાસે મૂક્યાં, અને તાજો સ્વાદિષ્ટ કળ, લોટની કાંઈક મીઠી બનાવટ અને થોડી છાશ તેણે અમને પીરસ્યાં.

'શરમાશો નહિ. હોં સાહેબ !' તુલસીએ મને ઉદ્દેશીને કહ્યું. જવાબમાં હું સહજ હસ્યો અને મારા ઉપર આ મુજબ થતા ઉપકારની લાગણી મુખ ઉપર વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

આઝાદે તુલસીને પૂછ્યું : 'તુલસી ! આ સાહેબને તું ક્યાંથી ઓળખે.'

'હું ક્યાંથી ઓળખું ?' તેણે જવાબ આપ્યો : 'આયેશાની સાથે એ આવ્યા એટલે એ પણ મહેમાન.'

આઝાદે આછું આછું હસતો હસતી જણાવ્યું : 'તું જો એમને બરાબર ઓળખે તો એવી મહેમાનગીરી કરવી ભૂલી જાય, હો !'

'ભૂખ્યો માણસ આવીને ભોજન સ્વીકારે એને તો હું મારો ભાઈ માનું છું. પછી ભલે ને તે માથાનો વાઢનાર હોય !' તુલસીએ જવાબ આપ્યો.

ગ્રામ સ્ત્રીનું ઉદાર અને મૃદુ હૃદય જોઈ હું પ્રસન્ન થયો. તેમના ઘર અને શરીર ગરીબીથી વીંટળાયલાં લાગે છે; પરંતુ તેમના સ્વચ્છ નિર્મળ હૃદયને ગરીબી અડકી શકતી નથી. મારા મનમાં પ્રશ્ન ઉપસ્થિત થયો : ખરો અમીર કોણ? ઝાકઝમાળ મહેલોમાં રહેતો દબદબાભર્યા આંજી નાખતા વાતાવરણમાં જીવન વ્યતીત કરતો કોઈ રાજા મહારાજા કે કંગાલ ઝુંપડીમાં

વસતો, ખરા પરિશ્રમમાંથી પોતાનું ગુજરાન કરતો અને દુશ્મનને પણ મહેમાન બનાવવામાં ધર્મ સમજતો ગરીબ? ગરીબોનું હૃદય જો તવંગરોને મળે તો જરૂર દુનિયા સ્વર્ગ બની જાય.

આઝાદ થોડી વાર શાંત રહ્યો. થોડી ક્ષણો બાદ પાછું તેણે પૂછ્યું :

'ગંભીર ક્યારે આવશે ?'

'એ તો હું શું કહી શકું ?' તુલસીએ જવાબ આપ્યો. સમરસિંહની સાથે જ આવશે તો ! આજે એક જણે ખબર કરી કે ભરતપુરનું કામ થઈ ગયું, અને સમરસિંહ નેપાળ ગયા છે.'

આઝાદનું મગજ ઘણી જ ઝડપથી વિચાર કરતું હોય એમ મને તેના મુખ ઉપરથી લાગ્યું. સમરસિંહ શા માટે નેપાળ ગયો હશે એની મને સમજ પડી એ; આઝાદ પણ એ જ વિચારમાં ગૂંચવાયો હશે એમ મને ભાસ થતો હતો.

જમી રહી હું પાછો આરામ લેવા માટે સૂતો. ઊંઘની મારે બહુ જ જરૂર હતી, પરંતુ આઝાદની હાજરીમાં હું સહીસલામત રીતે નિદ્રા લઈ શકું એમ નહોતું. એટલામાં ઝુંપડીમાંથી એક બાર વર્ષનો મજબૂત બાળક હાથમાં તીરકામઠ લઈ બહાર આવી રમવા માંડ્યો. તે માત્ર રમત જ કરતો હતો. વૃક્ષો ઉપર ચડતો ફળ પાડતો ફૂલને જોતો તે આમતેમ ફરવા લાગ્યો. આયેશાએ બહાર નીકળી મને કહ્યું : હવે જરા આરામ લ્યો.'

આઝાદની ભમરો સંકોચાઈ. આયેશાના કહેવાથી હું નિર્ભય છું એમ તો લાગ્યું જ. અને તેથી મેં નિભયતાનો લાભ લઈ આરામ લેવા નિશ્ચય કર્યો.

આઝાદે ધીમે રહી મને કહ્યું :

'સ્લિમાનસાહેબ ! મારે કેટલીક વાત આપને કરવાની છે.'

મેં કહ્યું :

'ઘણી ખુશીની સાથે; પરંતુ અત્યાર સુધીના તમારા વતનથી આપની વાત લાંબા વખત સુધી ચાલે એમ લાગતું નથી.'

આઝાદે ખોટું ખોટું હસવાનો ડોળ કર્યો અને પછી જણાવ્યું :

'એમાં તમારી ભૂલ છે. પક્ષીમાં કાગડો જાનવરમાં શિયાળ અને માણસમાં અંગ્રેજ ભાગ્યે જ ભૂલ કરે છે.

'તમારી સરખામણી કરવાની ઢબ જ એવી છે કે તમારી સાથે વિશેષ સંબંધ ન થાય એમ હું ઇસુ છું.' મેં બેપરવાઈથી જવાબ આપ્યો. 'કાગડા અને શિયાળની બરોબરમાં મારી કોમને બેસાડવા હું જરા પણ તૈયાર નથી. હું નથી સમજી શકતો કે મારી ભૂલ ક્યાં થાય છે.'

આજુબાજુએ કોઈ સાંભળતું નથી એમ ખાતરી કરી આઝાદે મને કહ્યું :

'સમરસિંહની દોસ્તીમાં તમે ભૂલ્યા છો. એના સરખા ભયંકર માણસથી સાવધ રહેજો.'

પેલો છોકરો રમતો રમતો ખાટલા પાસેથી પસાર થયો. આઝાદ સહેજ ચમક્યો.

મેં કહ્યું :

'હું સમરસિંહને ઓળખતો નથી, તમને પણ ઓળખતો નથી. સમરસિંહ મારો દોસ્ત નથી

અને મારે તેની દોસ્તીની દરકાર પણ નથી.'

'એ માનવું અશક્ય છે.' આઝાદે કહ્યું. આટલા વખતથી તેની સાથે તમે ફરો છો, તેના આથને લીધે બચી જાઓ છો, છતી તેને ઓળખતા નથી એમ કહેવું એ ખરેખર ન મનાય એવું છે.'

હવે મારી ખાતરી થઈ કે પેલા યુવકનું નામ સમરસિંહ હતું. મને ખાસ તો થયો જ હતો પરંતુ બધાને ગભરાવતો સુમરો ઠગ તે યુવક જ હશે એમ નછીપણે હજી સુધી કહી શકાતું નહોતું. બહુ જ ચાલાકીથી તેણે પોતાનું નામ અને વ્યક્તિત્વ મારાથી ગુમ રાખ્યાં હતો.

મેં કહ્યું : .'તમે માનો કે ન માનો પરંતુ હું તો ખરું જ કહું છું.'

આઝાદે જણાવ્યું : 'આપ જરા આરામ લ્યો, પછીથી હું વાત કરીશ.'

આરામ લેવાની મને ખાસ જરૂર હતી, અને આઝદ સાથે વાતમાં દોરાવાની આગ્રહી વૃત્તિ મેં બતાવી નહોતી. પેલો છોકરો આમતેમ તીરકામઠ લઈ રમતો હતો તેને લીધે મને નિર્ભયતા લાગી. મને ભાસ થયો કે કદાચ મારા રક્ષણને માટે જ આયેશાએ તેને ફરતો રાખ્યો તો નહિ હોય ? આવી સ્થિતિમાં આરામ લેવાને હરકત નહોતી. મેં આરામ લેવો શરૂ કર્યો.

કાંઈક વધારે જોરથી વાતચીત થતી હોય એમ ભાન થતો હું જાગી ગયો. ખરે, આઝાદ કોઈ બીજા પુરુષની સાથે અતિશય સખતાઈથી વાત કરતો હતો એમ મારા સાંભળવામાં અને જોવામાં આવ્યું. તે પુરુષને મેં પ્રથમ જોયો હતો. ક્યાં જોયો હતો તે મને યાદ આવ્યું નહિ.

મને જાગ્રત થતો જોઈ આઝાદે પેલા નવીન પુરુષને કહ્યું :

'ગંભીર ! હું તને આજના દિવસની મહેલત આયું છું. એ દરમિયાન સમરસિંહ ક્યાં ગયો છે તે તું મને નહિ જણાવે તો તારી હાલત બૂરી છે.'

ગંભીર ઘણી કદાવર પુરુષ હતો. તેના શરીરનો કાળો રંગ, તેની મોટી મૂછો અને લાલ આંખો તેના સ્વરૂપને ભયંકર બનાવતી હતાં. તેના મુખ ઉપરથી તે અતિશય ક્રૂર અને નિશ્ચથી લાગતો હતો. તેને જોતાં જ તે કોઈ ખૂની કે ડાકુ હોય એમ કોઈને પણ ભાન થાય તોનવાઈ જેવું નહિ.

'મેહેતલની જરૂર નથી. જે વાત હું લાગતો નથી તે હું કહી શકું જ નહિ. આપ ખોટા ગુરુ થાઓ છો. હું સમરસિંહની સાથે હતો, પરંતુ તેમણે મને પાછો મોકલ્યો, અને તે પણ અધવચથી; નહિ તો આટલી જલદી હું શી રીતે આવી શકું? છતી આપ કહેતાં જ હો કે હું બધું જાણું છું તો મારો ઇલાજ નથી.' ગંભીરે જવાબ આપ્યો.

'ઠીક, જા હમણાં અંદર બેસ.' આઝાદે આશા કરી અને તે મુજબ ગંભીર ઝુંપડીમાં ગયો. તેના ગયા પછી આઝાદે મને જણાવ્યું કે આવા અઠંગ ઠગોને મારે પકડવા જોઈએ : જો એ કામ મારે સફળતાથી કરવું હોય તો !

મેં કહ્યું :

'હું તો એજ કામ માટે નિમાયો છું.'

.અને દોસ્તી તો તમે સુમરાની સાથે બાંધી છે.' તેણે કહ્યું.

'મેં કોઈની સાથે દોસ્તી રાખી નથી. હું તો મારું કામ કરવા મારું છું.'

'જો તમારે તમારું કામ જ કરવું હોય તો સુમરાને પકડો.'

'મારાથી બનશે ત્યારે તે પણ કરીશ. હું તેનો જ રસ્તો શોધું છું.'

'હું માર્ગ બતાવું તો ?'

'ખુશીથી એ રસ્તો લઈશ.' મને લાગ્યું કે સુમરા સાથેની આઝાદની દુશ્મનાવટમાંથી મને ઘણું જાણવાનું મળશે. છતાં મેં વાત વધારવા તેને કહ્યું :

'પણ તમારું નામ સુમરા કરતાં ઓછું ભયંકર હોય એમ મને લાગતું નથી.'

સુમરાની સાથે પોતાની આમ સરખામણી થવાથી આઝાદના મુખ ઉપર પ્રસન્નતા ફેલાઈ. મેં તેનો લાભ લેવા વિચાર કર્યો.

'કહી હવે મારે તમારા બેમાંથી કોને પસંદ કરવો ? તમે બંને જણા ઠગના આગેવાન છો. એક જ રસ્તે તમે જાઓ છો. મારી કેમ ખાતરી થાય કે તમે મારી બાજુએ રહેશો ?'

આઝાદની આંખમાં કાંઈ અજબ ચમક પ્રગટ થઈ. તેના હૃદયમાં કંઈ અવનવો વિચાર ઝબકી નીકળ્યો હોય એમ મને લાગ્યું. થોડી વારે ચારે પાસ નજર નાખી બહુ જ ધીમેથી તેણે મને કહ્યું :

'હું સુમરાને પકડાવી આપું તો ?' અમારા ખાટલા ઉપર આવેલા ઝાડની ઘટામાં કાંઈક ચડખડાટ થયો. ચમકીને આઝાદે ઉપર જોયું તો પેલો છોકરો બેદરકારીથી આ ડાળીથી બીજી ડાળી. ઉપર જતો જોવામાં આવ્યો. અમારી વાતમાં તેને કશો જ રસ હોય એમ જણાયું નહિ. રમતમાં તેનો જીવ હતી, અને અમારી વાત સાંભળવા તેણે પ્રયત્ન કર્યો હશે એમ મને લાગ્યું નહિ.

છતાં આઝાદ ચિડાયો અને બોલ્યો :

'હરામખોર ! નીચે ઊતર, અને ભાગી જા અહીંથી, ચારે પાસ ઝફ્ખા કરે છે તે ! બીજી રમવાની જગા નથી, કેમ ? ચાલ, નીચે આવ.'

છોકરો બહુ ચપળતાથી હુકમને માન આપી નીચે ઊતર્યો. તેના મુખ ઉપર નિર્દોષતા છવાઈ રહી હતી.

'ઝાડ ઉપર મારો માળો છે ત્યાં રમવાને જતો હતો. મને બાપાએ આ મૂકી રાખવા આપ્યું છે તે મૂકવું હતું.' આમ કહી તેણે પોતાના હાથમાં કંઈ ચળકતી વસ્તુ બતાવી. મેં તે વસ્તુ તરત ઓળખી. તે તો પેલો .'ચંદ્રિકા' હીરો હતો.

આઝાદ એકદમ ઊઠીને છોકરાને પકડવા ગયો. ચપળ બાળક ઘટાઓમાં ક્યાં પેસી ગયો તે સમજાયું નહિ અને આઝાદ ચારે પાસ નજર નાખી પાછો આવી મારી પાસે આવી બેઠો. તેના મુખ ઉપર ગુસ્સો હતો.

'સુમરાની અને મારી આ હીરા ઉપર જ પ્રથમ તકરાર થઈ. કેવી સિફતથી અમે આ હીરો મેળવ્યો તે તમે સાંભળો તો તમને નવાઈ લાગે પરંતુ સુમરાને સારામાં સારી ચીજો પોતાની કરી લેવા તરફ જ લક્ષ છે.' આઝાદે કહ્યું.

'આટલી હીરાની બાબતમાં જ તમે લડી પડ્યા ?' મેં વધારે મહિતી કઢાવવા પ્રશ્ન કર્યો. 'આવી નજીવી બાબતમાં લડશો તો તમારી સંસ્થા તરત જ પડી ભાંગશે.'

'સાહેબ ! આ હીરો નજીવો નથી.' અકળાઈને આઝાદે કહ્યું. 'આટલી જ વાત હોત તો ઠીક, પરંતુ સુમરો એટલેથી અટક્યો નથી. મારા દરેક પ્રયત્નમાં તે વચ્ચે આવે છે, અને મને મળવાની ચીજો એ છીનવી જાય છે. હું ક્યાં સુધી હવે સહન કરું ?'

'તો ચીજોની વહેચણી બરાબર કરો.' મેં સલાહ આપી.

'વહેંચાય એવી વસ્તુ હોય તો ને ?'

'એવી બીજી કઈ ચીજો ભેગી કરી છે કે જે ન વહેચાય ?'

આઝાદ દિલગીરી ભરેલું સ્મિત કરી બોલ્યો :

'તમને શું કહીએ સાહેબ ? સુમરાએ તો મારી આવેશીને લઈ લીધી અને પેલી ગોરી મટીલ્ડાને પણ છીનવી લીધી. મારો જાન જાય તો બહેતર, પણ સુમરાને તો એ લોકો સાથે હું સુખમાં એ જ રહેવા દઉ !'

'હમણાં તો આયેશા અને મટીલ્ડા બંને તમારા પંજામાં છે, પછી તમને શી હરકત છે ? હવે સુમરાથી શું થઈ શકે એમ છે ?' મેં જણાવ્યું.

'તમારી અહીં જ ભૂલ થાય છે. મારો પ્રશ્ન એ છે કે સુમરાથી શું ન થઈ શકે એમ છે ? આયેશા અને મટીલ્ડા બંને અત્યારે મારા કબજામાં છે એમ કહું તો ચાલે. મટીલ્ડા તોછે જ. પરંતુ સુમરાએ કોણ જાણે શી ભૂરકી નાખી છે કે તે બંને યુવતીઓ તેની પાછળ ઘેલી થઈ જાય છે.' આઝાદે કહ્યું.

'તો પછી તમારો શી ઇલાજ ? તે યુવતીઓની મરજી વિરુદ્ધ તમે શું કરશો ?' મેં પૂછ્યું.

આઝાદે સહજ આંખ તીણી કરી મને જણાવ્યું :

'પણ હું એમ સહેલાઈથી હારી જવાનો નથી. આયેશા તોમાને છે કે સમરસિંહ સિવાય બીજું જગતમાં પરાકમી છે જ નહિ મટીલ્ડા માને છે કે સમરસિંહ સરખો રૂપવાન પુરુષ બીજો જડે એમ નથી. મારે તેમની એ ભૂલ ભોગવી છે. મમત એટલી જ છે. એ મમત ઉપર અમે "ચંદ્રિકા"ની ચોરી કરી; એ જ મમત ઉપર અમે મટીલ્કાને ઉપાડી લાવ્યા. છતાં એ બંનેમાં મારી મહેનત સુમરાએ બરબાદ કરી. સુમરાએ પોતાની જાતને આગળ કરી. અલબત્ત, તેનું માન વધે જ! મેં ફરી આ પ્રયત્ન કર્યો. પણ તેમાંય તેણે મને ફાવવા ન દીધો.'

'એ શી બાબતનો પ્રયત્ન ?' આ યુવક વાત કરવા આતુર હતો એટલે બની શકે એટલી હકીકત કઢાવવા મેં આગળ પૂછ્યું.

સહજ હસીને તેણે તે કહેવાની આનાકાની કરી. મેં તેને વધારે આગ્રહ કર્યો. છેવટે અતિશય આગ્રહને વશ થઈ તેણે કહ્યું :

'જુઓ. હું તમારી મૈત્રી ચાહું છે. પરંતુ મારા છેલા પ્રયત્નની વાત હું તમને કહીશ તો હું તમને ખોઈ બેસીશ.'

મેં તેને દિલાસો આપ્યો અને જણાવ્યું કે હું તેની સ્થિતિનો ખોટો લાભ લેવા ઇચ્છતો ન હતો. તેને મારા કહેવામાં કાંઈ વિશ્વાસ આવ્યો અને તેણે જણાવ્યું :

'અમારી ટોળીને વશ કરવા તમને નીમેલા છે. મેં બીડું ઝડપ્યું કે તમને જીવતા પકડવા અને ભવાનીને તમારું બલિદાન આપવું. અગર જીવતા ન પકડાઓ તો તમારું શિર કાપી તે

માતાને ઘરાવવું. હું મારા પ્રયત્નમાં સફળ થાત; પરંતુ એમાં એક સુમરો વચ્ચે આવ્યો અને તમને બચાવી લીધા.'

હું આ હકીકત સાંભળી ચકિત થઈ ગયો. મારા માથા માટે આમ ઠગ લોકોમાં શરત રમાઈ હશે તેનો મને ખ્યાલ આવી શકે એમ ન હતું. હું કેવા ભયંકર સંજેગોમાં મુકાયો હતો તે મને અત્યારે સમજાયું, અને પેલા યુવકે મને બચાવી લીધો ન હોત તો અત્યારે હું આમ આરામ ખોળવાને જીવતો રહ્યો ન હોત એની મને ખાતરી થઈ.

મને સુમરા ઉપર ખરેખર ઉપકારની લાગણી થઈ આવી. અને આઝાદ સરખા ભયંકર શખ્સની તલવારથી મને ઉગારવા અર્થ સુમરાએ લીધેલ મહેનત માટે હું મનમાં ને મનમાં તેને આશિષ આપવા લાગ્યો.

પરંતુ હવે મારે બાજી ફેરવવાની છે. આપનું ખૂન મને જરા પણ ફાયદો કરે એમ નથી. ઊલટું આપની દોરીથી હું મારી મુરાદ વધારે સારી રીતે પાર પાડીશ એમ મારી ખાતરી છે. માટે જ જોતમે મને સહાય કરોતો હું તમને સહાય કરું. મને મટીલ્ડા મેળવી આપો તો હું સુમરાને પકડીતમને આયું.' આઝાદે વિચાર કરી કહ્યું.

કોઈ પણ શરતમાં પડવાની મારી ઇચ્છા નહોતી. મટીલ્ડા ગૌરાંગ બાળા હતી એટલે તેને સુમરાથી દુર કરવા માટે આવેશીની સ્ત્રીસહજ ઈર્ષાએ મારી સહાય માગવા તેને પ્રેરી. એ જ મટીલ્ડાને પ્રાપ્ત કરાવી આપવા માટે આઝાદની વાસનાએ તેને મારી દોસ્તી મેળવવા પ્રેર્યો. મને વિચાર થયો કે ઓવા જગતના ક્રમાં કેટલા ફેરફાર કરાવ્યું જાય છે? જે સ્ત્રીને માટે રાજ્યો ઊથલી જતી અને લાખો પુરુષો રુધિરની નદીઓમાં તરતા તે સ્ત્રી હજી આ યુગમાં જેવી ને તેવી જ છે ! જે પુરુષ સ્ત્રી માટે રાજ્ય ખોવાને તત્પર થતો, પોતાનો અને પારકાનો પ્રાણ વિના માચે ખરચી નાખતો, તે પુરુષ પણ હજી તે જ છે. સમયે ફેરક્તર કર્યો હોય તો તેમાત્ર સાધનોમાં, પરંતુ વૃત્તિઓ તેની તે જ !

છતાં આઝાદની કહેવાતી મૈત્રીથી જે લાભ મળી શકે એમ હોય તે જતો કરવાતું તૈયાર નહોતો. મારી જવાબદારીનું મને ભાન થયું, અને ઠગ લોકોના આગેવાનોના ખાનગી જીવનો ગમે તેવાં રસમય હોય છતાં તેમનો અને તેમની ટોળીનો નાશ કરવા હું યોજાયો હતો એ વાત મારે ભૂલવી નહોતી જોઈતી એનું મને ભાન થયું.

મેં જવાબ આપ્યો :

'હું શરતમાં બંધાઉ અ પરંતુ જો તમે સુમરાને પકડાવી આપો તો હું મટીલ્ડાને સમજાવવા પ્રયત્ન કરું.'

અલબત્ત, મટીલ્ડા જેવી અંગ્રેજ કુમારિકા કોઈ પણ કાળા માણસને પરણે એ હું કદી ઇસુ જ નહિ. અને તેને તેવાં લગ્ન કરવા હું સમજાવું એ અશક્ય જ હતું. છતાં સંજોગો કઈ બાજુ તરફ દોરી જાય છે એ કહેવું મુશ્કેલ હતું. કદાચ હું મટીલ્ડાને આઝાદના તેમ જ સુમરાના પંજામાંથી પણ છોડાવી શકું એ લાલચે મેં વચન ન આપતાં વચન આપ્યા સરખો દેખાવ કર્યો. મેં એથી આઝાદને છેતર્યો કે મારી જાતને તે કહી શકતો નથી.

૧૬

આઝાદની સોબત

મારી અને આઝાદની વચ્ચે આ મુજબ ઘણી વાતચીત થઈ. મટીલ્ડા અગર આયેશાની ખાતર તે સુમરાને પકડાવી આપવા તૈયાર હતો જ. હું મટીલ્ડાને આઝાદની સાથે લગ્ન કરવાની સમજૂતી આપવા તૈયાર થયો હોઉ એવો ભાસ મેં આઝાદને થવા દીધો પરંતુ અંદરખાનેથી મારી તૈયારી જુદા પ્રકારની જ હતી. મેં આગળ વધી આખી ઠગ ટોળીને વિખેરી નાખવા માટે તેને ઘણો જ લલચાવ્યો. ધમકી પણ આપી; પરંતુ સુમરા સિવાયના કોઈ પણ ઠગને પકડાવી આપવાનું તેણે કબૂલ ન કર્યું. તેની વર્ગવફાદારીએ મને આશ્ચર્યમાં નાખ્યો.

બીજા દિવસની સવારે આ વિચિત્ર ટોળીમાંથી હું છૂટો થવાનો હતો. આઝાદે ઠગ લોકોની વસાહતવાળા આ ડુંગરી પ્રદેશમાંથી બ્રિટિશ હદમાં મૂકી આવવા મને વચન આપ્યું. તે મુજબ અમે બંને સવારમાં જવા માટે તૈયાર થયા. પરંતુ આયેશાને મળ્યા વગર જવું એ અવિવેક થશે એમ માની મેં તેને મળવાની ઇચ્છા બતાવી. તેને એ ઇચ્છા બહુ રુચી નહિ.

‘સ્ત્રીઓએ પડદો શા માટે છોડવો એ હું સમજી શકતો નથી.’ આઝાદે કંટાળો ખાતાં જણાવ્યું અને ઉમેર્યું :

‘તેમના ઘૂંઘટમાંથી વાળની એક લટ પણ બહાર દેખાય તો તે હજારો જાનની ખુવારી કરવા માટે બસ છે. છતાં આપની મરજી જ હોય તો પછી આપ મળી લ્યો.’

પરદા અને ઘૂંઘટમાં રહીને પણ સ્ત્રીઓ શું નથી કરી શકતી તે સમજાવવા માટે હું અત્યારે રાજી ન હતો. વાદવિવાદ પંડિતો માટે રહેવા દઈ મેં આવેશીને મળવાનું જ નક્કી કર્યું, અને અમે ઝૂંપડી તરફ ગયા.

આયેશાને સહજ નવાઈ લાગી. એકાદ અઠવાડિયું વધારે રહેવાનો તેણે આગ્રહ કર્યો. પરંતુ ઠગ લોકોની મહેમાનગીરીથી હું ધરાઈ ગયો હતો એટલે મેં ના જ પાડી. આયેશાનું મન કચવાયું. છેવટે તેણે કહ્યું :

‘આપને જવું જ હોય તો પછી હું ગંભીરને સાથે મોકલું છું.’

આઝાદે આડી આંખથી આયેશા તરફ જોયું. તેની આંખમાં ક્રોધ હતો.

‘હું જ સાથે જવાનો છું; ગંભીરની જરૂર નથી.’ આઝાદે જણાવ્યું.

‘સાહેબની સલામતી માટે હું જવાબદાર છું એટલે ખરું જેતાં તો મારે જવું જોઈએ; પરંતુ ગંભીરને મોકલીશ તો ચાલશે. આયેશાએ જવાબમાં જણાવ્યું.

‘હું કાંઈ સાહેબનું ખૂન કરવાનો નથી. મારી બીક તેમને લાગતી હોય તો ભલે ગંભીરને

સાથે રાખે, પણ એવા દસ ગંભીર હોય તોયે, મારી ઇચ્છા તેમનું ખૂન કરવાની હશે તો મને કોણ રોકી શકે એમ છે ?'

આઝાદે અત્યંત અભિમાનથી જણાવ્યું. મને કોઈનો ડર લાગે છે એમ મેં કદી પણ કબૂલ કર્યું નહોતું. મેં આયેશાને જણાવ્યું કે મારે કોઈની જરૂર નહિ પડે. ગમે તેવા સંજોગોમાં હું નભી જઈશ. આઝાદ માટે મને જરા પણ વહેમ કે ડર ન હતો.

ગંભીરની ક્રૂર આંખો ઝીણી થઈ, પરંતુ તે કાંઈ બોલ્યો નહિ.

'ભલે, તો આપ જાઓ. ફરી મળીશું. આઝાદ તરફ ફરીને તે બોલી: 'આઝાદ ! ભૂલશો નહિ કે આ મારી સુપરત છે.'

આઝાદે જવાબ ન આપ્યો.

આયેશાને સલામ કરી હું પાછો ફર્યો અને અમે બંને ચાલી નીકળ્યા.

થોડી વારે ટેકરાઓ ચડતા ઊતરતા અમે સપાટ જમીન ઉપર આવ્યા. પાસે જ એક નાનું શિવાલય હતું. ત્યાં આગળ એક માણસ બેસી રહ્યો હતો. આઝાદે તેને હુકમ કર્યો : 'બે ઘોડા તૈયાર કરી લાવ. અમે આ રસ્તે ધીમે ધીમે જઈએ છીએ.'

આ સ્થળે ઘોડાઓ ક્યાંથી બાંધી મૂક્યા હશે, તે મને સમજ પડી નહિ. પરંતુ થોડી વારમાં પેસો માણસ બે સુંદર પાણીદાર ઘોડા તૈયાર કરી અમારી આગળ આગળ આવ્યો અને અમે બંને ઘોડા ઉપર સ્વાર થયા.

જતે જતે પેલા માણસને આઝાદે કહ્યું : 'કોઈ પૂછે તો કહેજે માતાવાળે રસ્તે ગયા છે.'

અમે ખરેખર જે રસ્તે જતા હતા તે ન બતાવતાં બીજો રસ્તો બતાવવા તેને આ સૂચના કરી. અમે બંને આગળ વધ્યા.

થોડીવાર સુધી કોઈ કાંઈ બોલ્યું નહિ. આછી ગીદમાં ઘોડાઓ ચાલ્યા જતા હતા. આઝાદે કેટલોક સમય ગયા પછી મને પૂછયું :

'સ્લિમાનસાહેબ ! આપ અત્યારે કેવી સ્થિતિ અનુભવો છો ?'

'બહુ જ આનંદભરેલી સ્થિતિ. પ્રદેશ ઘણો જ ખુશનુમા છે. હિંદુસ્તાન તો ઈશ્વરે રચેલું અવનવું સતત ચિત્ર છે.' મેં જવાબ આપ્યો. તેના મુખની વિકૃતિ અને આંખના ચમકારાથી હું સમજી ગયો કે તે મારી લાચારીનું મને ભાન કરાવવા માગે છે, એટલે મેં તેના ધાર્યા કરતાં જુદો જ જવાબ આપ્યો.

તેણે વધારે સ્પષ્ટતાથી કહ્યું :

'આપ એકલા છો એ તો સમજાય છે ને ?'

'અલબત્ત, મને એકલા રહેવાની નવાઈ નથી. તમે એકલા છો તેથી ડર તો નથી લાગતો ને ? પીઠ પાછળ ઘા નહિ કરું. જે વાત તે મને કહેવા માગતો હતો તે મેં તેને કહી. તેના મનમાં મને ડરાવવાનો તેનો વિચાર હતો.

આઝાદ હસ્યો :

'તમે ગોરા લોકો બહુ જ બડાઈખોર હો છો. ઘણી વખત તો તેથી જ તમે જીતી જાઓ

છો. દેખાવ કરવામાં તમે એટલા પ્રવીણ છો કે સામાને ખરાનું ખોટું અને ખોટાનું ખરું બતાવી શકો છો. જુઓ, ડરવાનું કોને છે તે બતાવું !'

એમ કહી તેણે એક વિચિત્ર રીતે તાળી પાડી. તેનો પડઘો વાગી રહ્યો અને જોતજોતામાં પચીસેક હથિમારબંધ માણસો અમારી સામે આવીને ઊભા રહ્યા.

મને આશ્ચર્ય લાગ્યું. આવા નિર્જન સ્થળમાંથી આટલા બધા માણસો ક્યાંથી ફૂટી નીકળ્યા તે હું સમજી શક્યો નહિ. મને સહજ ભય પણ થયો. કદાચ આઝાદ મારું અહીં જ ખૂન કરાવે તો ?

'બોલો સાહેબ ! આપને બંધનમાં રાખું કે આપને ઝબે કરું ?' ખડખડાટ હસીને તે બોલ્યો. તેના હાસ્યમાં અતિશય ભયંકરતા હતી. તેના મુખમાં અને રીતભાતમાં સમરસિંહની મૃદુતા મારા જોવામાં આવી જ નહિ. સમરસિંહ અભય થવાનું વાતાવરણ ખડું કરતો આઝાદ રક્ષણનો વિચાર કરતો હોય તોપણ તે ખૂન અને રુધીરનો જ ભાસ આપતો. મને હવે તેનો વિશ્વાસ રહ્યો નહિ. છેવટની ક્ષણ આવી પહોંચી માની હું તદન બેદરકાર બની ગયો, અને તેને મેં ગર્વથી કહ્યું:

'બેમાંથી એકે તમે કરી શકો એમ નથી. મને એટલી જ દિલગીરી થાય છે કે મને બંધનમાં નાખવા અગર મારું ખૂન કરવા તમે પ્રયત્ન કરશો તો તે નિષ્ફળ જશે અને નાહક વિશ્વાસઘાતનું પાપ તમને ચોંટશે.'

તેણે મને પાછું જણાવ્યું કે મારું ખૂન કરવાનો તેનો ઇરાદો હતો જ નહિ. માત્ર તેની શક્તિ કેટલી છે તેનું મને ભાન કરાવવા તે માગતો હતો. હિંદુસ્તાનમાં એવું એક પણ સ્થાન નહોતું કે જ્યાંથી ઠગ લોકોનો સરદાર એક પળમાં માણસો ઊભા ન કરી શકે. તેણે ભેગા થયેલા લોકોને વેરાઈ જવા હુકમ કર્યો. લોકો જોતજોતામાં અદૃશ્ય થઈ ગયા. વીખરાતા ટોળામાંથી એક જણની પીઠ તરફ આઝાદની નજર ગઈ અને કોણ જાણે કેમ પણ તેણે ઘોડાને એડી મારી છલંગ ભરાવી અને પેલા માણસને ગરદનથી ઝાલ્યો. આ બધું અચાનક બનતું જોઈ હું પણ આશ્ચર્ય પામતો જોતો હતો. પેલા માણસે ગરદન છોડાવી નાખી અને એકદમ સામે ફરી આઝાદને સલામ કરી માનપૂર્વક ઊભી રહ્યો. તેનું મુખ જોતાં મને સ્પષ્ટ સમજાયું કે એ તો પેલો ઝૂંપડીવાળો ગંભીર હતો.

'કેમ, હરામખોર ! અમારી પાછળ આવતો હતો ખરું ? આયેશાએ મોકલ્યો, નહિ ? સાહેબને હું મારવાનો છું એમ ધાર્યું હશે, ખરું ને ? પણ ઓ બેવકૂક ! તને ખ્યાલ છે કે આઝાદ જેને મારવા ચાહે છે તેને ઈશ્વર પણ બચાવી શકતો નથી !'

મને તરત જ ખ્યાલ આવ્યો. મારું રક્ષણ કરવાના ઇરાદાથી અમારા ચાલી નીકળ્યા પછી આયેશાએ ગંભીરને મોકલ્યો હશે.

૧૭

ઠગની બડાઈ

ગંભીરે જણાવ્યું કે આયેશાનો સંદેશો લઈ તેના ભાઈની પાસે પોતે જતો હતો. આઝાદે મને આ રસ્તે દોર્યો હતો એવું ગંભીર જાણતો નહોતો. પેલા મંદિર પાસે બેઠેલા માણસે તો અમે જુદે રસ્તે ગયા હતા એવી માહિતી આપી હતી. એટલે આઝાદની પાછળ જવાનો તેણે વિચાર પણ નહોતો કર્યો. અને વળી વધારામાં તેણે જણાવ્યું :

'આપ સરખા મોટા માણસની પાછળ પડનાર હું કોણ ?'

ગંભીરની આ બધી હકીકત જેમ મને ખરી ન લાગી તેમ આઝાદને પણ ન જ લાગી. છતાં આવો બચાવ તેણે કર્યો, એ વિરુદ્ધ કાંઈ કહેવાય એમ નહોતું. એટલે. આઝાદે રીસથી ઉત્તર આપ્યો : 'તું કોણ ? તું તો સમરસિંહનો ખાસ અંગત માણસ. અને સમરસિંહ તો તારા મનથી મારા કરતાં પણ મોટો છે.'

'ના, જી, મારે મન તો આપ સઘળા સરખા છો. જેનો હુકમ હોય તેનો માથે ચડાવું.' ગંભીરે કહ્યું.

આ કથન તે માનતો ન હોય એમ આઝાદ ખોટું હસ્યો. થોડી વાર રહી તેણે પૂછયું:

'આયેશાનો શો સંદેશો ?'

'તે તો હું નથી જાણતો. આ ચિઠ્ઠીમાં જે તે લખેલુ છે. મારે તો તે ખાનમાહેબને પહોંચાડવી છે એટલું જ જણું.'

'લાવ ચિઠ્ઠી.' આઝાદે કહ્યું.

'એ આપને આપવાની નથી.'

'હું ખાનસાહેબને પહોંચાડીશ; તું પાછો જા'

'મારે હાથે જ એ ચિઠ્ઠી આપવી એવો જ હુકમ છે.'

'હું કહું છું પછી તે ઉપર બીજો હુકમ કોનો ? ડહાપણ કર્યા વગર એ ચિઠ્ઠી આપી દે.' આઝાદે મોટેથી કહ્યું.

ગંભીર જરા હસ્યો. તેનો પ્રચંડ કાળો દેહ તેના હાસ્યથી વધારે વિકરાળ બનતો લાગ્યો. મને આશ્ચર્ય લાગ્યું કે તુલસી જેવી વિવેકી અને સરળ સ્ત્રીનો આ ગંભીર પતિ હોય તો તેમને કેમ બનતું હશે ? જરા પણ ગભરાટનું ચિહ્ન ગંભીરના મુખ ઉપર જણાયું નહિ, અને તેણે જવાબ આપ્યો : 'એમ ચિઠ્ઠી ન અપાય.'

'એમ ન અપાય, તો જો તને બતાવું છું કે કેમ અપાય ?' કહી આઝાદે ઝડપથી પોતાની તલવાર ખેંચી ગંભીર ઉપર ઉપાડી. ગંભીર સ્વસ્થ ઊભો હતો. આઝાદના ક્રોધની જેટલી તેણે દરકાર કરી હતી એટલી જ દરકાર તેણે તેની તલવારની પણ કરી. આ ઠગ લોકોની સ્વસ્થતા જોઈ હું ચકિત થયો; ચળકતી નાગણ સરખી તલવાર નીચે પણ આ લોકોનાં મુખ સંકોચાતાં નથી એ તેમનો દેહ અને મન ઉપરનો કાબૂ અદ્દભુત હતો.

હું વચ્ચે પડ્યો. આઝાદને મેં ઘા કરતાં રોક્યો અને ગંભીરને સમજાવ્યો કે તેણે આઝાદ જેવા તેમના આગેવાનથી કાંઈ છૂપું રાખવું ન જોઈએ. છેવટે કાંઈ નહિ તો મને તો તેણે ચિઠ્ઠી આપવી જ જોઈએ. જો આયેશાને હરકત થાય એવી કંઈ હકીકત હશે તો હું આઝાદને નહિ જણાવું એવી મેં ગંભીરને ખાતરી આપી.

છેવટે ગંભીર મને ચિઠ્ઠી વંચાવવા કબૂલ થયો. મને હિંદી તથા ઉર્દૂ ભાષા લખતાંવાંચતાં સાધારણ આવડતી હતી. હિંદુસ્તાનમાં આવનાર અંગ્રેજોને એ બંને ભાષા જાણ્યા વગર ચાલે જ નહિ. તેની ક્રૂર આંખ ઝીતી કરી ગંભીરે પોતાના પહેરણમાં ક્યાંક છુપાવેલી એક ચિઠ્ઠી બહાર કાઢી મને વાંચવા આપી.

ચિઠ્ઠી વાંચતાં મને સમજાયું કે આ સંઘ જાત્રાએ જતો હતો તેને લૂંટવા માટે ખાનસાહેબને સૂચના કરેલી હતી. મને ઠગ લોકોનું ઠગપણું હવે સમજાયું, અત્યાર સુધી તેમના અંદર અંદરના કાવાદાવા સમજવામાં હું રોકાયો હતો; હવે મને તેમના ખરા ધંધાનો પ્રસંગ વિચારવા મળ્યો. વાંચીને મેં ગંભીરને પૂછ્યું કે આમાં આઝાદને ન જણાવવા જેવું શું હતું ? ગંભીરે તે વાત મારી મુનસફી ઉપર છોડી અને યોગ્ય લાગે તો ચિઠ્ઠી આઝાદને વંચાવવા જણાવ્યું.

મેં એ ચિઠ્ઠી આઝાદના હાથમાં મૂકી ગંભીરના સામું જોયું. ગંભીરનું મુખ સહેજ મલક્યું. જાણે આ ચિઠ્ઠી આપી તે આઝાદને છેતરતો હોય એમ તેના મુખ ઉપરથી સહજ ખ્યાલ થયો. લખાણ ઉપર કોઈની સહી નહોતી. ચિઠ્ઠી વાંચી આઝાદનું મોં કટાણું થયું.

'ઓહો ! આ જ ચિઠ્ઠી માટે તું આટલી હુજ્જત કરતો હતો કે? એ તો હું ક્યારનો જાણું છું અને ખાનસાહેબ પણ જાણે છે. તારા પહેલાં મેં આ ખબર ખાનસાહેબને પહોંચાડ્યા છે. ઠીક, ચિઠ્ઠી લઈ જવી હોય તો લઈ જા.'

ગંભીરે જણાવ્યું : 'જ્યારે ખાનસાહેબને આ સંઘ લૂંટવાના ખબર પડ્યા છે ત્યારે હવે ફરીથી ચિઠ્ઠી પહોંચાડી ખબર આપવાની જરૂર રહી નથી.'

'તો પછી તારે જવું હોય તો જા. હું સાહેબને તેમની છાવણીમાં મૂકી આવું.' આઝાદે ગંભીરને કહ્યું.

'છાવણી કેટલી દૂર છે ?' મેં પૂછ્યું.

એકાદ ગાઉ ઉપર. તમારી શોધખોળ માટે એકાદ લશ્કર આવ્યું છે, એમાં હું તમને મૂકી આવીશ.' આઝાદે જણાવ્યું.

'તમે સંઘ ક્યારે લૂંટવાના છો ?' મેં આનાકાની વગર પૂછ્યું.

આઝાદ આ પ્રશ્ન સાંભળી હસ્યો.

'તમારા લશ્કરની પડોશમાં જ આજે રાતે લૂંટવાના છીએ.'

'અમારું સૈન્ય પાસે છે ને ?' મેં પૂછ્યું.

'ઓહો ! તેની શી હરકત છે ?' આઝાદે જણાવ્યું.

'ત્યારે તો તમારી પાસે માણસો વધારે હશે. તે વિના તમારાથી આટલી હિંમત થાય નહિ.' મેં જણાવ્યું.

'નહિ, નહિ. માણસોની અમને દરકાર નથી. આપ હજી અમને પિછાનતા નથી.' આઝાદે જણાવ્યું. આ સંઘ લૂંટવો એ તો સહેલ છે; પરંતુ આપના તંબૂમાંથી આપના સૈન્ય વચ્ચે થઈને તમારા હાકેમના બાનુનાં ગળામાંથી મોતીનો હાર તોડી જવો હોય તો તે પણ અમને મુશ્કેલ નથી.'

મને લાગ્યું કે આઝાદ નાહક શેખી કરે છે. મેં તેને તે વાત જણાવી.

'તમે ખોટી બડાઈ મારો છો.'

'હું તમને આહ્વાન કરું છું.' આઝાદે જણાવ્યું. 'તમારા હાકેમ અહીં પાસે જ ફરે છે. તમે તેને ચેતવો. તમારા લશ્કરને ચેતવો. બધી સાવચેતી રાખો. અને છતાં જો હું તેમના બાનુના ગળામાંથી હાર કાઢી ન જાઉં તો ઠગ જન્મ્યો નહોતો એમ માનજો.'

'તમે અમને ઓળખતા નથી' મેં કહ્યું, 'તમારાથી ન બન્યું તો ?'

'તે જો ન બને તો હું ખ્રિસ્તી બનવા તૈયાર છું.' અભિમાનથી આઝાદે મૂછનો. વળ ચડાવ્યો.

'હું મારી છાવણીમાં જઈ ખબર કરીશ. સંઘને સાચવીશ, છતાં તમે તેને લૂંટશો ?' મેં પૂછ્યું.

'જરૂર, આજે રાત્રે એ સંઘ લૂંટવાનો જ.' આઝાદે કહ્યું. ગંભીર ઊભી ઊભી બધું સાંભળતો હતો. મને ઇચ્છા થઈ કે આ લોકો કેવી રીતે લૂંટ કરે છે તે મારે જોવું જોઈએ. મેં તેના વૃત્તાંતો અને વર્ણનો સાંભળ્યાં હતા પરંતુ આ નજરે જોવાનો પ્રસંગ જતો કરવો મને ઠીક લાગ્યો નહિ. મેં કહ્યું:

'તો હું અત્યારે છાવણીમાં નહિ જાઉં. કદાચ તમારી લૂંટમાં વિઘ્ન આવે તો તમે મને દોષ દેશો.'

'એ ચિંતા તમે રાખશો જ નહિ.' આઝાદે કહ્યું.

પરંતુ મારું મન માનતું નથી, અને આપણા આટલા સંબંધ પછી હું છાવણીમાં જઈ વાત કરું તો કૃતઘ્ની ઠરું. વાત ન કરું તો નિમકહરામ ઠરું. માટે તમો સંઘને લૂંટો ત્યાં સુધી હું તમારી સાથે જ રહીશ' મેં મારો નિશ્ચય જણાવ્યો.

'આખો દિવસ હરકતમાં ગાળવો પડશે.' આઝાદે જણાવ્યું.

હું હરકત જરા પણ ગણતો નથી, એ વાત મેં દૃઢતાથી જણાવી છેવટે તેણે મને સાથે રહેવા હા પાડી. એક ઝાડની ઘટા નીચે જઈ ઘોડા ઉપરથી ઊતરી ઘાસિયા પાથરી અમે બેઠા અને રાતની રાહ જોવા લાગ્યા.

થોડી વાર સુધી આ નિર્જન પ્રદેશમાં કોઈ પણ મનુષ્ય જોવામાં આવ્યું નહિ. ઊડતાં પક્ષીઓના સહજ કિલકિલ અવાજ કે પાંખોના આછા ફડ-ફડાટ સિવાય સર્વત્ર નિઃશબ્દતા ફેલાયેલી હતી. ક્વચિત્ હરણનું ટોળું દૂરથી ચરતું અદૃશ્ય થઈ જતું.

એકાએક ક્ષિતિજમાંથી માનવીઓ ફૂટી નીકળતા હોય એમ લાગ્યું. વિચારમાંથી હું જાગૃત થયો અને સમજયો કે એ સંઘના માણસો આવતા હશે. ઠગ લોકોમાંથી તો માત્ર ગંભીર અને આઝાદ એ બે જણ મારી પાસે બેઠેલા હતા. મને વિચાર આવ્યો કે ઠગ લોકોની કોઈ જાતની તૈયારી જણાતી નથી અને તેઓ શી રીતે લૂંટ કરી શકશે ? બે જણાથી કાંઈ આખો સંઘ લૂંટાશે ?

મેં આઝાદને મારો વિચાર જણાવ્યો અને તે હસ્યો.

'વખત આવ્યે બધું જોઈ લેવાશે.' આટલો જ માત્ર તેણે જવાબ આપ્યો. પરંતુ મારી ધારણા ખોટી પડી. પેલાં દેખાતાં માણસો સંઘનાં નહોતાં; તેઓ તો હિંદુસ્તાનમાં સ્થળે સ્થળે ફરતા બાવાઓનું એક નાનું ટોળું હતું. તેમણે શરીરે રાખોડી ચોળી હતી. આખા શરીર ઉપર લંગોટી સિવાય બીજું વસ્ત્ર ન હતું. મજબૂત અને તાલીમબાજ લાગતાં તેમના કાળાં બદન ઉપર ભભરાવેલી રાખોડી તેમની વિચિત્રતામાં વધારો કરતી હતી. તેમને માથે જટા હતી, હાથમાં મોટામોટા ચીમટા હતા, અને જાણે પોતાની વિચિત્રતા તરફ જગતને આકર્ષતા હોય તેમ તે ચીમટાને વારંવાર ખખડાવ્યા કરતા હતા. દરેકને ખભે એક એક ઝોળી ભરાવેલી હતી.

આવા દસેક ખાખીઓ ધીમે પગલે ધીમે ધીમે અમારા તરફ આવતા હતા.

મને હસવું આવ્યું. મેં આઝાદને હસતે હસતે પૂછયું :

'આ સંઘને લૂંટવાનો છે કે ?'

આઝાદ હસ્યો, પણ તેણે મને જવાબ ન આપ્યો.

'બહુ ભારે મિલકત મળે એમ લાગે છે. એમની ઝોળીઓ તો આપણે ત્રણ જણ પડાવી લઈએ એમ છે. લૂંટવાનું શરૂ કરો.' મેં વધારે ટીકા કરી.

એ તો સાધુઓ છે. બિચારા ચાલ્યા જશે.' આઝાદે જવાબ આપ્યો.પરંતુ એ સાધુઓની ત્યાંથી ચાલ્યા જવાની વૃત્તિ દેખાઈ નહિ. જે વૃક્ષ નીચે તેઓ બેઠા હતા તે ઘણું જ વિશાળ હતું. તેની ઘટામાં ઘણાં માણસો આશ્રય લઈ શકે એમ હતું. સાધુઓએ 'અલખ'ની બૂમ મારી પોતાની ઝોળીઓ ઝાડ નીચે મૂકી, ચીપિયા ખખડાવ્યા અને બેઠા. એકબે બાવાઓ બાજુએ પડેલાં ડાળખાં, છોડિયાં વગેરે વીણી લાવ્યા અને ચારપાંચ ધુણીઓ કરી સાધુઓ તેને વીંટળાઈ વળી બેઠા. કેટલાકે ચલમો કાઢી અને તે પીવા લાગ્યા. એક સાધુએ ઝોળીમાંથી શંખ' કાઢી ફંક્યો શંખમાં એવો ઘોર અવાજ થયો કે આ એકાંત નિ:શબ્દ સ્થળમાં ચોમેર તેના પડઘા પડ્યા, અને શાંત વાતાવરણમાં અસ્થિરતા ફેલાઈ.

'આ પાપ વળી અહીં ક્યાં ચોંટેયું ?' આઝાદ સહજ અકળાઈને બોલ્યો. ધીમે ધીમે સાધુઓએ ભોજનની તૈયારી કરવા માંડી. મોટા મોટા તવા ઉપર ઘઉંના લોટના રોટલા તેમણે બનાવવા માંડ્યા. અત્યાર સુધી તે સાધુની ટોળીએ અમારી હાજરીની દરકાર જ કરી ન હતી; અમે જાણે ત્યાં બેઠા ન જ હોઈએ એવી રીતે તેઓ પોતપોતાના કામમાં મશગૂલ હતા. પરંતુ થોડાક રોટલા તૈયાર થયા પછી સાધુઓમાંથી એક જણ અમારી પાસે આવ્યો અને અમને પ્રભુનો પ્રસાદ લેવા આગ્રહ કરવા માંડ્યા. ભોજનને તેઓ ઈશ્વરનો પ્રસાદ તરીકે ઓળખાવતા હતા.

આઝદે છેવટે આગ્રહને વશ થઈ હા પાડી. પેલા સાધુએ બીજાને ભોજન લાવવા આજ્ઞા કરી અને તે અમારી પાસે બેઠો. સાધુની વાચાળતાનો પાર ન હતો. અનેક જાતની વાતો તેણે

કરવા માંડી. આ બધો વખત ગંભીર વગર બોલ્ય બેસી રહ્યો હતો.

આઝાદે સાધુને પૂછ્યું :

'તમે લોકો ક્યાં સુધી જવાના છો ?'

તેણે ઉત્તર આપ્યો :

'બદરીકેદાર જવાના છીએ'

ગંભીરનું મુખ સહજ મલક્યું. હું સમજી શક્યો નહિ કે આ ક્રૂર દેખાતા ઠગના મુખ ઉપર આનંદની ચમક કેવી રીતે આવી શકી.

દૂરથી ધૂળ ઊડતી દેખાઈ અને ઘંટીના ઝીણા નાદ કાને પડ્યા. સાધુ પોતાની વાચાળતા એક ક્ષણભર ભૂલી ગયો. આઝાદ પણ જરાક ટટાર થઈ બેઠો. એટલામાં થોડા રથ અને ગાડાં ધીમે ધીમે આવતાં દેખાયાં. કેટલાક રખેવાળ સરખા માણસો આગળ ચાલતા હતા.

મને લાગ્યું કે ઠગ લોકોની દાઢે ચડેલો સંઘ હવે આવે છે.

હથિયારબંધ પંદરેક માણસો એ સંઘની રક્ષા કરતા હતા. લગભગ આઠેક માણસો રક્ષકો સિવાય એ કાફલામાં હતાં. તેમાં કેટલાંક બૈરાં તેમ જ છોકરાં હતાં અને આનંદથી આખો સંઘ આગળ વધતો હતો. રથના બળદ શણગારેલા હતા અને ગળે બાંધેલ ઘૂઘરાથી આખા જંગલમાં અવાજ થઈ રહેતો હતો.

સાધુઓ પોતાની રસોઈ કર્યે જતા હતા. તેમણે આવતા સંઘ તરફ દૃષ્ટિ પણ ન કરી. માત્ર આઝદ ગંભીર અને તેની સાથે વાત કરતા સાધુમાં અસાધારણ ચંચળતા આવી ગઈ. આગળ આવતા સંઘને લૂંટવા માટે તેમની પાસે કશું પણ સાધન ન હતું. પછી મને વિચાર આવ્યો કે આઝાદની બડાઈ પ્રમાણે તો ગમે તે સ્થાનેથી ઠગ લોકો નીકળી આવવા જોઈએ. એ ધોરણે આટલામાં છુપાઈ રહેલા ઠગ લોકો કદાચ બહાર નીકળી આવી સંઘને લૂંટશે.

દૂરથી અમને જોઈ સંઘના રખેવાળો ઊભા રહ્યા. બે ધોડેસ્વારો હથિયારબંધ રક્ષકોમાં હતા. તેઓ થોડા દોડાવી આગળ આવ્યા. સાધુઓએ તેમની કાંઈ જ દરકાર ન કરી કે કાંઈ પૂછ્યું પણ નહિ.

'અરે, આ જમાત ક્યાં જાય છે ?' છેવટે એક ધોડેસ્વારે પૂછ્યું તેની સામું જોયા વગર આ સાધુએ ધીમેથી જવાબ દીધો :

'જહાનમમાં'

જવાબ સાંભળી કેટલાક સાધુઓનાં મુખ મલક્યાં. છેવટે અમને બેઠેલા જોઈ પેલા સ્વાર નવાઈ પામ્યા અને તેમાં મારો પહેરવેશ અને ગીરી ચામડી જોઈ તેઓના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ગીરી ચામડી હવે સત્તાની સાર્વભૌમપણાની નિશાની તરીકે લેખાવા લાગી હતી.

અમારી પાસે બેઠેલા સાધુએ બૂમ મારી :

'શું છે, ભાઈ ! અમારી ખાખીઓની જમાત છે. અલખની ધૂન લગાવીએ છીએ. અને કાલ સવારે બદરીનારાયણ તરફ પગલાં ભરવાં માંડીશું'

'પાસે કોઈ ગામ છે ?' પેલા રખેવાળે પૂછ્યું.

ચલમ પીવામાં દસેક ક્ષણ વિતાવી પેલા સાધુએ કહ્યું :

'ગામ તો દૂર છે. જતાં તમને મધરાત થશે. સંધ્યાકાળ તો પડી ગઈ છે.'

બંને રખવાળોના મોં ઉપર ઉદ્વેગ જણાયો.

આઝાદે તેમને કહ્યું : 'આ પાસે ગોરા લોકોનું લશ્કર છે, એકાદ ઘડીમાં પહોંચી જવાશે. તેની પાસે પડાવ નાખો એટલે તમારો સંઘ સહીસલામત રહે.'

આઝાદનું કહેવું માનવાને તેમને પૂરતાં કારણો હતાં. મને તેમની સાથે જોયા પછી આઝાદ ખોટું કહે છે, એમ તેમને ખ્યાલ આવે એમ હતું નહિ. અને આઝાદનું કહેવું ખરું પણ હતું. ગોરા લશ્કરની ઓથમાં જરૂર સંઘને સહાય મળે.

'તમે ક્યાં જાઓ છો ?' પેલા રખવાળે આઝાદને પૂછયું.

'આ સાહેબની સાથે શિકારે નીકળ્યો હતો. વચ્ચે આ મહાત્મા મળી ગયા. સાહેબની ઇચ્છા થઈ કે આ લોકોને ઓળખીએ અને તેમની સાથે વાત કરીએ, એટલે અહીં બેઠાં છીએ.' આઝાદે ખાતરી પડે એવી હકીકત કહી. અને તત્કાળ પેલા સાધુ સાથે વાતોમાં ગુંથાય ગયો. રખેવાળોને વિશ્વાસ પડ્યો.

લૂંટાતો સંઘ

રખેવાળો સંઘ તરફ ગયા અને સંઘના માણસોને ઝાડની ઘટા નીચે દોરી લાવ્યા. કેટલાક માણસો રથમાંથી અને ગાડાંમાંથી ઊતરવા લાગ્યાં. રખેવાળોએ જણાવ્યું કે કોઈએ એ સ્થળે ઊતરવાનું નથી, પાસે ગોરા સાહેબની છાવણી પડી છે ત્યાં પહોંચી જવું. અહીં તો જરા બળદને આરામ આપવો, અને પાણી પાવાની તજવીજ કરવી, એ ઉપરાંત જરા પણ થોભવું નહિ.

પરંતુ સંઘના રક્ષકોમાં તેમ જ સંઘના આગેવાનોમાં કેટલાક વધારે પડતા ડાહ્યા માણસો હતા. તેમણે ધોડેસ્વારોની સૂચનામાં વાંધા કાઢ્યા.

લશ્કરની છેક નજીક જવું એ બરાબર ન કહેવાય. ગમે તો અંગ્રેજોનું લશ્કર હોય, તોપણ બૈરાંછોકરાંના સાથમાં તેની છેક નજીક જવાથી ખરાબ પરિણામ આવવાનો સંભવ કોઈએ બતાવ્યો. લશ્કરીઓ સદા તોફાની જ હોય એટલે ત્યાં બૈરાં ઊતરે એમાં સારા ગૃહસ્થ ઘરની માઝા ન સચવાય એમ વળી કોઈએ કહ્યું. સહજ છેટે રહેવાથી તેમનાં તોફાન જોવા ન પડે અને જરૂર પડ્યે તેમનું રક્ષણ મેળવી શકાય એવી રીતે રહેવાની સૂચના અપાઈ. આવી અનેક મસલતો ચાલ્યા પછી એ જ સ્થળે રાતવાસો ગાળવાની બધાએ સંમતિ આપી. છોકરા આનંદમાં આવી ઊતરી જઈ કિલકારી કરવા માંડ્યાં. બૈરાંઓ પોતપોતાની પોટલીઓ છોડી નીચે ઊતરી જમવાજમાડવા તૈયારીઓ કરવા લાગ્યાં; પુરુષો આમતેમ ગપ્પાં મારતા ફરવા લાગ્યા, અને ધીમે ધીમે પેલા બાવાઓની સાથે વાતો કર-વામાં મશગૂલ બન્યા. મને લાગ્યું કે આ લોકો હાથે કરી ઠગ લોકોમાં ફસાવા માગતા હતા ! સ્વારોની સલાહ તેમણે માની હોત તો ? પરંતુ તે સલાહનો અમલ થાત કે કેમ એ શંકાભરેલું હતું એમ મને પછીના પ્રસંગ ઉપરથી લાગ્યું.

અમારી સાથે વાતે ચડેલો સાધુ સહજ અંધારું થતાં ઊઠયો અને બીજા સાધુઓ જ્યાં રસોઈ કરતા હતા ત્યાં ગયો. એક ઝોળીમાંથી તેણે કોઈ પ્રતિમા કાઢી અને એક બાજઠ ઉપર તેને ગોઠવી; પાસે દીવો સળગાવ્યો, અને કંઈક સંસ્કૃત ભાષામાં સ્તવન કરવા લાગ્યો. બધા સાધુઓ ભેગા થઈ ગયા અને મોટેથી પેલા મુખ્ય સાધુની સાથે પ્રાર્થના ગાવા લાગ્યા. હું અને આઝાદ દૂર બેઠે બેઠે આ સાધુઓની ચેષ્ટા જોયા કરતા હતા.

મને તેમાં ગમ્મત પડી. મુખ્ય સાધુ દેવની આગળ એક મોટો દીવો લઈ ફેરવવા માંડ્યો. બીજા સાધુઓએ તાળીઓ પાડી ગાવાનું જારી રાખ્યું. સંઘમાંનાં કેટલાંક ભાવિક સ્ત્રીપુરુષો પણ દર્શન કરવા દેવની પાસે આવ્યાં. મોટો ઘંટ કાઢી એક સાધુ તેના ઉપર હથોડી જેવી વસ્તુ પછાડી ઘંટ વગાડતો હતો. કેટલાક સાધુઓ શંખનાદ કરતા હતા. જોતજોતામાં ખૂબ શોર મચ્યો અને લાંબા વખત સુધી દેવની સામે દીવો ફેરવવાની ક્રિયા ચાલી. મને આઝાદે જણાવ્યું કે હિંદુ લોકોમાં દેવની ભક્તિ કરવાનો આ એક પ્રકાર હતો. સુંદર દીવો લઈ મૂર્તિની મુખાકૃતિ

આગળ ફેરવવાની કૃતિથી હિંદુઓનાં દિલ બહુ ખુશ થાય છે. હું ખ્રિસ્તી હોઈ મૂર્તિપૂજક ન હતો, છતાં મને આ ક્રિયા બહુ જ સારી લાગી.

ધીમે ધીમે આખા સંઘનાં માણસો ત્યાં ભેગાં થઈ ગયાં. સાધુઓ તેમની દરકાર કર્યો વગર ગાયા કરતા હતા. સંઘનાં માણસો પણ એ ગાંનમાં સામેલ થઈ ગયાં અને તાળીઓ પાડવા લાગ્યાં. એક સાધુએ એક છોકરાને ઘંટ વગાડવા આપ્યો એટલે તે બહુ ખુશ થઈ ગયો.

મને પણ આ ધાર્મિક વાતાવરણની અસર થઈ. સામાજિક સંકીર્તન અને સામાજિક ભક્તિ એકાંતિક કીર્તન અને એકાંતિક ભક્તિ કરતાં વધારે સારો અને ઊંચો ભાવ ઉત્પન્ન કરે છે. મને પણ ઈશ્વર યાદ આવ્યો.

એટલામાં સાધુ દીવો ફેરવતો બંધ પડ્યો, અરે તેણે એક બીજા શિષ્યને તે સોંપી દીધો. શિષ્ય દીવો લઈ બધી મંડળીમાં ફરવા લાગ્યો, અને સર્વ કોઈ દીપકની જ્યોત ઉપર હાથ ફેરવી તે હાથને પોતાની આંખોએ દાબવા લાગ્યા. દીવો લઈને બધામાં ફરતો શિષ્ય સૌ કોઈને નીચે બેસાડવા પ્રયત્ન કરતો હતો. તે પ્રયત્નમાં બીજા એકબે સાધુઓ સામેલ થયા ને તેમણે સંઘના સર્વ માણસોને નીચે બેસાડી દીધાં.

આઝાદે સહજ હસતું મુખ કર્યું. મને સમજ ન પડી કે તે શા માટે હસતો હશે, એટલે મેં પણ વગર સમજે જવાબમાં સ્મિત કર્યું. મૂર્તિપૂજામાં રહેલી બાલિશતા તરફ ખ્રિસ્તી તેમ જ મુસ્લિમ બંનેને સ્વાભાવિક રીતે હસવું આવે જ.

પાસે ઊભેલો આઝાદ ગંભીર તલપ મારવા તત્પર થતા હિંસક પ્રાણીનો ખ્યાલ મને આપતો હતો. કાંઈ પણ બોલ્યા વગર તે ઊભો હતો. તેનું આખું શરીર કોઈ કાર્ય માટે તત્પર બની ગયું હોય એમ લાગતું. તેની ક્રૂર આંખો એકીટસે કોઈ તરફ નિહાળી રહી હતી.

પેલા સાધુઓએ બધાંને બેસાડી દીધાં એટલે બીજો સાધુ હાથમાં થાળી લઈ તેમાંથી પ્રસાદ બધાંને આપવા લાગ્યો.

મેં આઝાદને એ કાર્યનો અર્થ પૂછ્યો. તેણે જણાવ્યું કે હિંદુઓ દેવની મૂર્તિને ખોરાક ધરાવે છે અને તે દેવતાને પહોંચ્યા બરોબર ગણાય છે. પરંતુ દેવ ખરેખર જમી શકતા ન હોવાથી એ બધું ભોજન ઈશ્વરના પવિત્ર પ્રસાદ તરીકે માની ભક્તોમાં વહેંચવામાં આવે છે. એ પ્રસાદની ના પાડવી એ દેવનું અપમાન કર્યા બરાબર ગણાઈ એ અપમાનનાં અનેક કપરાં પરિણામોનો ભય બતાવાય છે. પેલા રક્ષકો પણ પોતાનાં હથિયારો ઉતારી દેવ પાસે આવ્યા હતા. તેઓ પણ નીચે બેસી ગયા અને વહેંચાતા પ્રસાદ માટે આતુરતા બતાવવા લાગ્યા. છોકરાં પ્રસાદને માટે આગળ હાથ ધરી પોતાનો વિશેષ હક બતાવવા લાગ્યા. હું આ ધમાલ આનંદાશ્ચર્યથી જોઈ રહ્યો હતો.

એકાએક આઝાદે ઊંડો શ્વાસ લીધો. દેવ પાસે બેઠેલો મુખ્ય સાધુ આઝાદના સામું જોયા કરતો હતો, તે પણ સહજ ચમકી ઊઠ્યો. હું જોઉં છું તો મને જણાયું કે આઝાદ પોતાના ખીસામાંથી કાંઈ કાઢતો હતો. હરણ ઉપર તલપી રહેલા ચિત્તાને પટ્ટો છોડતાં જેવી અધીરાઈ લાગે તેવી અધીરાઈ મને ગંભીરના મુખ ઉપર દેખાઈ.

ધીમે રહીને આઝાદે ખીસામાંથી એક રૂમાલ ખેંચી કાઢી હલાવ્યો. શું થાય છે એ સમજવામાં આવે તે પહેલાં તો સઘળા સાધુઓ સઘળા પુરુષવર્ગના ગળામાં ફાંસો ઘાલી ઊભા રહેલા મેં જોયા. પ્રસાદ વહેંચવાનું કામ એમ ને એમ અટકી રહ્યું ! તેને બદલે રખેવાળો અને

સંઘમાંના પુરુષવર્ગની મુખ્ય વ્યક્તિઓનાં ગળાંની આસપાસ રેશમી રૂમાલ વીજળીની ઝડપે વીંટાયાનું દૃશ્ય મેં જોયું. ભયથી બધાં જ શાંત પડી ગયાં. છોકરાં રડી પણ શક્યાં નહિ અને સ્ત્રીઓ ફાટેલી આંખે શું થાય છે તે વગર બોલ્યે જોતી બેઠી. કોઈથી ઊભાં પણ થવાયું નહિ. સઘળાં જ્યાં અને ત્યાં ચોંટી જ રહ્યા. જેમને ગળે ફાંસા હતા તેઓ તો હાલી પણ શકે એમ ન હતું. એટલું જ નહિ, કેટલાક મજબૂત લાગતા માણસોને તો ફાંસો નાખતા બરોબર ઊંધે મુખે જમીન ઉપર પટકી નાખી તેમના પગ ઉપર સાધુઓને ઊભા રહેલા મેં જોયા. કોઈક અજબ ચાલાકીથી સંઘનાં મહત્ત્વનાં માણસો ખોળી કાઢી વીજળીના વેગથી રેશમી રૂમાલી તેમના ગળાની આસપાસ વીંટાઈ વળ્યાનું દૃશ્ય એ ઠગ લોકોની ચાલાકીનું મારે તો પ્રથમ દર્શન હતું. વાતો ઘણી સાંભળી હતી પરંતુ કૃત્ય આજે જ જોયું, અને હું છક્ક બની ગયો. રૂમાલની ગાંઠ કંઠની બરાબર વચમાં આવેલી હતી. એક હાથે આ પ્રમાણે રૂમાલ ઝાલી ઊભા રહેલા સાધુઓ એક સહજ આંચકો આપે તો ફસાયેલા માણસોની પ્રાણ નીકળી જાય એવી સ્થિતિ હતી. તેમાંયે નીચે નાખેલા માણસોની લાચારીનો પાર નહોતો. ગળું રૂંધાવવાની સાથે જ તેમના પગ પણ ભાંગી શકાય એવી સ્થિતિમાં તેમને નાખ્યા હતા. બેચાર રખેવાળો છૂટા રહી ગયા હતા તેઓ કાંઈ બોલ્યા નહિ, અને આખા પચાસ-સાઠ માણસના કાફલાનો પ્રાણ આ સાધુઓના વેશમાં છુપાયેલા ફાસિયાઓની એક ક્ષણભરની ખેંચ ઉપર લટકી રહેલો હતો.

ઠગ લોકોની ભયંકરતા મેં આજે પ્રત્યક્ષ જોઈ. વાઘ અને સિંહ કરતાં પણ વધારે ડર લોકોને ઠગનો હતો તેનું કારણ આજે હું પૂરેપૂરું સમજી શક્યો. અણધારી જગામાં કલ્પનામાં પણ ન આવે એવા સંજોગો વચ્ચે સંપૂર્ણ વિશ્વાસ ઉત્પન્ન કરીને ઠગ લોકો પોતાનો ભોગ થઈ પડતા મનુષ્યોને ફસાવતા. રસ્તાઓ ઉજ્જડ થાય એમાં કશી નવાઈ નહિ.

આઝાદે ધીમે રહી મને જણાવ્યું :

'આ લોકોને આ ક્ષણમાં અમે મારી નાખત. જૂના વખતમાં એમ જ થતું. પરંતુ સમરસિંહે હમણાં વળી કાયદો ફેરવાવ્યો છે. વગર જરૂરનું કોઈ પણ ખૂન ન થવું જોઈએ અને ખૂન કરનારે ખૂન કર્યા વગર ચાલે એમ નહોતું એવું પુરવાર કરવું પડે છે. અમે તો ઘણા વિરુદ્ધ હતા. પરંતુ સમરસિંહનું કહેવું એમ થાય કે ઠગ એ કાંઈ માત્ર ચોર નથી, માત્ર ડાકુ નથી, માત્ર ખૂની નથી; ઠગ તો ઈશ્વરનો - મહાકાળીનો સેવક છે. મહાકાળી પાપીઓનો. કંજૂસોનો, અપરાધીઓનો, મહાદુષ્ટોનો, રાક્ષસોનો ભોગ લે; ગમે તેને મારવું એ માતાનો કોપ વહોરવા બરોબર છે. માતાજીની મરજી વિરુદ્ધનાં હવે બૂતો થવા માંડ્યાં એટલે જ અમારી પડતી થવા લાગી છે. બધા લોકોએ એનું કહ્યું માન્યું. મને પણ તે વખતે એ વાત ગળે ઊતરી એટલે અમે સહુએ હવે કસમ લીધા છે કે નિરર્થક જીવહાનિ ન કરવી.'

'તમારી પડતી એટલે ?' મેં પૂછ્યું.

'આ તમે સાહેબ લોકો અમારી પાછળ થયા છો એ એક રીતે તો અમારી પડતી જ ને ? આજ સુધી અનેક રાજારજવાડાં અમને આશ્રય આપતા; હવે એ ઓછું થઈ ગયું. તમે સત્તાધારી બન્યા, અને સત્તાનો વિરોધ અમે ઠગ લોકો ભાગ્ય જ કરીએ છીએ.'

'તો હવે તમે તમારું કામ બંધ કેમ કરતા નથી ?' મેં કહ્યું.

'હવે સુમરાનો પ્રયોગ કરીએ છીએ. લોકોને વગર માર્યે અમે માતાજીને પ્રસન્ન કરીશું તો તમે જાતે. જ અમને પૂછતા આવશો !'

હું આ અંધશ્રદ્ધાળુ અને વિચિત્ર માણસ તથા ભાવનાનો વિચાર કરી રહ્યો. એટલામાં

તેણે મને સમજાવ્યું :

'કોઈને પણ શારીરિક હાનિ કર્યા વગર પોતાનું કામ કાઢી લે એ ખરા ઠગ મનાય છે. અને વગર ખૂને કામ પાર ઉતારનાર જલદીથી નાયકની પાયરીએ પહોંચે છે. સુમરાએ તો હથિયાર કદી ન વાપરવાનું અને કદી ખૂન ન કરવાનું પણ લીધું છે.'

આ સાંભળી મને જરા શાંતિ વળી. આટલા બધા નિરપરાધી મનુષ્યોને રૂમાલના એક ઝટકાથી મૃત્યુને શરણે થતા જોવા એ ખરેખર કંપારી ઉપજાવે એમ હતું; અને આઝાદે મને ઉપલી હકીકત કહી ત્યાં સુધી તો હું ફાંસામાં આવેલાં મનુષ્યોનાં હમણાં જ મુડદાં પડશે એમ ધારી કંપતો બેઠો હતો.

વધતા જતા અંધકારમાં પેલો સાધુ બોલી ઊઠ્યો :

'રામચરણ શેઠ ! તમારા રથમાં પેટી છુપાવી છે તે અમારે સ્વાધીન કરો; નહિ તો આ પેટીમાંનો પૈસો જેવા તમે જીવતા રહેવાના નથી. વાયર-વાની વાત પછી છે !'

'હા, હા, ભાઈ ! હું પેટી લાવી આપું છું.' એક સ્ત્રી વચ્ચેથી બોલી ઊઠી. 'તમે એમને છોડી દો.'

'પેટી અમારે સ્વાધીન કરો પછી છોડવાની વાત.' સાધુએ જણાવ્યું. ગળે ફાંસો હતો, પ્રત્યેક ક્ષણે મૃત્યુ ઘૂરકતું હતું; છતાં રામચરણ શેઠ બબડી ઊઠ્યો :

'મારો જીવ લ્યો ! પણ પેટી તો હું નહિ જ આપવા દઉં. આટલી આટલી મહેનત કરી મેળવેલી મિલકત ! પરમેશ્વર તમારું ભલું નથી કરવાનો !'

મરણને કાંઠે ઊભેલા આ ધન લોભી મનુષ્યનો ધન તરફનો પક્ષપાત જોઈ સઘળા ઠગ લોકો ખડખડાટ હસી પડ્યા.

'શેઠ ! અહીં તો જીવ જશે અને પેટીયે જશે. જો ચાળા કરશો તો' સાધુએ જવાબ આપ્યો.

'જરા પ્રભુનો તો ડર રાખો ?' રામચરણે લાચાર થઈ છેવટની દલીલ કરી. જેનું કાંઈ ન ચાલે તે ઈશ્વરનો ડર બતાવવા પ્રયત્ન કરે છે. પરંતુ તેઓ જાણતા નથી કે દુનિયામાં સૌ કરતાં ઓછામાં ઓછી ડરવા જેવી વસ્તુ હોય તો તે ઈશ્વર જ હશે. ઈશ્વરના ડરથી કોણે ખોટું કામ કરવું મૂકી દીધું !

'અમને સાધુઓને ઈશ્વરનો ડર હોય જ નહિ. શરીરે ભસ્મ ચોળી એટલે બધું માફ !' શેઠને જવાબ મળ્યો.

'આટલા આટલા રખેવાળો રાખ્યા, પણ તે બધાએ મફતના જ પૈસા ખાધા !' રામચરણ વધારે બબડી ઊઠ્યા. પરંતુ ગળે ફાંસાનું જોર વધારે લાગતાં તેમણે પોતાની પત્નીને પેટી કાઢી લાવવા આજ્ઞા આપી.

અચાનક એક માણસ ફાંસામાંથી છૂટો થઈ ગયો અને શેઠને ગળે બંધાયેલો રૂમાલ છોડાવી ઊભેલા સાધુ ઉપર તે તૂટી પડ્યો. મને લાગ્યું કે આ માણસ રખેવાળમાંનો હશે, અને શેઠે રખેવાળોને દીધેલું મહેણું તેનાથી સહન થઈ શક્યું નહિ હોય તેથી બનતી યુક્તિએ પોતાના ગળાનો ફાંસો દૂર કરી તે પોતાના માલિકનું રક્ષણ કરવા તત્પર થયો હશે. મારી માન્યતા ખરી પડી. જોકે રક્ષક શેઠના મહેણાની રાહ જોતો ન હતો; તે તો ક્યારનો પોતાનું કર્તવ્ય બજાવવા

યુક્તિપ્રયુક્તિ અજમાવતો હતો. તેમાં તે ફાવ્યો એટલે છૂટો થઈ તે શેઠને છોડાવા અને તેનું રક્ષાણ કરવા એકલો પ્રવૃત્ત થયો. મને તેની હિંમત અને બહાદુરી ઘણાં ગમ્યાં.

પરંતુ પેલો સાધુ એમ તરત નમતું આપે એવો ન હતો. આઝાદ અત્યાર સુધી શાંત બેઠો હતો. સાધુઓ સાથે જાણે તેને કશો જ સંબંધ ન હોય તેમ મારી પાસેથી ખસ્યો ન હતો. પરંતુ પેલા રખેવાળનો પ્રયત્ન જોઈ તે પણ ઊભો થવા લાગ્યો. એકાએક ગંભીરે પેલા રખેવાળને પકડ્યો. સાધુને છોડી તે રખેવાળ ગંભીર સાથે બાઝ્યો, પરંતુ ગંભીરનું બળ અતુલ હતું. એ છૂટો જ હતો. કોઈને ગળે તેણે ફાંસો નાખ્યો ન હતો, માત્ર જરૂર પડયે પોતાનો ઉપયોગ કરવાની તત્પરતા બતાવતો તે ઊભો હતો. એ જરૂર પડી અને અત્યંત આનંદથી તે કાર્યમાં પ્રવૃત્ત થઈ ગંભીરે જોતજોતામાં પેલા રખેવાળને માત કરી દીધો.

આ મારામારી થવાને લીધે શેઠ રામચરણ અને તેની સ્ત્રીમાં કાંઈક આશા ઉત્પન્ન થઈ. એક રખેવાળ છૂટી આટલું તોફાન કરી શક્યો તો બિજાઓ કાંઈ પણ પ્રયત્ન કરશે એમ તેમને લાગ્યું. વળી કેટલાક રખેવાળો તો છૂટા જ હતા. તેઓ જરૂર દોડીને હથિયાર લાવી આ ઠગ લોકોને સજા કરશે એમ તેમની માન્યતા ક્ષણવાર માટે થઈ. પરંતુ તેમની એ આશા વ્યર્થ ગઈ. કોઈ પણ રખેવાળ ફરીથી તેમના રક્ષણ માટે આવ્યો નહિ. અને પેલા-આધુએ ફરીથી તગાદો કર્યો :

'કેમ. શેઠ ! પેટી મંગાવો છો કે નહિ ? હું ત્રણ બોલું તે પહેલાં જો તમે નહિ મંગાવો તો તમને અહીં જ બાળવા પડશે'

ત્રણ બોલવાની અંગ્રેજોની રમતમાંથી આ ઠગ લોકો આવી આજ્ઞા કરતા શીખ્યા હશે અને કદાચ મને મારી સ્થિતિનું ભાન કરાવવા આછા કટાક્ષ રૂપે તેણે ત્રણ બોલવાની ધમકી આપી હશે એમ મને લાગ્યું. સાધુ આગળ વધ્યો.

'ચાલો ! હવે હું ત્રણ ગણું છું. એક...! ! બે... અને...!'

'જા, જા ભાઈ ! લઈ આવ્ય પેટી, અને ઠોક એ લકોના કરમમાં ! કોણ જાણે ક્યાંથી આ પાપ આવી લાગ્યું.'

જીવ જવાથી ધન બચત એમ ખાતરી થઈ હોત તો જીવની દરકાર કરત જ નહિ, પણ અહીં તો ગમે તે રીતે ધન જવાનું જ હતું. એટલે નાઇલાજે ત્રણ બોલવા પહેલાં તેમણે હુકમ કરી દીધો અને જીવ બચાવ્યો. પેલી સ્ત્રી રથ તરફ જવા લાગી, તેની સાથે બે-ત્રણ માણસો જવા તૈયાર થયા. ગંભીરે તત્કાળ તેમને રોક્યા.

'હથિયાર લાવવાં છે. ખરું ?' તે માણસોને ત્યાંનાં ત્યાં જ તેણે બેસાડી દીધા.

'અરે એ બાઈથી પેટી નહિ ઊંચકાય !' શેઠ બોલ્યા. તેમને અંદર-ખાનેથી વૃત્તિ થયા કરતી કે કોઈ પણ રીતે રખેવાળો ઠગલોક સાથે લડીને ધન બચાવે !

'જિંદગીમાં એક દહાડો તો મહેનત કરવા દો !' ગંભીરે જવાબ આપ્યો. 'જાઓ જાઓ, બાઈ ! એ પેટી લઈ આવો. અંદર કેટલો ભાર છે તે અમે જાણીએ છીએ.'

મને આશ્ચર્ય લાગ્યું. આવી પેટીમાં શેઠની મિલકત ભરી છે અને તે પેટી એક સ્ત્રીથી ઊંચકી શકાય એવી છે એવી આ લોકોએ શી રીતે બાતમી મેળવી હશે ? ખરેખર ઠગ લોકોનું જાસૂસી કામ પણ બહુ જ વ્યવસ્થિત હોવું જોઈએ. ન છૂટકે પેલી બાઈ બિચારી રથ આગળ

ગઈ અને તેમાંથી એક નાની લાકડાની પેટી કાઢી લાવી. પેટી જોઈને કોઈ કહી શકે નહિ કે રામ-ચરણ શેઠની ભારે મિલકત આ પેટીમાં ભરાઈ હશે. લૂંટનાર ભાગ્યે જ આ મેલી, જૂની અને બેડોળ પેટી તરફ નજર પણ કરે, પરંતુ ઠગ લોકો તો આ જ પેટીને ઓળખતા હતા.

૧૯

છાવણીની પડોશમાં

મુખ્ય સાધુએ પેટી હાથમાં લીધી. તેણે મશ્કરીમાં શેઠાણીને આશીર્વાદ આપ્યો :

'એકના અનેક થજો, બાઈ ! સાધુને દાન આપવાથી ઈશ્વર પ્રસન્ન રહે છે. શેઠને જરા શિખવાડજો કે હાથની મૂઠી સહજ હલકી કરે.' બાઈ બિચારી કાંઈ બોલી નહિ.

રામચરણ શેઠ પાસે જઈ તે સાધુ બોલ્યો :

'શેઠ ! આ વખત તો જીવતા રહ્યા છો, પણ હવે સંભાળજો વ્યાજમાં ગરીબો અને વિધવાઓને માફી આપજો ! અને રાજારજવાડાનાં ઝવેરાત પચાવી જવાની દાનત મૂકી દેજો નહિ તો ફરીથી બચશો નહિ.'

શેઠને ગળેથી ફાંસો ખસ્યો અને તે સાથે સહુના ગળામાંથી ફાંસો કાઢી નાખવામાં આવ્યો. જીવ બચ્ચે જોઈ સહુના હૃદય પ્રફુલ્લિત થયાં, પરંતુ રામચરણનું મુખ પ્રફુલ્લિત ન બન્યું; જીવતા રહ્યાનો આનંદ તેમને થયો હોય એમ લાગ્યું નહિ. અડધું સંભળાય અને અડધું ન સંભળાય એવી ઢબે તેમણે લૂંટનારને શાપ આપ્યો, જે સાંભળી ફરી પાછા સાધુઓ હસી પડ્યા. નિર્માલ્ય શાપના જેવી હસવા લાયક કોઈ પણ ચીજ નથી.

સાધુઓએ જવા માંડ્યું. તેમની નાની નાની ધૂણીઓ જ્યાં ત્યાં ધુમાતી પડી રહી. મને લાગ્યું કે કદાચ આમ છૂટવાથી પેલા રખેવાળો અને સંઘના પુરુષો ઠગ લોકો ઉપર તૂટી પડશે. મેં આઝાદને મારી શંકા જણાવી. પરંતુ આવા કાર્યમાં આખું જીવન ગાળનાર આ ઠગ પોતાનો ભોગ થઈ પડેલા ભયગ્રસ્ત સમૂહને મન મારી કરતાં વધારે સારી રીતે પારખી શકે એમ હતું.

'મગદૂર નથી કે હવે કોઈ સામનો કરે !' આઝાદે જણાવ્યું. રખેવાળોની હિંમત ચાલશે જ નહિ. અને સંઘના માણસો તો વેપારી વર્ગનાં છે. એ શું સામા થઈ શકે ? અને રખેવાળોને ફાંસામાં નાખ્યા ત્યારે ઘણાંયે માણસો અમે છૂટાં રાખ્યાં હતાં. કોઈએ કશું જ ન કર્યું, એક પેલા પાણીવાળા સવાર સિવાય. એટલે હવે કોઈથી બોલાય એવું છે જ નહિ.'

હું વિસ્મય પામ્યો ! આટલા બધા મર્દો જીવતા છે છતાં નજીવી સંખ્યામાં આવેલા ઠગની સામે કોઈ આંગળી ઊંચી કરી શક્યું નહિ અને નિશ્ચિંતપણે ઠગ લોકો લૂંટ કરીને પસાર થયા. હિંદુસ્તાનના સામાન્ય પુરુષવર્ગમાં આવા નામર્દો હશે એની મને ખબર નહોતી. અંગ્રેજો પણ વેપારી જ હતા; પરંતુ કલમ બાજુએ મૂકી તલવારને વાપરતાં તેમણે કદી સંકોચ ધર્યો નથી. હિંદમાં વેપારી વર્ગને તલવારનું સ્વપ્ન પણ આવતું નહિ હોય ! અને સર્વદા શારીરિક બળવાળાથી લૂંટાવામાં તેમને શરમ પણ નહિ આવતી હોય એ જાણી મને સહેજ હસવું આવ્યું. મને હજી પણ ખાતરી નહોતી થતી કે સાધુઓ વગર હરકતે આમ પસાર થઈ શકે.

'ધારો કે આ લોકો તમારા ઉપર તૂટી પડ્યા, તો ?' મેં આઝાદને કહ્યું.

'તેવો પ્રસંગ હજી આવ્યો નથી.' આઝાદે જણાવ્યું. 'અને કદાચ તેમ થાય તો દરેક સાધુની ઝોળીમાં કટાર છે જ ! એ કટારની ઝડપમાંથી કોઈ બચે એમ નથી. વળી હું તથા ગંભીર આ બધા માટે પૂરતા છીએ.'

સાધુઓ પસાર થઈ ગયા. સાથે ગંભીર પણ ગયો હતો એમ લાગ્યું. આઝાદને હજી સંઘવાળા લોકો તો માત્ર મારા સાથી તરીકે જ ગણતા હતા, અને અમારી નજર આગળ ઠગ લોકોએ પોતાનું પરાક્રમ દેખાડયું એમ જાણી ઠગ લોકોની ભયંકર શક્તિને અણગમતે તારીફ કરતા હતા.

આઝાદે મને કહ્યું :

'ચાલો, પેલા શેઠની પાસે જઈએ. હું અને આઝાદ રામચરણની પાસે ગયા. સઘળા લોકો શેઠનું સમાધાન કરવામાં રોકાયા હતા. તેમનો ગુસ્સો ખાસ કરીને રખેવાળો ઉપર ઊતર્યો હતો :

'આટલા પૈસા ખરચી રખેવાળો રાખ્યા અને તે કાંઈ જ કામ લાગ્યા નહિ. મારા ખરચેલા પૈસા પાણીમાં ગયા અને મારું ધન લૂંટાઈ ગયું !' આમ તેઓ બોલતા હતા.

મને જોઈને તેઓ વધારે ઊકળી ઊઠ્યા :

'આ સાહેબ અહીં છતાં ઠગ લોકો મને લૂંટી ગયા ! નકામા લશ્કરો લઈને ફરો છો અને રૈયતને ગરદન મારો છો. આટલા ઠગ લોકો તો સચવાતા નથી ! રાજ્ય શાનું કરો છો ? તમારે લીધે તો અહીં મુકામ કર્યો. નહિ તો આગળ જાત !'

ધનલોભી મનુષ્યનું ધન જાય એટલે તેને આખી દુનિયા સાથે કજિયો કરવાની ઇચ્છા થાય છે. મને તેનું કહેવું છેક ખોટું ન લાગ્યું. મને જોઈને જ આ લોકોએ અહીં મુકામ કર્યો હતો; છતાં તેમના વિશ્વાસને લાયક હું નીવડ્યો ન હતો. મારા મનને ખોટું લાગ્યું, પરંતુ બીજો ઇલાજ ન હતો. આઝાદે કહ્યું :

'શેઠસાહેબ ! તમારું ધન અમે બચાવી શક્યા નહિ એ માટે દિલગીર છીએ અમારું લશ્કર સહજ દૂર છે. હજી જો બચવાની ઇચ્છા હોય તો ત્યાં જઈને રાતવાસો કરો. ઠગ લોકોનો શો વિશ્વાસ ?'

'હું તો હવે લૂંટાઈ ગયો. મારું ખરું ધન ચાલ્યું ગયું. હવે જ્યાં પડી રહીશ ત્યાં ચાલશે.' શેઠે જવાબ દીયો.

પરંતુ સંઘના બીજા માણસોની પાસે થોડુંઘણું લૂંટવા જેવું ધન હતું જ એટલે તેમને ડર રહ્યા કરતો હતો કે રખે ઠગ લોકો પાછા આવે. ધનની લૂંટ અને જીવનું જોખમ એ બેમાંથી એકે સહન થાય એમ ન હતું. એટલે આઝાદની સલાહ પ્રમાણે લશ્કરની બાજુએ જઈ રાતવાસો કરવાનો સહુએ નિશ્ચય કર્યો.

મેં પૂછયું:

'આઝાદ ! તમે કહો છે તે મુજબ ખરેખર અમારું લશ્કર અહીં જ છે, ખરું ?'

'આપની સાથે હું જૂઠું નહિ બીલું. હું આપની દોસ્તી ચાહું છું. જુઓ, સામે અંધારામાં

પેલી ઘટા નીચે થોડું અજવાળું જણાય છે. આપ ત્યાં પધારો, એ આપની જ છાવણી છે. હું પાછો મળીશ. મટીલ્ડાની વાત ભૂલશો નહિ. સમરસિંહને હું નહિ ભૂલું.'

૨૦

પાછા છાવણીમાં

આઝાદે આટલું કહી પોતાનો ઘોડો પાછો ફેરવ્યો, અને ઝડપથી તે અંધારામાં અદૃશ્ય થઈ ગયો.

હું પણ ધીમે ધીમે અજવાળા તરફ ચાલ્યો. મારા મનને એક પ્રકારનો આનંદ થયો. મારા પોતાના જ માણસો મને મળશે એ વિચારે મારું હૃદય સહજ પ્રફુલ્લ બન્યું. થોડા દિવસમાં બનેલા આ બધા વિચિત્ર બનાવોથી મારું મન અતિશય વ્યગ્ર અને તીવ્ર બની ગયું હતું.

એટલામાં એક ચોકીદારે બૂમ મારી મને રોક્યો. તેનો અવાજ મેં પારખ્યો, અને તેને સામે જવાબ આપી મારી પાસે બોલાવ્યો. મને જોઈને તે અતિશય આશ્ચર્ય પામ્યો, અને મારી ખબર પૂછવા લાગ્યો. તેણે જણાવ્યું કે ચારે પાસ મારે માટે શોધખોળ ચાલી રહી હતી. કંઈક ગામડાના લોકોને માર પડતો હતો, કંઈક રાજાઓ અને સરદારો ઉપર દબાણ થતું હતું, અને મોટા સાહેબ પણ આવી પહોંચવાના હતા.

મેં તેને જણાવ્યું : ‘હું હવે સહીસલામત છું. જા, જઈને બધાને ખબર કર કે હું આવ્યો છું. તે દિવસે ખજાનો લૂંટાયો અને તંબુમાં આગ લાગી તેમાં કોઈને હાનિ તો નથી થઈ ને ?’

‘નહિ નહિ, સાહેબ ! અમે બધાય જીવતા છીએ. કોઈને કાંઈ થયું નથી. પણ આપને માટે ખાસ ઊંચો જીવ રહેતો હતો.’ આમ કહી, તે છાવણીમાં બધે ખબર આપવા દોડ્યો.

અચાનક એક કાળો કદાવર માણસ મારા થોડા પાસે ઊભેલી મેં જોયો, હું સહજ ચમક્યો. અંધકારમાં મારાથી મુખ બરાબર ઓળખી શકાયું નહિ.

‘સાહેબ !’ મેં ગંભીરનો અવાજ પારખ્યો.

‘હજી તું અહીં છે, ગંભીર ?’ મેં પૂછ્યું.

‘હા જી. એ તો ઠીક થયું કે આયેશાને અગમબુદ્ધિ સૂઝી અને મને મોકલ્યો. નહિ તો આપની સલામતી માટે ખરેખર શંકા જ જતી.’

‘એમ ?’

‘આઝાદ કાંઈ આપને આમ સહજ જવા દે એવો નાયક નથી. કાં તો આપને બંધનમાં નાખી પોતાની શરત કબૂલ કરાવવી, અગર તો વેપારી-ઓને લૂંટી આપની મૈત્રીનો દેખાવ કરી છૂટા પડવું, એ બેમાંથી ગમે તે માર્ગે તે જઈ શકે એમ હતું. આખી યોજના અને યુક્તિ તેણે એ જ ધોરણે રચી હતી. આયેશાએ બંધનમાંથી તો આપને છોડાવ્યા; પરંતુ આ છેવટની બાજીમાં તેને ડર લાગ્યો એટલે મને બોલાવ્યો, અને આપના રક્ષણ માટે મોકલ્યો.’ ગંભીરે જણાવ્યું.

આયેશા માટે મને ઘણી જ લાગણી થઈ હતી. આ કથન પછી મારું માન તેને માટે એકદમ વધી ગયું.

'મારે માટે આટલી બધી કાળજી !' મેં આશ્ચર્ય બતાવ્યું.

'સમરસિંહે આપની ભાળવણી આયેશાને કરી હતી. હું તેમની સાથે સદાય રહેતો, છતાં આ વખતે તેઓ મને સાથે લઈ ગયા નહિ એનું કારણ આપ સમજી જાઓ. આપને સાચવા મને ઘેર જ રાખ્યો હતો - સાથે લઈ ગયાનો દેખાવ કરીને !'

છાવણીમાં ઘોંઘાટ થઈ રહ્યો. પેલા ચોકીદારે બધાને ખબર પહોંચાડી હશે અને તેથી જ આમ બનતું હશે એમ મારી ખબર થઈ. કેટલાક લોકો મારી તરફ આવતા હતા એમ મને જણાયું.

'ત્યારે હું જાઉં છું. સાહેબ ! હવે આપ આપની છાવણીમાં જ છો.' તેને હું જવાબ આપું તે પહેલાં તો ગંભીર અદ્રશ્ય થયો. આટલી ઝડપથી તે કેવી રીતે દેખાતો બંધ થયો એ બધું મને આશ્ચર્ય ઉપજાવતું હતું. ભૂત અગર જાદુગરોની જ આવી શક્તિ હોય એમ લોકવાયકા છે. પરંતુ આ ગંભીર જેવો બળવાન કદાવર મનુષ્ય જોતજોતામાં ક્યાં સમાઈ ગયો હશે તે સમજવું મને મુશ્કેલ થઈ પડ્યું. છાવણીમાંથી લશ્કરીઓનું ટોળું મારા તરફ આવી પહોંચ્યું, અને સહુ કોઈએ ખુશાલીના પોકારો કર્યાં. સર્વ સૈનિકોને મારા પ્રત્યે સદ્ભાવ હતો; અને જોકે આજ્ઞાપાલન અને શાસનની બાબતમાં હું ઘણો કડક હતો. છતાં તેઓ મારા કડક સ્વભાવનો અનુભવ કરવા જેવા પ્રસંગો ભાગ્યે જ ઉપસ્થિત કરતા.

હું છાવણીમાં આગળ વધ્યો. મારા હાથ નીચેનો અમલદાર મારી સાથે એક તંબુમાં આવ્યો અને મારી ગેરહાજરીમાં બનેલી હકીકત ટૂંકા-ણમાં તેણે મને જણાવી. પ્રથમની છાવણીમાં આગ લાગ્યા પછી મારો પત્તો ન મળવાના કારણે સહુ કોઈ વ્યગ્ર થઈ ગયા. આગ કોણે લગાડી તે કોઈ પકડી શક્યું નહિ. પરંતુ તે ઠગ લોકોનું જ કામ હતું એમ મારા લશ્કરીઓને પણ સ્પષ્ટપણે લાગેલું હતું. નવાઈ જેવું તો એમ હતું કે આટલી ભારે ઉથલપાથલમાં કોઈ પણ સૈનિક જખમી થયો નહોતો, અને બીજા કોઈ પક્ષનું માણસ મરેલું કે ઘવાયેલુ પડ્યું નહોતું.

માત્ર હું ખોવાયો હતો અને સરસામાન બળી ગયો હતો, એ બે ભારેમાં ભારે બનાવ બન્યા હતા. હું જીવતો છું કે કેમ ? જીવતો હોઉં તો ક્યાં ગુમ થયો હોઈશ ? ઠગ લોકો મને કેટલો ત્રાસ આપતા હશે? વગેરે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા, તર્કવિતર્ક ચાલ્યા, શોધખોળ કરવામાં આવી. ઉપર સરકારમાં નિવેદન ગયાં.

અંતે મારી છાવણીનું સ્થળ ફેરવી હાલની જગ્યાએ લાવવાનો હુકમ થયો. મારા હાથ નીચેના અમલદારને તાકીદ આપવામાં આવી. વળી એક ગોરા અફસરની હાજરીમાં જ સંઘ લૂંટાયો એ પણ હકીકત જાહેર થઈ ! અલબત્ત, મારા દેખતાં જ સંઘ લૂંટાયો હતો! એ ગીરો કોઈ ઠગ લોકોનો મળતિયો હશે એમ પણ કોઈએ શંકા કરી. ફરિયાદ કરવા આવેલા રામચરણ શેઠને તો હું ન જ મળ્યો, કારણ એ તો મને ઓળખી કાઢે એમ હતું !

'કલકત્તેથી મને કેટલાક દિવસ પછી હુકમ મળ્યો કે મારે ગવર્નર જનરલ સાહેબને રૂબરૂ મળી, બધી હકીકત સમજાવી છેવટનો હુકમ લેવો. ઠગ લોકોએ અમારી છાવણી બાળી; અને લશ્કરના ઉપરીને લઈ ગયા, વળી ફરીથી છાવણીની નજીકમાં સંઘ લૂંટાયો, આ બધી હકીકત ઠગ લોકોના અત્યાચારને ગંભીર સ્વરૂપ આપી રહી હતી. વળી છૂટાંછવાયાં છમકલાં અણધાર્યાં

સ્થાનોએ થવા માંડ્યાં અને ખરુખોટું પણ ઠગ લોકોનું નામ એમાં આગળ આવવા માંડયું. વળી નેપાળ, કાબુલ, ચીન અને રશિયામાં પણ ઠગ લોકો પોતાના સાગરીતો મારફત અંગ્રેજ સરકાર વિરુદ્ધ ચળવળો કરે છે એવી ખબરો પણ આવવા લાગી. રશિયાનો સહુ કરતાં વધારે ભય હતો.

અને સમરસિંહના ઓરડામાંથી મળી આવેલા કાગળો ઉપરથી મને ઠગ લોકોની ભયંકર શક્તિનો પૂરો ખ્યાલ થઈ ગયેલો હતો. આ બધાં કારણોએ ગવર્નર જનરલ પણ ચિંતામાં પડ્યા, અને મને તેમ જ કેટલાક આગેવાન સેનાનાયકો તથા કેટલાક બાહોશ અમલદારોને બોલાવી મસલત કરવા તેમણે ઠરાવ્યું. વળી મારી ગેરહાજરીનો ઉકેલ લાવી મારો પત્તો મેળવવા ચારે પાસ દબાણ શરૂ થઈ ગયું. વધારાનું લશ્કર પણ મોકલવામાં આવ્યું હતું અને છૂટી છૂટી ટુકડીઓ મને ખોળવા માટે ચારેપાસ ફરતી કરવામાં આવી હતી. પરંતુ હું ક્યાં હતો તે હું જ જાણતો હતો !

મારા ગુમ થવાની બીના સત્તાની વધારે હાંસી થવાનો પ્રસંગ હતો, અને તેથી ઘણી જ ખંતથી મારી તપાસ ચાલ્યાનું મને જણાઈ આવ્યું.

અને છેવટ લશ્કરના મુખ્ય સેનાપતિ - મારા પણ ઉપરી આ સ્થળે પહોંચવાના હતા એમ પણ ખબર પડી !

મારા આવવાથી સ્વાભાવિક રીતે સહુ કોઈ ખુશ થયા અને મારા થોડા દિવસનો ઇતિહાસ પૂછવા લાગ્યા. મેં જરૂર પૂરતી વાત કરી. ઘણી વાત કહી નહિ; પરંતુ માત્ર ઠગ લોકોની વચ્ચે કોઈ પણ યુક્તિ કરીને હું રહ્યો હતો. અને તેમની ઘણી બાતમી હું ભેગી કરી લાવ્યો હતો એટલો જ ખ્યાલ સાંભળનારાઓને મેં થવા દીધો. મિસ પ્લેફૅરનો પણ પત્તો લાગશે એવી મેં આશા આપી. પરિસ્થિતિ સંબંધી સરકારમાં નિવેદન પણ કર્યું, અને કેટલીક ગુપ્ત હકીકત જાહેર કરી. ઠગ લોકોની નબળી બાજુ પણ બતાવી; અને ઠગ લોકો કેવી રીતે સહેલામાં સહેલી રીતે વશ થાય એ બાબતની સૂચનાઓ પણ બતાવી.

થોડા દિવસ હું આ સ્થળે જ રહ્યો. પેલો સંઘ લૂંટાયો હતો તેની વાત પણ બધે ફેલાઈ; મારો પત્તો લાગ્યાની ખબર સેનાપતિ સાહેબને આપી, એટલે તેમણે જાતે આવવાને બદલે મને જ બોલાવ્યો. ત્યાં ગયા વગર ચાલે એમ હતું નહિ, એટલે મારા મદદનીશને મારા કામનો હવાલો સોંપી હું થોડા માણસો સાથે સેનાપતિ સાહેબ પાસે જવા નીકળ્યો.

ઠગ લોકોનો ભય તો રસ્તામાં હતો જ, પરંતુ અમને રસ્તામાં ખાસ અડચણ પડી નહિ અને હું તેમના મુકામે પહોંચી ગયો.

૨૧

જાદુના ખેલ

મુકામે પહોંચીને હું પહેલો સેનાપતિ સાહેબને મળ્યો. તેમણે મને કેટલી હકીકત પૂછી અને મને જણાવ્યું કે સ્થિતિ ભયંકર થતી જતી હોવાથી ગવર્નર જનરલ સાહેબ સ્થળ ઉપર આવવા નીકળી ચૂક્યા હતા. મને સહજ શરમ આવી. વડા હાકેમને આમ સ્થળ ઉપર આવવું પડે એ મારે માટે ભારે નામોશીની વાત હતી. મેં મારી નાલાયકી દેખાયાના કારણે રાજીનામું આપવા વિનંતી કરી. સેનાપતિ સાહેબ આ સાંભળી હસ્યા, અને એવી ઉતાવળ ન કરતાં ગંભીર પરિસ્થિતિમાં ઉપરીઓથી સહાય અને સલાહ લેવામાં કોઈ પણ શરમ ન લાગવી જોઈએ એમ તેમણે મને જણાવ્યું. વળી મારામાં સરકારનો પૂર્ણ વિશ્વાસ હતો એ તેમણે વારંવાર જાહેર કર્યું, અને નામદાર ગવર્નર જનરલ સાહેબને સામા મળવા નીકળવું એવી તેમણે સલાહ આપી. તેઓ સાહેબ રસ્તામાં એક એજન્સી બંગલામાં મુકામ કરવાના હતા ત્યાં પહોંચી જવા માટે અમે તૈયાર થયા. રસ્તામાં સેનાપતિ સાહેબને મેં ઘણી વાતો કરી અને તે તેમણે ધ્યાનપૂર્વક સાંભળી. મારી યોજનાઓ તેમણે વિચારી અને તે ગવર્નર જનરલ સાહેબ પાસે રજૂ કરવા તેમણે મને વિનંતી કરી. થોડા દિવસમાં અમે એજન્સી બંગલે આવી પહોંચ્યા. ગવર્નર જનરલ સાહેબ ત્યાં આ દિવસ પહેલાં આવી પહોંચ્યા હતા. અને અમારો સંદેશો મળવાથી અમને મળવા ત્યાં જ રોકાઈ રહ્યા હતા. જતા બરોબર અમે તેમને મળ્યા, કેટલીક વાતચીત થઈ અને અમને સાંજે ખાણી ઉપર આમંત્રણ આપ્યું.

હું સાંજે ગવર્નર જનરલ સાહેબના બંગલા ઉપર પાછો ગયો. ત્યાં ઘણી મંડળી ભેગી થઈ હતી. મને ખબર પડી કે મહેમાનોને માટે કેટલીક રમતગમત નામદારની ઇચ્છાનુસાર સ્થાનિક અમલદારોએ ગોઠવી હતી, અને હિંદુસ્તાનના જાણીતા જાદુગરોના કાંઈ ખેલ પણ રાખ્યા હતા. કામકાજની ગિરદીમાં પણ અમે ગોરાઓ રમતગમત તથા આનંદ ભૂલતા નથી. પરંતુ જાદુગરની વાત સાંભળી હું જરા સંકોચ પામ્યો.

હિંદુસ્તાનના જાદુગરો ઘણા જાણીતા હતા. તેમની કૃતિઓ ખરેખર ચમત્કારિક હતી. તેમની હાથચાલાકી એવી અજબ હતી કે જોનાર ગમે એટલો પ્રયત્ન કરે છતાં તેનાથી કાંઈ જ પરખી શકાય એમ નહોતું. મેં ઘણા જાદુગરો જોયા હતા, તેમના પ્રત્યક્ષ ખેલો મેં નિહાળ્યા હતા, અને તેમની સાથે ઘણી ઘણી વાતો પણ કરી હતી. તેમની પાસેથી લોકસ્થિતિ જણાવાનું પણ સાધન મળતું. એ લોકો આનંદી, વિચિત્ર અને વિવેકી લાગતા. છતાં તેમની કુનેહ, તેમની યુક્તિ અને તેમની આવડતને લીધે મને એવી શંકા હતી કે આ લોકો માત્ર જાદુગર ઉપરાંત બીજું કાંઈ પણ કાર્ય કરતા હોવા જોઈએ. એ શંકા વધારે દૃઢ થતી ગઈ અને આ લોકો ઠગની સાથે પણ મળતા રહેતા હશે એમ પણ મને લાગ્યા કરતું. બંગલાના ચૉગાનમાં એક મોટો તંબૂ બાંધ્યો હતો, ત્યાં જાદુગરના ખેલ થવાના હતા. સંધ્યાકાળનો વખત હતો. ગમે તે કારણે પણ જાદુગરના ખેલ મને ગમશે જ નહિ એમ લાગ્યા કરતું હતું. પરંતુ બીજા મહેમાનો ઘણા જ

ઉત્સાહથી જાદુગરની રાહ જોતા હતા. એ મહેમાનોમાં સ્ત્રીઓ પણ સામેલ હતી. ઘણી ઓળખીતા માણસો મને મળ્યા, અને મારી ખબર પૂછવા લાગ્યા. મારી ખબર ઉપરથી સ્વાભાવિક રીતે ઠગ લોકોના ઉપર જ વાત ચાલી. મેં અનેક રસદાયક પ્રસંગો સંભળાવ્યા અને જોતજોતામાં મારી આજુભાજુએ ઠગ લોકોની હકીકત સાંભળવા મહેમાનોનું ટોળું ભેગું થઈ ગયું. કેટલાક નવા આવનાર મહેમાનો જાદુગરનું કાર્ય અહીં જ થતું હશે એમ માની નજર કરતા, અને મને ઠગ લોકોની વાત કરતો જોઈ હસી પડી તે વાત સાંભળવા બેસતા.

એકાએક ખબર પડી કે ખેલ કરનાર જાદુગર આવ્યો છે. બધા તેની ઘણી જ તારીફ કરતા અને તે ખરેખર કોઈ ચમત્કારિક પુરુષ છે એમ માનતા હતા. ગોરાઓને પણ મનમાં સંશય રહેતો કે કદાચ આ જાદુગરમાં દૈવી કે પિશાચી શક્તિ રહેલી હશે અમે બધા તંબુમાં જઈ બેઠા અને જાદુગરના આવવાની રાહ જોવા લાગ્યા.

તંબુમાં બેઠક ગોળાકાર ગોઠવી હતી. તેના ઉપર બધા મહેમાનોને બેસવાની. સગવડ હતી. એ ગોળાકારની પાછળ વચ્ચોવચ્ચ બે મોટી ખુરશીઓ મૂકી હતી, જેના ઉપર ગવર્નર જનરલ સાહેબ તથા તેમનાં બાનુ બેસવાનાં હતાં. સામે જાદુગરે એક લાંબો પડદો નાખ્યો હતો અને તેની અંદર બધી ગોઠવણ તેણે ઝડપથી કરી લીધી હતી.

બધા મહેમાનોમાંથી આ ઓળખીતી સ્ત્રી સાથે જઈને મેં મારી જગી લીધી. ગવર્નર સાહેબ તથા તેમનાં બાનુ પણ આવીને બેસી ગયાં. તેમનાથી સહજ દૂર તેમનો આ ગોરો અને હિંદી અંગરક્ષક ઊભા રહ્યા અને જાદુગરે કાળો પડદો ખસેડી નાખ્યો. અમે સહુએ તાળીઓ પાડી તેને આવકાર આપ્યો. જાદુગર બહુ વિવેકથી નમ્યો.

તેણે અને તેના સાગરીતોએ ધીમે ધીમે જોનારને હેરત પમાડે એવા હાથચાલાકીના ખેલ કરવા માંડ્યા. એક વસ્તુની દસ બનાવી દેવી. ચીજો અણધારી રીતે ગુમ કરવી અને કલ્પનામાં પણ ન આવે એવા સ્થાનમાંથી તે કાઢવી, વગેરે ઘણી હસ્તપલ્લવી તેમણે કરી બતાવી. એ સઘળી યુક્તિઓ તદ્દન નવી હતી. મેં સામાન્ય જાદુગરો ઘણા જોયા હતા, પરંતુ તેમની પાસેથી કદી ન જોયેલા પ્રકારો આ જાદુગરે બતાવ્યા. તેનું હસતું મુખ, આંજી નાખે એવી કાળી ચમકતી આંખો, સહજ ગર્વભર્યો આત્મવિશ્વાસ, કામ કરવાની સરળતા અને કુશળતા, મોહક વામાળતા, એ સર્વ ગુણોને લઈને તે જાદુગર ઘણો જ આકર્ષક લાગતો હતો. સ્ત્રીઓ તો લગભગ તેની પાછળ ઘેલી જેવી થઇ ગઈ. મને આ બધું ગમ્યું નહિ. એક ભિખારીની પંક્તિના કાળા જાદુગરની સામે આશ્ચર્યથી જોઈ તેને શાબાશીથી વધાવ્યા કરવો એ તેનો વિજયધ્વજ અમે ફરકાવતા હોઈએ એમ મને લાગ્યું.

જાદુગર વચમાં વચમાં જણાવતો કે તેની યુક્તિઓ કોઈને પકડાઈ આવે તો તે જેણેતેણે ખુશીથી બતાવવી. કોઈને અંગત તપાસ કરી તેનું રહસ્ય ઉઘાડું પાડવું હોય તોપણ તેને કશી હરકત નહોતી અને જે યુક્તિઓ તે પોતાના જાદુગર સાગરીતોના અંગ ઉપર કરતો હતો, તે જોનાર ગૃહસ્થોમાંથી ગમે તેના ઉપર કરવાને તે તૈયાર હતો. પોતે પકડાવાનો ડોળ કરતો અને અચાનક પ્રસંગને જુદો જ પલટો આપી તેને પકડવાનો પ્રયત્ન કરનાર કોઈ પણ મહેમાનને તે છોભીલો પાડી દે તો. બધાને ઘણી ગમ્મત પડી. સ્ત્રીઓ તો હસવાને તૈયાર જ હતી. કોઈ ગંભીર દેખાતા પુરુષને અત્યત માન ભરેલી રીતે જાદુગર કફોડી સ્થિતિમાં મૂકી દેતો ત્યારે સહુ કોઈ ખડખડાટ હસતાં હતાં.

આ જાદુગરો ઘણાં ચાલાક હોય છે તે હું જાણતો હતો; મનુષ્ય સ્વભાવને સારી રીતે

પારખનારા હોય છે તેની પણ મને ખબર હતી. પરંતુ આ સર્વ આનંદમાં આવી ગયેલી મંડળીમાંથી હું જ ફક્ત તેની અસર નીચે નહોતો આવી ગયો એમ તેણે પારખી લીધું ત્યારે તો હું તેની મન પારખવાની શક્તિથી હેરત પામી ગયો. તેણે મને ઉદ્દેશીને પૂછ્યું :

આ જાદુગરો ઘણાં ચાલાક હોય છે તે હું જાણતો હતો; મનુષ્ય સ્વભાવને સારી રીતે પારખનારા હોય છે તેની પણ મને ખબર હતી. પરંતુ આ સર્વ આનંદમાં આવી ગયેલી મંડળીમાંથી હું જ ફક્ત તેની અસર નીચે નહોતો આવી ગયો એમ તેણે પારખી લીધું ત્યારે તો હું તેની મન પારખવાની શક્તિથી હેરત પામી ગયો. તેણે મને ઉદ્દેશીને પૂછ્યું :

‘આપે તો મને જોયો હશે એમ લાગે છે !’

મેં કહ્યું : .મને બરાબર યાદ નથી. પણ મેં ઘણા જાદુગરો જોયા છે.’

‘માટે જ આપને મારી યુક્તિઓમાં જોઇએ તેટલો રસ પડતો નહિ હોય.’

જરા રહી પાછું તેણે કહ્યું: ‘આ સઘળા ખેલો તો આપે જોયા જ હશે!’

‘મારે કબૂલ કરવું જોઈએ કે મેં આમાંનો એક પણ ખેલ નહોતો જોયો. મેં જોયેલા જાદૂગરોના ખેલો કરતાં નિ:સંશય આ જાદુગરના ખેલ તદ્દન નવીન, અપૂર્વ અને વિસ્મયકારક હતા. છતાં હું તેને નમતું આપવા માટે તૈયાર નહોતો.

‘આ જ ખેલ નહિ તો આવા અને આને મળતા ઘણા ખેલો મેં જોયા છે.’

સર્વ મહેમાનોનું ધ્યાન મારા તરફ ખેંચાયું.

‘ઘણા તો નહિ.’ જાદુગરે સામો જવાબ આપ્યો, ‘પણ હા, મારા કોઈ કોઈ શિષ્યોને હું મારા ખેલો બતાવું છું, તેમાંથી કોઈક આવો ભાસ આપે એવો ખેલ કદાચ આપે જોયો હોય. પણ હવે દુનિયાભરમાં કોઈએ ન જોયેલી સફાઈ હું આપને બતાવું તો ?’

જાદુગરના ખેલોને ચકિત ન થઈ જવાનો જાણે મેં નિશ્ચય કર્યો હોય તેમ આછા તિરસ્કારપૂર્વક હસીને મેં તેને જણાવ્યું :

‘એવી સફાઈ બતાવશો તો હું ખુશાલીની તાળી પાડીશ.’

જરા પણ લેવાઈ ગયા સિવાય તદ્દન હસતે મુખે તેણે કહ્યું :

‘જી હા ! હું તાળીનો જ ભૂખ્યો છું. સહુએ તે આપી છે, પરંતુ આપે મને તાળી આપવામાં જબરી કંજૂસાઈ બતાવી છે. માટે જ હું આપની એક તાળીની કિંમત એક લાખ રૂપિયા જેટલી સમજીશ. પણ ખરેખરા ખુશ થાઓ તો સાચા દિલથી શાબાશી આપજો.’

આટલી વાતચીત મારી સાથે કરી તેણે સઘળા જોનારાઓને ઉદ્દેશીને કહ્યું :

‘કદરદાન નામવરો ! આપ બહુ જ બારીકીથી મને જોજો આપ સઘળી સાવધાની રાખજો જેટલી ખબરદારી આપનાથી રખાય એટલી રાખજો હું આપને એવી કરામતો હવે બતાવવા મારું છું કે જેનો આપને સ્વપ્નમાં પણ ખ્યાલ થયો નહિ હોય. આપે મને તપાસવો હોય તો તપાસી લો. હું જે ખેલ બતાવીશ તેની અને એ સઘળી ચીજો વચ્ચે તેમ જ મારી વચ્ચે કાંઈ પણ સંબંધ નથી એમ હું કહું છું. આપ તેની ખાતરી કરો. પછીથી ન કહેશો કે જાદુગરે જુઠાણું ચલાવ્યું.’

મને સંબોધી તેણે કહ્યું :

'સાહેબ ! આપ જ આ બધું તપાસો.'

મેં કહ્યું : 'હું એકલો નહિ.'

'જેને તપાસવું હોય તે તપાસો, એક કમિટી નીમશો તો પણ ચાલશે !'

બે-ચાર ઉત્સાહી સ્ત્રીપુરુષોએ જાદુગરનાં બધાં ખીસાં તપાસ્યાં, આજુબાજુની જગા તપાસી, પડદા પાછળ પણ જોયું, નાની નાની પરચૂરણ ચીજો, પાંચ-સાત આના અને એવી નજીવી ચીજો જોવામાં આવી. તેણે કરવા ધારેલા અપૂર્વ ખેલો આ ચીજોમાંથી શી રીતે ઉપસ્થિત થશે તે અમે સમજી શક્યા નહિ.

તેણે વિનંતી સાથે નામદાર ગવર્નર સાહેબની બેઠક પાછળ કેટલેક દૂર એક નાનો કાળો પડદો બાંધવાની જરૂરિયાત જણાવી. મારી પાસે બેઠેલી અજાયબીમાં ગરકાવ થઈ ગયેલી સ્ત્રીએ મને પૂછ્યું :

'ત્યાં શું દેખાડશે ?'

મેં કરડાકીમાં કહ્યું :

'જહાનમ !'

જાદુગરે તે સાંભળ્યું અને હસીને કહ્યું :

'ના જી, બેહિશ્ત બતાવીશ, એક સ્વર્ગીય નાચ બતાવીશ.'

ગવર્નરની બેઠક પાછળ કાળો પડદો બાંધવાની તેને રજા મળી. તેના બે માણસોએ કાળો પડદો બાંધવાની તજવીજ શરૂ કરી અને આ બાજુ જાદુગરે પોતાના બીજા ખેલ બતાવવા શરૂ કર્યા.

'સાહેબ ! હિંદુસ્તાનના નાગ ઘણા સુંદર હોય છે.' એટલું બોલી તેણે એક મૌવર હાથમાં લીધું અને પાંચેક ક્ષણ અતિશય મધુર નાદથી તેણે તેમાં સૂર પૂર્યા. આ ગ્રામ્ય વાજિંત્રમાંથી આવી મીઠાશ નીકળી શકતી હશે એમ ભાગ્યે જ કોઈએ ધાર્યું હશે. સહુ કોઈ નાદમાં લીન બની ગયાં.

અચાનક તેણે મૌવર બંધ કર્યું અને હસતે મુખે ધીમેથી તે બોલી રહ્યો :

'જુઓ જુઓ ! સ્લિમાનસાહેબના માથા પર નાગ છત્ર ધરે !'

સહુ કોઈએ ચમકીને મારા તરફ જોયું. તે પહેલાં હું જાતે ચમકી ઊઠ્યો હતો. એક ભયંકર કાળો નાગ મારી ખુરશી ઉપર વીંટળાઈ મારે માથે ફણા ધરી ઊભી રહ્યો હતો. જાદુગર મારી પાસે જ હતો.'

નાગથી યુરોપિયનો ઘણા જ બીએ છે. મારે માથે ઝેરી કાળા નાગની પ્રાણઘાતક ફણા ફેલાયેલી જોઈ સ્ત્રીઓ અવાચક બની ગઈ અને પુરુષો પણ થરથરી ગયા. અમને બધાંને ડર લાગશે જ એવી જાણે ખાતરી રાખી હોય એમ સ્થિર પણ સહજ હસતું મુખ રાખી જાદુગર ઊભો હતો. શાંતિથી તેણે જણાવ્યું :

'નાગનું છત્ર જેને માથે ધરાય તે મનુષ્ય અમારે ત્યાં ભાગ્યશાળી ગણાય છે. ભગવાન

બુદ્ધની ધ્યાનાવસ્થામાં નાગ આવી તેમના દેહનું સૂર્યના તાપથી રક્ષણ કરતો. કૃષ્ણચંદ્રને મથુરાથી ગોકુળ જવું પડ્યું ત્યારે ઝરમર ઝરમર વરસતા મેઘથી તેમના સુંદર શરીરને રક્ષવા માટે નાગે છત્ર ધર્યું હતું. અમારા શેષશાયી ભગવાન તો નાગ ઉપર પોઢે છે અને હજાર ફણાવાળા શેષ તેમને પોતાની ફણાનું છત્ર ધરાવે છે.

આમ કહી તેણે બહુ જ પ્રેમથી નાગને મારી પાસેથી લઈ લીધો અને પોતાને ગળે એ ભયંકર પ્રાણીને વગર બીકે ભેરવ્યું. પૂર્વદેશોના વિચિત્ર દેખાવવાળા જાદુગરોની ભય પમાડતી ગહનતામાં આ નાગની માળા વધારો કરતી હતી. તેણે ફરી બોલવાનું શરૂ કર્યું :

'આ નાગની કાળાશ કેટલી સુંદર છે ! તેમાં કેટલી ભભક ભરી છે ! આપ જરૂર માનજો કે રંગને અને સૌંદર્યને કશો જ સંબંધ નથી. કાળા દેહ નીચે સૌંદર્ય વસી શકે છે; ગોરી ચામડી સાથે કદરૂપાપણું પણ ઘણું હોય છે. નામદાર સાહેબ ! એ રંગભેદ ભુલાશે તો ઝેરભર્યો કાળો નાગ પણ આપણી છત્રછાયા કરશે. અને એ રંગભેદની દૃષ્ટિ કાયમ રહેશે તો નાગને હજાર ફણા ઊગશે, એટલું જ નહિ, તેમની જીભેજીભમાંથી ઝેર ટપકશે, તેની આંખમાંથી અગ્નિ વરસશે, અને કદી ન છૂટે એવી ચૂડમાં ભેરવી તેને છેડનારના પ્રાણ હરશે. આ છત્ર બનેલી ફેણમાં કેટલું બળ રહેવું છે ? જુઓ !' એમ કહી તેણે ગળે ભેરવેલા નાગને જમીન ઉપર મૂકી તેના ઉપર એક ટકોરો માર્યો. શાંત અને સુંદર દેખાતા નાગે એકદમ ફણા ઊંચી કરી, વીજળીની રેખાઓ સરખી જીભ ફરકાવી, અને એ જ ફણા વડે ભયાનક ફુત્કાર કરી જાદુગરના હાથ ઉપર ઘસારો કરી તેના હાથ ઉપર રાખેલા વાજિંત્રને નીચે ગબડાવી પાડ્યું.

'સાહેબો ! આ નાગમાં અતુલ બળ છે. તેનું જીવન ઘણું લાંબું છે. અમારાં શાસ્ત્રો તો આખી સૃષ્ટિનો ભાર નાગ ઉપર ઝિલાયાનું કહે છે. તેને અનંતની ભાવના સમર્પે છે. તે સહજ ફરકે તો ધરતીકંપ થાય, જ્વાલામુખી ફાટી નીકળે અને પ્રલયનાં પૂર ફરી વળે. નાગને અમે દેવ માનીએ છીએ, તેને પ્રસન્ન રાખવા અમે વ્રત કરીએ છીએ, ભૂખ્યા રહીએ છીએ તેની પ્રાર્થના કરીએ છીએ. મહેરબાન ! નાગને ખુશ રાખો, તેને દૂધ પાઓ, તેને સંગીતથી રીઝવો. તેની પાસે વાંસળીનાં મધુર નાદ ઉચ્ચારો એટલે નાગ ડોલશે, હસશે, ઝેર સમેટી લેશે અને તમારું છત્ર બની તાપ તડકો કે વરસાદથી તમારું રક્ષણ કરશે. હિંદની કાળી પ્રજાનો દેવ નાગ છે એ ભૂલશો નહિ.

તેની બોલવાની ઢબ ઘણી છટાદાર અને અસરકારક હતી. નાગના રૂપક નીચે તે અમો અંગ્રેજોને ઉદ્દેશી હિંદની કાળી પ્રજા સાથે કેવો સંબંધ રાખવો તેનો બોધ કરતો હોય એમ મને લાગ્યું.. હિંદવાસીઓ વાતે વાતે તત્ત્વજ્ઞાની બની જાય છે. જાદુગરની રમતમાં પણ આમ તત્ત્વજ્ઞાન તરી આવ્યું જોઈ અમે બધાં આશ્ચર્ય પામ્યાં.

'જુઓ. જ !' કહીને જાદુગરે ચારપાંચ જગાએ ઓગળી દેખાડી અને ત્યાં બેઠેલી ભીપુરુષોની ખુરશીઓ ઉપર પાંચ-છ નાગ એકસાથે નીકળતા દેખાયા. બેઠેલાં માણસોમાં ખળભળાટ થઈ રહ્યો. કેટલાક માણસો ઊભા થઈ ગયા અને નાદથી બચી શકાશે કે કેમ તેમનો વિચાર કરી વગર દોડવા લાગ્યા. જાદુગર આ ગભરાટ જોઈ હસી પડયો.

'નહિ નહિ. સાહેબો ! એ નાગથી ડરશો નહિ. આપ હાથમાં લઈને તેમને રમાએ ગળામાં તેની માળા કરીને ભેરવો.'

પરંતુ નાગ સાથે રમત કરવાની કોઈની પણ હિમત ચાલી નહિ. એટલે જાદુગરે પોતાનું મૌવર વગાડવા માંડ્યું. તેના મધુર નાદથી જેટલા સર્પ હતા તેટલા ધીમે ધીમે જૂગરની પાસે

આવી તેના પગ ઉપર, હાથ ઉપર, ગળાની આસપાસ એમ વીંટળાઈ વળ્યા. મૌવરનો મધુર નાદ જેમ સાપને ડોલાવવો હતો, તેમ તંબુમાં બેઠેલી સર્વને ડોલાવતો હતો. સંગીત સર્વદા મધુર છે, સમજાય જાદુગર ન સમજાય છતી સુરની મીઠી મોહક ચૂંથણી માનવહૃદયને જડતાથી પર લઈ જાય છે. મૌવરમાં ડોલાવવાની શક્તિ હતી, ઘેનમાં નાખવાની શક્તિ હતી. દ્રાક્ષનો શરબત હોય, તેમાં આછી ઊંઘની લહેર પ્રેરતો નશો હોય, અને તે પીતાં જેવી અસર થાય તેવી અસર મૌવરના નાદમાં હતી. જાદુગર પોતાના મૌવરને ઓળખતો હતો તેની શક્તિ પિછાનતો હતો. ધીમે ધીમે મદિરા પાઈ તે મસ્ત બનાવતો. સાકી મદિરા પીનારની વધતી જતી પરવશતા બરાબર સમજી શકે છે. તે પ્રમાણે જાદુગરે સંગીતની મીઠી અસર નીચે ભાન ભૂલતાં સ્ત્રીપુરુષોની સ્થિતિ બરાબર સમજતો હતો. માત્ર મારા મનમાં શંકા રહ્યા કરતી હતી. આ તે ખરેખર જાદુગર છે કે જૂગરના વેશમાં નીચે કાંઈ છળ ચાલી રહ્યો છે? સંગીતમાં મુગ્ધ થયા છતાં હું મને પોતાને જાગતો માનતો હતો. અચાનક સંગીત બંધ થયું. નાગ અલોપ થઈ ગયા. અને જાદુગરે પોતાના આગળનો એક કાળો પડદો ઉઘાડ્યો. પડદો ઊઘડતો જ કાંઈ અજબ ખુશબો પ્રસરી રહી અને જાદુગરે મીઠું હાસ્ય કર્યું. તેના હાસ્ય નીચે મને કોઈ અતિશય સૌન્દર્ય વાન પરુષનો ભાસ થયો અને જાણે કોઈક વખત નિહાળી હોય એવી કેટલીક રેખાઓ તેના મુખ ઉપર ઘેરાતી મારી નજરે પડી.

ફરી એકાએક સંગીત શરૂ થયું. કોઈ સારંગી છૂપી રીતે વાગતી હોય એવો ભાસ થયો. સારંગીની સાથે તબલાંનો ધીમો ઠેકો શરૂ થયો અને આ નવીન સંગીતના રણકારમાં આખું વાતાવરણ નાચી રહ્યું. વળી કાંઈ ઘૂઘરીનો છમકાર થતો સંભળાયો અને અમારી આંખ સામે કોઈક અલૌ-કિક સૌન્દર્યવતી સુંદર અધ્ધર આકાશમાં નૃતય કરતી હોય એવો દેખાવ જણાયો.

આ જાદુ અવનવો હતો. સ્વર્ગીય નાચ બતાવીશ એમ પેલા જાદુગરે ટીકાના જવાબમાં જણાવ્યું હતું તે તેણે ખરું પાડ્યું અને જોનારાઓની નવાઈનો પાર રહ્યો નહિ. સાથે કોઈક આકર્ષક ખુશબો ફેલાઈ રહી. સુંદર સંગીત. લાવણ્યમય સુંદરીનો નાચ અને મીઠા પરિમલના સંયોગથી વાતાવરણ અલૌકિક બની ગયું. જાણે પૃથ્વીથી પર વસેલા કોઈ દિવ્ય પ્રદેશનો અનુભવ અમે લેતાં ન હોઈએ !

પેલી સુંદરીનો નાચ અત્યત મનોહર હતો. તેના નાચમાં નાગની ભાવના પ્રધાનપણે આકાર પામી રહી હતી. નાગનું હલનચલન, નાગનું ડોલન, નાગનું ચઢવું, નાગનું ઊતરવું, નાગનું ડસવું, તેના ઝેરની અસર વગેરે દેખાવોની પરંપરા તે સ્ત્રી અભિનયમાં ઉતારતી હતી. તેની પોતાની આંખો પણ નાગના જેવી ચળકતી હતી અને બંને હાથની આંગળીઓ ઉપર પહેરેલી હીરાની વીંટીઓથી હાથને તે નાગનું મૂર્ત સ્વરૂપ સહેલાઈથી આપી શકતી હતી. નાગના ઝેરની અસરનો અભિનય તેણે કર્યો ત્યારે સહુ જોનારને તેણે લગભગ મુર્છિત કરી નાખ્યાં. સહુને જાણે ઝેર ચઢ્યું હોય એવો ભાસ થયો. ગળે શોષ પડવાનો દેખાવ તેણે કર્યો ત્યારે તો ત્યાં બેઠેલી સઘળી સ્ત્રીઓને પોતાને ગળે હાથ ફેરવતી મેં નિહાળી! વળી તેણે શંકરનો દેખાવ બતાવ્યો અને એ ભયંકર દેવના ગળામાં નાગની પાનાઓનો શણગાર સજાવ્યો ત્યારે સર્વ જોનાર પોતપોતાના કંઠ તપાસવા લાગ્યા. સહુ કોઈ સ્વપ્નમાં હોય એમ લાગતું.

મને નવાઈ લાગી કે આ નાચ આ સ્થળે કેવી રીતે થઈ શક્યો ! મેં મારા મનનું સમાધાન કર્યું કે પેલો કાળો પડદો બાંધેલો હતો તેમાં કોઈ સ્ત્રી નાચતી હશે અને મોટા આયના દ્વારા તેનાં પ્રતિબિંબ પાડી છેક અમારી સામે નુત્ય થતું હોય એવી ઈદ્રજાળ જાદુગરે ઊભી કરી હશે.

હું પણ આ નાચમાં એવો ગુલતાન બન્યો હતો કે જાદુગર જાદુ સમજવા મેં બહુ પ્રયત્ન

કર્યો જ નહિ. સહુની સાથે મેં પણ નાચનો આનંદ અનુભવ્યો.

છેવટે નૃત્ય બંધ થયું, સંગીત સમાઈ ગયું અને પરિમલ ઓછો થઈ ગયો. જાદુગર બધા વચ્ચે પાછો દેખાયો. કેટલાંક સુંદર સ્ત્રીપુરુષો જોઇને આપણને એવો જ ખ્યાલ આવે છે કે આપણે તેમને કોઈક વખત જોયાં છે. કોઈક મુખરેખા આંખોનો કોઈક ચાળો સ્મિતનો કોઈક ઈશારો આપણી કલ્પનાને ઝણઝણાવી મૂકે છે, અને આપણે એ જોયેલાં સ્વરૂપવાન માનવી-ઓમાં તેમની સરખામણી ખોળવા આપણને પ્રેરે છે. હું એ માનસિક ક્રિયામાં ગુંથાઈ ગયો હતો. મને કેટલીક વારે સમજ પડી, તે નાચનાર સ્ત્રી તથા જાદુગર એ બંનેને મેં ક્યાંય જોયાં હોય એવો મને ભાસ થયો; એ નહિ તો એમને મળતાં માણસો જોયાની ખાતરી થતી હતી; પરંતુ સ્પષ્ટપણે મને કાંઈ સમજાયું નહિ.

જાદુગરને સહુએ તાળીઓથી વધાવી લીધો. આ વખતે મેં પણ તાળી પાડી. મને તાળી પાડતો જોઈ જાદુગર ઘણો જ ખુશ થયો હોય એમ લાગ્યું. વખત થઈ ગયો હોવાથી પોતાનો ખેલ બંધ કરવાની તેણે જાહેરાત આપી. સહુ કોઈએ તેને શાબાશી આપી. તેની આજુબાજુ બધાં વીંટળાઈ વળ્યાં. અને તેનું નામઠામ પૂછવા લાગ્યાં. કેટલીક સ્ત્રીઓએ તો તેને પોતાને બંગલે આવવાનું આમંત્રણ પણ આપ્યું. સહુની વચ્ચે સ્મિત કરતો જાદુગર જેને તેને યોગ્ય જવાબ આપતો હતો. જાણે તેણે કોઈ ભારે વિજય મેળવ્યો હોય એમ તેને અતિશય ચઢાવી મૂકવાની આ રીતથી મને કંટાળો આવ્યો. ગમે તેવો તોપણ એ આ જાદુગર ! અને તેને રાજકર્તા કોમનાં સ્ત્રીપુરુષો આટલું મહત્ત્વ આપે એ મારાથી સહેવાયું નહિ.

બાણીની તૈયારી થઈ ગઈ હતી, એટલે તે બાજુએ સહુ કોઈને વાળવામાં .આવ્યાં. જૂગરને ઇનામ આપવા ગવર્નર સાહેબના સેક્રેટરી તજવીજ કરવા લાગ્યા, જેની જાદુગરે ચોખ્ખી ના પાડી.

‘હજૂરની પાસેથી ઇનામ માગવા મેં ખેલ કર્યા નથી. હું પૈસાનો ભૂખ્યો નથી. મારી કદર કરી આપે મારી કારીગરી જોઈ એ ઇનામ મને બસ છે.’

આમ કહી જાદુગરે રજા લેવા માંડી. ફરી આવતી કાલે ગવર્નર સાહેબને મળી જવા તેને આગ્રહ કર્યો, જેની તેણે હા પાડી. તંબુ બહાર સૌ કોઈ નીકળ્યાં. જાદુગરે બીજામાં પોતાનો સરસામાન આટોપી રવાના કીધો. જતે જતે તેણે મને દીઠો, અને તે મારી પાસે આવ્યો.

‘સાહેબ ! આપને ક્યાંય જોયા હોય એમ લાગે છે.’ મારી સાથે વગર બોલાવ્યે એક જાદુગર આવી છુટથી વાતચીત કરે એ મને રુચ્યું નહિ.

મેં .’જોયો હશે.’ એટલા જ શબ્દોમાં તેને જવાબ આપ્યો.

‘હું આપને ફરી મળીશ.’ આટલું બોલી અત્યત ત્વરાથી જાદુગર ત્યાંથી ચાલતો થયો.

ખાવા માટે ગોઠવાયેલા મેજ આગળ આવતાં જ મને લાગ્યું કે કાંઈ વિચિત્ર બનાવ બન્યો છે. સહુના મુખ ઊતરી ગયાં લાગતાં હતાં. નામદાર સાહેબ અને તેમના બાનુ સહુ કોઈને હસતે મુખે આવકાર આપતી હતાં, તેમનો હસતાં મુખ પાછળ કોઈ દિલગીરી ઢંકાયેલી જણાઈ.

મેં મારી સાથે ખાવા ઉપર બેઠેલી બાઈને આનું કારણ પુછયું. તેણે જણાવ્યું :

‘નામદાર સાહેબનાં પત્નીનાં ગળામાંથી એક અમૂલ્ય મોતીનો કંઠો હાલ ચોરાઈ ગયો છે !’

૨૨

ખોવાયેલા હારનો પત્તો

ખાણાના નિયમો બાજુએ મૂકી હું તત્કાળ ઊઠ્યો. સેક્રેટરીને વાત પૂછી તો નામદાર સાહેબનાં બાનુનો હાર ખોવાયાની વાત ખરી પડી. આટલા આટલા માણસો વચ્ચેથી હાર તેમના સગા ગળામાંથી ગુમ થાય એના જેવી બીજી નવાઈ શી ? જાદુગરના જાદુ કરતો આ જાદુ વધારે અદ્ભુત હતો. મને જાદુગર જ સાંભર્યો. મને તેને માટે પ્રથમ જ શક પડ્યો હતો, અને કોઈને ખબર ન પડે એમ મારા ત્રણ માણસો તેના ઉપર નજર રાખવા માટે મેં ક્યારનાયે યોજી દીધા હતા. જૂગર ગયાને વધારે વખત થયો નહોતો અને મારા માણસો તેની પાછળ હતા, એટલે કાંઈ પણ બાતમી મળવી જોઈએ એવી મારી ખાતરી થઈ. હું પણ મકાનથી બહાર નીકળી આવ્યો. જાદુગર કર્યે રસ્તે ગયો હતો તે બાબત મેં ચારપાંચ માણસોને પૂછ્યું, અને મને મળેલા જવાબ પ્રમાણે મેં રસ્તો લીધો.

બાતમી મેળવવા મોકલેલા માણસોમાંથી એક જણ મને મળ્યો. જાદુગર અને તેના સાથીદારો શહેર બહાર અમુક રસ્તે ચાલ્યા જતા હતા, અને તેમની પાછળ બીજો અમારો માણસ પણ પડેલી જ હતો એવી ખબર તેણે કહી. તેના દોરવા પ્રમાણે હું ઝડપથી આગળ વધ્યો. જાદુગરોના માણસો જેવું આ નાનું ટોળું આગળ જતું હોય એવો મને ભાસ થયો.

પરંતુ તે ટોળાની પાસે પહોચતાં તે ટોળું તો કોઈ ભાગુ સ્ત્રીપુરુષોનું લાગ્યું. કોઈક દેવનાં દર્શન કરવા તેઓ જતાં હતાં. જૂગરનાં કોઈ ચિહ્ન તેમનામાં જણાયાં નહિ. તેમણે એવા કોઈ ટોળાને જોયું પણ નહોતું. બાતમી ખોટી પડી. મારા માણસ ઉપર હું ચિડાયો અને પાછી વળ્યો. પાછા વળતાં સહેરની નજીક એક ઘોડેસ્વાર શહેરમાંથી ઘસ્યો આવતો મે જોયો. ચોરની શોધમાં તાળનારને બધાયમાં ચોરનો ભાસ થાય છે તેની દૂરથી દેખાતી મુખાકૃતિ. તેના ઘોડાનો વેગ, એ બધાનો વિચાર કરી મેં માન્યું કે જાદુગરની ટોળીના માણસોએ મારા માણસને થાપ આપી હવે નાસી જવા તરકીબ કરી હતી. મેં તે ઘોડાને રોક્યો જ હોત, .પરંતુ ઘોડેસ્વારે મને જોઈને જ ઘોડો રોકી દીધો. તે નીચે ઊતર્યો અને હું જી છું તો મારી નજર આગળ કોણ હતું?

ભયંકર ઠગ-કદાવર આઝાદને જોઈ હું દંગ થઈ ગયો ! આ ઠગ અહીં ક્યાંથી ? મને તરત જ જાદુગર અને તેના ખેલ સાંભર્યા. જરૂર હાર ચોરવાનું કામ જાદુના બહાના નીચે ઠગ લોકોએ જ કર્યું છે એમ મારી ખાતરી થઈ.

વળી આઝાદે એક વખત મને ધમકી પણ આપી હતી કે તે ગવર્નરનો માનુની ગળામાંથી હાર કાઢી લેશે. મને તે ધમકી યાદ આવી, અને હવે ચોક્કસ ખાતરી થઈ કે હાર ચોરનાર આ આઝાદ અને તેની ટોળીના ઠગ લોકો જ હોવા જોઈએ.

મને ગુસ્સો ચડ્યો. પરંતુ હું કાંઈ બોલું તે પહેલી જ આઝાદે જણાવ્યું:

'કેમ દિમાન સાહેબ! નામદાર સાહેબનાં બાનુનો હાર છેવટે બધાના દેખતાં જ ચોરાયો, ખરું ?'

રાજ્ધાનિના શહેરમાં આવું કૃત્ય કરી ઊલટું મને મહેણું આપવાનો આવો પ્રયત્ન! આઝાદના માથામાં એક મુક્કો મારી તેને ભોંયભેગો કરી નાખવાની મને ઇચ્છા થઈ; પરંતુ આઝાદ ઉપર એક જ મુક્કાની અસર મારા ધાર્યો પ્રમાણે થશે કે કેમ એની મને શંકા ઊપજી. એટલે મેં તેને જવાબ આપ્યો :

'હા, અમારા બધાના દેખતાં હાર ચોરાયો. પણ એ હાર ચોરનાર મારા જ હાથમાં સપડાયો છે. અને જો એ હાર ન મળે તો તેના બદલામાં તેનો જીવ લેવાની પણ મારી તેયારી છે.'

'પત્તો લાગ્યો ?' જાણે કશું જ જાણતો ન હોય એની મુખમુદ્રા કરી પૂછ્યું : 'કોણ હશે એ ?'

મને આ અવિનય બહુ જ ભારે પડ્યો મેં કહ્યું :

'હા, પત્તો લાગ્યો છે. મારી સામે જ ચોર ઊભી છે. અને હાર મળ્યા સિવાય હું તેને જવા દેવાનો નથી.'

'મારા ઉપર શક જાય છે ?' આઝાદે પૂછ્યું અને તે આગળ બોલ્યો : 'હાં હાં, હું સમજ્યો તમારો શક ખરો પડત, પરંતુ તેમ હોય તો હું અત્યારે તમારી સામે ઊભી રહ્યો ન હોત. સાહેબ ! મારા દુશ્મને આ હાર મારા પહેલાં લઈને મારી જિંદગી ધુળ કરી નાખી છે. પરંતુ હું તેનો બદલી લઈશ, આવા લાખો હાર ચોર્યાનું માન એને મળશે તોપણ હું એ બદલો લેવો બાકી નહિ રાખું.'

તેની આંખમાંથી જન વરસતો હોય એમ લાગ્યું. મને શંકા પડી કે રખે ને મારા હાથમાંથી બચવા ખાતર આવો વેશ તો તે નહિ કરતો હોય ? આઝાદ ફરીથી બોલ્યો :

હવે મને કોણ રોકનાર છે? આખી ઠગની દુનિયા ડૂબી જાય તેની મને પરવા નથી. હવે સાહેબ! તમને ઠગ લોકોના ત્રાસમાંથી જરૂર મુક્તિ મળશે; તમારે જાતે. તકલીફ લેવાનું કારણ નથી.'

એમ કહી આઝાદ ઘોડેસ્વાર થઈ જવા લાગ્યો. મેં કહ્યું;

'હું એમ જવા નહિ દઉં. તમારી મહેમાનગીરી મારે પણ કરવી જ જોઈએ.'

'હજી વાર છે. પરંતુ આપ મને યાદ કરજો.' કહી તેણે ઘોડાને એડી મારી ઘોડી ઊભો. આઝાદને જવા દેવાની મારી ઇચ્છા ન જ હોય. મારો બાતમીદાર ઘોડાને વળગી પડ્યો. આઝદને જવા દેવાની મારી ઇચ્છા ન તી એ તે સમજી ગયો હતો, એટલે તેણે આ બહાદુરીભર્યું પગલું ભર્યું. પરંતુ એક ક્ષણમાત્રમાં તેને ઘોડાથી છૂટો કરી આઝાદ ચાલ્યો ગયો.

મને તદન નવાઈ લાગી. આઝાદ અહીં ક્યાંથી ? ઠગ લોકોની ટોળી અહીં વસી હશે કે કેમ? તેનો શો ઇલાજ કરવો? હાર પાછી કેમ મેળવવો ? એ બધા વિચારની ઘટમાળમાં પડેલી હું રાત્રે ખાણું મૂકી. એક શકદારને ગુમાવી આવી મારી ઓરડીમાં સૂતો. આજે ઊંઘ આવવાનો સંભવ જ નહોતો. એટલે મારી રોજનીશીનાં પાછલાં પાનાં ઊથલાવતો હું વખત વિતાવતો હતો.

એટલામાં મારા નોકરે મારી ઓરડીનું બારણું સહજ ખખડાવ્યું. મેં તે તરત જ ઉઘાડયું. મોડી રાત્રે મને આવી તકલીફ આપવા હું તેને ઠપકો આપવા જતો હતો, એટલામાં જ તેણે મને કહ્યું :

'સાહેબ ! માફી માગું છું. પરંતુ કોઈ આદમી આપને ખાસ મળવા માગે છે. મેં સવારે આવવા કહ્યું પરંતુ તે અત્યારે મળવા આગ્રહ કરે છે, કહે છે કે ચોરાયેલા હારનો પત્તો તે લાવ્યો છે.'

મેં તેને બોલાવી લાવવા કહ્યું. આવી રીતે હારની બાતમી આપવા મને ખોળતો આવનાર માણસ કોણ હશે તેનો હું વિચાર કરવા લાગ્યો. એટલામાં ફરી મારા નોકરે બારણું ઉઘાડયું અને તેની જોડે પેલા જાદુગરે પ્રવેશ કર્યો. જાદુગરને જોઈ હું એકદમ ગુસ્સે થયો.

'હાર ક્યાં છે ?' મેં બૂમ પાડી.

'આ રહ્યો.' કહી જાદુગરે પોતાના ભૂગડામાંથી ખોવાયેલો હાર કાઢી મારી આગળ ધર્યો. મારી ખુશાલીનો પાર રહ્યો નહિ! ખોવાયેલો હાર એ જ હતો. હું ઊઠીને તેની પાસેથી હાર.લેવા ગયો. પણ તેણે પોતાની મૂડી બીડી દીધી, અને હાથ પાછો ખેંચ્યો.

'હાર લાવો. મારા હાથમાં એકદમ મૂકી દો, અને પછી બીજી વાત કરો. હું તમને બદમાશોને ઓળખું છું.' મેં જોરથી જણાવ્યું.

એક આંખ મારા નોકર તરફ મિચકારી જાદુગરે જણાવ્યું :

'હાર કેવો ? હું કાંઈ જ જાણતો નથી. અને એ ખોવાયો હોય તો આપે તે ખોળી કાઢવાનો છે. હાર હું ક્યાંથી આપું ?'

હું વધારે ગુસ્સે થયો. મારા નોકરને મેં બારણું બંધ કરી બારણા આગળ જ ઊભા રહેવા હુકમ આપ્યો, અને ક્રોધથી બૂમ પાડી ઊઠ્યો :

'મારી મશ્કરી કરો છો ? હમણાં પેલા હાથમાં હાર હતો, મને બતાવ્યો અને હવે ફરી જાઓ છો ? યાદ રાખજો હાર મને સોંપ્યા વગર અહીંથી જીવતા નહિ જ જવાય !'

'જુઓ સાહેબ !' તેણે અતિશય ઠડકથી જવાબ આપ્યો, 'જીવવુંમરવું તો ઈશ્વરના હાથમાં છે, એટલે તે બાબતની મને જરા પણ બીક નથી. પણ હું આપને બાતમી આપવા આવ્યો અને આપે જે ચીજ ખોળી કાઢવી જોઈએ તે તે જ છે કે કેમ તે સમજવા માગતો હતો એટલામાં તો આપ પૂછયાગાછયા વગર તે ચીજ છીનવી લેવા માંગો છો ! એ ચીજ તો હવે ઊડી ગઈ જુઓ !' કહી જાદુગરે પોતાની મુઠી ઉઘાડી નાખી. તેમાંથી હાર ગુમ થઈ ગયેલી લાગ્યો. મેં એકદમ તેનો હાથ ઝાલ્યો. પણ જાદુગર સ્થિર ઉભો જ રહ્યો. તેનો હાથ મેં ઝાલ્યો તો ખરો, પરંતુ તેમાં મને ઘણું જ બળ રહેવું લાગ્યું. મેં જોર કરી હાથને ઝાટકો આપવા પ્રયત્ન કર્યો. પરંતુ પથ્થર કે લોખંડનો હાથ હોય તેમ મારાથી તે ખસેડી શકાયો જ નહિ !

'બળજોરથી કાંઈ બનશે નહિ !' તેણે કહ્યું. 'આપ આપના માણસને બહાર મોકલો પછી હું બધી હકીકત જણાવું. મારો જરા પણ ડર રાખશો કોઈ નહિ.'

કોઈ મને ડરની વાત કરે છે ત્યારે મને અપમાન લાગે છે. શું મારા નોકરની હાજરીથી મારી હિમત વધારે વધતી હતી ? મેં એકલાએ ઘણી ભયંકર પ્રસંગો અનુભવ્યા છે. મેં નોકરને બહાર મોકલી દીધો.

હવે આ એકાંત ઓરડીમાં હું અને જાદુગર બંને એકલા જ રહ્યા. બહાર રાત્રિનો અંજાર અને ભયંકર શાંતિ આ પ્રસંગને વધારે ગઢ બનાવતાં હતાં. હાર સહેલાઈથી મળશે કે હથિયાર વાપરવું પડશે? હથિયાર વાપર્યા છતાં પણ મને ખોવાયેલો હાર મળશે કે નહિ ? એવા એવા વિચારો આ ક્ષણમાં મને સૂર્યો. જાદુગર સાથે યુક્તિ અને વિનય વાપર્યા હોત તો? મને તરત જ મારી ભૂલ જણાઈ. શરૂઆતથી જ મારે આ જાદુગર સાથે વિવેક સહ વર્તવું જોઈતું હતું. મેં બળ બતાવવું બંધ રખ્યું અને જાદુગરને પાસે પડેલી એક ખુરશી ઉપર બેસવા જણાવ્યું. જરા પણ સંકોચ વગર તે ખુરશી ઉપર બેઠો; હું પણ તેના સામે બેઠો.

'આપે મને હજી પારા ઓળખ્યો નહિ. ખરું ?' જાદુગરે પૂછ્યું.

'કાંઈ યાદ આવતું નથી.' મેં જણાવ્યું. 'આપણે ક્યાં મળ્યા હતા ?'

જાદુગરે સહજ મુખ પાછળ ફેરવ્યું અને મુખ ઉપર સહજ પોતાનો હાથ ફેરવ્યો, પછી મારી સામે તેણે જોયું. તેને જોઈને હું ઊભી થઈ ગયો, આનંદથી તેને ભેટી પડ્યો.

એ સમરસિંહ હતો.

સમરસિંહ હસ્યો અને બોલ્યો :

'સાહેબ ! આટલું પણ ઓળખી ન શક્યા? મને તો ખેલ વખતે જ ભય લાગ્યો હતો કે મને તમે પારખી કાઢશો. હરકત નહિ હાર મારી પાસે છે, મેં જ તે લીધો છે.. એ જો મેં ન લીધો હોત તો તે આઝાદ લઈ જાત. હું તમને તે હાર પાછો આપી તમારું માન અને તમારી પ્રતિષ્ઠા વધારીશ આઝાદની પાસેથી હાર તમને કદાપિ પાછી મળી શકત નહિ.'

એમ કહી તેણે પાછો હાર કાઢી મારા હાથમાં મૂકી દીધો. મેં તેનો ઉપકાર માન્યો. આવી મૈત્રી અને આવી વફાદારી ઠગલોકોના સરદારમાં હતી એ જોઈ મને સાનંદાશ્ચર્ય થયું.

'આ હાર અત્યારે જ જઈને નામદારને પહોંચાડો. હું તમારી સાથે થોડે સુધી આવીશ. પરંતુ હવે તમારે મારી સાથે લાંબી મુસાફરી કરવી પડશે. આજની રાતમાં જ નીકળવું જોઈએ. હું તમને એવી સ્થિતિ બતાવીશ કે લાંબી મુસાફરી કર્યાનો તમને પસ્તાવો નહિ થાય. આપ ઊઠો અને કપડાં પહેરો !'

સમરસિંહના બોલવામાં બળ રહેવું હતું. હું ઊઠ્યો, કપડાં પહેર્યાં. અને મારા નોકરને સમરસિંહે બતાવ્યા પ્રમાણેના સ્થળે ઘોડો લઈ આવવા જણાવ્યું. હું અને સમરસિંહ રાતના અંધકારમાં નામદાર સાહેબને બંગલે જવા નીકળ્યા. ત્યાં પહોંચ્યા એટલે સમરસિંહ બોલ્યો :

'પરવાનગી લેઈને જવું છે કે પરવાનગી વગર ?'

'એમ કેમ ?' મેં પૂછ્યું.

'અત્યારે પરવાનગી નહિ મળે એમ મને ભય રહે છે.'

'મને નહિ મળે ? એમ બને જ નહિ' એમ કહી મોટે દરવાજે ફરતા એક સિપાઈને મેં અંદર જવા દેવા જણાવ્યું.

નામદાર સાહેબને અત્યારે જ વરદી આપો કે કર્નલ સ્લિમાન આપને જરૂરી કામે મળવા માગે છે.'

સિપાઈને નવાઈ લાગી :

'આપને બીજો કોઈ વખત ન મળ્યો : આટલી રાતે નામદાર સાહેબને ગાડવાની કોણ હિમત કરશે ?'

'તમે એમના ખાનગી કામદારને જણાવો.' મેં કહ્યું.

'એ પણ બનશે નહિ. સવારે આવો.' સિપાઈએ કહ્યું.

મને રીસ ચઢી. સિપાઇને ધક્કો મારી મેં દૂર કર્યો અને દરવાજાની નાની બારીમાં થઈને હું રીસ ભરેલો. દાખલ થયો. સમરસિંહે સિપાઈને એટલી વાર પકડી રાખ્યો.

અંદર જઈ એકબે પહેરેગીરોને ચુકાવી મેં ખાનગી કામદારના ઓરડા આગળ જઈ બારણા ઉપર ટકોરો માર્યો. તેણે જાગ્રત થઈ કોણ છે?' એમ પૂછ્યું. એ માણસ મારો દોસ્ત હતો. મેં કહ્યું :

'જલદી બારણું ખોલ !'

'અરે પણ કોણ છે ? અત્યારે શા માટે આવે છે ?'

'ઈશ્વરે તને કાન આખા છે; માણસના કાન તને હોત તો તું મને જરૂર ઓળખી શક્યો હોત. તું બારણું ઉઘાડ પછી હું જણાવીશ કે હું કોણ છું.'

તેણે મને ઓળખ્યો હોય એમ લાગ્યું. બારણું તરત ઊંઘણે અને તેણે મને અંદર દાખલ કર્યો.

તને બીજો કોઈ વખત ન મળ્યો, તે આમ મધરાતે આવી લોકોની ઊંઘ ખરાબ કરે છે ?' તેણે મને જણાવ્યું.

'ગવર્નર જનરલની પાસેના માણસો દિવસે પણ ઊંઘતા જ હોય છે. નહિ તો બધાની આંખો ખુલ્લિ હોવા છતાં નામદાર બાનુનો હાર ચોરાય શી રીતે ?' મેં ટીકા કરી.

'પણ તે શું કર્યું ? તુંયે હતો જ ને ? અમે તો હાર ખોયો, પણ તું હવે ખોળી લાવે ત્યારે ખરો !' સેક્રેટરીએ જણાવ્યું.

'મેં શું કર્યું તે હું તને બતાવું છું.' એમ કહી તેના હાથમાં મેં હાર કાઢીને મૂક્યો. 'જો આ હાર હું રૂબરૂ આપવા આવ્યો છું. અત્યારે હું તે મેળવી શક્યો. એની પાછળ ઘણાંની આંખ છે. માટે હું નામદાર બાનુને હાથોહાથ હાર આપવા મારું છું અને તે અત્યારે જ આપવો જોઈએ. મારે અહીંથી તરત બહારગામ જવું પડે એમ છે.

'અત્યારે તો બાનુને કેવી રીતે મળાશે ?' તેણે કહ્યું, સવાર સુધી થોભી જા સવારમાં મળીને જજે.'

'એક એક ક્ષણ જાય છે એટલામાં ભયંકર બનાવો બનવાનો સંભવ વધતો જાય છે. બે સ્ત્રીઓની જિંદગી જોખમમાં છે. અને તેમાં એક મટીલ્ડા પણ છે.' કૅપ્ટન પ્લેફૅરનો તે સગો થતો હતો, અને તેની પુત્રીના હિતમાં તે સ્વાભાવિક રીતે જ રસ ધરાવતો હતો. તે પૂરાં કપડાં પહેરી અંદરના ઓરડામાં ગયો. નામદાર બાનુને અત્યારે જગાડવાનો મહાન પ્રયત્ન તેણે કરવાનો હતો. કેટલીક નોકર લાઈઓને તેણે જગાડી; ખરોખોટો ખખડાટ કર્યો: મોટેથી વાતો કરવા માંડી. અંતે અંદરથી નામદાર સાહેબને પણ લાગ્યું કે બહાર કાંઈ ગરબડ ચાલે છે. બધાં વચ્ચેથી આજે હાર ગયો હતો અને તેથી જ રાતે ફરીથી કોઈ ચોર વધારે તોફાન કરવા મહેલમાં ઘૂસ્યો

હોય તો નવાઈ જેવું ન હતું એમ ધારી હાથમાં પિસ્તોલ લઈ તેઓએ બારણું ઉઘાડી ડોકિયું કર્યું. બાનુ પણ જાગી ગયાં હતાં. તેઓ પણ સાહેબની પાછળ આવીને ઊભાં.

સેક્રેટરીએ જાણ્યું કે પોતે કરેલી ગરબડ સફળ થઈ છે. એકદમ સાહેબની પાસે જઈ સલામ કરી તેણે જાહેર કર્યું કે હારનો પત્તો મળી ગયો છે.

બાનુ એકદમ ખુશ થયાં; રાત્રે જાગવું પડયું તેની તકલીફ વીસરી ગયાં. સાહેબે પણ કામદારની પીઠ ઠોકી અને પૂછ્યું :

'ક્યાંથી જાણયું ?'

'કર્નલ સ્લિમાન અત્યારે હાર લઈને જ આવ્યો છે.' કામદારે જણાવ્યું.

'એમ ? બોલાવો બોલાવો; ખરો બાહોશ !' કહી સાહેબે મને બોલાવવા હુકમ આપ્યો. હું પાસેના ઓરડામાંથી આ બધું સાંભળતો હતો અને દેખતો પણ હતો. કામદારે આવી મને તેની સાથે આવવા જણાવ્યું. જતાં પહેલાં સ્વાભાવિક રીતે મેં ખિસ્સામાં હાથ નાખી જોયો. હાર હોવાની તો ખાતરી જ હતી. પરંતુ મનુષ્યની અધિરાઈ પ્રમાણે મેં હાથ નાખી જોયો તો બિખા ખાલી જ હતું !

મારું લોહી ઊડી ગયું! જે હારને મેળવીને મેં આટલી ધમાલ કરી હતી, જે ખોવાયેલા હારને પાછી આપી શાબાશી મેળવવાની મેં સંપૂર્ણ આશા રાખી હતી, એ હાર આમ જોતજોતામાં ક્યાં ગુમ થયો તેની મને સમજ પડી નહિ હવે હું નામદાર સાહેબને શું મોં બતાવીશ ? મેં મારી જાતને અને કામદારને કેવી કફોડી સ્થિતિમાં મૂકી દીધા હતા ? વીજળીને વેગે આ બધા વિચારો મને આવી ગયા. મેં એક મિથ તપાસ, બીજું તપાસ્યું. ફરી ફરીને બંને ખિસ્સાં તપાસ્યાં. પણ હાર હોય તો મળે ને ?

સેક્રેટરી પણ સમજી ગયો.

'કેમ સ્લિમાન ? હાર નથી શું? હમણાં જ મને તેં બતાવ્યો હતો ને ?'

ફિક્કા મુખથી મેં જણાવ્યું :

'ના ભાઈ, હાર તો નથી, આકાશ ગળી ગયું, નહિ તો બીજું શું ? ક્ષણ પહેલાં તો હાર હતો.'

'હવે શું કરીશું ?' કામદારે પૂછ્યું.

ઢાંકણીમાં પાણી ઘાલી ડૂબી મરીશું.'

'ના ના; જરાક જોવું તો ખરું, એટલામાં ક્યાં જાય ? અહીં ખાટલામાં કોણ હતું ?' તેણે પૂછ્યું.

'અહીં તો મારા અને તારા સિવાય કોઈ નહોતું.' મેં કહ્યું.

'તું એકલી જ આવ્યો છે કે કોઈ સિપાઈને સાથે લાવ્યો છે ?'

સિપાઈ તો કોઈ નથી, પણ મારો એક હિંદી મિત્ર જો છે. તે ઠીક સંભાર્યું.' આટલું બોલતી મને સમરસિંહ યાદ આવતાની સાથે જ હું બહાર દોડયો. મારી આવી હિલચાલ નિહાળી કામદાર પણ મારી પાછળ દોડતો આવ્યો. દરવાજા આગળ ન મળે સિપાઈ અને ન

મળે સમરસિંહ. મારા સિવાય ઊંઘતા બીજા સિપાઈઓની જગી જોઈ તો તે પણ ખાલી ! હવે શું ? સમરસિંહની મને ફઆવવાની યુક્તિ તો ન હોય? હાકેમ આગળ મને હલકો પાડવાની તદબીર તો નહિ રચાઈ હોય ?

કામદારે મને બૂમ પાડી :

'અરે, અહીં કાંઈ ઝપાઝપી થઈ લાગે છે ? જો તો ખરો ? આ પગલાં પાછાં અહીં બાગમાં બંગલા તરફ જ જાય છે. આ સ્થળની ધૂળ કેટલી ખસી ગઈ છે ?'

નિરાશ થયેલાને કોઈ પણ ચિહ્ન આશા આપી શકતું નથી. તોપણ મારા મિત્ર કામદારની પાછળ પગલાં જોતાં હું આગળ વધ્યો. પગલાં લીલોતરીમાં બહુ દેખાતો નહિ છતાં છોડ આઘાપાછા થયેલા રાત્રિના આછા પ્રકાશમાં જણાઈ આવતા હતા. ઝડપથી આગળ વધતા અમને લાગ્યું કે કોઈ માણસ સામે આવે છે. અમે તેને ઊભી રહેવા હાકલ કરી. તે માણસ ગભરાટથી જાદુગર જાણી જોઈને અમારી બૂમ સાંભળી અમારા તરફ આવતો અટક્યો, અને પછી અત્યત ત્વરાથી પાછો ફરી વિશાળ બગીચામાં ક્યાં ગુમ થઈ ગયો તે અમને જણાયું નહિ. દસેક ક્ષણ આમતેમ શોધમાં વિતાવી. બંગલાના એક બહુ જ ઓછા વપરાતા ભાગ પાસે અમે આવી પહોંચ્યા.

ઉપરથી કોઈએ તાળી પાડી અમારું ધ્યાન ખેચ્યું, અને તત્કાળ ત્યાંથી એક મજબૂત રસ્સી નાખી.

'જલદી ઉપર આવો !'

વિચાર કરવાનો વખત નહોતો. ગયેલી આબરૂ પાછી મેળવવાની ઉત્કંઠામાં વગર વિચારે હું ઝડપથી રસ્સી ઝાલી ઉપર ચઢી ગયો, મારી પાછળ કામદાર પણ ચઢી આવ્યો.

ત્યાં જોઉ છું તો આ યુરોપિયન મદદનીશ ફાટેલાં કપડાં સાથે ઊભી હતો.

'અમને તમે બોલાવ્યા ? આમ કેમ ? શું થયું? તમારી ચોકી મૂકી અહીં કેમ ભરાયા છી ?' કામદારે જણાવ્યું.

'દરવાજા ઉપર એક હિંદી આપણા સિપાઈને ઝાલીને મારતો હતો. મારી ચોકી આગળથી મને જણાયું એટલે હું ત્યાં ગયો. તેને છોડાવતાં ઝપાઝપી થઈ. અને એ માણસ નાસી અહીં ભરાઈ ગયો છે.' તેણે જણાવ્યું.

'તમે સિપાઇઓની કાળજી રાખો છી કે તમારી ચોકીની? તમને ખબર છે કે અત્યારે જ મહેલમાંથી ચોરી થઈ છે ?' કામદારે તેને ધમકાવ્યો.

'અને એ પકડવા માટે જ હું આને અહીં લાવ્યો છું !' અંદરના એક ભાગમાંથી ગુપ્ત રીતે નીકળી સમરસિંહે જણાવ્યું. 'મને ખબર એ કે અંગ્રેજો પણ ચોરી કરે છે.'

હું આશ્ચર્યચકિત થયો. સમરસિંહ આવા રક્ષિત ભાગમાં આટલે સુધી ક્યાંથી આવી શક્યો ? આવા ખાસ ગોરા અમલદારના ઉપર આવો આરોપ મૂકવાની તે હિમત કેવી રીતે કરી શક્યો ? કામદાર તો સમરસિંહ પર ગુઓ જ થઈ ગયો, અને બૂમ પાડી ઊઠ્યો :

'પકડો આ હરામખોરને ! શા માટે અહીં છૂપાયો છે ?'

સમરસિંહ હસ્યો.

‘આટલો હાર પણ સચવાતો નથી, અને મને પકડવા માગી છી ?’ તેણે કામદારને કહ્યું.

‘આ તો મારા મિત્ર છે. મારી સાથે આવ્યા છે.’

‘તમારો હાર અમને મળ્યો છે. ગીરા રહસ્ય તે ચોરીને બહુ જ સુરક્ષિત જગાએ મૂક્યો છે. મારી સાથે ચાલો, હું બતાવું.’ સમરસિંહે કહ્યું.

પેલા યુરપિયને એકદમ કૂદકો મારી સમરસિંહનું ગળું ઝાયું. અને અમે છોડાવા જતા હતા એટલામાં તો પેલા યુરપિયનને મોટા અવાજ સાથે જમીન ઉપર પટકાતો જોયો. સમરસિંહના મુખ ઉપર જરા પણ ક્રોધ ન હતો. હું તથા કામદાર આ બળનું પ્રદર્શન જોઈ ચકિત થઈ ગયા.

‘શા માટે નાહક ફાંફાં મારો છો ?’ ઊભા થતા યુરોપિયનને સંબોધી સમરસિંહ બોલ્યો. મારા તરફ નમી તેણે જણાવ્યું :

‘આપને એમ લાગતું હશે કે કોણ જાણે કયો યોર ચોરી ગયો હશે. પરંતુ આપની જ વચમાં ચોરી થાય એની આપને સમજ પડતી નથી. હાર આ મકાનમાં છે, અને કદાચ આપના ઓરડામાંથી જ મળી આવશે. ચાલો.’

એ રસ્ત થઈને અમે બધા કામદારના ઓરડા આગળ આવ્યા. એક યુરોપિયન બાઈ ગુસ્સો થઈને અમને પૂછવા લાગી :

‘તમને કોઈને કાંઈ ભાન છે કે નહિ ? નામદાર સાહેબ અને તેમનાં પત્નીની મશ્કરી કરવા ધારી છે ? અત્યાર સુધી રાહ જોઈ તેઓ ચિઢાઈને સૂઈ ગયાં! હાર ક્યાં છે ?’

‘હાર તમે જ છુપાવ્યો છે, બાઈસાહેબ ! તે કાઢી આપો એટલે નામદાર સાહેબનો ગુસ્સો મટી જશે.’ સમરસિંહ બોલ્યો.

અણધાર્યા ચોર

તે બાઈએ એકદમ લાલચોળ મુખ કરી નાખ્યું.

'તમે મારા ઉપર આરોપ મૂકો છો ? તમને શરમ નથી આવતી ? કર્નલ સ્લિમાન ! આ માણસને બહાર કાઢો. નહિ તો હું તમને બધાને સજા કરાવીશ. હું નામદારનાં બાનુની સહીપણી કંપેનિયન છું તે ભૂલશો નહિ.'

અમે બધા ગભરાયા. કામદારનો તો જીવ જ ઊડી ગયો. આવી મહત્ત્વની બાઈને માથે એક કાળો માણસ આવું આળ ચઢાવે એ તેને ભારે અપમાનકારક લાગ્યું. તેણે પણ આંખ ચઢાવી મારી સામે જોયું. કારણ મારા મિત્ર તરીકે જ કામદારને મેં સમરસિંહની ઓળખાણ આપી હતી. હું ગૂંચવણમાં પડ્યો. સમરસિંહમાં મને ઘણી જ શ્રદ્ધા ઉત્પલ થઈ હતી. અને અત્યારે મારી સ્થિતિ બહુ જ કફોડી હતી, ખોવાયેલો હાર હું શોધી લાવ્યો. તે આપવા માટે ઘાંધળ કરી બધાંને જગાલા અને આવતી વખતે મારી પાસેથી હાર પાછી ગુમ થઈ જાય! શોધવામાં સમરસિંહ સિવાય બીજો કોણ સહકાર આપે એમ હતું? અને એ તો નામદાર બાનુનાં સહીપણીને જ માથે હાર ચોરાયાનો આરોપ મૂકી રહ્યો હતો! મારે કરવું શું ?

એક ક્ષણમાં સમરસિંહે મારી મૂંઝવણ પરખી લીધી.

'સાહેબ ! તમારે ઊંચો જીવ રાખવાનું કારણ નથી. તમે આ નામદાર સાહેબને જાહેર કરી ધો કે આ બાઈને અમે હાર સોપેલો છે, અને પછી ચાલવા માંડો.'

સમરસિંહની આ નફટાઈ મને ઘણી જ ભારે લાગી. પરંતુ સૂભ્ય રીતે જોતાં મને પેલી બાઈના મુખ ઉપર કાંઈક ફેરફાર થતો લાગ્યો.

'શું? રસ્તે જતા માણસ ઉપર તમે આ પ્રમાણે દોષ નાખી દેશી ? મને કશી જ પરવા નથી. હાર લાખાનું માન આ પ્રમાણે તમારે ખાટી જવું હશે ખરું ?' તે બોલી.

કામદારે સમરસિંહને ધમકાવવા માંડ્યો.

'તેમે બેદરકારીથી, બિન જવાબદારીથી ભળતું જ બોલ્ય જાઓ છો! તમને એના પરિણામની ખબર છે ? તમારું અને સાથે સાથે સ્લિમાન સાહેબનું શું થશે તે સમજી શકો છો ?'

'હું સમજી શકું છું માટે જ આ બાઈને વિનંતિ કરું છું. હવે જો એ વિનંતિ નહિ માને તો બળ વાપરવું પડશે' રામરસિંહ બોલ્યો.

બળ વાપરવું પડશે? શું બોલે છે ?' કામદાર ગુર થઈ ગયો. અંગ્રેજોને ધમકાવનાર આ

કાળો માણસ કોણ? અને તેમાં પણ આ અંગ્રેજ બાઈને ?

'હું કોણ છું તે તમે જાણો છે ?' સુમરાએ કહ્યું.

'મને દરકાર નથી, કર્નલ ! આ માણસને અહીંથી મોકલી દે !' કામદારે કહ્યું.

હું તો ગૂંચવાયો જ હતો - કામદાર પણ મારો દોસ્ત હતો અને સમરસિંહ પણ મિત્ર હતો.

'મને મોકલી શકાય એવી કોઈની શક્તિ નથી. તમારા બધાયે સૈનિકોને ભલે ભેગા કરો ! હું ઠગ છું. અત્યારે જ તમારા આખા મહેલને ઉરાડી પૂરું એટલું સત્તા ધરાવું છું. આ બાઈ મિરમાન સાહેબની પાસેથી ચોરેલો હાર નહિ આપે તો હું આખો મહેલ બાળી મૂકીશ.'

સમરસિંહના કુમળા મુખ ઉપર અત્યારે એકદમ ભારે કઠોરતા આવી ગઈ. એકાએક પેલી અંગ્રેજ બાઈને તેણે પોતાના હાથમાં લઈ ઉપાડી. અમે સહુ વિચાર કરીએ તે પહેલાં તો તેણે દોડીને કામદારના ઓરડામાં પ્રવેશ કર્યો, અને ઓરડાનું દ્વાર બંધ કર્યું. એ શું કરશે એનો અમને ખ્યાલ ન આવ્યો. પરંતુ કામદારે તો બહુ જ ગુસ્સામાં આવી જઈ બારણાં ઠોક્યાં.

મેં કહ્યું : 'નામદાર સૂતા હશે તે જાગશે ત્યારે ?'

'પણ બાઈનું શું થશે? ચાલો પેલી બાજુએથી ઓરડામાં જઈએ.' કહી ઉતાવળથી બીજી બાજુએ જઈ કામદારે પોતાના ઓરડામાં નજર નાખી. પેલી સ્ત્રી તદન નિરાશ મુખ કરી બેકી હતી. તેના મુખ ઉપર અતિશય ગભરાટ હતો. જે જોમ અને જોર તેણે પહેલાં બતાવ્યાં હતો તેનો અંશમાત્ર પણ તેનામાં રહ્યો નહોતો.

અમને જોઈને સમરસિંહે અમને અંદર બોલાવ્યા.

'પધારો સાહેબો અંદર !'

ગુસ્સામાં જ કામદારે અંદર પ્રવેશ કર્યો. તેઓ ખાઈની દયા ખાવા જતા હતા એટલામાં સમરસિંહે જ કહ્યું :

'હાર જડ્યો છે –'

મેં કહ્યું : 'ક્યાં છે ?' હું હરખમાં આવી ગયો.

તેણે જવાબ આપ્યો :

'આ બાઈસાહેબની પાસે જ છે. હું તો પ્રથમથી જ જણું છું. માત્ર કબૂલ નહોતાં કરતી. હવે એ પોતે કબૂલ કરે છે. કેમ બાઈસાહેબ ! હાર તમારી પાસે જ છે ને ?'

સહુના આશ્ચર્ય વચ્ચે બાઈએ હાર પોતાની પાસે હોવાની હા પાડી.

'જુઓ સાહેબ ! આ બાઈ પણ કબૂલ કરે છે કે હાર તેમની પાસે છે. હાર હવે જડ્યો છે. આપણી જવાબદારી ગઈ એટલે આપણે હવે જવું જોઈએ.' સમરસિંહે કહ્યું.

'પણ જ્યાં સુધી હું હાર નજરે ન જોઉ અને મારે હાથે નામદાર બાનુને ન આયું ત્યાં સુધી મને સંતોષ ન મળે.' મેં કહ્યું.

કામદારે પણ સંમતિ આપી. સમરસિંહ જરા કચવાયો અને પેલી અંગ્રેજ સ્ત્રી તરફ ફરીને તેણે કહ્યું :

'હાર લાવીને મારા હાથમાં મૂકો !'

'હું આપી દઈશ.'

'અપમાનને પાત્ર થવું પડશે. તમારા દેહ ઉપર જ તમે હાર સંતાડેલો છે. કાઢી નહિ આપો તો હું કપડાં તપાસીશ.'

પેલી બાઈએ પાછળ ફરી નવાઈ જેવી ઝડપથી હાર કાઢી આપ્યો. પેલો કામદાર તો વિસ્મય પામતો ઊભી જ રહ્યો; પેલા ગોરા સિપાઈ, મુખ લેવાઈ ગયું; અને બાઈ તો તદ્દન નિરાશ થઈ ગયેલી જ હતી.

'કામદાર સાહેબ ! આ હાર આપના કબજામાં જ રાખો. આ બંને જાગને આ ઓરડામાં પૂરી રાખો, અને સવારે નામદાર બાનુ ઊઠે ત્યારે તેમને હાર સોંપી દીધા પછી આ બંને છોડજો આ બેમાંથી કોઈને પણ છૂટા મૂકશો તો હાર જડેલી પાછો ખોલશે અને તેની શોધમાં હજારો ગાઉની મજલ કરવી પડશે.'

એમ કહી સમરસિંહે હાર કામદારને આધીન કર્યો. મને તેણે કહ્યું :

'સાહેબ! હવે જેટલી ક્ષણ છે એટલી આપણે પૂરી કરી લેવી જ પડશે. હવે ચાલો.'

મેં કામદારને કહ્યું :

'હું હવે બેત્રણ માસ સુધી અહીં આવી શકીશ નહિ. જરૂરનું કામ છે, માટે જ મેં અત્યારે તમને તઓ આપવી જરૂરી ધારી.'

'આટલી રાત રહી જાઓ. મેં તો લાગ્યું કે તમારે હાથે હાર અપાવીશું.'

'એવું બનત તો હું જ આટલી રાતે શા માટે આવત ? મને માફ કરો અને મારા તરફથી મારી માગી લઈ નામદાર સાહેબને જણીવજો !'

'આ હિંદી ગૃહસ્થ કોણ છે ?'

'તેઓ મારા મિત્ર છે. જોકે હજુ તેમને હું પણ પૂરા ઓળખતો નથી !' હસતે હસતે મેં કહ્યું.

કામદારને લાગ્યું કે હું તેની ઓળખાણ કરાવવા માગતો નથી, એટલે તેણે વધારે પૂછપરછ કરી નહિ. હું આ કામે રોકાયો હતો તે સહુ કોઈ જાહતા હતા. એટલે કેટલીક વાત ગુપ્ત રાખું તો કોઈને તેથી ખોટું લાગે એમ નહોતું.

કામદારે મારી તેમ જ સમરસિંહની સાથે હાથ મેળવ્યો - અને અમે ચાલ્યા. મને તો બહુ જ અચંબો લાગ્યો કે આ બધું એટલામાં શું થયું ? હું પૂછવા પણ માગતો હતો; તથાપિ સમરસિંહ વાત કરવા કરતાં ડગલાં ભરવા વધારે ધ્યાન આપતો હતો. એટલી ઝડપથી તેણે ચાલવા માંડ્યું કે મારા પગ થાકી ગયા, અને મારો લાસ ભરાઈ આવ્યો. લગભગ કલાક સુધી ચાલી અમો શહેર બહાર નીકળી ગયા, અને એક મેદાનમાં આવી ઊભા.

'સ્લિમાન સાહેબ ! થાક બહુ લાગ્યો. ખરું ?'

'જરા લાગ્યો તો ખરો !'

'હજી આથી પણ વધારે થાક લાગે એમ છે. સહન થાય તો મારી સાથે ચાલો, નહિ તો

અહીં જ રહી જાઓ.'

'ના ના હું સાથે જ આવીશ.' અભિમાને મને આગળ જવા પ્રેર્યો. વળી આ ગઢ મનુષ્યના સાથમાં જવાથી જાણવાનું પણ ઘણું જ મળવાનું હતું. ઉપરાંત મારી ખાસ જરૂર ન હોય તો આ માણસ મને સાથે આવવાનું કહે પણ નહિ. એ બધી વિચારો કરી મેં તેની જોડ જવાનું કબૂલ કર્યું.

મેદાનના એક ભાગમાંથી બે માણસો થોડા લઈ આવતા જણાયા. જોતજોતામાં ઘોડા પાસે આવ્યા.

'સાહેબ! આપ એક જાનવર પસંદ કરી લો.'

બંને ઘોડા ઘણા જ પાણીદાર હતા. મેં એક થોડી લીધો અને અમે બંને જણ આર થઈ આગળ ચલાવ્યું. જેમ જેમ મજલ કાપતા ગયા તેમ તેમ ઘોડાઓનો વેગ વધવા માંડ્યો, અને સવાર પડતી તો કેટલી મજલ કરી હશે તે કહી શકાય એમ રહ્યું નહિ. અમને વાત કરવાની પણ તક ન મળી. સવાર થયું અને સૂર્યનાં કિરણોએ લાલાશ ફેલાવી.

ઘોડા હજી અટક્યા જ નહિ. સમરસિંહના ઘોડાની લગોલગ જ મારો થોડી રહેતો હતો. એકબીજા વચ્ચે જાણે શરત થતી હોય તેમ ઘોડા દોડતા હતા. પવનવેગનો મને આજે ખરો અનુભવ થયો. ગાઉના ગાઉ જોતજોતામાં નીકળી જતા હતા. ઘોડાના વેગ આગળ બેસનારને વિચાર કરવાની પણ ફુરસદ ન હતી. આ વખતે મને લાગેલી થાક સમરસિંહે જોયો.

'સાહેબ ! હવે અડચણ નથી. દસેક ગાઉની મજલ હજી લેવાની છે; ગભરાશો નહિ.

ઘોડા દોડતા જ રહ્યા. કલકિકમાં ઝાડની ઘટાવાયુ એક સ્થળ આવ્યું, અને સમરસિંહે ઘોડો અટકાવ્યો. સાથે મારો પણ થોડી ધીમો પડ્યો.

એક ઝૂંપડી આ ઝાડની ઘટામાં દેખાઈ. તે તરફ ઘોડા વાળ્યા.

ધીમે રહી ઝૂંપડીનું બારણું ખોલી એક માણસ બહાર આવ્યો. તેણે સમરસિંહને કોઈ વિચિત્ર રીતે સલામ કરી, સમરસિંહ અને હું બંને ઘોડા ઉપરથી નીચે ઊતરી પડ્યા. મારા તો પગ જૂઠા પડી ગયા હતા. યુદ્ધના ધસારામાં પણ આટલી ઝડપ અમે વાપરી નહિ હોય.

સમરસિંહ હસ્યો :

'કેમ સાહેબ ! પગ અકડાઈ ગયા. ખરું ? હરકત નહિ.' પેલા માણસ તરફ ફરી સમરસિંહ બોલ્યો :

'જો. ઘોડાને બાંધ. સાહેબને ભોયરામાં લઈ જાઓ. ખૂબ ઊના પાણીથી નવરાવો અને શરીર દબાવો.'

મને ભોંયરામાં લઈ જવાની વાત બહુ રુચી નહિ. મેં પૂછ્યું :

'તમે ક્યાં જશો ?'

'હું અહીં જ છું. ઝૂંપડીવાળા ભાગમાં આપનાથી બેસાય નહિ. નીચે એક સુંદર ઓરડો છે તેમાં હવે જઈ આપ આરામ લો. ચાલો, હું સાથે જ આવું.'

૨૪

અણીનો વખત

આ મુજબ લગભગ એક અઠવાડિયું મુસાફરી કરી. રસ્તામાં ચાલતાં કોઈ જંગલની બાજુમાં આવેલી ઝૂંપડીઓમાં રાત્રે અમે સૂઈ રહેતા. આ ઝૂંપડીઓમાં ખાસ જોવા જેવું એ હતું કે ઉપરથી સાધારણ વસતિ વગરની લાગતી એ ઝૂંપડીઓમાં અંદરથી ભોંયરાં હતાં, અને તેમાં વસાયતને લાયક ઓરડાઓ કોરી કાઢેલા હતા. તેમાં સાધારણ સારી જાતના ખાટલા, પાથરણાં, વાસણ વગેરે નજરે પડતી અને ખોરાકનાં પૂરતાં સાધનો પણ રહેતી.

મને બહુ નવાઈ લાગી. મેં એક દિવસ સમરસિંહને પૂછ્યું :

'આ બધાં તમારાં ઠગ લોકોનાં થાણાં છે કે શું ?'

'હા, જી. અમારા આ જંગલના વસવાટમાં અમે શહેરોનાં સાધનો મેળવીએ છીએ. પરંતુ તેથી એમ નથી સમજવાનું કે શહેરોમાં પણ અમારાં સ્થાન નહિ હોય. હવે આપણે આ શહેર જોઈશું.'

આ ઝૂંપડીવાળા સ્થળથી નીકળી રાત્રે અમે એક શહેરમાં પહોંચ્યા. મધ્ય હિંદુસ્તાનનું આ આ જાણીતું શહેર હતું - અને હું પોતે પણ અહીં ઘણી વખત આવ્યો હતો.

'કેમ સાહેબ ! આ શહેર તો આપનું જાણીતું છે, નહિ ?' તેણે પૂછ્યું.

મેં હા પાડી. અંગ્રેજને રહેવા માટે એક સુંદર અલગ લત્તો હતો. તે બાજુએ અમે અમારા ઘોડા દોર્યા. રસ્તાની મૂળ, તાપ અને થાકથી મારું મુખ લગભગ હિંદવાસી સરખું જ કામ બની ગયું હતું. અમને કોઈએ ઓળખ્યા પણ ન હિ! મેં કહ્યું:

'સમરસિંહ ! તમે મને ક્યાં લઈ જાઓ છો? આ બાજુએ તો અમારો કેમ્પ છે. તમે પકડાઈ જશો.' મેં કહ્યું.

'હરકત નહિ. તમે ચાલો તો ખરા !' કહી તેણે મને આગળ દોર્યો. આખો અમારો લતો આમ ને આમ ઘોડા ઉપર અમે પસાર કર્યો. રાત પડવા આવી હતી. કેટલાંક ઓળખીતાં સ્ત્રીપુરુષો પણ મારી નજરે પડયાં. પરંતુ હું ઓળખાઉ એવો રહ્યો નહોતો.

આમ બિનરોકાણે આખો લત્તો અમે પસાર કરી દીધો. અને લશ્કરી છાવણીની જ પાસે આ પડી ગયેલી જૂની મસ્જિદ પાસે અમે આવ્યા. મસ્જિદની જોડે અડીને એક ઝૂંપડી હતી. તે ઝૂંપડી પણ અડધી પડી ગયેલી લાગતી હતી. તેમાં એક ઝીણો દીવો બળતો હતો એમ દૂરથી સમજાયું. ઝૂંપડી પાસે જતાં એક બુઢ્ઢો ફકીર હાથમાં અકીકની એક માળા લઈ ઝૂંપડી અરધી ઉઘાડી રાખી બેઠેલો દેખાયો, પાસે એક દીવો હતો, થોડી અગરબત્તીઓ બળતી હતી. અને આ વાસણમાં સુવાસિત લોબાનનો ધુમાડો આછી આછી પ્રસરી વાતાવરણને અનુકૂળ

બનાવતો હતો.

'સાહેબ ! અહીં ઊતરો.' કહી સમરસિંહ નીચે ઊતર્યો અને સાથે હું પણ ઊતર્યો. ફકીરને અમે નમસ્કાર કર્યા. તેણે આશીર્વાદ આપ્યા અને અમારે બેસવા માટે એક સારી ચટાઈ પાથરી.

'કેમ બેટા ! અત્યારે ક્યાંથી ?' ફકીરે સમરસિંહને પૂછ્યું.

'કાંઈ નહિ. આ અમારા સાહેબને શહેર જોવું હતું એટલે તે જોવાને લાવ્યો.'

'બહુ સારું કર્યું'. ઘણું ઘણું જોવાનું આ શહેરમાં છે. કંઈક મિનારા અને મસ્જિદો છે; મંદિરો પણ મારાં છે. સાહેબોનો કેમ્પ પણ પાસે છે. કાલે બધું બતાવજે. આજે આરામ કરો.' ફકીર બોલ્યો.

અમારા લોકોની આટલી બધી નજીકમાં ઠગ લોકોનું આવું બહારથી નિર્દોષ જણાતું થાણું હોય એ ઘણું જ ભયંકર હતું. મને હવે સમજાયું કે આ ઠગ લોકો શી માટે પકડાતા નહોતા. અમારા લશ્કરના ઘણા સિપાહીઓ અને અમલદારો આ ફકીરને ઓળખતા હતા. ફકીર સિતાર ઘણો સારો વગાડતો, અને તે લઈને અમારા રહેઠાણમાં તે માગવા નીકળતો ત્યારે ઘણાં સ્ત્રીપુરુષો હિંદી સંગીત સમજતો ન હોવા છતાં ફકીરને બોલાવતાં, અને સિતાર વગડાવી કંઈ કંઈ વાતો કરી તેને મરજી અનુસાર ભેટ આપતો. આવો ફકીર આટલાં વરસથી અહીં જ સ્થાન કરી રહ્યો હતો, અને તેને તથા ઠગના સરદારને આવો નિકટ સંબંધ છે એની અમને કોઈને ખબર જ ન હતી !

ફકીરે સુંદર ફળ અને સૂકો મેવો ખાવાને આપ્યાં. સમરસિંહને દૂર લઈ જઈ કાંઈ વાત તેણે કરી. પછી મને પણ તે અંદરના ભાગમાં લઈ ગયો અને એક લાકડાનું ખવાઈ ગયેલું પાટિયું ઉપાડી તેમાં અમને દાખલ થવા જણાવ્યું.

હું આવી રચનાઓથી હવે ટેવાઈ ગયો હતો. નાની નિસરણી ત્યાં મૂકેલી હતી. અમે બંને ભોંયરામાં આવેલ ઓરડામાં સૂતા.

કલાક બે કલાક સુધી હું સૂતો. પરંતુ કાંઈ ખડખડાટ થતાં હું જાગી ગયો. પેલો ફકીર સમરસિંહ સાથે કાંઈ વાતો કરતો હતો

'ત્રણ દિવસમાં હોમ થવાનો છે, તેમાં બે કુરબાની થશે. કાં તો હવે ઘોડા બદલી નાખો કે કાં તો આ હવે રસ્ત થઈને જાઓ. સાહેબને ન લઈ જવા હોય તો તેમને હું સંભાળીશ. પણ તારે તો જવું જ પડશે. સૂવાનો વખત નથી.' ફકીરે કહ્યું.

હું જાગતો હતો. ફકીરે મને એકલો મૂકી જવા જણાવ્યું એ મને પસંદ આવ્યું નહિ. હું કદાચ વાંધો ઉઠાવત પરંતુ ઊંઘતા રહેવાનો દેખાવ કર્યાથી વધારે જાણવાનું મળશે એમ ધારી હું કાંઈ જ બોલ્યો નહિ સમરસિંહે મને એકલો છોડવાની ના કહી.

'ઘોડાઓ કોઈની સાથે મોકલી દો. હું અને સાહેબ આ ભોયરામાં થઈને જઈશું.' સમરસિંહે કહ્યું.

'જે કરવું હોય તેની ઉતાવળ રાખો. પરમ દિવસની રાત ભયંકર છે. સાહેબને જગાડીશું ?' ફકીરે પૂછ્યું.

'એ, તો જાગતા જ હશે.' કહી સમરસિંહ હસ્યો. ખરે હું જાગતો જ હતો આંખ ઉપાડી તેની સામે જોયું.

'સાહેબ ! મરવાનો ડર તો નથી ને ?' સમરસિંહે પૂછ્યું.

'જરા પણ નહિ.' મેં કહ્યું.

'ચાલી ત્યારે અત્યારે જ જવું પડશે.'

અમે તૈયાર થઈ ચાલ્યા. ભોયરામાં ને ભોયરામાં જ માર્ગ હતો. લગભગ બે દિવસ અમારે આ પ્રમાણે માર્ગ લેવો પડો. કોઈ વાવ અગર મંદિરમાં આ ભોંયરાનો મુખ પડતાં. ત્યાં જરૂર પલ સમરસિંહ જતો અને જરૂરની ખબર લઈ પાછી આવતો. આટલું લાંબું ભોંયરું કેવી રીતે બન્યું હશે તે જ સમજતો આશ્ચર્ય લાગે એમ હતું. ત્રીજે દિવસે સવારમાં અમે બૂમ સાંભળી. સમરસિંહનું સૌમ્ય અને હસતું મુખ જરા ઉગ્ર થયું. માથા ઉપરનો આ પથ્થર તેણે ધીમે રહીને ખસેડી અને ઊંચે ચડીને તેણે બહાર જોયું.

'બહાર ચાલ્યા આવો.' તેણે ત્યાંથી જ કહ્યું અને ડોકાબારીમાંથી તે બહાર નીકળ્યો. તેની પાછળ હું પણ નીકળ્યો. મને લાગ્યું કે એક ભયાનક કોતરમાં અમે ઊભા હતા. ધીમે ધીમે અમે ઉપર ચડ્યા. દિવસનો પ્રથમ પહોર થયો હશે એમ લાગતું હતું. વરસાદ ઓછો પડ્યો હોય એમ જણાયું. અને જે કોતરમાં અમે ઊભા હતા તેની પાસેનાં કોતરોમાં પાણી પણ ભરાયાં હતી. આ કોતરમાં પાણી આવવાનો માર્ગ બંધ કર્યો હશે એમ મને લાગ્યું, કારણ ગુપ્ત માર્ગ અહીં પડતો હતો.

ફરીથી મોટી બૂમો સંભળાઈ. સમરસિંહની આંખમાં તેજ આવ્યું. તે ઝડપથી ઉપર ચડી ગયો. જે મંદિરમાં હું પ્રથમ ઊતર્યો હતો તે મંદિરના એક ભાગમાં અમે પ્રવેશ કર્યો.

બહાર બૂમો ચાલુ જ હતી અને અમે હથિયારોના ખડખડાટ પણ સાંભળ્યા. મંદિરના એક ઓરડામાં જઈ અમે કાળા ઝબ્બા પહેરી લીધાં, મોં ઉપર મુખવટા પહેર્યાં અને હાથમાં હથિયાર લીધાં.

'સાહેબ ! જીવનું જોખમ છે. પરંતુ બનશે ત્યાં સુધી તો આપને હરકત આવશે નહિ. આપ મારા તરફ ધ્યાન રાખજો અને જરૂર પછી મારી પડખે રહેજો' સમરસિંહે કહ્યું.

'અહીં શું થાય છે ?' મેં સહજ ધબકતે ઉદયે પૂછ્યું.

'આપ જોયા કરજો બનશે ત્યાં સુધી આપને કશી હરકત નહિ થવા દઉ. હરકત થશે તોય મને થશે'.

એટલું કહી અમે ઓરડામાંથી બહાર નીકળ્યા. મંદિરના મોટા ભાગમાં અમે આવ્યા. અહીં જ પેલી ભયાનક ભવાનીની મૂર્તિ બેસાડી હતી. આયેશા મને અહીં જ મળી હતી. આઝાદની પાસેથી હું અહીં જ ઊતરી આવેલો હતો.

અમારાં જ જેવાં કપડાં પહેરેલી માણસ અમને સામેથી આવતો જણાયો. સમરસિંહે ઝબ્બો સહેજ ઊંચક્યો. તે ઘૂંટણે પડ્યો. અને ઊઠતાં ઊઠતાં હાથનો સ્વસ્તિક આકાર બનાવ્યો. મેં પણ એની નકલ કરી એટલે અમારે બંને માટે દ્વાર ખુલ્લું થયું. અમે ફરીથી એક ભયંકર સમૂહબૂમ સાંભળી.

'બહુ જ વખતસર આવ્યા.' ધીમે રહી સમરસિંહ બોલ્યો.

અને અમે એક મોટા મેદાનમાં ઊતરી આવ્યા : ચારે બાજુ પર્વતોના ટેકરાઓ વચ્ચે વિશાળ મેદાન હતું. એક પાસ ટેકરો અને બીજી પાસ એક ભયંકર ઝડપથી વહેતો વહેળો

એવા સ્થળમાં લગભગ બસો માણસો અમારી જ માફક કાળાં વસ્તુ પહેરી બેઠાં હતાં. વચમાં બે સ્ત્રીઓને ખુલ્લે મુખે બેસાડી હતી. મેં તુરત જ એ બંને સ્ત્રીઓને ઓળખી.

એક આયેશા ને બીજી મટીલ્ડા !

૨૫

બલિદાન

બંને સુંદરીઓને વિચિત્ર વેશમાં જોઈ મારાં રોમ ઊભી થઈ ગયાં. બંનેના વાળ છુટ્ટા મૂકેલા હતા. તેમના કપાળે કોઈ લાલ લેપ લગાડ્યો હતો જે તેમના સૌંદર્યને ભયંકર બનાવતો હતો. તેમના ગળામાં કરેણનાં પુષ્પની માળાઓ પહેરાવેલી હતી. બંનેના હાથ બાંધેલા હતા. સતીના વાંચેલા દૃશ્ય મને યાદ આવ્યાં. માનવી થરથરી ઊઠે એવું એ દૃશ્ય હતું. આયેશા શાંતિથી પણ અત્યત કડક મુખાકૃતિ બનાવી બેઠી હતી; મટીલ્ડાની આંખ ફાટી. ગઈ હતી. સ્ત્રીસૌંદર્યની ભયંકરતા જેવી આજ મેં જોઈ તેવી કદી મારી જિંદગીમાં ફરી જોઈ નથી.

આઠ હથિયારબંધ માણસો એ બંને સ્ત્રીને વીંટાઈ વળી ઊભા હતા. અમે પણ ધીમે ધીમે ટોળામાં જઈને બેઠા. ટોળામાં બુરખાધારી મનુષ્યો અમારી તરફ જોવા લાગ્યા. અમે પણ વગર ઓળખ્યે તેમના તરફ વારા-ફરતી જોવા લાગ્યા. સમરસિંહ જે કરે તે ધ્યાનમાં રાખવાની જવાબદારી હું બને ત્યાં સુધી રાખી રહ્યો. પરંતુ જેની ટેવ ન હોય તે વસ્તુમાં ભૂલ થઈ જાય એ સંભવિત હતું. મને એવી ભૂલ થઈ જવાનો ડર લાગ્યા કરતો હતો.

અમે ટોળામાં જઈને બેઠા કે તરત જ સહુ કોઈએ પોકાર કર્યો :

‘જય ભવાની !’

સમરસિંહે એમાં પોતાનો અવાજ ભેળવ્યો. પરંતુ મારાથી બૂમ પાડી શકાઈ નહિ. બૂમથી વાતાવરણની વધી ગયેલી ભયંકરતા મને ગભરાવી રહી હતી. મારી પાસે બેઠેલા આ માણસને મારી અશક્તિ દેખાઈ. તેણે મારા બુરખા સામે જોયું અને મને પીઠમાં એક ધક્કો માર્યો. મારે શું કરવું તેની સમજ પડે તે પહેલાં તો બુમના પડઘા આથમી ગયા, અને એકાએક શાંતિ ફેલાઈ.

બસો માણસોના ટોળામાંથી એક ઊંચી વ્યક્તિ ઊભી થઈ. તેના કાળા ઝબ્બાની આસપાસ ઝીકની કોર હતી, અને ઊંચા પ્રકારના મુખ-વટાને લીધે તે આગેવાન હોય એમ મને લાગ્યું. એ આગેવાને ગંભીર ઉચ્ચારણથી બોલવાનું શરૂ કર્યું :

‘જેટલા બની શકે એટલા નાયકો અહીં ભેગી થયા છે. આજે આપણે એક દિલગીરીભરી ફરજ બજાવવાની છે.’

કોઈએ કહ્યું :

‘સમરસિંહને આવવા દેવો જોઈએ.’

આગેવાને કહ્યું :

'એ આવ્યો હતો તો મને પણ ઉપયોગી થઈ પડત. એની રાહ હવે જોવાય તેમ નથી. આજનો દિવસ છેલ્લો જ દિવસ છે. દુશ્મનો સાથે મળી જવાનો આરોપ આવેશી ઉપર પુરવાર થયો છે. અને આ ગોરી બાઈનો ઘમંડ તેને જીવતી રહેવા દે એમ નથી. આજ એ બંનેનો ભોગ ભવાનીને આપવાનો છે. તે ક્રિયા નિહાળવા આપને આમંત્રણ આપ્યું છે.

આગેવાનનો અવાજ મને સહજ પરિચિત લાગ્યો. સમરસિંહની અને આઝાદની સોબતમાં મેં કૈંક ઠગ લોકોને જોયા સાંભળ્યા હશે.

'હું તેમનો ભોગ આપવાની વિરુદ્ધ છું. ટોળામાંથી કોઈ બોલ્યું. એ કોણ હશે તે હું સમજી શક્યો નહિ.

'આમ બોલીને તમે તમારી આફતોમાં વધારો કરો છો. ભોગ વગર ભવાની પ્રસન્ન કેમ થશે ? તમારે માથે કેટલું સંકટ છે તે તમે જાણો છો ?' આગેવાને કહ્યું.

કોઈએ કાંઈ ઉદ્‌ગાર કાઢ્યા નહિ. જરા રહી આગેવાને કહ્યું :

પ્રથમ બંને બાઈઓની ટચલી આંગળી કાપી તેમના રુધિરથી સહુને ચાંદલા કરવા હું પૂજારીને ફરમાન કરું છું.'

મારું હૃદય ચણચણી ઊઠયું. આ કેવી ક્રુરતા? આ આછી પરિચિત અવાજ કોનો હતો ? કયો પૂજારી એમની આંગળીઓ કાપશે ? હું શું કરી શકું? સમરસિંહ કાંઈ પણ કરશે કે કેમ? આવા આવા વિચારો મને એકદમ આવી ગયા. સહજ સમય ગયો છતા કોઈ પૂજારી ઊઠતો લાગ્યો નહિ.

'શા માટે તમે અટકો છો? આયેશા મારી બહેન છે. તમારા કોઈના કરતાં પણ તેને બચાવવા માટે હું વધારે મથું તો વાસ્તવિક ગણાય. પરંતુ આપણી બિરાદરી આપણી કોઈ પણ સગપણ કરતાં વધારે નજીક છે. ચાલ, ભોળાનાથ ! તૈયાર થા.'

આયેશાના ભાઈ ખાનસાહેબ આ ફરમાન કરતા હતા. એ સ્પષ્ટ થયું. એમની જ તપાસમાંથી આયેશા અને સમરસિંહે મને બચાવ્યો હતો આ હથિયારબંધ પુરુષે પોતાનો મુખવટો કાઢી નાખ્યો, તેના કપાળ ઉપર તિલક હતું; તેના ગળામાં રુદ્રાક્ષની માળા હતી, એની આંખ બહુ જ કપરી હતી. તેના મુખ ઉપરથી એમ લાગતું હતું કે આ પૂજારીને હાથે કૈંક માનવબલિદાન અપાઈ ગયાં હશે ઠગ લોકોમાં બ્રાહ્મણો પણ હતા એ મેં પ્રત્યક્ષ જોયું. ધર્મ અને બાહ્યાચારમાં જુદા દેખાતા હિંદુ અને મુસલમાન આમ કેમ એક થઈ શક્યા હશે એનો મને વિચાર આવ્યો. મને લાગ્યું કે ઉભો રહેલો પૂજારી હમણાં જ બંને અબનાઓની નાજુક આંગળીઓ ટચકાવી નાખશે. પરંતુ પૂજારી મુખવટો કાઢીને ઉભો જ રહ્યો.

'આજે એક કરતાં વધારે ફરમાનની જરૂર પડશે શું ? ખાનસાહેબના હુકમની અવગણના કરનાર દ્રોહીની ગરદન મારી તલવાર નીચે આવી જશે.'

મને લાગ્યું કે આ ધમકી આપનાર અવાજ પણ મને પરિચિત હતો. કોણ હશે? આઝાદ તો નહિ હોય? પરંતુ કાળા ઝભામાં ટકાયેલ મુખ માત્ર આંખને જ બિહામણી બનાવી રહ્યાં હતાં. બિહામણી આંખ મુખને ઓળખવા દે એમ ન હતું.

'ખાનમાહેબના હુકમની અવગણના કરનાર આ ટોળીમાં તો હોઈ શકે જ નહિ. આયેશાનો ભોગ આપવા હું તૈયાર છું પરંતુ આ મડમ જેની કેદી છે તેની અહીં હાજરી નથી.

તેની હાજરી વગર એ ગોરી બાઈ ઉપર હાથ ઉપાડવો એ અધર્મ છે.' પૂજારીએ કહ્યું. આયેશાનો ભોગ આપવા તૈયાર થયેલ કઠોર હૃદયને ધર્મઅધર્મની ભાવના ચૂંચવતી હતી એ નવાઈ જેવું હતું.

'મારા હુકમનું અપમાન ? હું જાતે મટીલ્ડાની આંગળી કાપીશ અને બંને બાઈઓ જો ભોળાનાથનું પણ બલિદાન ભવાનીને આપીશ.' એટલું બોલતાં બોલતાં ખાનસાહેબે ઝડપથી ધસી કટાર કાઢી. અને સામે આવી રિબાવતા મોતને નીરખી અર્ધઘેલી બનેલી મટીલ્ડાની તેમણે આંગળી પકડી.

'સબૂર !' એકાએક મારી જો બેઠેલા સમરસિંહે ગર્જના કરી. સહુની આંખ અમારી બાજુએ વળી. ખાનસાહેબ અટક્યા. સમરસિંહનો અવાજ તેમણે પારખ્યા હોય એમ લાગ્યું.

'ખાનસાહેબ! આપને હાથે આ કામ ન થાય. એ હાથ વરદાન આપવા માટે અલગ રાખેલી છે. આપ લોહી રેડો તો આખી બિરાદરી અપવિત્ર થાય.' સમરસિંહે બોલવાનું ચાલુ રાખ્યુ. એટલું બોલતાં તે પણ આગળ વધ્યો અને ખાનસાહેબની લગોલગ જઈને ઊભી રહ્યો. વાતાવરણ તદ્દન શાંત બની ગયું. પરંતુ એ શાંતિ મહાભયંકર દેખાતી હતી. એ શાંતિ પાછળ વીજળીઓ ચમકશે એમ મને લાગ્યું. સમરસિંહની ગર્જનાનો પડઘો પહાડોમાં અથડાઈ પાસે જ વહેતા વહેળના ઘૂઘવાટ સાથે ભળી ગયો.

'બેશરમ ! ખાનસાહેબની સામે થતી શરમાતો નથી ?' એક કદાવર પુરુષે સમરસિંહ સામે ધસી આવી પુકાર કર્યો.

'ખાનસાહેબની સામે થતો નથી; ખાનસાહેબને આપણો ધર્મ સમજાવું છું.' સમરસિંહે કહ્યું.

તું ધર્મ સમજાવે છે ! ખાનસાહેબને ?' કદાવર પુરુષે તિરસ્કારથી પૂછ્યું.

'હા; મારું એ જ કર્તવ્ય છે. ભૂલે તેને માર્ગ બતાવવો.' સમરસિંહે કહ્યું.

'માર્ગ તું ભૂલે છે અને ભુલાવે છે. દૂષિતને દંડ દેતાં વચમાં આવે છે. ભવાનીનો કોપ તું આપણી ઉપર ઉતારે છે.'

'જ્યારથી આપણે માર્ગ ભૂલ્યા ત્યારથી આપણી ઉપર ભવાનીનો કોપ ઊતરી ચૂક્યો છે. આપણી કેટકેટલા નાયકો પકડાયા તે જાણો છો ને? દુર્ગા ફિરિન્ગિયા શમશેર, ઉમરાવ, અમીરઅલ્લી, મખ્ખન...'

'અને તારા જેવો નાયક મળશે એટલે આપણે બધાય પકડાઈશું. શા માટે એ બધાનાં નામ તું દે છે? શરમાતો નથી ? ગોરાસાહેબનો માણસ બની તું જ અમને બધાને દગો દેવા બેઠો છે !' પેલા ધસી આવેલા કદાવર પુરુષે કહ્યું. એના પરિચિત અવાજને પિછાનવા હું મથતો હતો એટલામાં જ સમરસિંહે પોતાના મુખ ઉપર ઢાંકેલો પડદો કાઢી નાખ્યો, અને તેના ઉપર આરોપ મૂકતા માણસને ઓળખાવ્યો.

'આઝાદ ! તો મારો ભોગ આપવાનો નિશ્ચય કરો.'

'તે પણ થશે જ. હમણાં તો ધાર્યા પ્રમાણેના ભોગ આપવા જોઈએ.'

'હું આપણી બિરાદરીને છેલી બોલ સંભળાવું. આપણી પ્રથમ પ્રતિજ્ઞા એ કે ઠગથી સ્ત્રીનો વધ ન થાય, અરે, એટલું જ નહિ. સ્ત્રી સામે કુદૃષ્ટિ પણ ન થાય અને તેને આગળી પણ

અડકાડાય નહિ !'

'એવું કયા ઠગે કર્યું છે ?'

'જે પકડાયા છે તેમને પૂછી જો મોગલાણી કાટીબીબી અને રાધાનાં ખૂન એમને પકડાવી રહ્યાં છે. સ્ત્રીનો વધ ભવાની કદી માફ કરતી નથી.' સમરસિંહ બોલ્યો. આઝાદે પોતાનું મુખ પણ ખોલી નાખ્યું, અને સામો જવાબ આપ્યો :

'એ યાદ કર્યાનો અર્થ નથી. પણ આપણી બિરાદરીમાં સામેલ થયેલી સ્ત્રીને બધાય પુરુષના કાયદા લાગુ પડે છે. એટલે આ બંનેનો ભોગ અપાશે જ.'

'હું જીવતો છું ત્યાં સુધી તો નહિ જ. બહેતર છે કે આ બે યુવતીઓને મારીએ એના કરતી આપણી બિરાદરી વિખેરી નાખીએ. ખાનસાહેબ ! આપણી બિરાદરી સ્ત્રીઓને મારે છે, બાળકોને મારે છે, બાળકીઓને વેશ્યાને ઘેર વેચે છે. આપણી નાલાયકી માટે આપણે બિરાદરી બાંધી છે? રાજામહારાજાઓનો જુલમ, અમીરઉમરાવોની જબરજસ્તી. કંજૂસ ધનિકના અત્યાચાર, અમલદારોની લાંચરુશ્વત : આ બધું આકાવવાને બદલે આપણે એમાં ભાગ લઈએ તો બહેતર છે કે આપણે ઝેર ખાવું. હું જીવું છું ત્યાં સુધી મારી નજર આગળ એક પણ સ્ત્રીને હેરાન થવા નહિ દઉં.'

'તને બહુ જીવવા દેવાનો જ નથી. ખાનસાહેબ ! આપના હુકમનો અમલ કરાવું ?' આઝાદ બોલ્યો.

'સમરસિંહને પણ સાંભળવો જોઈએ.' ખાનસાહેબ બોલ્યા. 'બિરાદરીનું ગુરુપદ એનું છે.'

'ગુરુપદ ?' આઝાદ બોલ્યો. પણ તેને આગળ બોલતો અટકાવી વચમાં ખાનસાહેબે કહ્યું :

'બસ. આઝાદ ! એની વિરુદ્ધ - એના ગુરુપદ વિરુદ્ધ કાંઈ બોલીશ તો હું તને સજા કરીશ. વૃદ્ધ ગુરુ યાદ છે ?'

'એ ક્યાં અને આ તુમાખી છોકરો ક્યાં ? આપણી બિરાદરીને એ બુડાડનાર...'

ત્રણચાર જણ ઊભા થઈ ગયા. તેમણે પોતાના બુરખા બાજુએ મૂકી દીધા. અને તલવાર કાઢી આઝાદ સામે ધસી ગયા. આઝાદ હસ્યો. તેના હસતા બરોબર બીજા ચાર માણસો બીજી બાજુએથી ધસી આવ્યા, અને આઝાદનું રક્ષણ કરતા ઊભા રહ્યા.

'આપણે ઝઘડવાની જરૂર નથી. ઝઘડો મારી અને સુમરાની વચ્ચે છે. હું કહું છું કે ભવાનીને સ્ત્રીનો ભોગ અપાય; એ ના કહે છે. અમે બંને યુદ્ધ કરી શકીએ તો યુદ્ધનું પરિણામ ન્યાયનો માર્ગ બતાવે. પરંતુ સુમરો તો હથિયાર વાપરી શકતો નથી. હથિયાર ન વાપરનાર કાયર સાથે બોલવું શું ?

'આઝાદ ! તને ખબર નહિ હોય, પણ અત્યારે તને કહું છું. સ્ત્રી કે બાળકના વિરુદ્ધ હાથ ઉપાડનાર ઠગની સામે હું હથિયાર ધારણ કરી શકું છું.' સમરસિંહે કહ્યું.

સમરસિંહને મેં કદી હથિયાર વાપરતાં જોયો ન હતો. તે હથિયાર રાખતો પણ નહિ; છતા તેની હિમત અને તેના બળનો મને પૂરો અનુભવ થયો હતો. ઠગના ઘણા સૈનિકો કહેતા કે સુમરો જ્યારે હથિયાર ધારણ કરતો ત્યારે તે અજેય બની જતો. એ સતત હથિયાર વાપરે તો આખા જગતને જીતે એવી ઘણાની માન્યતા મેં સાંભળી હતી. આઝાદ પણ એક ક્ષણ

ચમક્યો. છતા તે આજે જીવ ઉપર આવી ગયો લાગતો હતો. મટીલ્ડા અને આયેશાનો ભોગ આપવાની તેણે જ તરકીબ રચી હતી, અને એ જ ભયંકર પ્રસંગ ટાળવા માટે સુમરો ઠગ મને આટલી ઝડપે આ સ્થળ ઉપર લાવ્યો હતો. સુમરાની ગેરહાજરીમાં આ કાર્ય કરી નાખવાની આઝાદની ઇચ્છા હતી પરંતુ સુમરો આવ્યો અને તેની યોજનામાં વિઘ્ન ઊભું થયું. સદાય નડતા સુમરાને સદાયનો દૂર કરવા તે લલચાયો હતો. એકાએક આઝાદે પોતાની તલવાર ખેંચી. ઊંચકી ને સુમરા ઉપર મારી. સુમરો આ જબરજસ્ત પ્રહારથી કપાઇ બે ટુકડે જમીન દોસ્ત થશે એમ મેં ધાર્યું. આખું ઠગ ટોળું ઊચું થઈ ગયું. એક ક્ષણમાં આખી ઠગ ટોળીએ એક આખા જીવની રમત નિહાળી. કોઈ કાંઈ પણ કરી શકે તે પહેલી એ પ્રહાર પડી ચૂક્યો.

આંખ મીચી ઉઘાડતામાં તો સહુએ જોયું કે આઝાદની તલવાર ખણખણ કરતી દૂર પથ્થર સાથે અથડાતી પડી હતી અને સુમરો ભયંકર પણ મોહક સ્મિત સાથે જરા પણ વિકળતા અનુભવ્યા વગર ઊભી રહ્યો હતો. આઝાદના ધાનું તેણે વગર હથિયારે નિવારણ કરી દીધું હતું. આઝાદના માનસને તે સમજી ગયો હતો, અને તેથી જ તેના પ્રહારને માટે તે ગમે તે ક્ષણે તૈયાર બની રહ્યો હતો. પડતા ઘાને બહુ જ ચાલાકીથી તેણે બચાવી લીધો એટલું જ નહિ. પણ એવી સફાઈથી આઝાદના ઊપડેલા હાથને તેણે ટકરાઓ કે તેની તલવાર પણ દૂર જઈ પડી.

આઝાદની તલવારમાંથી તેમ જ આઝાદની આંખમાંથી અગ્નિના તણખા ખર્યા. સુમરો હસ્યો અને બોલ્યો :

'આઝાદ ! હું સ્ત્રી કે બાળકના વિરુદ્ધ હાથ ઉપાડનાર સામે હથિયાર ધારણ કરવાનું કહેતો હતો, મારા ઉપર હથિયાર ચલાવનાર સામે નહિ.'

'ખાનસાહેબ ! મારુ મોત સહેલું નથી. તમે આઝાદને આજે છૂટો મૂકો !' સમરસિંહે કહ્યું :

'જરા પણ નહિ. મારા હુકમને ન માનનાર સામે...' ખાનસાહેબને આમ બોલતા અટકાવી આઝાદે કહ્યું :

'આપનો હુકમ હવે કોઈ જ માનતું નથી. નહિ તો ભવાનીનો ભોગ અધૂરો રહે ? આજે તો આ પાર કે...'

'ભવાનીને મારો ભોગ આપવાથી બિરાદરી બચતી હોય તો મને વાંધો નથી.' આયેશા બોલી.

'સ્ત્રીનો ભોગ આપતા બિરાદારી બળી ઊઠશે. ખાનસાહેબ ! આજે આઝાદ કહે છે તે પ્રમાણે આ પાર કે પેલે પારનો આખરી ફેંસલો થશે. હું કહું છું કે આજથી આપણી બિરાદરી વિખેરી નાખીએ આપણે ઠગ નથી રહ્યા; આપણે તો તુશમબાઝ બની ગયા છીએ.' સમરસિંહે કહ્યું.

'સમરસિંહને પેલા ગોરાસાહેબે નવાબી કે ઠકરાત આપી હશે.' વીછુવો પાછો કમરે બાંધતાં આઝાદે હસતાં હસતાં કહ્યું.

'મારા હાથની મુઠ્ઠીમાં એક નહિ પણ અનેક નવાબીઓ અને ઠકરાતો છે એ આઝાદ ભૂલી જાય છે.' સમરસિંહે જવાબ આપ્યો.

થોડી ક્ષણ સહુ કોઈ શાંત રહ્યા. બિરાદરી વિખેરી નાખવાની વાત સહુને ચમકાવી રહી હતી. આખું જીવન જે પંથને - જે માર્ગને - જે ધર્મને સમર્પણ કર્યું હતું તે પંથ, માર્ગ કે ધર્મને બાજુએ મૂકવો એવો જ સમરસિંહનો આગ્રહ હતો. એ કેમ બને ?

'સમરસિંહ ! તું વધારે પડતી સૂચના કરે છે.' ખાનસાહેબે કહ્યું.

'કઈ સૂચના, ખાનસાહેબ ?' સમરસિંહે પૂછ્યું.

'બિરાદરી વિખેરી નાખવાની.'

'આપ સહુ વિચાર કરો. આપણો હવે ઉપયોગ શો ? છૂપી રીતે - કાયદાને ઓથે - ધન લૂંટતા તવંગરનું ધન આપણે ઓછું કરતા નથી. આપણે તો ગરીબ અને ધનિક બધાયને લૂંટીએ છીએ.'

'તે આપણે બંધ કરાવીએ'

'આપણાં રાજ્યોને આપણે સહાય આપી શકતા નથી. પેશ્વાઈ ગઈ, છત્રપતિ ગયા, મોગલાઈ મરવા પડી. અને આપણે ગીરાઓથી ડરતા આપણા ભાઈઓને જ મારીએ છીએ. આઝાદ મારા ઉપર હથિયાર ઉગામે છે. શા માટે એ દિલ્હી સાચવવા જતો નથી ? શા માટે ગોરાઓને ચૂંચવતો નથી ?'

'પણ તું શું કરે છે ? તું તો ઊલટો ગોરાઓને સાચવે છે. આપણા જ દુશ્મનને તેં રક્ષણ આપ્યું છે, માટે તો આયેશાનો ભોગ અપાય છે.' આઝાદે કહ્યું.

હું ચમક્યો. મારું રક્ષણ કરનાર - મને આટલે સુધી પાછી લઈ આવનાર મારો મિત્ર બની ચૂકેલો સમરસિંહ હજી ગોરાઓને ગૂંચવવાની ઇચ્છા રાખે છે ?

'કદાચ એ ગોરો અહીં પણ હશે. પરંતુ રક્ષિત દુશ્મનને પણ મારી શકાય નહિ એ આપણો કાયદો. ગોરાઓની છાવણીમાં આપણે લૂંટ કેમ કરતા નથી ? એક પણ ગોરાને ગળે રૂમાલ બાંધવાની આપણામાં હિંમત નથી. દેશના દુશ્મનોને દૂર કરવાની આપણી બીજી પ્રતિજ્ઞા. કયા ગોરાને આપણે મારી શક્યા ? આખા દેશમાં ફેલાયેલી આપણી દેશી સત્તાને તેમના હાથમાં જવા દઈએ છીએ. આપણી હવે ખપ શો ?'

'પણ એ મોટી મોટી વાતો તને સોંપી હતી. તેં શું કર્યું ?' આઝાદે કહ્યું.

'નેપાળી અને પંજાબી શીખ એ બંનેની જાગૃતિ જો હિંદની બહાર નજર કર. રૂસ દેશમાં મેં બાંધેલી લશ્કરી ટોળીઓ યાદ કર. પછી મને પૂછ કે મેં શું કર્યું. અહીંની ભાળવણી તને કરી ત્યારે તેં કોઈના હાર ચોરવા માંડ્યા, કોઈ કોઈ રાજ્યોને અંદર અંદર લડાવ્યાં, જાત્રાળુઓના સંઘને લૂંટ્યા. અને જાણે એ ઓછું હોય તેમ ગોરી સ્ત્રી ઉપર પણ નજર નાખી. કાલિકાનો મંત્ર ઉચ્ચારનાર એક મહાનાયક આ માર્ગે આપણને દોરે એના કરતાં આપણે આ ઝરામાં ડૂબી મરવું વધારે સારું છે.' સમરસિંહે જરા આવેશથી ઉચ્ચારણ કર્યું.

આઝાદની આંખમાં સહજ તેજ દેખાયું. સૂર્ય હવે માથા ઉપર આવ્યો હતો. ઝાડની આછી આછી છાયા એ તાપને કોઈ કોઈ સ્થળે અટકાવતી હતી. મને સ્વાભાવિક રીતે તાપની અસર વધારે લાગતી હતી. હું સહજ ખસી એક ઝાડની છાયામાં. બેઠો. સમરસિંહે મારું આ કાર્ય જોયું, અને તે સહજ હસ્યો. ગોરી ચામડીથી બહુ તાપ જવાતો નથી.

'તો આજે આપણે વીખરાઈ જઈએ. ભવાનીને ચિઠ્ઠી નાખીને અગર તેની વાણી

સાંભળીને આપણે ભોગ આપવો કે કેમ એ કાલે નક્કી કરશું !' આઝાદે કહ્યું.

'ચિઠ્ઠી નાખવાની કે કોઇને ધુણાવી માતાજીને બોલાવવાની જરૂર નથી. ભોગ આપી શકાય જ નહિ.' સમરસિંહે કહ્યું.

'અત્યારે નક્કી ન કરીએ તો ?' ખાનસાહેબે કહ્યું.

' આ બંને બલિના તરફડાટનો વિચાર આપને નથી આવતો ?' સમરસિંહે પૂછ્યું.

'અમારો વિચાર કોઈ ન કરશો. ભવાનીની કૃપા હશે અને બિરાદરી-નું બહેતર થતું હશે તો આજને બદલે કાલ મોત જોઈશું.' આયેશા બોલી.

મૃત્યથી પણ અકંમિત રહેલી યુવતી એ જીવનનું એક મહાદૃશ્ય છે.

'ભલે ! ખાનસાહેબની આજ્ઞા પ્રમાણે થાય.' સમરસિંહ બોલ્યો. અને આવેશા તથા મટીલ્ડાની આસપાસ તલવાર લઈ ઝઝૂમી રહેલા મારાઓએ તલવારો મ્યાન કરી.

કેટલાક ઠગ નાયકોએ પોતાનાં મુખઆચ્છાદન દૂર કર્યાં. અને તેમણે ઊભા થઈ આમતેમ ફરવા માંડ્યું. બેઠકની વ્યવસ્થિત ગોઠવણ શિથિલ બની ગઈ, અને જોકે કેટલાક ઠગ લોકો મુખ ઉપર પડદાને રાખી બેસી રહ્યા હતા છતાં બલિદાન આપવાના નિર્ણય વખતે જે વ્યવસ્થિતપણું અને ઉગ્ર વાતારવણ નજરે પડતાં હતાં તે હળવાં બની ગયાં.

૨૬

છેલ્લો શ્વાસ

આઝાદના મુખ ઉપર અવનવો આનંદ કેમ દેખાતો હતો ? સમરસિંહના મુખ ઉપર હજી સ્વાભાવિકતા કેમ નહોતી આવી ? હળવાં બનેલા વાતાવરણમાં આ બે પ્રશ્નો મને મૂંઝવી રહ્યા.

'ચાલો, હવે ભવાનીની પ્રાર્થના કરી આજનો દિવસ વિતાવીએ.' ખાનસાહેબે કહ્યું. એટલે ધીમે ધીમે સહુએ છૂપે માર્ગે મંદિર તરફ ચાલવા માંડ્યું.

'આપણે જવાને વાર છે.' સમરસિંહે મારી પાસે આવીને કહ્યું.

'કેમ ?' મેં પૂછ્યું.

'આપણે છેલ્લા જવું એ વધારે સારું છે.' સમરસિંહે કહ્યું.

મને કારણ ન સમજાયું. મટીલ્ડાને કોઈ પણ રીતે બચાવવી એ મારો નિશ્ચય દૃઢ બની ગયો હતો. સમરસિંહ આયેશા તેમ જ મટીલ્ડાને માટે આટલે દૂર આવ્યો હતો એ હવે મને સમજાયું હતું.

'એ બે જણ ક્યાં જાય છે ?' મટીલ્ડાને આયેશા પાસે વહેતા ઝરા તરફ દોરી જતી હતી તે જોઈ મેં પૂછ્યું.

'એ બંનેને હવે સ્નાન કરવું પડશે. બલિદાન માટે નિશ્ચિત થયેલી વ્યક્તિથી સ્નાન કર્યા વગર પાછું ફરાય નહિ.' સમરસિંહે જવાબ આપ્યો.

વીખરાઈ જતી ટોળીમાંથી કોણ ક્યાં જતું હતું તેની ગણતરી થઈ શકે એમ નહોતી. સમરસિંહની આંખ વગર પ્રયત્ને ચારે બાજુએ ફરતી હતી. તે મારી સાથે વાત કર્યે જતો હતો પરંતુ તેનું મન બીજી કોઈ પ્રવૃત્તિમાં પડ્યું હોય એમ લાગતું હતું.

એકાએક બંને યુવતીઓ દેખાતી બંધ પડી. ભયંકર વહેણવાળા ઝરાને કિનારે આ નાનકડી ટેકરી પાછળ તે સ્નાન કરતી હશે એમ મને લાગ્યું. હવે થોડા જ માણસો પાસે ફરતા દેખાતા હતા. એવામાં એક ભયંકર ચીસ સંભળાઈ. મને લાગ્યું કે તે મટીલ્ડાની ચીસ હતા. પરંતુ એકાએક આઝાદનું ક્રૂર અટ્ટહાસ્ય સંભળાયું, અને વહેળા તરફ નજર કરતાં દેખાયું કે આયેશાને વહેળાંનું ઘૂમરીઓ ખાતું પાણી આગળ ખેંચી જતું હતું.

હાજર રહેલા સહુ કોઈ આશ્ચર્ય અને ભયથી સ્તબ્ધ બની ગયાં. મંદિર તરફ જતા લોકો દોડીને પાછા ત્યાં આવવા લાગ્યા. મટીલ્ડા ટેકરાને ઓથેથી અડધાં ભીનાં વસ્ત્રો સાથે બહાર નીકળી આવી. મેં આચ્છાદન દૂર કર્યું અને મટીલ્ડા તરફ જવા માંડ્યું. ખેંચાઈ જતી આયેશા પાણીમાં તરફડિયાં મારતી વધારે અને વધારે ગૂંચવાતી હતી. એને કેમ બચાવવી એનો વિચાર

પણ આવે તે પહેલાં સમરસિંહે પહેરેલાં વસ્ત્રે વહેળામાં ઝંપલાવ્યું !

વહેળાનાં વમળો ભલભલા તારાઓને પણ મૂંઝવણમાં નાખી દે એવાં ભયંકર હતાં. આયેશાને બચાવવા સમરસિંહ આમ પોતાની જાતને જોખમમાં નાખશે એવો ખ્યાલ કોઈને પ્રથમ દર્શને આવે એવો ન હતો. ડુંગરની અવ્યવસ્થિત કરાડો, કોતરો અને ખોને લઈ અનેક ઘાંટીઓ રચતા વહેળામાં સાધન વગર પડનાર તારાથી બચી શકાય એમ ન હતું, ત્યાં બીજાને તો બચાવી જ શી રીતે શકાય ? સહુના મુખ ઉપર મુંઝવણ હતી.

પરંતુ સમરસિંહ પાણીનાં તોફાન ઉપર સ્વામિત્વ ભોગવતો હોય એમ લાગ્યું. પાણીનાં તાણ, ઊંડાણ અને ધુમરીઓને દબાવી પચાસેક કામ સમરસિંહે ઓયેશાને પકડી લીધી.

સહુના જીવમાં જીવ આવ્યો. છતાં એ બંનેથી પાણી બહાર ક્યાં આગળ નીકળાશે તે કોઈથી કલ્પી શકાયું નહિ. સામે ઊભી સીધી કરાડ હતી; આ બાજુએ વમળોની પરંપરા વહેળાને બળતા ઊકળતા ઝરાનું સ્વરૂપ આપતી હતી. પરંતુ અત્યારે એ ભયંકરતા એકદમ સો ગણી વધી ગઈ. ટેકરાને ઓથેથી બહાર નીકળી આઝાદ એક કામઠા ઉપર તીર ચડાવી રહ્યો હતો !

મને તત્કાળ લાગ્યું કે આઝાદ આયેશાને વહેળામાં કોઈ પણ રીતે ફેંકી હવે સમરસિંહ તેને બચાવે એ તેનાથી ભાગ્યે જ જોઈ શકાય. આઝાદનું તીર આયેશા કે સમરસિંહ બેમાંથી જેને વાગે તેના પ્રાણ જાય ! આઝાદની શસ્ત્રકળા અદ્ભુત હતી એ હું જાણતો હતો. એકાએક મારા હૃદયને ઉત્તેજિત કરતો વિચાર મને આવ્યો. સમરસિંહ કે આયેશાને સહાય આપી શકાય એવો આ એક જ પ્રસંગ મને મળતો હતો. મારા જીવનની તો તેમણે અનેક વખત રક્ષા કરી હતી. પાસે ઊભેલી મટીલ્ડાને એકલી મૂકી હું પાંચ ફલંગોમાં આઝાદ પાસે પહોંચ્યો. પાણીમાં તરફડતા સમરસિંહ અને આયેશાની વધતી મુંઝવણ વધારતા આઝાદની પ્રસન્નતા તેને એકલક્ષી બનાવી તીરની નેમ લેવા પ્રેરી રહી હતી. તેણે મારી પ્રવૃત્તિ નિહાળી નહિ. તાકીને પણછ ખેંચવા જતા આઝાદને મેં અણીને સમયે બાથમાં લીધો અને તેના કામઠાને હલાવી નાખ્યું.

'સાહેબ ! જીવતા રહેવું હોય તો મને છોડો.' આઝાદે મને ઓળખી કહ્યું.

'અત્યારે જીવનની પરવા નથી.' મેં જવાબ આપી મારી પકડ મજબૂત કરી.

'સાહેબ ! ઠગ લોકોને પકડવા હોય તો અત્યારે મારા માર્ગમાં ન આવો.' આઝાદે અત્યંત બળ કરી મારી પકડમાંથી છૂટા થઈ કહ્યું. એણે આટલું શારીરિક બળ ક્યાંથી મેળવ્યું હશે એનો વિચાર કરતાં મેં જવાબ આપ્યો :

'ઠગ લોકો ભલે ન પકડાય, મારા દેખતાં હું મુશ્કેલીમાં પડેલાં માણસોને આમ તારે હાથે મરવા નહિ દઉં.'

'પકડો આ ગોરાને.' આઝાદે પાસે આવી પહોંચેલા કેટલાક ઠગ નાયકોને આજ્ઞા કરી, અને તેણે ફરીથી તીર-કમાન તૈયાર કર્યાં. મને પકડવા કોઈ પ્રયત્ન કરે તે પહેલાં તો હું આઝાદ ઉપર ધસ્યો. મારો આ અવિચારી ધસારો મને જીવલેણ થઈ પડ્યો હોત. મને પાસે આવતો જોઈ આઝાદે પોતાની તલવાર ખેંચી અને મારા ઉપર ઉગામી. હું અસાવધ હતો; મારો બચાવ કરવા માટે અગર સામું હથિયાર ખેંચવા માટે સમય ન હતો. આઝાદની વિકરાળ આંખો મેં જોઈ, અને મારા ઉપર ઉપાડેલી સમશેરનો દાવ મેં જોયો. મને લાગ્યું કે મારા બે ભાગ થઈ

જશે.

પરંતુ મારા દેહની અને તલવારના અસહ્ય ઘાની વચ્ચે એક પહોળી ઢાલ પથરાઈ ગયેલી મેં જોઈ. હું બચી ગયો; ઢાલ ઉપર ઘા ઝિલાયો. એ કોની ઢાલ હતી ? કોણે ખરે વખતે મને બચાવ્યો હતો? મેં ઝડપથી તેની તરફ નજર કરી, તો મારો વફાદાર નોકર દિલાવર મને બચાવી રહ્યો હતો!

‘આટલા માટે તને સાહેબની સુપરત કરી હતી, ખરું ? બેઈમાન ! તું પણ...’ આઝાદે ઘેલછાભરી આંખ કરી દિલાવર તરફ ધસારો કર્યો.

પરંતુ દિલાવર પોતાનો બચાવ કરે તે પહેલાં ટેકરાની બાજુમાંથી એક ભયાનક વાઘ ઘુર્ ઘુર્ અવાજ કરતો જમીન ઉપર પુચ્છ પટકતો નીકળી આવ્યો. તેણે તેના ક્રૂર મુખને આઝાદ તરફ ફેરવ્યું; આઝાદ થોભી ગયો. અકસ્માત નીકળી આવેલા આ જાનવરે સહુના હૃદયમાં ભય પ્રગટાવ્યો. આઝાદ ખસી ગયો; મટીલ્ડાથી ચીસ પણ પાડી શકાઈ નહિ; દિલાવર જરા પાછો ખસ્યો. મને સમજાયું નહિ કે મારે શું કરવું.

‘રાજુલ !’ વહોળામાંથી સંબોધન આવ્યું.

મને તરત સમરસિંહની મુલાકાત યાદ આવી. વાઘે પોતાનું મુખ વહોળા તરફ ફેરવ્યું. અને આંખો મીંચી ઉઘાડી આછો ચિત્કાર કર્યો.

‘બેસી જા, બચ્ચા !’ વહેળામાંથી સમરસિંહે બૂમ પાડી.

આજ્ઞાધારી વાઘ જમીન ઉપર બેસી ગયો. વાઘે દિલાવરને આઝાદના હુમલામાંથી બચાવી લીધો હતો. આઝાદે તલવાર અને કામઠું બંને નીચે ફેંકી દીધાં. અને તે બોલી ઊઠ્યો : ‘બસ, થઈ રહ્યું !’

અને વાઘની પાસે આઝાદ બેસી ગયો. વાઘ સરખો વિકરાળ આઝાદ એકાએક સામનો છોડી, અદૃશ્યને આધીન બની હિંસક પ્રાણી પાસે બેસી જતો હતો એ જોઈ મને આઝાદના હૃદયની દૃઢતાનું બીજું પાસું દેખાયું.

બીજી પાસ જબરજસ્ત પ્રવાહમાંથી બહાર નીકળવા મથતાં સમર અને આવેશા તરફ સહુનું ધ્યાન ખેંચાયેલું હતું જ. એકેએક ઠગે હવે મુખવટો કાઢી નાખ્યો હતો. કિનારા ઉપર એક કાળો ઊંચો મજબૂત ઠગ પોતાની કમરે દોરડું બાંધી ઊભો હતો; દોરડું ખૂબ લાંબું હતું, પંદર માણસો તેને ઝાલી રહ્યા હતા. છતાં તેણે કહ્યું :

‘દોરડાને ઝાડ સાથે બાંધો.’

બહુ જ મજબૂતીથી દોરડું ઝાડ સાથે બંધાયું. ઉપરાંત તેને પકડી રહેલા માણસો તો બળ કરતા જ હતા. દોરડું બંધાવી રહેલો ઠગ વહેળાની ઘાટીઓમાં કૂદી પડ્યો, અને સામે પાર આયેશાને સહાય આપી સીધા ટેકરા ઉપર પગ મૂકવા મથતા સમર તરફ તે તરી નીકળ્યો.

‘શાબાશ, ગંભીર !’ કિનારા ઉપરથી કોઈ બોલ્યું, આઝાદની હાજરી વખતે મારું રક્ષણ કરવા મારી પાસે મૂકેલો ગંભીરસિંહ મને યાદ આવ્યો. આ તે જ ઠગ હતો.

ગંભીરે આયેશાને થાકેલા સમરસિંહ પાસેથી ખસેડી લીધી અને દોરડાનો વધેલો ભાગ તેની આસપાસ વીંટાળ્યો. આયેશાની કાળજી ઘટવાથી સમરસિંહ વધારે પ્રફુલ્લપણે અને વધારે દક્ષતાથી તરી શકતો હતો. ઊછળતા પાણીમાંથી પહેલી આયેશા બહાર નીકળી; ગંભીર

પાછો પાણીમાં પડ્યો, અને સમરસિંહને દોરી કિનારે લાવ્યો.

'ત્રીસ હાથનું વહેકોળિયું ! કેટકેટલાને ડુબાવી દે છે !' કોઈએ કહ્યું.

'સાડાત્રણ હાથની કાયા આખી બિરાદરીને ડુબાબી દે તો ત્રીસ હાથનું શું કહેવું ?' સમરસિંહે પાણીભર્યા દેહનું પાણી આછું કરતાં કહ્યું.

આખું ટોળું સમરસિંહની આસપાસ વીંટળાઈ વળ્યું. માત્ર આઝાદ અને વાઘ દૂરના દૂર બેસી રહ્યા હતા.

'ખાનસાહેબ ! હવે બધા ભૂખ્યા થયા હશે. તેમની સગવડ કરીએ.' સમરસિંહે કહ્યું. જીવન અને મૃત્યુની ખેંચતાણમાંથી ઊગરી આવેલી આ ભયાનક મનાતો ઠગ બીજાઓની મુશ્કેલીઓ વિચારતો હતો ! એ શી વિચિત્રતા ? એ શી માનવતા ?

ખાનસાહેબે કાંઈ જવાબ ન આપ્યો. આયેશા તરફ જોઈ ન શકતો એ નેતા કોઈ વિચિત્ર હૃદયમંથન અનુભવતો હતો. બહેનનો વધ કરવા માટે તૈયાર થયેલો ક્રૂર ઠગ નાયક બહેનનો આકસ્મિક બચાવ જોઈ આંખમાં આંસુ લાવી રહ્યો હતો. આયેશા ભીનાં વસ્ત્રો સાથે પથ્થર ઉપર બેસી ગઈ હતી. તેના કપાળનું કંકુ પાણીથી પ્રવાહી બની તેના મુખને લાલાશ આપી રહ્યું હતું. તેના મુખ ઉપર થાક હતો - ગભરાટ હતો.

'મેમસાહેબ ક્યાં છે ?' આયેશાએ પૂછ્યું.

મટીલ્ડા મારી પાછળ પાછળ જ રહેતી હતી. તે આગળ આવી.

'આવો, બહેન !' આયેશાએ કહ્યું. મટીલ્ડા તેની પાસે બેઠી, અને આયેશાની સામે તે જોઈ રહી. ક્ષણભરમાં તેની આંખમાં આંસુ આવ્યાં.

'અરે ! શાને માટે, બહેન ? હજી તો આવતી કાલે શુંયે થશે ! હું એક ઠગના કુટુંબમાં જન્મી માટે ભવાનીનો ભોગ બની; તું ઠગના દુશ્મન કુટુંબમાં જન્મી એટલે તારે પણ ભોગ બનવાનું. સ્ત્રીજાત એક અગર બીજી રીતે ભોગ બનવાને જ અવતાર લે છે ને !' આયેશા વિષાદભર્યું હસી બોલી.

'ભવાનીને આજથી એક પણ ભોગ અપાશે નહિ. સમરસિંહે કહ્યું.

'ભવાની કદી સ્ત્રીનો સ્વીકાર ન કરે. આપણો એ પહેલો કાયદો. હા, કોઈ બત્રીસલક્ષણા પુરુષનો ભોગ અપાય તો ભવાની પ્રસન્ન થાય. પણ એ ભોગ કોણ આપે ? શા માટે આપે ? કયા કારણે આપે ?' બીજા નાયકે જવાબ આપ્યો.

'આપણા બે બત્રીસલક્ષણા : એક આઝાદ અને બીજો સમરો.' ત્રીજો કોઈ માણસ બોલી ઊઠ્યો.

'એ બન્નેના ભોગ અપાય તો શાંતિ થાય અને ભવાની પ્રસન્ન રહે !' સમરસિંહે હસીને કહ્યું.

'અને આખી બિરાદરી બરબાદ બને !' ખાનસાહેબે કહ્યું.

'મને લાગે છે કે આજે બંનેના ભોગ અપાઈ ચૂક્યા અને આપણી બિરાદરી બરબાદ બનતી હતી તે અટકી ગઈ.' સમરસિંહે કહ્યું.

મને સમજાયું નહિ. મેં સમરસિંહ સામે જોયું. સમરસિંહ બોલ્યો :

'સાહેબ ! આજ એક નિવેદન સરકારમાં મોકલો અને લખો કે ઠગની ટોળીનો નાશ થયો છે.'

'કેમ ? કેવી રીતે ?' મેં પૂછયું.

બંને ભયંકર ઠગનો ભવાનીને ભોગ અપાયો. હવે રહ્યા તેમને કાં તો તમે પકડીને ફાંસીએ લટકાવો અથવા છૂટા રહેવા દઈ શાંત નાગરિકો બનાવો. આજ અમારી ટોળી નિરર્થક બની ગઈ છે.' સમરસિંહે કહ્યું.

'મને તો કશી જ સમજ પડતી નથી. તમે ઠગ કેવા ? ઠગમાં સંસ્કાર કેવા ? ઠગમાં ધર્મ શો ? ઠગમાં ઝઘડા શા ? અમારો વિરોધ કેમ ? મારો બચાવ શા માટે ? હું મૂંઝાઈ ગયો છું.' મેં જવાબ આપ્યો. મારું કથન મારા હૃદયભાવને વ્યક્ત કરતું હતું. હું ખરેખર આ વિચિત્ર, વિરોધાભાસભરી ટોળીને નિહાળી મૂંઝવાઈ ગયો હતો.

'મને પકડી કેદમાં પૂરો તો હું તમને એ બધી બાબતોનો ઉકેલ આપું.' સમરસિંહે મને કહ્યું. મને લાગ્યું કે અમે પકડેલા કેટલાક ઠગની કબૂલતો અમે છાપી જગપ્રસિદ્ધ કરી હતી તેની સામે સમરસિંહ કટાક્ષ ફેંકતો હતો.

'વગર કેદ કર્યે તમે ઉકેલ આપો તો ?' મેં પૂછ્યું.

'તમને અને જગતને સાચું નહિ લાગે.' સમરસિંહે કહ્યું.

'પણ મેં તો તમને જોયા છે, તમારાં કાર્યો નજીક રહીને જોયાં છે. હું જૂઠું તો નહિ જ બોલું.'

'પણ હજી તો તમને કશી સમજ પડી નથી એમ કહો છો. તમે જે લખશો તે સમજ વગરનું - અમને અન્યાય આપનારું જ હશે.'

'અંગ્રેજો અન્યાયી નથી.'

'અને હોય તો તે કબૂલ કરે એમ પણ નથી.' સમરસિંહે હસીને કહ્યું.

'નહિ, નહિ, તમે ધારો છો એવા અમે ઘમંડી નથી.'

'તમારા ગુણનો હું પૂજક છું. તમે જે દિવસે હિંદને છોડી જશો તે દિવસે અમે તમારા ઉપકારનો એક કીર્તિસ્તંભ રચીશું.'

'ચાલો, આપણે આ વખત આરામ લઈએ. આ મેમસાહેબ હજી થરથરે છે.' ખાનસાહેબ બોલ્યા.

મને પણ લાગ્યું કે હું નિરર્થક વાતમાં સહુને રોકતો હતો. અમે મંદિર તરફ ચાલવા માંડ્યું. ચાલતે ચાલતે સમરસિંહે કહ્યું :

'જેવું જુઓ છો તેવું જ લખજો હીં !'

'તમારી પાસેથી છૂટીશ ત્યારે ને ?' મેં જવાબ આપ્યો.

'તમને મેં કદી બાંધ્યા જ નથી. તમે છૂટા જ છો - આઝાદ છો !... અરે, પણ આઝાદ

ક્યાં ?' સમરસિંહે પૂછ્યું અને પાછળ જોયું.

આઝાદ અને વનરાજ એકબીજાની પાસે શાંત બેસી રહ્યા હતા. આઝાદ ટેકરાને અઢેલી જાણે સમાધિમાં પડ્યો હોય એમ દેખાતું હતું.

સમરસિંહ પાછો ફર્યો. વાઘે ચિત્કાર કર્યો. પુચ્છ હલાવ્યું, અને સહુને ભય પમાડે એવી ઢબની પ્રસન્નતા બતાવી.

'રાજુલ ! બચ્ચા ! તુંયે માનવી બની ગયો, નહિ ?' સમરસિંહે કહ્યું તે જ ક્ષણે આઝાદે આંખ ઉઘાડી.

'આઝાદ ! નીંદ આવે છે ?' સમરે પૂછ્યું.

'નહિ; આઝાદ જાગૃત બની ગયો છે.' આઝાદે કહ્યું.

'ચાલ, તો પછી અહીં શું કરે છે ?'

'હવે ક્યાં આવું ?'

'આપણે સાથે જ રહેવા સરજાયા છીએ, ચાલ મારી જોડે.' સમરસિંહે આઝાદનો હાથ પકડ્યો અને તેને ઉઠાડ્યો. આઝાદથી જાણે ચલાતું ન હોય એમ લાગ્યું. સમરસિંહે તેને ગળે હાથ નાખ્યો, અને તેને આગળ કર્યો.

'ચાલ દોસ્ત ! પગ ઉપાડ.' સમરે કહ્યું.

'જય ભવાની !' કોઈ ઠગે પોકાર કર્યો.

આખી ઠગબિરાદરીએ એ પોકાર ઝીલ્યો :

'જય ભવાની !'

૨૭

કેટલીક સ્પષ્ટતા

મંદિરમાં આછું અંધારું તો હતું જ, છતાં તે એવું ન હતું કે આપણી દૃષ્ટિને અવરોધે. ત્યાં ગયા પછી ધીમે ધીમે મારી આંખ આછા પ્રકાશથી ટેવાઈ અને મને મંદિરની બધી વિગતો દેખાવા લાગી. મને લાગ્યું કે આવાં ગુફામંદિરોની રચના કરનાર શિલ્પીઓ બહુ જ સમજપૂર્વક પ્રકાશની અવરજવર ગોઠવતા હોવા જોઈએ. આંખને પ્રકાશઝલકથી આંજી નાખી પછી ભભકભર્યું પ્રદર્શન કરવા કરતાં આછા અંધકારમાંથી આંખને સમજાવી આંખને ધીમે ધીમે ઉપાડી બધી જ વસ્તુઓ સામ્ય રીતે દર્શાવવી એ વધારે કલામય રચના હોવી જોઈએ.

મંદિરમાં બધા જ બેઠા. ભવાનીની પ્રચંડમૂર્તિ આછા પ્રકાશમાં ખૂબ ભયાનક લાગતી હતી. પાસે ઘીના દીવા બળતા હતા તે મૂર્તિની ભયંકરતાને જુદે જુદે સ્થળેથી પ્રદર્શિત કરતા હતા. પૂજારીઓ પાસે ઊભા હતા; આયેશા અને મટીલ્ડા મૂર્તિ પાસે ઊભાં રહ્યાં હતાં.

'આજ માતાજી માનવ-બલિદાન નહિ લે !' પૂજારીએ કહ્યું.

'કાલ પણ નહિ લે !' આઝાદે કહ્યું.

'કાલની વાત ઉપર કાલ રાખો.' કોઈએ કહ્યું.

'કાલ ઉપર એક જ વાત રહેશે. આવતી કાલ આપણે આપણી પ્રતિજ્ઞા ભવાનીને પાછી સોંપી દઈએ, અને આપણા માર્ગને ભૂલી જઈએ.' સમરસિંહે કહ્યું.

'જેને જીવન સોંપ્યું તે માર્ગને ભૂલી જઈએ ? કેવી રીતે ?' એક ઠગે પ્રશ્ન કર્યો.

'સ્ત્રીઓના ભોગ આપવા કરતાં આપણી બિરાદરીનો ભોગ આપવો હું વધારે પસંદ કરું છું. દેવીની પણ એ જ આજ્ઞા લાગે છે.' સમરસિંહે જવાબ આપ્યો.

પૂજારીએ આયેશા અને મટીલ્ડાના હાથમાં નાની આચમની વડે કાંઈ આપ્યું. એ પાણી હતું. બન્ને જણે તે હોઠે અને આંખે અડકાડ્યું. પછીથી એ જ પૂજારી ઝડપથી બધાના હાથમાં એ પાણી આપતો ગયો બધાએ જ તે પાણીને હોઠે અને આંખે અડાડ્યું.

'સાહેબ ! માતાજીનું ચરણામૃત છે, પવિત્ર છે. આપને ન જોઈએ તો હરકત નહિ; પણ લેશો તો અમારી દેવી પ્રસન્ન થશે.' આઝાદે કહ્યું.

મને એમાં હરકત લાગી નહિ. ખ્રિસ્તીઓની મેરી કરતાં આ દેવી બહુ વધારે ક્રૂર હતી એટલે મને શ્રદ્ધા કે સદ્ભાવ તો નહોતાં જ. છતાં સહુને એથી સારું લાગતું હોય તો તેમ કરવામાં મને ધર્મભ્રષ્ટતા ન લાગી મેં આચમન લીધું.

'જય ભવાની !' સહુએ મોટેથી ઉચ્ચારણ કર્યું. અને બધા ઊભા થયા. માતાની ભયંકર

મૂર્તિને પગે લાગી સહુ કોઈ એક ગુપ્ત દ્વારમાં જવા લાગ્યા. મેં જતે જતે સમરસિંહને પૂછ્યું:

'આ મુસલમાનો પણ માતાજીને નમે છે ?'

'આ મંદિરમાં જ નહિ, પણ બહાર સુધ્ધાં. બિરાદરીને હિંદુ-મુસ્લિમ ભેદ નડતા જ નથી.'

'છતાં હિંદુ હિંદુ રહે છે, અને મુસલમાન મુસલમાન ?'

'જરૂર, હું એક ક્ષણ પણ હિંદુ મટ્યો નથી અને ખાનસાહેબ એક ક્ષણ પણ મુસ્લિમ મટ્યા નથી.'

'એ કેમ બને ?'

'અમારો માર્ગ સમજો તો તમે ખ્રિસ્તીઓ પણ આ બિરાદરીમાં આવી શકો'

'પણ તમે તો બિરાદરી વિખેરવા મથો છો !' મેં કહ્યું.

'હા જી; હું બિરાદરીની વિશુદ્ધિ માટે તેમ કરવા મથું છું. બાકી અમારી બિરાદરી તો અમર છે.'

'મને ન સમજાયું.'

'કોઈ દિવસ સમજાવીશ.'

હું તથા સમરસિંહ ગુપ્ત દ્વારમાંથી છેલ્લા નીકળ્યા. આ ગુપ્ત દ્વારમાંથી જાણે કોઈ મહેલમાં પ્રવેશ કરતા હોઈએ એમ મને લાગ્યું. રાજમહેલમાં એક ચૉગાનમાં પીરસેલી થાળીઓ ગોઠવાઈ ગઈ હતી. જેટલા ભેગા થયા હતા એટલા બધા જ ઠગ જમવા બેસી ગયા. હું પણ ફાવ્યું ન ફાવ્યું કરીને તેમની જ ઢબે જમવા બેઠો. થોડા દિવસથી મને પણ એ જ ઢબની ટેવ પડી હતી.

પછી સમરસિંહ મને એક ઓરડામાં લઈ ગયો. ત્યાં પલંગ બિછા-વેલો હતો. મને આરામ લેવા તેણે સૂચન કર્યું. ખરે, મારે આરામની બહુ જ જરૂર હતી. તન અને મન આજ જેવાં થાકી ગયાં હતાં તેવાં કદી થાક્યાં મેં અનુભવ્યાં ન હતી. ઠગના ધામમાં ઠગના આગેવાનનો વિશ્વાસ કરી હું આજે જ નહિ પણ અનેક વખત સૂતો હતો. એટલે ચિંતા રહિત બનેલો હું સૂઈ ગયો.

મને સરસ નિદ્રા આવી. આટઆટલા ભયંકર પ્રસંગોનો મને અનુભવ થયો હતો, છતાં આજે મેં સ્વપ્ન રહિત નિદ્રા અનુભવી. જાગ્રત થતા પહેલાં જે સ્વપ્ન આવ્યું તે પણ અત્યંત સુંદર હતું. આઝાદ, સમરસિંહ અને આયેશા એક સુંદર નાવમાં બેસી પસાર થતાં હતાં એમ મેં જોયું. એ નાવની આસપાસ આવેલી નદી અને નદીને વીંટી વળતી વનશ્રી જાણે સ્વર્ગમાંથી કોઈ ઉપાડી લાવ્યું હોય એવો ભાસ આપતાં હતાં. બહુ જ સુખભર્યા ભાવથી હું જાગ્યો ત્યારે બે માણસોને વાત કરતાં સાંભળ્યાં. મને ખાતરી થઈ કે આઝાદ અને સમરસિંહ વાતો કરે છે.

મેં આંખ ન ઉઘાડી; મને લાગ્યું કે તેમ કરવાથી આ વાર્તાલાપ અટકી જશે.

'હું ફકીર બનવા માગું છું.' આઝાદે કહ્યું.

'તારી ભૂલ થાય છે. તને ખબર નથી કે મેં આયેશાને કેટલી વાર સમજાવી. હજી સંભવ છે કે તે માની જાય.' સમરે કહ્યું.

'હવે મને તારી મૂર્ખાઈ લાગે છે. આયેશા કદી મને ચાહશે નહિ.'

'કેમ ?'

'એ તને ચાહે છે માટે. તું જોતો નથી કે એ તારે માટે શું શું સહન કરે છે ?'

'હું જોઈ શકું છુ. પરંતુ એ જાણે છે કે હું તો જીવનભરનું બ્રહ્મચર્યવ્રત લઈ બેઠો છું.'

'વ્રતની વાત જવા દે, તમારા જેવાં બે સરસ પ્રેમીઓ લગ્ન કરે એ જ વ્રતનું ફળ. મારી અદેખાઈ એકાએક ઓસરી ગઈ. આયેશાને પાણીમાં ફેંકતા બરાબર મને લાગ્યું કે મારા પ્રેમમાં કંજૂસની કંજૂસાઈ રહેલી છે. કંજૂસના ધનની માફક અદેખો પ્રેમ જરાય ઉપયોગનો નથી. માટે જ હું આદર્શ ઠગ ન બની શક્યો. હું ફકીર બની હવે જીવનભર પશ્ચાત્તાપ કરીશ.'

' હું તને ઓળખી શક્યો છું. તેં ગમે તે કર્યું હોય છતાં તારા હૃદયમાં રહેલી મર્દાનગી અને ઉદારતાનો હું પૂજક છુ. મેં હથિયાર લીધું હોત તો હું કે તું આજે પાછા ભાઈ બની બેઠા છીએ તેમ બેઠા ન હોત.

થોડી વાર ઓરડામાં શાંતિ ફેલાઈ. મારાથી આંખ ઉઘાડી દેવાઈ.

સમરસિંહે મને તત્કાળ પકડ્યો :

'કેમ સાહેબ ! ઊંઘ ઠીક આવી ?'

'હા.' મેં કહ્યું.

'હવે તમે નિરાંતે સૂઈ શકશો. ઠગ લોકોને તમે હવે વિખેરી નાખ્યા છે.'

'મેં વિખેરી નાખ્યા ?' બેસીને મેં આશ્ચર્યથી પૂછ્યું.

'હા જી. આપે કેટલાય ઠગને પકડ્યા છે, કેટલાયની જુબાનીઓ લીધી છે અને કેટલાયને ફાંસીએ ચડાવ્યા છે.' સમરસિંહે આંખમાં તેજ ચમકાવી કહ્યું.

'પણ હજી તમે તો છો જ; આઝાદ પણ છે, અને મારા અનુભવ પ્રમાણે તો હજી ગામેગામ અને શહેરેશહેરમાં તમારાં કેટલાંય થાણાં છે.'

'એ થાણાં હવે ઉપાડી લીધાં.'

'કેમ ?'

'હવે જરૂર રહી નથી.'

'જરૂર ? ઠગ લોકોનાં થાણાંની ?'

'હા જી. અમારો ધર્મ તો અમર છે અને અમર રહેશે. જ્યારે જ્યારે જરૂર પડે છે ત્યારે ત્યારે અમે ફૂટી નીકળીએ છીએ.'

'મને સમજ પાડો. ઠગ લોકોનો ધર્મ શો ?'

'આપ અમારા ભેગા ન ભળો ત્યાં સુધી એ ધર્મ સમજાય એમ નથી. છતાં આપને ખોટો ખ્યાલ ન આવે એ માટે - અને સાથે સાથે ચેતવણી આપવા માટે મેં આપને અમારા ગુપ્ત જીવનમાં સહજ આવવા દીધા છે.'

ઠગ લોકો પ્રત્યે મને જે તિરસ્કાર હતો તે થોડા દિવસના મારા અનુભવથી ઘટી ગયો હતો. એક અંગ્રેજ તરીકેનું મારું અભિમાન ઠગ લોકોનાં બંધારણ જોઈને ઓછું થઈ ગયું હતું. મારો

વિશ્વાસુ અંગરક્ષક જ એક ઠગ ! લાટ સાહેબનાં પત્નીની સહચારી સુધી ઠગ લોકોની અસર ! અને તેમની ભભકભરી ઉદારતા તેમ જ સગી બહેનનો ભોગ આપવાની નિષ્ઠુરતા એ બંને સ્વભાવમિશ્રણ અને આશ્ચર્ય પમાડતાં હતી. સમરસિંહ અને ખાનસાહેબ સંસ્કારથી ભરપૂર હતા; તેમની વાત અને તેમનાં વર્તન કોઈ પણ શિષ્ટ ગૃહસ્થને શોભે એવાં હતાં; આઝાદનું શૌર્ય અને એનું વેર આજે પલટાઈ તેને ફકીરી તરફ દોરતાં હતાં ! ખરે' ઠગ લોકો માટે મારો તિરસ્કાર તો લગભગ જતો રહ્યો હતો. આયેશા અને સમરસિંહનો નાટકને શોભે એવો પ્રસંગ મારા સ્મરણપટ ઉપર જડાઈ ગયો હતો. છતાં બંને પ્રેમીઓ જાણીને વિરાગી રહ્યાં હતાં ! આટલો પ્રેમ છતાં મેં ભાગ્યે જ એ બંનેને સામસામી આંખ માંડતાં જોયાં હોય. અંગ્રેજ પ્રેમીઓ આવા પ્રસંગે ભાગ્યે જ તેમનું પ્રદર્શન કર્યા વગર રહે, એટલે મારા ખ્યાલો તો બદલાતા હતા જ.

'બીજું બધું સમજ્યો પરંતુ ચેતવણી શાની ?' મેં પૂછ્યું.

'ચેતવણી ? હા. હું આપને સમજાવું. આપ જાણો છો કે ઠગ લોકોએ હજી સુધી કોઈ પણ ગોરા ઉપર ઘા નથી કર્યો.' સમરસિંહે કહ્યું.

'મટીલ્ડાને તો ઊંચકી લાવ્યા છો !' મેં વચમાં જ કહ્યું.

'ખરી વાત. એ પણ એક ચેતવણી તરીકે. પ્લેફૅર સાહેબના ગુણ-અવગુણ વિષે આપે કાંઈ સાંભળ્યું છે ?'

મારો પુરોગામી અમલદાર બાહોશ હતો છતાં તેની વિલાસપ્રિયતા અમારા વર્ગમાં લશ્કરીનો વિષય બની ગઈ હતી. દેશી સ્ત્રીઓ તરફનો તેનો અનુરાગ તેની પત્નીની જાણમાં પણ આવ્યો હતો. પોતાની લશ્કરી સત્તાના જોરે તે સ્ત્રીઓને મેળવી શકતો અને મોજીલા સેનાપતિ તરીકે ઓળખાવામાં માન સમજતો હતો. છતાં મેં કહ્યું : 'એના અવગુણની ખબર નથી.'

'તો હું આપને જણાવું. અમારા દેશની સ્ત્રીઓ બહુ ઝડપથી વેચાતી મળે છે એવો તેમને ભ્રમ હતો.'

'એ ભ્રમ હતો કે ખરી વાત ?' મેં વગર વિચારે પ્લેફૅરનો બચાવ કરવા માટે આખા હિંદના સ્ત્રીવર્ગ ઉપર આક્ષેપ મૂક્યો. સમરસિંહની આંખમાં પાછી ચમક દેખાઈ.

'જે હોય તે. પણ એક વાત સમજવા જેવી છે. કાળી સ્ત્રીઓ તરફ જો આંખ ફેંકાય તો ગોરી સ્ત્રીઓ માટે પણ એ અશક્ય નથી. કાળી સ્ત્રીઓ કદાચ વેચાતી મળે સાથે ગોરી સ્ત્રીઓનું હરણ કરી શકાય છે એ ભૂલવા જેવું નથી. અમારો ઠગ લોકોનો એક જ ધર્મ હું આપને સમજાવી દઉં. જગતમાં ધન કે સત્તાના. બળથી ખુલ્લી લૂંટ કરનારને અમે વારંવાર ચેતવણી આપીએ છીએ કે એ ખુલ્લી લૂંટ અનેક છૂપી લૂંટને જન્મ આપે છે. સારું થયું કે મટીલ્ડા હિંદી ઠગને હાથ ચઢી; હજી તે અંગ્રેજ રહી શકી છે. પ્લેફૅર સાહેબને એ વાતની સમજ પડે એ માટે અમારી બિરાદરી તેની પુત્રીને જ ઊંચકી લાવી.

'તમે આ વાત કબૂલ કરશો તો તમને સજા નહિ થાય ?' મેં જરા ગંભીરતાથી પૂછ્યું.

'આપ એમ માનો છો કે ઠગ બિરાદરીને સજાનો ભય હોય છે ? અમને માનવ સજાનો ભય નથી. બિરાદરીને બચાવવા કૈંક બહાદૂરો ખોટા ગુના કબૂલ કરી ફાંસીએ ગયા છે એ આપ જાણો છો. અમને એક જ સજાનો ભય છે : અમારાથી જરા પણ ધર્મ ચુકાય તો અમારી મહાદેવી ભવાની કોપ કર્યો વગર રહે જ નહિ.'

એકાએક આયેશા અંદર આવી મારે માટે ચાનો સરસામાન મૂકી ગઈ. પશ્ચિમ ઉપર મેળવાયેલા પૌર્વાત્ય વિજયોમાં ચાએ અમારા જીવનમાં કરેલો પ્રવેશ મુખ્ય વિજય હતો. આઝાદ કે સમરસિંહ બેમાંથી કોઈએ આયેશા તરફ નજર નાખી નહિ.

ચાની મને જરૂર હતી. સમરસિંહ કે આઝાદને ચાનો શીખ દેખાયો નહિ. મેં ચા પીને વાત આગળ વધારી.

‘ઠીક. મટીલ્ડાની હકીકત તો હું સમજ્યો. કોઈ ઠગની સ્ત્રીને મળેલા અપમાનનો કદાચ બદલો હશે. પણ તમે તો કહી છો કે ગોરાઓ ઉપર ઠગ લોકોએ ઘા કર્યો નથી. શા માટે ?’

ગોરાઓના વિજયમાં ગોરાઓનો દોષ નથી. એમના ગુણ ખરેખર ઊંચા છે. પરંતુ એમના ગુણ કરતાં અમારા અવગુણ એમને વિજય અપાવે છે. દોષ અમારો અને અમે ગોરાઓને કેમ મારીએ ?’

‘પરંતુ તમે તો ઘણા નિર્દોષ હિંદીઓને મારો છો !’

‘નિર્દોષ ? કદી નહિ. ઊલટું અમારી બિરાદરીનો એક ભાગ એ જ કામ જુએ છે કે રખે કોઈ નિર્દોષનો ઘાત થાય, કે નિર્દોષની મિલકત લૂંટાય.’

મને સહજ હસવું આવ્યું. ઠગ લોકો ગમે તે માણસને શુકન મળતાં મારી નાખે છે એ વાત સાબીત થયેલી હતી. પરંતુ એ સાબિતીનો વિરોધ સમરસિંહ તરફથી થતો હતો - અને કદાચ એ વિરોધ ખરો પણ હોય. મને વધારે હકીકત મળે એ અર્થે મેં હસવું આવ્યાનો દેખાવ કર્યો.

સમરસિંહે મારા હાસ્યનો કશો જવાબ આપ્યો નહિ. દૂરથી સિતાર વાગતો સંભળાયો. શું ઠગ લોકોમાં કલાકારો અને ગાયકો પણ હતા ?

‘તમારામાં સંગીતકારો પણ હોય છે, નહિ ?’ મેં પૂછ્યું.

‘હા જી. અમારા કૈંક સંગીતકારો રાજદરબારમાં રહેલા છે.’

‘એમ ?’

‘હા જી, આ આઝાદ એક સરસ બીનકાર છે એ હું આપને જણાવું છું.’

‘આઝાદ ?’ મને આશ્ચર્ય લાગ્યું. આવો લડાયક વૃત્તિનો ક્રૂર ઠગ બીન

જેવા વાધને અડકી કેમ શકતો હશે એ મને ન સમજાયું.

એમાં આશ્ચર્ય જેવું નથી. અમારામાંથી સહુએ એકએક આડકળા તો જાણવી જ જોઈએ. મેં હથિયાર મૂક્યાં તે દિવસે આઝાદે બીન મૂકી. હું તો હથિયાર નહિ જ લઉ, પણ આઝાદને હાથે બીન હું જરૂર પકડાવીશ.’

આઝાદે વિષાદભર્યા નયનો વડે સમરસિંહ તરફ જોયું. મને લાગ્યું કે આઝાદ તદ્દન બદલાઈ ગયો છે. તેના મુખ ઉપરની જડ શાંતિ જરા હાલી ઊઠી.

‘મક્કે જતા પહેલાં એક વાર સંભળાવું.’ આઝાદે કહ્યું.

‘એક વારથી મને સંતોષ નહિ વળે.’ સમરસિંહ બોલ્યો.

પર્વતોમાં અંધકાર વહેલો પ્રવેશ પામતો હતો. સિતારનો ઝણઝણાટ ચાલુ જ હતો. રાત્રિ વહેલી પડતી લાગી. ઝગઝગાટ દીવાઓ અમારા ઓરડામાં તેમ જ બીજે વળગી રહ્યા. ઓરડાઓની રચના એવી હતી કે આ પહાડી મહેલમાં સેંકડો માણસો હતાં છતાં અમને શાંતિ લાગતી હતી.

'મને હવે ક્યારે છોડવો છે ?' મેં પૂછ્યું.

'આવતી કાલ પછી.'

'બહુ દિવસ થયા.'

'આપે આપના કામમાં જ એ દિવસો વાપર્યા છે. કાલે ઠગ જનતાનું છેલ્લું વિસર્જન જોઈને જાઓ.'

હું જરા ચમક્યો.

'આ મહેલના એકેએક પથ્થરમાં કરામત છે.' હસીને સમરસિંહે કહ્યું.

'હવે તે કરામત મારા ઉપર તો નથી વાપરવાની ને ?'

'તમે નિશ્ચિંતપણે જમીને સૂઈ જાઓ.' અદૃશ્ય દરવાજામાંથી બહાર નીકળતાં સમરસિંહે કહ્યું.

શરૂઆતમાં તો મને નિદ્રા આવી. દીવા ઝાંખા થઈ ગયા અને હું એકલો પડ્યો હતો એટલે બીજું કાંઇ કામ મારે માટે રહ્યું ન હતું. પરંતુ એ નિદ્રા સ્વપ્નમય જ રહેતી. હું વારંવાર જાગી જતો હતો. એક નાટક સરખું સ્મરણીય સ્વપ્ન પૂરું થતાં જ હું જાગી ઊઠ્યો. મારી આંખ સામે મારો જ અંગરક્ષક દિલાવર ઊભેલો મને દેખાયો.

'કેમ ? તું ક્યાંથી ?' એકદમ બેસીને પૂછ્યું.

'હું અહીં જ છું; સતત આપની ચોકી કરું છું.'

'તું હતો ક્યાં ?'

'આ ભીંતમાં.'

'એમ ?'

'હા જી.'

'મારી ચોકીની જરૂર છે ?'

'મને હુકમ છે. આજનો નહિ - કેટલાય સમયનો - માટે જ હું આપની નોકરીમાં છું.'

'તે હું જાણું છું. પણ અત્યારે શું છે ?'

'હવે આપ અહીંથી જશો ત્યાં સુધી મારી ચોકી રહેશે'

'અત્યાર સુધી તો તું દેખાયો નહિ !'

'હમણાં જ જરૂર પડી. આઝાદ અહીં આવી બહાર નીકળી ગયો છે.'

'ક્યાં ?'

‘કદાચ સુમરાની પાછળ.’

‘સુમરો ક્યાં છે ?’

‘હું એ જ જાણવા માગું છું. આપને કાંઈ કહ્યું છે ?’

‘ના.’

દિલાવર શાંત ઊભી રહ્યો; છતાં તેના મુખ ઉપર વ્યગ્રતા હતી.

‘આપણે પણ બંનેની પાછળ જઈએ તો ?’ મેં પૂછ્યું.

‘મારા એકલાથી ન જવાય. આપણે બંને જઈ શકીએ, આપ ઇચ્છતા હો તો!’

‘કાંઈ ભયંકર પરિણામ લાગે છે ?’

‘કહેવાય નહિ છેલ્લે દિવસે શું થાય એ ભવાની જાણે !’

‘આઝાદનો ડર છે ?’

ચોક્કસ નહિ. સુમરાની પાછળ ગયો એટલે ભય લાગે.’

‘પણ એ તો બંને મિત્રા બન્યા છે.’

‘હા; છતાં હું ચમકું છું. આજની રાતનો વિશ્વાસ નથી.’

‘ચાલ, આપણે જઈએ.’

અમે બંને તૈયાર થયા, વિચિત્ર લાગતાં ગુપ્ત દ્વારોમાં થઈ દિલાવરની પાછળ હું ચાલ્યો. વહેળાને કિનારે આવેલા પથ્થરો ઉપર બે પડછાયા હાલતા દેખાયા. હું પણ ઠગ લોકો ભેગો રહી ઠગ લોકોના જેવું જ ચાલતાં શીખી ગયો હતો. અમે જાણે વગર ચાલ્યે ચાલતા. હતા. ધીમે ધીમે અમે પથ્થરની એક બાજુએ આવી ગયા, અને અમારો પડછાયો ન પડે એમ સંતાઈને બેસી ગયા.

મેં ધારેલું કે કોઈ વિચિત્ર ભયપ્રદ બનાવ બનશે, પરંતુ તેને બદલે મેં તો માનવ હૃદયની એક ભવ્ય કવિતા સાંભળી. ભવ્ય કવિતાઓ પણ ભયપ્રદ તો હોય જ.

માનવ કવિતા

સમરસિંહ અને આયેશા વચ્ચે થતી વાતચીતમાં એક બિના ઊકલી રહી હતી.

'હું હિંદુ છું એ તો તને ખબર છે ને ?' સમરસિંહે કહ્યું.

'હજી આટલા સહવાસે તને એ વાત યાદ આવે છે ખરી ?' આયેશા બોલી.

'તારા અંતિમ નિર્ણયમાં મારે સહાય આપવી જોઈએ. હિંદુ અને મુસ્લિમ સંસ્કારભેદ કદાચ જીવનમાં વિરોધ ઉપજાવે, નહિ ?'

'એ ભૂત ઊભું કરીએ તો જુદી વાત. બાકી હિંદના હિંદુઓ અડધા મુસ્લિમ છે અને હિંદના મુસ્લિમો અડધા હિંદુ છે. મને વિરોધનો ભય નથી.'

'આઝાદને તું અન્યાય નથી કરતી ?' જરા રહી સમરસિંહે કહ્યું.

'જરા પણ નહિ.'

'તારા પિતાની, તારા ભાઈની ઇચ્છાનો વિચાર કર. આઝાદે તારે માટે શું કર્યું છે તે યાદ કર. તું મારી સલાહ માનીશ તો આપણી સંસ્થા જીવતી રહેશે. તું નહિ માને તો કાલે આપણે બધા વીખરાઈ જઈશું. આજની છેલ્લી રાત છે.'

પિતા તો ગયા. ભાઈની મરજી મેં આજ સુધી જાળવી છે; ભવાનીને મારું બલિદાન આપવા તેઓ તૈયાર થયા ત્યારેય મેં તો મસ્તક ઝુકાવ્યું જ છે ! દેહને મારે તો ભલે. મન ઉપર મારીયે માલિકી નથી. આઝાદે મારે માટે શું કર્યું તે કહું ? આખી બિરાદરી ઊલટાવી નાખી. નહિ તો આપણો પરાજય કેવો ? શા માટે આપણો બંધુઓ પકડાય અને ફાંસીએ ચડે ?'

'એમાં એનો શો દોષ ?'

'શા માટે એ પ્રેમને ખાતર અવળા રસ્તા લે ? મારે ખાતર એણે જે જે કર્યું તે બધાનું તારે નિવારણ કરવું પડ્યું. અને મને બચાવવા તું બિરાદરીને વિખેરી નાંખે છે. એ દોષ કોનો ?'

'તું એને ઓળખી શકી નથી.'

'હું એને ઓળખી ગઈ છું. એ ગમે તે ભોગે મને મળવા તલપી રહે છે. એનો મને વિશ્વાસ નથી.'

'એના સરખો પ્રેમી બીજો કોણ ? તારે માટે - તને પ્રસન્ન કરવા માટે એણે કેટકેટલાં કાર્યો કર્યાં તે તું જાણે છે. અલબત્ત, મેં એનાં કેટલાં કાર્યોને ફળીભૂત થવા ન દીધાં એ ખરું. મને એમાં ધર્મક્ષય લાગ્યો. છતાં હવે જ્યારે તે ફકીર થવા માગે છે ત્યારે...'

'એને ફકીર થવા દે.'

'નહિ. તું મને મેળવી શકીશ નહિ અને સાથે સાથે આઝાદને પણ ગુમાવીશ.'

'તું તો મને મળ્યો જ છે...'

'મારું વ્રત યાદ કર.'

'તારું ગમે તેવું વ્રત હોય તોય તું મારો જ છે.'

'હું આખા જગતનો બની જાઉ છું.'

'મને મૂકીને નહિ. મને સાથમાં રાખીને.'

'આયેશા ! આ ઘેલછા ક્યાં સુધી ચાલશે ?'

'હું જીવીશ ત્યાં સુધી.'

'ઋષિમુનિઓ ભૂલ્યા છે; તપશ્ચર્યાઓ ખંડિત થઈ છે. આપણે સાથે હોઈશું તો દેહ દેહને માગશે...'

'ન ચાલ્યે દેહ આપવોયે પડે ! એ ભૂલ નહિ, તપશ્ચર્યાનું ખંડન નહિ, તપશ્ચર્યાનું એ આગળ પગલું.'

આ શબ્દોના ભાવ હું પૂરા સમજયો નહિ. ખ્રિસ્તીધર્મમાં પણ બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીઓનું અસ્તિત્વ તો છે જ, પરંતુ બ્રહ્મચર્યભંગને તપશ્ચર્યાના એક આગળના પગલા તરીકે માનવા ભાગ્યે કોઈ તૈયાર થાય છે. સ્ત્રી-પુરુષના સંસર્ગને પાપ અને દુ:ખના મૂળ તરીકે માનનાર ખ્રિસ્તીઓ હિંદવાસીઓના માનસનાં સૂક્ષ્મ સંચલન ભાગ્યે જ સમજી શકે. આ વિચિત્ર લાગતી ઉદારતા સાંભળી હું થંભી ગયો. મને કાંઈ નવો માર્ગ દેખાવા લાગ્યો. દેહની કોઈ પણ ચર્ચામાં પાપ જોવું એમાં કશે ભૂલ થતી હોય એમ મને લાગ્યું. એટલામાં મને એથીયે વધારે ચમકાવનાર વાક્યો સંભળાયાં.

સમરસિંહે કહ્યું :

'આપણે બાર વર્ષ છુટ્ટા રહીએ ગોરાઓ આપણને જીતી રહ્યા છે. એ ગોરાઓ હિંદી બની રહે તો આપણે તેમને ભેટીશું; એ ગોરાઓ માલિકીની તુમાખીમાં આપણને ગુલામ બનાવે તો આપણે આપણી બિરાદરી પાછી જાગ્રત કરીશું. તેમની ઠગાઈ પકડવા - તેમની ઠગાઈનો તોડ કાઢવા આપણી બિરાદરીને બહુ જુદી તૈયારી જોઈશે. કદાચ છૂપી ઠગવિદ્યા આપણે છોડી પણ દઈએ !'

'પછી ?' આયેશાએ પૂછ્યું.

'બાર વર્ષના તપ પછી પાછાં મળીશું અને વિચાર કરીશું – જો એટલામાં તું આઝાદને ફકીર બનતો અટકાવી તેને ગૃહસ્થ બનાવી શકી ન હોઉ તો !'

'જો, સમરસિંહ ! હું તને છુટ્ટો રાખવા માગું છું. મારી હાજરી પણ તને અણગમતી હોય તો આ ક્ષણે જ હું તારી દૃષ્ટિથી દૂર થઈ જાઉ છું...'

'આયેશા ! આમ રીસ ના કરીશ.'

'રીસ નથી કરતી. તારો આદર્શ બહુ ઊંચો છે. મારી હાજરી તને નીચે પાડે એવો તને ભય છે. તારે ખાતર - તને સુખી કરવા ખાતર – તારાથી સદાય અદૃશ્ય થવા માગું છું.'

'આયેશા ! મારા હૃદયમાંથી તું નહિ જાય.' જરા રહી સમરસિંહે કહ્યું.

'તારી આંખથી દૂર થઈશ એટલે બસ ને ?' હસીને આયેશા બોલી. પોતાને હૃદયમાં રાખનાર આંખથી દૂર કરવા હિંમત કરે એ પ્રયત્નમાં રહેલી નિષ્ફળતાને જાણે તે હસતી ન હોય !

'હૃદય અને આંખ બહુ દૂર લાગતાં નથી.' વિચાર કરતા સમરસિંહે કહ્યું.

'બંનેને આપણે દૂર કરીશું.'

'શી રીતે ?'

'મારી એક અંતિમ માગણી સ્વીકાર; પછી હું કદી તારા જીવનપથમાં દેખાઈશ નહિ.'

હું ચમક્યો. દિલાવર પણ જરા હાલ્યો હોય એમ લાગ્યું. જીવનભર પ્રેમી રહેવા સર્જાયેલાં યુગલો આમ કોઈ આદર્શ ખાતર છુટ્ટા પડે ત્યારે તેઓ શું માગે ? છેલ્લું ચુંબન ? છેલ્લું આલિંગન ? છેલ્લી પ્રેમતૃપ્તિ ?

મને સહજ કમકમી આવી. ચુંબન અને આલિંગન સુધી પ્રેમ પ્રતિષ્ઠિત રહી શકે. ચુંબન અને આલિંગનમાં પ્રેમ શોભી શકે છે. એથી આગળ વધતાં... : મને કમકમી ફરી વાર આવી. દેહસંસર્ગના સ્વાભાવિક માર્ગને શા માટે જનતા બીભત્સ માને છે ? દલીલ તરીકે આગળ આવતા એ પ્રશ્ન પ્રત્ય મને સહાનુભૂતિ હોવા છતાં મને ભય લાગ્યો કે આયેશાની માગણી અપ્રતિષ્ઠિત તો નહિ બને ? સ્ત્રીને પણ અતિ ઉગ્ર આવેગની ક્ષણો આવે છે.

'કેમ, બહુ વિચારમાં પડયો ?' આયેશાએ શાંત બની ગયેલા સમરસિંહને પૂછ્યું.

'તારો ભય લાગે છે.'

'પહેલી જ વાર ?'

'ના. તને પ્રથમ મળ્યો ત્યારથી આ ક્ષણ સુધી તારો ભય લાગ્યા જ કરે છે.'

'કારણ ? હું ભયપ્રદ છું ?'

'શક્તિ સદાય ભયપ્રદ છે : તે સુંદર હોય છતાં.'

'અને જેમ વધારે સુંદર તેમ વધારે ભયપ્રદ, નહિ ?'

'હં.'

'તો હું સુંદર છું, ખરું ?'

'સૌન્દર્યની પ્રતિમા.'

'અમે મુસ્લિમો પ્રતિમાને પૂજતા નથી એ તું જાણે છે ને ?'

'હા. માત્ર ભવાનીની મૂર્તિ સિવાય.'

'બધાય ભવાનીને નથી પૂજતા.' અમે મૂર્તિઓ ભાંગીએ તે તું જાણે છે ને?'

‘બધાય નહિ; કેટલાક.’

‘હું આજ મૂર્તિભંજક બનીશ.’

‘એટલે ? તું વિચિત્ર વાતો કરે છે.’

‘મને સૌન્દર્યની પ્રતિમા કહે છે, નહિ ?’

‘જરૂર.’

‘ત્યારે જો, પ્રતિમાને હું તોડી નાખું છું !’

એકાએક આછા અજવાળામાં વીજળી ચમકી હોય એવી કોઈ તેજફણા ચમકી. પરંતુ ચમકતા બરોબર તે ઊંચે ઊડી અને પથ્થર ઉપર ખણખણ કરતી પડી. તેજ આવું ઘન હોય ? એકાએક મને ખ્યાલ આવ્યો. કોઈ નાનકડી કટાર સરખું હથિયાર ટેકરા ઉપર પડયું હોવું જોઈએ.

‘શી મૂર્ખાઈ કરે છે ? હું તને આમ મરવા દઈશ ?’ સમરસિંહે કહ્યું. આયેશા ખડખડાટ હસી. કદાચ તેનું હાસ્ય પર્વતગૃહ સુધી પણ સંભળાયું હોય. આયેશા આત્મઘાત કરતી હતી ?

‘પ્રતિમા ભાંગવી હોય તો શું કરવું ?’ હસતે હસતે આયેશા બોલી. હાસ્ય અને શબ્દપડઘા ઓસરી ગયા, અને વળી પાછી શાંતિ પ્રસરી રહી. એ શાંતિને ઓથે શું રહ્યું હશે તેની કલ્પના કરતો હું જમીન સાથે જડાઈ ગયો.

‘મારે મરવું ન હતું; માત્ર તારો ભય દૂર કરવો હતો.’ આયેશાએ કહ્યું.

‘એટલે ?’

‘હૃદય અને આંખને દૂર કરવાનો પ્રયોગ કરીને.’

‘હવે કશા પ્રયોગ કરીશ નહિ.’

‘પણ મારી માગણી ?’

‘તારી બધી જ માગણી હું માન્ય રાખું છું.’

‘એમ ? સાચું કહે છે ?’

‘હા.’

‘હમણાં તો બીતો હતો, હવે કેમ આમ ?’

‘મને તારો ભય તો રહ્યો જ છે. પ્રતિમાખંડનનું રહસ્ય હું સમજ્યો.’

‘શું ?’

‘કહેવાની જરૂર નથી. પ્રતિમાથી આગળ જઈ શકાય છે. પ્રતિમા હોય કે ભાંગે તે પ્રત્યે હું ઉદાસીન છું.’

‘તું તો ઉદાસીન જ રહ્યો. મારી લાગણી સાંભળ.’

‘કહે.’

'આસપાસ કોઈ હશે તો ?'

'પકડાવાની બીકે નીતિમાન રહેતા માનવીઓનું ભીરુપણું હું છોડવા માગું છું.'

'બહુ સારું. હું પણ એ જ માનું છું. જો, મારી માગણી એટલે સમગ્ર-જીવનનો પ્રશ્ન. એનું પરિણામ મૃત્યુ સુધી.'

'ઠીક. માગી લે.'

મને લાગ્યું કે બે પ્રેમીઓ પરસ્પર નજીક આવશે. સમરસિંહ બ્રહ્મચર્ય બાજુએ મૂકશે અને ઠગજીવનમાં રમાયેલી અનેક રમતમાં એક સુંદર માનવરમતનો ઉમેરો થશે ! કદાચ બંને પોતપોતાનો ધર્મ સાચવી-પાળી પતિપત્ની બની જશે !

પરંતુ માગણી બહુ વિચિત્ર નીકળી.

'જો આ બે પ્યાલા હું લાવી છું. એક પ્યાલામાં શરબત તને પાઉં અને બીજા પ્યાલામાં તું મને શરબત પા. બસ, એથી વધારે કાંઈ નહિ. એમાં તો હવે ભય નથી ને ?' આયેશા બોલી.

'મને કશી જ હરકત નથી.'

'તું હિંદુ મટી તો નહિ જાય ?'

'હું એવો હિંદુ નથી કે મુસ્લિમના હાથનું પાણી પીતાં વટલાઈ જાઉં.'

'લે, આ તારા હાથમાં. હું આ પ્યાલો મારા હાથમાં રાખું છું. પહેલો તને પાઉં. પછી તું મને પા.'

'આપણે સાથે જ એકબીજાને પાઈએ.'

'નહિ ફાવે. છતાં જેવી તારી મરજી. લે.'

'તું મને પા અને હું તને પાઉં, ખરું ?'

'હા. સમજ ન પડી ?'

'આપણે આપણા હાથના જ પ્યાલા પી લઈએ તો ?'

'એવી શરત નથી.'

'અડધા અડધા...'

'ટીપું પણ નહિ. હું કહું તેમ કર.'

'મારા હાથનો પ્યાલો હું જ પી જઈશ...'

'અરે.. અરે.. નહિ ?' આયેશાની ચીસ સંભળાઈ અને કાચનો પ્યાલો પથ્થર પર પડી ફૂટી ગયો.

'ચાલ, હવે આપણે બંને એક જ પ્યાલામાંનો શરબત ચાખીએ.'

સમરસિંહનો હસતો અવાજ સંભળાયો.

'આ તેં શું કર્યું ? મારી બાજી ધૂળમાં મેળવી.'

‘કટારથી ન મરાય તો ઝેરથી મરવાનો લાગ શોધ્યો ! અને તે મારે હાથે !’

‘મૃત્યુ પણ પ્રેમીનો હાથ બનીને આવે તો મને ગમે.’

એકાએક કોઈ તંતુવાધ ઝીણો રણકાર કરી ઊઠ્યું. માનવહૃદયના ભાવ ઝીણા હોય છે છતાં આખી માનવજાતને એ ભાવ દોરે છે. કોઈ એવો જ ભાવ સૂરમાં સ્વરૂપ ધારણ કરતો હતો. પ્રથમના આછા રણકારે જાણે આકાશમાં તારા હાલી ગયા હાય એમ મને લાગ્યું, પછી એ રણકારમાં રુદનના પ્રલંબ પડઘા મને સંભળાયા. એટલામાં એક સૂરથી બીજા સૂર સુધીના સઘળા સ્વર ટુકડાઓને એક જ તંતુએ પરોવતી મીંડમાં હૃદયના ભાવની વધતીઘટતી સામસામી આવી જતી તીવ્રતા મેં અનુભવી. વાધની ઝડપ ધીમે ધીમે વધવા લાગી. વાધ જાણે કાંઈ વાત કરતું ન હોય !

ઝણઝણાટભર્યું, એની કોમળ ખેંચ ઉપજાવતું, વિવિધતા છતાં કોઈ એક જ ઢબના તાલની - અરે સૂરની પણ - આજુબાજુ હાલતું, દોડતું, નાચતું આખું સૂરમંડલ પોતાના આંદોલનોને વિસ્તાર આપ્યા કરતું હતું. હું અને દિલા-વર તો સ્વાભાવિક રીતે શાંત જ હતા. પરંતુ મૃત્યુનાં ઊંડાણ અને પ્રેમના શિખરો વચ્ચે ઝૂલી રહેલાં સમરસિંહ અને આયેશા પણ શાંત બની બેસી રહ્યાં હતાં.

સૂરનાં આંદોલનો હોય છે એ હું જાણું છું; એ આંદોલનો મનને અસર કરે છે એ પણ હું જાણું છું, પરંતુ મનના સઘળા ભાવોને એકત્ર કરી એકાગ્ર બનાવી સૂરને આધીન બનાવી દે એ મેં અત્યારે જ અનુભવ્યું. હું હિંદી સંગીત સમજતો નહિ. આ પ્રસંગ પછી તે સમજવા મેં પ્રયત્ન કર્યો પણ હતો. છતાં મારા અશિક્ષિત માનસને આ વાધે જે પરાધીનતા અર્પી તેવી પરાધીનતા - કહ કે એકાગ્રતા મેં કદી અનુભવી ન હતી. સુરાવલી જાણે સૂરજાળ રચી આખી સૃષ્ટિને - માનવસૃષ્ટિ સુધ્ધાં - પોતાના આવરણમાં ઢાંકી ન દેતી હોય !

કેટલી વાર સુધી આ સૂરજાદુ ચાલ્યો એ સમજ ન પડી. માનવ હૃદયના બધા ભાવને જગાડી એકત્ર કરી અંતે કોઈ વિચિત્ર શાંત મૂર્છામાં નાખતું આ વાધ પડઘા પાડતું ક્યારે અટક્યું તે પણ સમજાયું નહિ. પૂર્વાકાશમાં રંગના ઢગલા થયે જતા હતા; સૂરનો અર્ક તો ત્યાં નહિ રેડાતો હોય ? સમરસિંહનો અવાજ સાંભળી હું જાગ્રત થયો અને સમજ્યો કે વાધ બંધ થયું છે.

‘આઝાદ ! એક માગણી છે.’ સમરસિંહે કહ્યું.

‘શી ?’

‘મારી ચિતા સળગે અને ઠંડી થાય ત્યાં સુધી બીન વગાડવાનું વચન આપ, શી અદ્‌ભુત કળા !’

આઝાદ અમારી માફક ટેકરાને આ ખૂણે બેસી સમરસિંહ અને આયેશાની વાતચીત સાંભળતો હતો.

‘તમે બંને આબે હયાત પામો ! ચિતા કે કબર તમને ન હોય.’ આઝાદે કહ્યું.

હું પણ ઊભો થયો. પ્રભાતની ઝાંખી રોશનીમાં હું દેખાયો.

‘સાહેબ તમે ક્યાંથી ?’ સમરસિંહે કહ્યું.

‘હું દિલાવર સાથે તમને શોધવા આવ્યો હતો.’ મેં કહ્યું.

'મને ? હું સલામત છું - આયેશા સાથે.'

સૂર્યોદય થયો ત્યાં સુધી અમે બધાં જ એ ટેકરા ઉપર બેસી રહ્યાં. કશી ચોક્કસ વાત અમે કરી શકતાં ન હતાં. સમરસિંહ અને આયેશાનો આત્મભોગવી ઝળકતો પ્રેમ અને એ પ્રેમને સુરાવલિમાં આકાર આપતું આઝાદનું વાદ્ય જીવનભર ભૂલી શક્યો નથી, તો તે સમયે તો હું એનો નશો કેમ વીસર્યો હોઈશ?

૨૯

મૂર્તિના ભેદ

દિલાવરના મુખ ઉપર સહજ શોકની છાયા પથરાઈ હતી. મેં તેને પૂછ્યું :

‘કેમ, દિલાવર ?’

‘આપને હવે જવાનું છે.’

‘પણ તું તો સાથે જ છે ને ?’

‘ના જી. હવે મારે આપની જરૂર નહિ પડે.’

‘મને તારી ખોટ પડશે. મને તેં કેટલી વાર બચાવી લીધો છે ?’

‘એ તો મને બિરાદરીનો હુકમ જ હતો.’

‘આઝાદ ક્યાં ?’

‘ચાલી નીકળ્યો એની બીન લઈને.’

‘અને સમરસિંહ ?’

‘મટીલ્ડાને સમજાવે છે.’

‘શું સમજાવે છે ?’

‘એ તમારી સાથે જવાની ના પાડે છે.’

‘મટીલ્ડા ? શા માટે ના પાડે છે ?’

‘એને અહીં ગમી ગયું છે; સમરસિંહ પાસે જ એને રહેવું છે.’

રંગ અને જાતના અભિમાનની દીવાલો તોડીને જ્યારે પ્રેમ પ્રગટ થાય ત્યારે એ લાગણીની સચ્ચાઈ માટે માન ઊપજવું જોઈએ. હું એક એવું પ્રેમદર્શન કરીને આવ્યો હતો. છતાં મટીલ્ડાની લાગણીના સમાચારે મને બહુ આનંદ ન આપ્યો. માનવીને કેટકેટલા ભાવ જમીન સાથે જોડી રાખે છે?

‘મારે સમરસિંહને મળવું છે.’

‘મટીલ્ડાને સમજાવીને હમણાં આવશે.’

‘દિલાવર ! મારે તને ઇનામ આપવું જોઈએ.’

'નહિ સાહેબ ! હું સુખી છું. ખેતીમાં મને સારું મળે છે. આપની મહેરબાની બસ છે.'

'તું ખેડૂત છે ?'

'હા જી. અહીંનું કામ પૂરું થયે મારે ગામ ચાલ્યો જઈશ.'

'તારું કામ શું ?'

'આજ સુધી તો આપની ચોકી કરવાનું કામ હતું.'

'હવે ?'

'કોણ જાણે ! હાલ તો અમે બધા છૂટા થઈ ગયા.'

'એટલે ?'

'આજથી ઠગ મટી ગયા.'

'એમ ?'

એકાએક બારણું ઊઘડ્યું. અંદરથી સમરસિંહ અને મટીલ્ડા બંને આવ્યાં. મટીલ્ડાની આંખ અશ્રુભરી હતી.

'હવે સાહેબ ! આપને જ્યાં જવું હોય ત્યાં જવાની છૂટ છે. આજથી ઠગ લોકોનો ઉપદ્રવ બંધ છે.' સમરસિંહે કહ્યું.

'અને એવો ઉપદ્રવ કદાચ થાય તો ?' મેં પૂછ્યું.

'તો આપ માની લેજો કે એવા ઉપદ્રવને અમારો ટેકો નથી.'

'મને એમ થાય છે કે તમારા ઉપદ્રવ ચાલુ રહે તો સારું.' સહજ હસીને મેં કહ્યું.

'કેમ ?'

'હું કાર્ય વગરનો બની ગયો.'

'એ તો ઘણું મળશે. આપને હવે તો આખું હિંદ જીતવાનું છે.'

'એ લગભગ જિતાઈ ગયું છે.'

'એ જ મોટી ભૂલ થાય છે. તલવાર કે કપટની જીત જોતજોતામાં સ્વપ્ન બની જાય છે.'

'તમારા હિંદી રાજાઓ કરતાં અમે અમારી રૈયતને વધારે સુખી રાખીએ છીએ.'

'એ તો વર્ષો બોલી ઊઠશે ને ? હું એટલું જ કહું છું કે આપ માગશો તો કાર્ય ઘણું મળી રહેશે'

'કદાચ મળશે. પરંતુ તમારા સરખા સામાવાળિયા અમને નહિ મળે.'

'એટલે ?'

'સમરસિંહ, ખાનસાહેબ, આયેશા, દિલાવર, આઝાદ, ગંભીર, એવા એવા મારા સામાવળિયા હોય તો જીવવું, લડવું અને મરવું એ ત્રણે સારાં લાગે. તમારા વર્ગને હું મિત્ર બનાવત. તેમનો ઉપયોગ કરત...'

'ઠગ લોકો બનાવ્યે મિત્ર બનતા નથી !'

'મને ખરેખર દિલગીરી થાય છે કે મેં શા માટે આટલા ઠગ સરદારોને ફાંસીએ ચડાવ્યા !'

'દિલગીરી ન કરશો. મરવાને પાત્ર હતા તેમને અમે મરવા દીધા છે. પરંતુ આપ અમારું વગોણું ન કર્યે જાઓ એ અર્થે અમે અદૃશ્ય થતાં થતાં તમને ખરે સ્વરૂપે દેખાયા છીએ.'

'આપણે હવે ક્યારે મળીશું ?'

'હવે મળવાની જરૂર છે ? બિરાદરી હતી ત્યાં સુધી અમારી ઝમક હતી. હવે અમે સામાન્ય માનવીઓ બની જઈશું.'

'દિલાવર ખેડૂત બને છે; આઝાદ ફકીર બની ચાલ્યો ગયો. તમે શું બનશો ?'

'હું તો જે છું તે જ રહીશ.'

'એટલે ?'

'નાનપણથી અંચળો પહેર્યો છે. એ કદી કદી બદલાતો; હવે એ સતત પહેરી રાખીશ.'

'આયેશા ?'

'મારી સાથે જ રહેશે - જોગણ બનીને.'

હું શાંત રહ્યો. ભયાનક ગુનેગારો તરીકે ગણાતા વર્ગમાં કલા, માનવતા અને વિરાગ કેમ ખીલી નીકળ્યાં હશે ? હિંદ અને હિંદના લોકો અજબ માનસ ધરાવે છે.

'આ મટીલ્ડાની મુશ્કેલી હતી; એને મારી સાથે રહેવું હતું.' સમરસિંહે કહ્યું.

'હજી પણ રહેવું છે.' મટીલ્ડા બોલી ઊઠી.

'હિંદના સાધુફકીરો ખીલાની ભૂમિ કરી બેસે છે અને સૂએ છે. એ જીવન મટીલ્ડાને અજાણ્યું છે; એનાથી એ સ્થિતિ સહેવાય નહિ એથી હું એને ના કહું છું. મહા મુસીબતે એ પાછી જવાને કબૂલ થઈ છે. આપ એને સાથે લઈ જાઓ અને એનાં માતાપિતાને પાછી સોંપો.'

'અમને તમે કાઢી મૂકતા હો એવું લાગે છે.'

મારા હૃદયની મેં લાગણી વ્યક્ત કરી. જેવા વિચિત્ર ભયપ્રદ છતાં કુમળા પ્રસંગો મેં અંગત રીતે ઠગ લોકોના હાથમાં પકડાઈને અનુભવ્યા હતા, તેવા પ્રસંગો જીવનભરમાં મેં અનુભવ્યા નથી. મને ખરેખર આ લોકોથી છૂટા પડવું ગમતું નહિ.

'સાહેબ ! મોહપાશ એવો છે ! અમારા ધર્મમાં એથી જ અમે વાનપ્રસ્થ અને સંન્યસ્તની સગવડ રાખી છે. જીવન કરતાં મૃત્યુ વધારે સાચું છે. મોહ રહે છે ત્યાં સુધી મૃત્યુને મળવું કઠણ પડે.'

'હું મૃત્યુ માટે તૈયાર થયો નથી. મારે તો હજી જીવવું છે અને સુખ ભોગવવું છે.' મેં કહ્યું.

'આપને મારા જેવા સાધુની આષિશ છે કે આપ સુખ ભોગવો અને ખૂબ લાંબું આયુષ્ય મેળવો. મ્યાનો તૈયાર છે. આપને જ્યારે અનુકૂળતા હોય ત્યારે કહેશો.'

મેં સમરસિંહની સામે જોયું. શા માટે એ મને આટલી ઝડપથી પાછી મોકલી દેતો હતો ? પ્રથમના તરવરાટને સ્થાને સમરસિંહની આંખમાં ઘેરી ઊંડી શાંતિ- કે વિષાદ ? - હું જોઈ

શક્યો.

મારે ન જવું હોય તો ?' મેં કહ્યું.

'આપને આ સ્થળ સોંપી દઈશું.' સમરસિંહે હસીને કહ્યું.

મારે જવાની ઉતાવળ ન હતી. મારે ઘણી બાબતો પૂછવાની હતી. એ સમરસિંહ ન સમજતો હોય એમ હું માની શક્યો નહિ. છતાં મારાથી અહીં સતત રહેવાય એમ તો હતું જ નહિ. ઠગ લોકોનાં જીવનનો અભ્યાસ કરવા માટે મને સરકારે અહીં નીમ્યો ન હતો; એમના જીવનના રસિક પ્રસંગોથી મોહ પામવા માટે મારી યોજના થઈ ન હતી. છતાં મને ખેંચીને તેમના જીવનમાં લાવનાર સમરસિંહના જીવનમાં મને રસ પડે એવો હું હૃદયહીન ન હતો. નોકરી કરતાં, ફરજ બજાવતાં લશ્કરી કામ કરતાં જે માનવતા જડે છે તે ફેંકી દેવાની નથી. માણસો મારતાં ઘણી વખત માનવતા મળે છે.

'પણ હું એકલો શું કરીશ ?' મેં કહ્યું.

'આવો, સાહેબ ! હું આપને છેલ્લાં માતાજીનાં દર્શન કરાવું. એમાં ઈસુ ખ્રિસ્તની માતા તમને દેખાશે.' સમરસિંહે કહ્યું અને મને આગળ દોર્યો. ભયંકર ભવાનીમાં ઈસુની માતા ? મને અણગમો આવ્યો. એ સરખામણી મને ગમી નહિ, છતાં આ સજ્જન ભેદી ઠગની સાથે જેટલી સમય વિતાવી શકાય એટલો સારો એમ તો હું માનતો જ હતો.

એ જ ભવ્ય અને ભયાનક મંદિરની અંદર અમે વિચિત્ર ગુપ્તદ્વારોમાં થઈ પહોંચ્યા, મહા વિકરાળ ભવાનીની મૂર્તિ આખા મંદિર ઉપર ભયાનક છાપ પાડતી ઊભી હતી. વધારે માણસોની હાજરીમાં ભયાનકતા વહેંચાઈ ગઈ હતી. અત્યારે હું અને સમરસિંહ બે જ જણ ઉપર ભવાની પોતાની જીવંત આંખો કાઢી ઊભી હતી. મને સહજ થડકારો પણ થયો. ઘીનો દીવો બળતો હતો; નાળિયેરના ઢગલા વધારે મોટા થયા હતા. સમરસિંહ એ મૂર્તિ સામે થોડી ક્ષણ જોઈ રહ્યો અને પછી તેણે સહજ મસ્તક નમાવ્યું.

'તમે ખરેખર આ ભયાનક મૂર્તિમાં માનો છો ?' મેં પૂછ્યું

'જગતમાં ભયાનકતા હશે ત્યાં સુધી આવી મૂર્તિઓ રચાય જ જશે.'

'પણ તમે તો તેનું પૂજન કરો છો.'

'જગતમાં ભયાનકતા હોય, તેની મૂર્તિ રચાય તો પછી તેની પૂજા પણ થાય જ ને ?'

'હવે આ મૂર્તિની પૂજા કોણ કરશે ?'

'અમારામાં મૂર્તિવિસર્જનનો પણ વિધિ છે. પૂજન ન થાય એમ હોય તો અમે એ મૂર્તિમાંથી દેવને અદૃશ્ય થવા પ્રાર્થના કરીએ, અને પછી અપૂજ રાખીએ.'

હું હસ્યો, કેવી અંધશ્રદ્ધા ?

'આ મૂર્તિને કૈંક બલિદાન અપાયાં ! આ જ મૂર્તિએ સેંકડો વર્ષોથી અમને - હિંદુમુસલમાન ઠગને ભેગી રાખ્યા. આજે એ સત્ત્વ જતું રહ્યું.' સમરસિંહે કહ્યું.

'કેમ ! દેવીને મૂર્તિમાંથી ઉઠાવી લીધાં ?' હાસ્યવૃત્તિ ચાલુ રાખી.

'હા જી.'

‘હવે ?’

‘આવો. હું આપને આ મૂર્તિ પાસેથી જ એ સત્ય સમજાવું.’

મારો હાથ ઝાલી સમરસિંહ મને મૂર્તિ પાસે લઈ ગયો. પાસે જતો ગયો તેમ મૂર્તિની ભયાનકતા વધતી ગઈ. સમરસિંહે મારો હાથ ઝાલ્યો હતો એ જ ઠીક હતું.

‘સ્લિમાન સાહેબ ! આપ ધારીને અમારાં દેવીની મૂર્તિ નિહાળો. એ મૂર્તિએ ભલભલા શૂરવીરોને ભયભીત કર્યા છે.’

હું જોઈ રહ્યો. થોડી વાર જોઈ રહ્યો. દેવીની આંખ, દેવીની જિહ્વા. દેવીનાં શસ્ત્ર ને દેવીનાં આભૂષણો, દેવીનું કદ અને આસપાસનું વાતાવરણ ખરેખર શૂરવીરોને પણ ભય પમાડે એમાં નવાઈ નહિ.

‘અમારા ગુનેગારોને આ દેવી સમક્ષ રાતદિવસ રાખવાની અમે સજા કરતા.’ સમરસિંહે કહ્યું.

‘સજા ઘણી ભારે. ગુનેગાર સતત દેવીને જુએ તો ઘેલો બની જાય.’ મેં કહ્યું.

‘છતાં ગુનેગાર ઉપર અસર ન થાય તો દેવી પાસે તેને સજા પણ કરાવતા.’

‘એ શી રીતે ?’

‘આ મૂર્તિનું એકેએક અંગ યંત્રમય છે. દેવી ખડ્‌ગ પણ ઉઠાવી શકે છે, દેવી પગ નીચે માનવીને કચરી શકે છે, દેવીના નખ ગુનેગારના દેહમાં પરોવી શકાય એમ છે...’ કાંઈ આછી કળ દબાવી પ્રત્યેક પ્રયોગ બતાવતાં સમરસિંહે દેવીને જીવંત બનાવી દીધી. દેવીની આ યાંત્રિક હિલચાલે તેની ભયંકરતામાં ઘણો વધારો કર્યો. હું ગભરાઈ ઊઠ્યો :

‘બસ ! હવે મને આ ક્રૂર દૃશ્ય ન બતાવશો.’

‘સારું; પણ તમારી જંજાળ કરતાં અમારી દેવી વધારે ક્રૂર હશે ? ભવિષ્યમાં યાદ રાખજો કે તમારી તોપની ભયંકરતા વધી ન જાય.’

હું એની શિખામણ સાંભળવા તૈયાર ન હતો. મને ત્યાંથી નાસી જવાની ઇચ્છા થઈ.

‘હવે ક્યાં સુધી અહીં રહેવું છે ?’ મેં પૂછ્યું.

‘કેમ સાહેબ ! દૃશ્ય ન ગમ્યું ?’

‘ના.’ મેં સ્પષ્ટ વાત કહી.

‘સાહેબ ! આ દેવી તો પ્રકૃતિની નાનકડી મૂર્તિ છે; પ્રકૃતિ આથી પણ વધારે ભયાનક છે.’

‘હશે. પણ હું ભયાનકતા જોઈ હવે ધરાઈ ગયો છું.’

‘મંદિરની બહાર નીકળો ત્યારે આ દૃશ્ય યાદ રાખજો તમારું લશ્કર, તમારું રાજ્ય, તમારા કાયદા, તમારા રિવાજ, તમારું ભણતર, તમારો પૈસો, તમારી બુદ્ધિ બિનગુનેગરનો ભોગ ન લે એ જોજો અમારી ભવાની તો ગુનેગારને જ શિક્ષા કરે છે.’

‘દૃશ્ય ભુલાય એવું તો નથી જ.’

‘તમને વધારે ઊંડાણમાં લઈ જાઉ.’ કહી સમરસિંહે એક ડગલું આગળ વધી દેવી પાસે

ઊભી રહ્યો. અને દેવીના હાથમાં રહેલી ખોપરીનો તેણે સહજ સ્પર્શ કર્યો. આખી મૂર્તિ જાણે સમેટાઈ જતી હોય એમ મને ભાસ થયો. એ મૂર્તિને સ્થાને આ મોટો પણ અર્થ ખુલ્લો સ્તંભ રચાયો હોય એમ મને લાગ્યું.

'આવો. સાહેબ ! મારી પાછળ દેવીનું સત અદૃશ્ય થયું છે.' કહી તેણે મને ઝાલી આગળ ઘસડ્યો. અર્ધ ખુલ્લા સ્તંભમાં નાનાં પગથિયાં હતાં. એ પગથિયાં પચીસેક હશે. ઊતરતો એક બારણું ખૂલી ગયું. બારણા બહાર મોટો ચૉક હતો અને ચૉકની વચમાં એક નાનકડું દેવાલય હતું.

'અહીં પણ ભવાની છે કે શું ?'

'ભવાનીનું બીજું સ્વરૂપ.'

'કાલિકા ?'

'ના જી. અંબિકા-અન્નપૂર્ણા. આપને ગમશે.'

નાનકડા પણ સુંદર મંદિરમાં પ્રવેશ કરતાં અર્ધસ્મિતવાળી ધોળી અણિશુદ્ધ સૌન્દર્યભરેલી એક દેવીની મૂર્તિ દેખાઈ. એ દેવીમાં જરા પણ ભયાનકતાનો ભાસ ન હતો. મૂર્તિ સામે જોઈ રહેવું ગમે એવી સુંદર કારીગરી તેમાં હતી.

'કેમ સાહેબ ! ઈસુની માતા સરખું આ અમારી માતાનું મુખ નથી લાગતું ?'

મેરીની છબીઓ કે બાવલા કરતાં આ દેવીનું સ્વરૂપ ઓછું વરદ ન હતું. મેં હા પાડી.

'માતા અમે માગીએ એ આપે છે.'

'એમ ?'

'હા જી; જુઓ આ માતાએ સાચવેલા ભંડાર.'

કહી સમરસિંહ ઘૂંટણીએ પડ્યો અને મૂર્તિના પગને અડક્યો. પગે અડકતા બરોબર ચૉકની ભીતો ખસી ગઈ અને મોટા મોટા ઓરડાઓ જાળીઓ ભરેલા નજરે પડ્યા.

આ અમારો ભંડાર. માતાજીની આજ્ઞા હોય તો ઊઘડે. આમાં રાજ્યો ખરીદી શકાય એટલી ખજાનો છે, એટલું જવાહિર છે અને રાજ્યો તોડવા જેટલો લશ્કરી સરંજામ છે.'

હું આ દૃશ્ય જોઈ રહ્યો. સમરસિંહ સાચું જ બોલતો હતો.

'શા માટે બિરાદરી બંધ કરી ?' મેં પૂછ્યું.

'આ ધન, આ શસ્ત્ર વાપરવાની અમારામાં બુદ્ધિ રહી નથી. માતાજીની આજ્ઞા થશે ત્યારે આ સર્વ વાપરનાર કોઈ મળી આવશે. હાલ તો આ ભંડારો દટાઈ રહેશે.'

'તમે જાતે ઉપયોગ કરી શકતા નથી ?'

'ના જી. હું આજીવન સાધુ અને બ્રહ્મચારી મારાથી આનો ઉપયોગ ન થાય.'

'અમને સોંપો.'

'આપને જરૂર નથી. ભંડારની કિંમત નથી, ભંડાર ભરનાર અને તેને વાપરનારની કિંમત છે. આજ આ બધી મિલકત મારી છે.'

‘આનું કરશો શું ?’

‘બંધ કરી મૂંગો બની જઈશ.’

મેં મન માન્યું ત્યાં સુધી આ ભંડાર જોયો. પછી સમરસિંહે કહ્યું :

‘હજી એક બીજું સાધન આપને બતાવ્યું નથી. માતાજીનો બીજો પગ પકડતાં ચારે પાસના રસ્તા થઈ જાય છે. અહીંથી દિલ્હી, આગ્રા, સુરત, પૂના હૈદરાબાદ બધે જવાના જુદા જુદા માર્ગ છે.’

સમરસિંહે દેવીનો બીજો પગ પકડ્યો, અને ભંડારોના ઓરડાઓની જોડમાં આવેલી ભીંતોમાં નાની બારીઓ ઊઘડી આવી.

આ બધા સહુ સહેલા અને સીધા રસ્તાઓ છે. આ રસ્તાઓ મોટા રસ્તાઓ ઉપર પણ પડે, નદી, સરોવર કે વાવમાં પણ પડે અને વળી મસ્જિદ-મંદિરોમાં થઈને પણ જાય.’ સમરસિંહે કહ્યું.

એના નકશા રાખો છો ?’

‘નકશા ? હં ! અમે દેવીનાં યંત્રો બનાવીએ છીએ. એ યંત્રોની પૂજા કરીએ છીએ. અધિકારી હોય તે આ યંત્રોમાંથી નકશા પણ ઉકેલી શકે છે.’

ધર્મ, કર્મકાણ્ડ, રાજ્ય અને જાસૂસી એક સ્થળે ભેગાં થતાં હું જોઈ શક્યો.

‘હવે મારા અને તમારા જીવન વચ્ચે પડદો પડશે આપની પ્રજા ભારે જિજ્ઞાસુ હોય છે; એટલે આ બાકી રહેવું રહસ્ય તમને બતાવ્યું.’

‘હજી તો ઘણું જાણવાનું બાકી છે.’

‘કેટલીક જિજ્ઞાસા નિરર્થક હોય છે. છતાં હું સમજી શકું છું કે આપને એકબે વાત સમજાવવી જોઈએ. આ સ્થળ રહસ્યસ્ફોટનનું છે. અહીં માતાજી સમક્ષ હું જે કહી શકીશ તે બહાર નહિ કહી શકું. આપ પૂછો.’

વર્ષો પછીનું અકસ્માત મિલન

'તમે કોણ છો ?' મેં પૂછ્યું.

'હું આખી ઠગસંસ્થાનો પ્રમુખ છું. પ્રમુખનું નામ અને એનો આછો પડછાયો જ સહુએ ઓળખવાનો છે. બનતાં સુધી પ્રમુખ બહાર આવતો જ નથી.'

'તમારે કેમ બહાર આવવું પડ્યું ?'

'હું બહાર ન આવ્યો હોત તો ઠગસંસ્થા અપવિત્ર થઈ જાત.'

'કેમ ?'

'નિર્દોષોને મારવાની, સ્ત્રીઓને મારવાની, અન્યાયથી પૈસા લૂંટી લેવાની યોજનાઓ શરૂ થઈ હતી; એટલે મારે એ બધું રીતસર ગોઠવવું હતું.'

'એ ગોઠવી શક્યા ?'

'ના. તમે ન જોઈ શક્યા કે આયેશા અને મટીલ્ડાનાં બલિદાન અપાતાં હતાં ?'

'આયેશાએ મને આશ્રય આપ્યો હતો એ વાત ખરી છે. છતાં દુશ્મનને આશ્રય આપનાર વિશ્વાસઘાતી છે; તેને મૃત્યુ જ હોય.' મેં કહ્યું.

'એ આશ્રય પ્રમુખની આજ્ઞાથી આપ્યો હતો એ પહેલી વાત. છેલ્લું વાક્ય પ્રમુખ ઉચ્ચારે છે, બીજી વાત એ કે સ્ત્રીનો ગમે તે ગુનો હોય તોપણ તેને સજા થઈ શકે જ નહિ. એ અમારી ઇષ્ટ દેવીની પ્રતિકૃતિ છે.'

'ત્યારે આઝાદ એટલે સુધી પ્રસંગ કેમ લાવી શક્યો ?'

'અમારે ત્યાં મતભેદ પડ્યો. સ્ત્રી ઠગબિરાદરીમાં દાખલ થાય એટલે પુરુષોના નિયમો તેને લાગુ થાય એમ કેટલાક માને છે – ખાનસાહેબ સુધ્ધા. હું જુદો પડું છું. સ્ત્રી ઠગ હોય તો તેનો ઘાત ન જ થાય. આખી બિરાદરીનો એ પહેલો સિદ્ધાંત.'

'એમ ભેદનું કારણ ?'

'અમારી ભોગવાસના. સ્ત્રી મહાકાળી છે, છતાં તે મહામાયા પણ છે. આયેશાના ઝઘડામાંથી આખી બિરાદરી બંધ થઈ.'

'એ કેમ બન્યું ?'

'હું એક ટૂંકી વાર્તા કહ્યું. આયેશાના પિતા ઠગબિરાદરીના પ્રમુખ નહિ તો પ્રમુખ પછીનું

સ્થાન ભોગવતા હતા. આયેશા કેટલી કલામય છે એ તો તમે જોયું હશે. એને એના પિતાએ બીન શીખવવા માંડ્યું. એક યુવાન બીનકાર એક રજવાડામાંથી મળી આવ્યો. આ બીનકાર કલાકાર તો હતો જ; પરંતુ કલાકારોની નિર્બળતા - નિર્માલ્યતાથી રહિત હતો.'

એ જ આઝાદ ને ?'

'હા જી. આઝાદની કલા બિરાદરીને બહુ ઉપયોગી થઈ પડી. એની શક્તિ અને બુદ્ધિ, એને ઊંચે અને ઊંચે ખેંચતી ગઈ. એને આયેશા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો. આયેશાના પિતા અને ભાઈ બંનેને એમ લાગ્યું કે આમાં અયોગ્ય કશું થતું નથી.'

સમરસિંહ જરા શાંત રહ્યો. તેણે આસપાસ કારણ વગર દૃષ્ટિ ફેરવી. મેં વાતને ચાલુ કરાવવા પૂછ્યું :

'તમને એ ન ગમ્યું ?'

'આયેશાને એ ન ગમ્યું.'

'કારણ ?'

'તમે સહજ સમજી શક્યા હશો જ.'

'તમે વચ્ચે આવ્યા, નહિ ?'

'જાણી જોઈને નહિ, પરંતુ થયું એમ જ. આયેશાએ પ્રતિજ્ઞા લીધી કે પરણવું તો મારી જ સાથે.'

'તો તમે પરણ્યા કેમ નહિ ? તમે પણ આયેશા માટે કુમળી લાગણી ધરાવો છો.'

'ઠગબિરાદરીના પ્રમુખે એક મોટો ભોગ આપવો પડે છે. એનાથી પરણી શકાય જ નહિ; એણે બ્રહ્મચર્યવ્રત લેવાનું હોય છે !'

'એ તો મૂર્ખાઈ કહેવાય ! એથી લાભ શો ?'

'એક જ લાભ. જગતના ભારેમાં ભારે પ્રલોભનથી એ દૂર રહી શકે. ધનનું, સત્તાનું, રાજ્યનું, કાર્તિનું પ્રલોભન ભારે ખરું; પરંતુ એ સર્વ કરતાં વધારે તીવ્ર પ્રલોભન પુરુષને સ્ત્રીનું. એનાથી મુક્ત રહ્યા વગર પુરુષ પૂર્ણ ન્યાયી ન બની શકે. અને પ્રમુખ ન્યાયી ન હોય તો આખો સંઘ તૂટી જાય.'

સંપૂર્ણ તો નહિ પરંતુ ભારે સત્ય આ ઠગ ઉચ્ચારતો હતો એમાં શક નથી. ધન, સત્તા, રાજ્ય કીર્તિ એ સર્વનું બલિદાન આપવું સહેલું છે; સ્ત્રીના આકર્ષણ - પ્રેમ - નું બલિદાન આપનાર જગતમાં કેટલા નીકળી આવે ? સમગ્ર સ્ત્રીત્વ ઉપર આમ પડદો નાખી બેસવું એ ખરેખર મુશ્કેલ કામ છે.

'તો પછી હવે આયેશા આઝાદને કેમ પસંદગી નથી આપતી ?'

'એ જ મુસીબત છે. પ્રમુખપદ - ગુરુપદ - માટે હું અને આઝાદ તૈયાર થયા હતા. વૃદ્ધ ગુજરી ગયા એટલે પ્રશ્ન આગળ આવ્યો. ગુરુએ મને આજ્ઞા તો કરી જ હતી, અને આખી બિરાદરી મને માગતી હતી. આઝાદે આગ્રહ કર્યો અને આયેશાથી અલગ થવાનો મેં નિશ્ચય કર્યો. આયેશા આઝાદને પરણી સુખી થાય એ માર્ગ હું ગુરુપદમાં જોઈ શક્યો. પરંતુ આયેશા

અડગ રહી. આઝાદને એ રુચ્યું નહિ. એનું માનસ એટલું બધું વિકૃત બન્યું કે તે મને બિરાદરીને અને છેવટે આયેશાને પણ બલિદાનમાં આપવા તત્પર થયો.'

'પણ હવે તમે છુટ્ટા થયા છો; બિરાદરી રહી નથી. તમે પ્રમુખ કોના? શા માટે આયેશાનું મન રીઝવતા નથી ?'

'આ બન્ને દેવીની સમક્ષ ગુરુએ વ્રત લેવાં પડે છે. એ વ્રત લેનાર આ બન્ને ભોંયરાઓના અને મૂર્તિઓના રહસ્ય જાણી શકે છે. એકનું ખાનસાહેબ જાણે છે; બીજાનું આઝાદ. પરંતુ હું ગુરુ થયો ત્યારથી બન્ને રહસ્યો હું એકલો જ જાણું છું. બિરાદરી ભલે ગઈ, મારું વ્રત દેવી પાસે લીધેલું તે કેમ વૃથા થાય ?'

'હવે તમે શું કરશો ?'

'એક જ વસ્તુ. ઈશ્વરની આરાધના કરીશ. સત્, ચિત્ અને આનંદના મહાભાવ સાથે એકતા સાધીશ. બીજું કંઈ પૂછવાનું રહે છે ?'

'તમારા જેવા જ પરંતુ વધારે વૃદ્ધ દેખાતા બીજા સાધુ કોણ હતા ?'

'એ હું જ હતો. આઝાદ જેમ બીનમાં કુશળ છે તેમ હું ઐયારી-વેશપલટામાં કુશળ છું. આપના સરખું મુખ પણ હું મારું બનાવી શકું છું.'

અમે બન્ને થોડી વાર શાંત બેસી રહ્યા. આ થોડા માસનો ચમત્કારિક અનુભવ અદૃશ્ય થશે એ વિચારે મને દિલગીરી થતી જ હતી. મેં પૂછ્યું :

'તમે સાધુ થઈને જનતાની કાંઈ સેવા નહિ કરો ?'

'હં. આપણે શી સેવા કરીએ ? જિંદગીના બધા તાર બાહ્ય જગત સાથે સંવાદી બનાવી દઈએ એ જ સેવા. ધન રાખીએ તો ગરીબીનો પ્રશ્ન ને ? સત્તા હોય તો સમાનતાની અપેક્ષા રહે ને ? ઝૂંપડી અને ભગવામાં જગત સાથે ભળી જવું એટલે બસ.'

'આપણે કદી મળીશું ખરા ?'

'આપ સજ્જન છો. જગતમાં સજ્જનો વધે એવું કરજો આપણે મળીએ કે ન મળીએ, પણ એક વાત ન ભૂલશો. પ્રજાને દેવી માની પૂજજો પ્રજાને પ્રસન્ન રાખશો તો તે અન્નપૂર્ણા બનશે; પ્રજાને કુપિત કરશો તો તે ચંડી અને ભવાની બની તમને ખપ્પરમાં લેશે.'

અમે થોડીવારમાં અન્ય રસ્તે પાછા ફર્યા. મટીલ્ડાની સાથે મારે પાછા ફરવાનું હતું. મટીલ્ડાને પાછા ફરવાની અનિચ્છા હોય એમ સમજી શકાય એમ હતું. મને પોતાને જ અણગમો થતો હતો.

મિયાનામાં મટીલ્ડા બેઠી. હું થોડે સુધી ચાલવાનો વિચાર રાખતો હતો. સઘળા ઓળખીતા ઠગને મળી હું આગળ ચાલ્યો. સમરસિંહ અને આયેશા થોડે સુધી મારી સાથે ચાલ્યાં. આયેશાનું ભાવિ શું ?

તેણે પોતાનું ભાવિ નક્કી કરી લીધું હતું. બિરાદરી તુટે એના કરતાં પોતે કુરબાન થવું વધારે સારું એમ માની તે પ્રિયતમને હાથે ઝેર પીવા તત્પર થઈ હતી. હવે એ પ્રસંગ ગયો. એટલે ?

'સમરસિંહ જે કરશે તે હું કરીશ.' આયેશાનો નિશ્ચય હતો.

'પણ એ તો અપરિણીત જીવન ગુજારશે.'

'હું પણ તેમ જ કરીશ. એ પરણશે તે ક્ષણે હું પરણીશ.' આયેશાએ આછા હાસ્યમાં ગંભીર ભાવ વ્યક્ત કર્યો.

'સમરસિંહ ! આપણે તમારા વાઘને વીસરી ગયા.' મેં કહ્યું.

'ના જી; એ જ્યાં ત્યાં આપણી સાથે જ છે. રાજુલ ! જો આ સાહેબને મળી લે.' સમરસિંહે કહ્યું. અને કોણ જાણે ક્યાંથી એક વિકરાળ વાઘ અમારા માર્ગમાં આવી ઊભી. મને સહજ ભય લાગ્યો. હું તેના વાઘને ઓળખતો હતો, પરંતુ વાઘ મને ઓળખે એમ ન હતું. તે મારી નજીક આવવા લાગ્યો.

'સાહેબ ! એ કાંઈ નહિ કરે.' આયેશાએ કહ્યું.

'તોપણ મને ભય લાગે છે.' મેં હસતાં હસતાં કહ્યું અને જીવનભરની બહાદુરી ભેગી કરી પાસે આવેલા વાઘ ઉપર મેં હાથ ફેરવ્યો. ડોકું હલાવી મારી સામે વીજળી જેવી દૃષ્ટિ નાખી વાઘે એક બગાસું ખાધું.

'સાહેબ ! બે પાઠ હું થોડા સમયમાં શીખ્યો. પ્રેમથી માનવી વશ થાય છે એ આઝાદે શીખવ્યો. પ્રેમથી હિંસક પ્રાણી પણ મિત્ર બને છે એ મને મારા રાજુલે શીખવ્યું. એ બચ્ચું હતો ત્યારનો મારો મિત્ર છે.'

'અમે છૂટા પડ્યા. જીવનના એક અલૌકિક સ્વપ્નમાંથી જાગવું પડે અને જેવું દુઃખ થાય તેવું મેં અનુભવ્યું. મેં નિવેદનો કર્યાં. ઠગ લોકોને વિખેરી નાખ્યા બદલ વિગતો લખી. તેમના અંદરઅંદરના ઝઘડાએ આપોઆપ અપાવેલો વિજય પણ મેં વર્ણવ્યો. છતાં આ નોંધમાં લખેલી હકીકત મેં ખાનગી જ રાખી. આમાંની કેટલીક વાત સરકારી દફતરે જાય તો મનાય પણ નહિ એવી હતી. અને સરકારી દફતરમાં માનવહૃદયના કઠણ - કુમળા ભાવવર્ણનની જરૂરે ક્યાં છે ?

પરંતુ મને તો દિવસો અને વર્ષો સુધી આ પ્રસંગની સ્વપ્નો આવ્યાં છે. સમરસિંહ, આયેશા, આઝાદ, ખાનસાહેબ સર્વને મળવા માટે મેં ઘણા પ્રયત્નો કર્યો પરંતુ એમાંથી કોઈ મને આ પછી જડ્યું નહિ. ઠગ લોકોના મથકની આસપાસ હું ખૂબ ફર્યો; માણસો દ્વારા તપાસ કરાવી; પરંતુ એ મંદિર, ભોંયરાં. મહેલ, મૂર્તિ કે ભંડાર કહ્યું હાથ લાગ્યું નહિ. મારા વખા-ણનાં મેં ઘણાં ઘણાં વર્ણનો લખ્યાં હતાં; પણ આ પ્રસંગ પછી મને શંકા પડવા માંડી કે ઠગ લોકોનું વિસર્જન ખરેખર મારી શક્તિ અને યુક્તિને આભારી હતું કે નહિ.

એક વાત ચોક્કસ. ત્યાર પછી ઠગ લોકોના ઉપદ્રવો તદ્દન બંધ પડ્યા. ઠગને નામે રળી ખાતી કેટલીક ટોળીઓ પકડાઈ. એ ખરેખર આ લોકોના સંગઠ્ઠનનો વિભાગ ન હતી. હિંદ ભૂલી ગયું કે ઠગ જેવા લોકો હતા; સરકાર પણ ભૂલી ગઈ કે ઠગ લોકોના વિનાશ માટે તેણે અનર્ગળ દ્રવ્ય ખરચ્યું હતું, પરંતુ મને તો એ પ્રસંગ મારા જીવનનો ભવ્ય ટુકડો લાગતો હતો. મને લોકો સ્લિમાન ઠગી કહેતા હતા. એ સંભારણામાં તેઓ એક સત્યભાવને વ્યક્ત કરતા હતા. સમરસિંહની સાથે હું લાંબો સમય રહ્યો હોત તો હું પણ ઠગ બની ગયો હોત. મને એમના જીવનમાં એટલો રસ પડ્યો હતો, એટલો મોહ ઉત્પન્ન થયો હતો !

* * *

વર્ષો વીતતાં વાર લાગતી નથી. અનેક સ્થળે નોકરી કર્યા પછી હું લખનૌમાં રેસીડન્ટ

બન્યો. મારી તબિયત લથડતી ચાલી અને સને ૧૮૫૬ માં મેં નિવૃત્તિ મેળવી. એ વર્ષે હિંદમાં કોઈ બેઠી અશાંતિ હું અનુભવતો હતો; કોઈ ભયાનક જ્વાળામુખી સળગી ઊઠશે એમ મને થયા કરતું હતું. અવધના નવાબને ઉઠાડી ન મૂકવાની મારી સૂચના કંપની સરકારે માન્ય ન રાખી એટલે મેં નિવૃત્તિ માગી.

હું ચારે પાસ રાજકીય ઊથલપાથલનાં ચિહ્ન જોઈ શકતો હતો. હિંદને છોડીને જવા માટે મેં તૈયારી કરી અને મારી સાથે કેટલાંક ગોરાં સ્ત્રી-બાળકોએ સ્વદેશ આવવા માટે ઇંતેજારી દર્શાવી. મને લાગ્યું કે સ્ત્રી-બાળકો જેમ બને તેમ હિંદમાંથી ચાલ્યા જાય તે વધારે સારું. કોઈ ગુપ્ત સાદ મને આ વાત સંભળાવ્યા જ કરતો હતો. એ અરસામાં મને મારા ઠગ દિવસો ખૂબ યાદ આવ્યા, અને સમરસિંહને શોધી કાઢવાની તીવ્ર ઝંખના જાગી. આ અશાંતિમાં સમરસિંહ કાંઈ ચાવી તો નહિ ફેરવતો હોય ? લખનૌથી થોડી યુરોપિયન સ્ત્રીઓ તથા તેમનાં બાળકોને લઈ હું ઝડપથી જતો હતો. બળવો અને બળવાખોરો ક્યાંથી ફૂટી નીકળશે એ કહેવાતું નહિ, છતાં સ્ત્રીઓ અને બાળકોને કેન્દ્રમાંથી લઈ ગયા વગર છૂટકો ન હતો. સ્ત્રીઓ અને બાળકોને ફેરવવાં એ ઝડપી કાર્ય તો ન જ હોય.

ભય લાગતો હતો જ એટલામાં દૂરથી એક લશ્કરી ટુકડી અમારી સામે આવતી દેખાઈ. એ ટુકડી ઘણી મોટી હતી. આગળ જવાય એમ હતું નહિ; પાછા જતાં પણ પકડાઈ જવાની ધાસ્તી ચોક્કસ હતી. સ્ત્રીઓ અને બાળકોને એકલાં મુકાય એમ ન હતાં. સહજ દૂર એક બાજુએ ધજા ફરકતી દેખાઈ અને વૃક્ષો પાછળ કોઈ મકાન હોય એવો ભાસ થયો. અમે તે તરફ ફંટાયાં. કોઈ મકાનમાં રક્ષણ મળે તો અમે સહજ પણ ટકી શકીએ એમ હતું. સામી ટુકડી આવી પહોંચે તે પહેલાં અમારે ત્યાં પહોંચવાનું હતું. સ્ત્રીઓ ગભરાઈ ઊઠી; બાળકો રડવા લાગ્યાં, પરંતુ ગભરાયે કે રડ્યે કાંઈ વળે એમ ન હતું. મેં લશ્કરી ઝડપ માગી અને સ્ત્રીઓ તથા બાળકોને દોડાવ્યાં. સલામતીનો એટલો જ જેવો તેવો માર્ગ હતો.

મકાન પાસે આવતું ગયું. એ એક મંદિર હતું. પરંતુ અમારી સામે આવતી ટુકડી પણ માર્ગ બદલી એ તરફ જ આવવા લાગી. તેની ઝડપ ભારે હતી. અમે મંદિરના દ્વાર પાસે આવ્યાં નહિ એટલામાં તો ઘોડેસ્વારોએ અમને ઘેરી લીધાં. મહામુસીબતે સ્ત્રીઓ અને બાળકોને મંદિરના દ્વારમાં દાખલ કર્યાં, અને અમે થોડા સૈનિકો દ્વારા આગળ સજ્જ બની ઊભા. હું વિચારમાં પડી ગયો. શું કોઈ બળવો શરૂ થઈ ગયો ? તેના પ્રાથમિક ચિહ્ન દેખાતાં હતાં ?

દેવાલયની આસપાસ આવેલી ધર્મશાળાના ઓટલા ઉપરથી એક ગૌરવર્ણની સ્ત્રી અમારી સાથેનાં સ્ત્રી-બાળકોનો ઘસારો જોતી હતી. મને નવાઈ લાગી. યુરોપ કે કાશ્મિર સિવાય આવો ગૌરવર્ણ ભાગ્યે જ જોવામાં આવે છે. છતાં હું તો બચાવની તૈયારીમાં પડ્યો હતો એટલે એ વિચાર આવીને ચાલ્યો ગયો.

'ઠેરો ! હથિયાર મૂકો.' પક્ષના નાયકે કહ્યું.

'કોણ છો તમે ?' મેં પૂછ્યું.

'દુશ્મન ! દરેક ગોરાના અમે દુશ્મન છીએ.'

'સંભાળો, નહિ તો કપાઈ જશો.' મેં ધમકી આપી.

'જો કોણ કપાઈ જાય છે તે.' કહી તેમણે હથિયાર અને ઘોડા અમારા ઉપર નાખ્યા. એવા બળથી નાખ્યા કે અમારે બચાવ માટે બારણાંની અંદર ચાલ્યા જવું પડ્યું. બળવાખોરોના

ધસારાએ બારણું પણ બંધ કરવા ન દીધું. ચૉકમાં ધાંધલ મચી રહ્યું. બાળકો અને સ્ત્રીઓ ગભરાઈ ચારેપાસ દોડવા લાગ્યાં. એક સવારે ભાલો ઉગામ્યો અને એક સ્ત્રી ઉપર તાક્યો.

મંદિરમાંથી એક ઊંચો સાધુ બહાર આવ્યો. અને ગર્જીને બોલી ઊઠ્યો :

'ફેંકી દે ભાલો ! શરમાતો નથી ? હથિયાર વાપરવા છેવટે સ્ત્રી જડી ?'

'એકેએક ગોરાને કતલ કરીશું - ભલે સ્ત્રી, પુરુષ કે બાળક હોય.' સવારે જવાબ આપ્યો.

'ખબરદાર ! જો કોઈએ આ સ્થળે હથિયાર વાપર્યું છે તો !' સાધુના અવાજમાં અનિવાર્ય આજ્ઞા હતી. સવારે ભાલો પાછી લીધો. છતાં તે બોલ્યો :

'અમારા સરદારનો હુકમ છે !'

'કયા સરદાર ? નાના સાહેબ ?' સાધુએ પૂછ્યું.

મને સ્વપ્ને પણ ખ્યાલ ન આવત કે ગોરાઓને અનેક ખાણાં આપતા નાનાસાહેબ પેશ્વાનો આ અશાતિમાં કાંઈ હાથ હોઈ શકે.

'તમારે શું કામ છે ?' બીજા કોઈ સવારે કહ્યું.

'મારે કામ છે. તમારા સરદારને જાહેર કરવું છે કે આવા કાયરો રાખ્યે તેમને જીત મળશે નહિ.'

એકાએક ઓટલા ઉપરથી બે સ્ત્રીઓ ઊતરી આવી. એક હિંદી લેબાસમાં હોવા છતાં તે અત્યંત પ્રભાવશાળી લાગતી હતી. સાધુને અને આ બંને સ્ત્રીઓને મેં ક્યાંઈ જોયા હશે ? મને વિચાર આવ્યો.

'અમારા કામમાં તમે વચ્ચે ન પડો.' એક સૈનિકે કહ્યું.

'આ દેવદ્વારમાં શાસ્ત્ર નમાવો, નહિ તો તમે અપરાધી બનશો.' એ સ્ત્રીએ કહ્યું.

'અમે તો હુકમને આધીન' સિપાઈએ કહ્યું.

'અહીં હુકમ દેવનો. જીવવું હોય તો હથિયાર મૂકી દો.' કહી સાધુએ શંખધ્વનિ કર્યો.

એ શંખના ઘોરથી બધા સ્તબ્ધ બની ગયા. સહુને લાગ્યું કે આ ધ્વનિ કોઈ મોટા સાધુઓના સૈન્યને ખેંચી લાવશે. હથિયાર વાપરતા સૈનિક સાધુઓની હિંદમાં ખોટ ન હતી.

'આપ કોણ છો ?'

'જેની પાસે તને તારા સરદારે મોકલ્યો છે તે ઠગબાવાના મંદિરમાં હથિયાર નહિ વપરાય.'

'ઠગબાવા ?' ક્ષમા કરો ! અમે તો આપની સહાય લેવા આવ્યા છીએ.' આગેવાને કહ્યું.

'કહેજે તારા સરદારને કે સ્ત્રી ઉપર હાથ ઉગામનારને ઠગબાવા સહાય નથી આપતા.'

'ઠગબાવા ? હું ચમક્યો. આ પરિચિત મોં કોનું ? મને મારાં પાછલા વર્ષો યાદ આવ્યાં અને આખો ઠગ-વૃત્તાન્ત મને સાંભર્યો. જાણે તે આજે જ મારી નજર આગળ ન બન્યો હોય !

'સમરસિંહ ?' હું એકદમ પુકારી ઊઠ્યો. એ સાધુ સમરસિંહ હતો એની મને ખાતરી થઈ ગઈ.

'સ્લિમાન સાહેબ ! વિલાયત જાઓ છો ?' સમરસિંહે મને ઓળખી પૂછ્યું.

'હું એકદમ ઘસ્યો અને આ સાધુને ભેટી પડ્યો.

'સમરસિંહ ! તમે જ મારો બચાવ કરવા સર્જાયા છો શું ?' મારાથી બોલી જવાયું.

'પ્રભુ વગર કોણ બચાવ કરી શકે ? આવો. જરા આરામ લો અને આ બધાને માટે હું રસોઈ તૈયાર કરાવું.'

અમારી સાથેનાં બાળકો તેમ જ સ્ત્રીઓ તેમ જ બળવાખોરો એ બધાં જ આ દૃશ્ય. જોઈ રહ્યાં. બળવાખોરોએ હથિયાર નીચે નાખ્યાં અને ઘોડા બાંધી ધર્મશાળાની ઓસરીમાં બેઠા.

શંખનાદથી આકર્ષાયલા પંદરેક સાધુઓ ક્યાંકથી ફૂટી નીકળ્યા. સમરસિંહે કહ્યું :

બધાંને પાણી પાઓ અને પ્રભુનો પ્રસાદ આપો.'

મને હાથ પકડી સમરસિંહ મંદિરમાં લઈ ગયો. પાછળ પેલી બે સ્ત્રીઓ આવતી હતી.

'સ્લિમાન સાહેબ ! આ બંનેને ઓળખ્યાં ?'

'જોયાં લાગે છે.'

'આ મટીલ્ડા વિલાયતનું સુખ છોડી અહીં સાધુજીવનનાં દુઃખ વેઠવા આવી છે.'

'અને આ તો આયેશા ને ?'

'હા જી. મને - સાધુને આ માયા વળગી છે !'

'પણ એ માયા તારો તપભંગ તો નથી કરતી ને ?' આયેશા બોલી એનો અવાજ મેં પરખ્યો.

'ના; મારી એકાગ્રતા વધારે છે. એ બન્ને સાધ્વીઓના મુખમાં હું પ્રભુનાં દર્શન કરું છું. એમનો સાથ ન હોત તો મારી સાધુતા અધૂરી રહી જાત.'

મહારાજ્યો સાચાં કે મહાહૃદયો ? રસ્તામાં જ મેં આખો પ્રસંગ લખી નાખ્યો. ઠગ સંબંધી મેં ઘણું લખ્યું છે, પણ તે આ લખાણ પહેલાનું. છેલ્લું મારું આ લખાણ ઠગસંસ્થાનું રહસ્ય સમજ્યા પછીનું છે એ જ સાચું છે, કારણ એમાંથી હું એક સત્ય શીખ્યો : ઠગસંઘમાં માનવતા હતી.

શું એકલી માનવતા જ હતી ? હા. એમાં ખોટું શું ? મહત્તા કરતાં માનવતા વધારે મોટી છે. મહત્તા મેળવવાની શક્તિ ધરાવનાર સ્ત્રીપુરુષો માનવી બને ત્યારે જીવન નંદનવન બને છે.

સમરસિંહને જોયા પછી મને પણ મહત્તા ઉપર વિરાગ આવી ગયો છે.

મને કોઈ સાચો માનવી આપો ! હું રાજ્ય કે રાજ્યવિસ્તાર નથી માગતો.



પરિશિષ્ટ પહેલું

ઠગ અને ભેદી ટોળીઓ

૧

માનવજાતના ઇતિહાસમાં ભેદી ટોળીઓએ ભજવેલો ભાગ વીસ-રવા જેવો નથી. ભેદ અને ભેદના રહસ્ય જાણવાની માનવીની આતુરતાએ માનવી પાસે અનેક વિચિત્ર કાર્યો કરાવ્યા છે. સંસ્કૃતિની પ્રાથમિક ભૂમિકા આવા ભેદને મહત્ત્વ આપે છે એમ નહિ, સુધરેલા-સુધારાની ટોચે પહોંચેલા કહેવાતા દેશોમાં પણ ગુપ્ત ટોળીઓ અસ્તિત્વમાં છે. સુધરેલી સરકારો છૂપી પોલીસ રાખે છે, છૂપા દૂતો રાખે છે. અને પ્રજાહિતનું બહાનું આગળ કરી રાજકીય બાબતોને છુપાવી રાખે છે. વ્યવસ્થિત, શસ્ત્રસજ્જ સરકાર પણ આમ ભેદને પોષે છે.

માનવજીવન તો ભેદમય છે જ, પરંતુ માનવી જીવે છે તેય અનેક ભેદપરંપરા વચ્ચે. જીવન, જન્મ, મરણ : સૂર્ય, ચંદ્ર, રાશિ અને નક્ષત્ર : પંચતત્ત્વની પ્રકૃતિ અને પંચેન્દ્રિયની આંટીઘૂંટી વચ્ચે ઉદ્‌ભવતું માનસ : રાજ્ય, વાણિજ્ય. ન્યાય : ધર્મ અને પ્રેમ : વેર અને વહાલ : માનવીને જેટલા અણુ છે એના કરતાં પણ વધારે ખેંચાણોએ તેને ઘડ્યો છે. ભેદ એ તેના જીવનનો મોટો ભાગ છે.

માનવીને છુપાવવાનું પણ કેટકેટલું છે ? એને દેહ છુપાવો પડે છે, એના ભાવ છુપાવા પડે છે. એનાં કૃત્યો છુપાવા પડે છે – સભ્ય સમાજમાં પણ. જેમ સભ્યતા વિશેષ તેમ છુપાવવાનુ વધારે. કદાચ છુપાવવાના ભાવ અને કાર્યની વિપુલતા ઉપર જ સભ્યતાનો આધાર તો નહિ રહેતો હોય ?

૨

વયકક્ષા (Age-grades) અને ગુપ્તજ્ઞાન

સમાજને ઐતિહાસિક દૃષ્ટિએ જોવાની આ યુગમાં આપણને ટેવ પડી ગઈ છે. એ ટેવ આપણને સ્પષ્ટ વિચાર કરવાનો એક માર્ગ દર્શાવે છે - જોકે ઘણા વર્તમાન વલણોનું આરોપણ માચીનતામાં એથી સાચુંજૂઠું થતું હોય એવો સંભવ તો રહે છે જ. કુટુંબ, કુલ, ગોત્ર (Clan) અને જાત (tribe) સુધી વિકસેની પ્રાથમિક સંસ્કૃતિવાળી જાતોમાં ગુપ્તજ્ઞાન (Age-grades) વયસમાનતાને અવલંબીને ફેલાય છે. વય એ કુદરત દીધી વિશિષ્ટતા છે, એમાં જરા પણ ના પડાય એમ નથી. અસંસ્કૃત જાતોમાં અને સંસ્કૃત જાતોમાં શરીરવિકાસ એ જ્ઞાનવિકાસની જ

ભૂમિકા બની રહે છે. બાળક, કિશોર, કુમાર, યુવાન, પુખ્ત, વૃદ્ધ એવી એવી વયભેદ ઉપર રચાયેલી ભૂમિકાઓ ઉપર આધાર રાખી જ્ઞાનદીક્ષા આપવાનું કાર્ય (Age-grades) વયશ્રેણીની પ્રથામાં થાય છે.

જ્ઞાન ગુપ્ત રહે છે. એ જ્ઞાન ધર્મક્રિયા, જાતિવિષયક અને રિવાજો, યુદ્ધના કોયડા, પૂર્વજના ઇતિહાસ, કાયદા, મંત્રતંત્ર અને દવાદારૂ સંબંધનું હોય છે. યુવાનને અપાતું જ્ઞાન બાળકને ન જ અપાય. મંત્રતંત્ર કે ઔષધિનું જ્ઞાન વૃદ્ધો જેટલા વિચારથી વાપરે તેટલા વિચારથી યુવકો ન વાપરે એ બહુ સંભવિત છે. એટલે જ્ઞાન આપવાનું માપ વયની કક્ષા ઉપર આધાર રાખે છે. આ જ્ઞાન આપવાની ક્રિયા ગુપ્ત છતાં ધામધૂમ સાથે થાય છે, અને આખી જાતનાં અમુક વયનાં માનવીઓને એકસામટી જ્ઞાનદીક્ષા આપ-વામાં આવે છે. વ્યક્તિગત જીવન સમાજની સાથે સંબંધ ધરાવતું થાય એવા બધા પ્રસંગોને જ્ઞાનદીક્ષાના પ્રસંગો તરીકે સ્વાભાવિક રીતે ગણવામાં આવે છે.

વયસમાનતાનો આગ્રહ રાખવાથી આ જાતોમાં કુળ કે કુટુંબને લીધે પડી જતા વિભાગોને એકત્રિત રાખવાની કૂંચી જડે છે. આખી જાતના સોળથી અઢાર વર્ષની ઉપરના યુવકોને લશ્કરી જ્ઞાન એકસામટું અપાય એથી કુળભેદ અને કુટુંબભેદ હળવા બની જાય છે, અને વયના સ્વાભાવિક ભેદ વધતા નથી.

વળી પુરુષ અને સ્ત્રી એ બંને વર્ગોને માટે ભિન્નભિન્ન દીક્ષા હોય છે.

આપણાં જનોઈ અને લગ્નમાં પણ દીક્ષા લેનાર જ માત્ર મંત્ર સાંભળે એવી યોજના રાખવામાં આવે છે - જોકે હવે તેનો આગ્રહ જતો રહ્યો છે. ઉપવીત અને લગ્નનાં ક્રિયાકાંડ તરફ હવે માત્ર ઉદાસીનતા જ નહિ પણ અણગમો ઉત્પન્ન થઈ ચૂક્યો છે. વળી આખી કોમની દીક્ષા એક સામટી અપાતી નથી એટલી પ્રાથમિક જાતોના ગુપ્તજ્ઞાનપ્રચાર સાથેનો ભેદ સમજવા સરખો છે. કડવા પાટીદારોમાં પ્રથમ થતાં સમગ્ર કોમનાં બાળકબાળકીનાં લગ્ન આ સ્થળે યાદ કરવા સરખા છે - જોકે એમાં કોઈ ગુપ્તપણું રહેતું નથી. પ્રાથમિક જાતોમાં તો આ બધાં જ સંસ્કારમાં ગુપ્તપણું એ મહત્ત્વનો અંશ છે.

માનવજાત પ્રાથમિક ભૂમિકામાંથી આગળ વધે છે અને રાજ્ય ધર્મ, શાસન, પ્રજાભાવના વર્ણભેદ પણ વિકસિત બનતાં જાય છે. વિકસિત ભૂમિકામાં વ્યક્તિ અને સ્થિર સમાજતંત્ર અગર તેના કોઈ સમૂહ વચ્ચે વિરોધ ઊભા થાય છે, સમાજવિરોધી ગુપ્ત વિચારો અને કાર્યોનાં બીજ રોપાય છે, અને તેમાંથી ગુપ્ત મંડળો અને ભેદી ટોળીઓનાં બંધારણ બંધાય છે.

૩

ગુપ્ત મંડળો

ઉદ્દેશ, અગર ઉદ્દેશ પાર પાડવાના માર્ગનું ચીવટાઈથી સચવાતું ગુપ્તપણું એ ગુપ્ત મંડળોનું એક મુખ્ય લક્ષણ. આ ગુપ્તપણું સાચવવા સંકેતશબ્દ, ગુપ્ત ભાષા, વિચિત્ર ક્રિયાઓ, વિચિત્ર પહેરવેશ અને આભૂષણ, સંકેટચિહ્ન, ભેદી મકાનો, ભેદભરી મૂર્તિઓ એ પ્રત્યેકનો જરૂર પૂરતો

ઉપયોગ કરવામાં આવે છે, અને ગુપ્ત રહસ્ય સચવાય એવી બધી જ તરકીબો કરવામાં આવે છે. આ લક્ષણ વયકક્ષા (Age-grades) ની સંસ્થાઓમાં પણ હોય છે. અમુક જ્ઞાન, અમુક ક્રિયા, અમુક ઉમરના માનવીઓ સિવાય કોઈને બતાવી શકાય નહિ; એ જ પ્રમાણે ગુપ્ત મંડળોના સંકેત એક મંડળના સભ્ય સિવાય કોઈને બતાવી શકાય નહિ. માત્ર બંને વચ્ચે મુખ્ય તફાવત એ જ કે વયકક્ષામાં અપાતું જ્ઞાન અમુક વયના સર્વ મનુષ્યોને અપાવું ફરજિયાત છે; ગુપ્ત મંડળીમાં વયભેદ હોતા નથી, અને તેમાં પ્રવેશ મરજિયાત હોય છે.

ગુપ્ત મંડળોના આ મુખ્ય લક્ષણ સિવાય બીજાં લક્ષણો ધ્યાનમાં રાખવા સરખાં છે.

કોઈ કોઈ મંડળીમાં મુખવટાનો ખૂબ જ ઉપયોગ થાય છે. મુખવટો માણસને બદલી નાખે છે. એ મુખપલટાથી મંડળનો સભ્ય સદેહે મૃત્યુ પામી નવા જીવનમાં આવ્યો, અને તેથી મૃત પિતૃઓ અને પૂજ્ય દેવતાઓ સાથે સંસર્ગમાં આવવાની લાયકાત તેણે પ્રાપ્ત કરી, એવી માન્યતા ઉપજાવી રહસ્યને ઘેરું બનાવવામાં આવે છે. દેવના અને પિતૃના આશીર્વાદ કે કોપ લાવવાની શક્તિનું આરોપણ કરવામાં આવતાં સભ્યો અને બિનસભ્યોમાં આ ભાવના જાદુ સરખી અસર કરે છે. પ્રાથમિક સમાજમાં વયકક્ષાનાં મંડળીમાંથી જ આ ગોપ્ય રહસ્યની ક્રિયાઓ ગુપ્ત મંડળોમાં દાખલ થઈ હોવી જોઈએ. પરંતુ સમાજ જેમ સુધરતો જાય છે તેમ વયકક્ષાના ભેદ અને ભેદને પોષનારી ક્રિયાઓને જતી કરે છે. પરંતુ ગુપ્ત મંડળો એવી ક્રિયાઓને ચીવટાઈથી વળગી રહે છે, ન હોય ત્યાં લાવે છે, અગર તદ્દન નવી વિચિત્ર ક્રિયાઓ ઉપજાવી ભેદના પડદા અભેદ્ય બનાવ્યા કરે છે.

કોઈ પણ મંડળનો ઉદ્દેશ એ જ હોય કે સમભાવ કે સમભાવનાવાળાં મનુષ્યો ભેગાં થઈ ભાવનાને ફળીભૂત કરે. કેટલેક અંશે એથી સામાજિક અસમાનતા કે આર્થિક અસમાનતા દૂર થાય છે. સાહિત્યમંડળીનો એક સભ્ય અમલદાર પણ હોય અને શિક્ષક પણ હોય, આર્થિક મંડળનો એક સભ્ય બૅન્કનો મેનેજર પણ હોય અને બીજો નાનકડી દુકાન ચલાવતો વ્યાપારી પણ હોય. કેટલાંક મંડળો સમાજ અને રાજ્યને મજબૂત કરે છે; કેટલાંક મંડળોને રાજ્ય કે સમાજનો વિરોધ કરવાનો હોય છે. એક દૃષ્ટાંતથી આ વાત સમજી લઈએ. હિંદી મહાસભા (Congress) કૉન્ગ્રેસ એ કોઈ પણ કાયદાથી નોંધાયલી સંસ્થા હોય એમ જાણવામાં નથી, છતાં એ ગેરકાયદે મંડળ નથી. એને કાયદાએ ન સમાવેલી (Extra legal) સંસ્થા કહી શકાય, સ્થાપિત રાજ્ય વિરુદ્ધ તે ચળવળ કરે છે ત્યારે તે ગેરકાયદે બની જાય છે. પરંતુ નવા હિંદી બંધારણમાં તેણે સત્તા સ્વીકારી એટલે સરકારવિરોધી સંસ્થા સરકારપોષક સંસ્થા બની જાય છે. એમાં આખા હિંદ દેશનાં સ્ત્રી-પુરુષો આવી શકે છે; એને ધર્મનો બાધ નડતો નથી; ધનવાન અને નિર્ધન સહુ તેના સભ્ય બની શકે છે. અહિંસક ઇલાજોથી સ્વાતંત્ર્ય મેળવવું એ એનો ઉદ્દેશ. અને એ ઉદ્દેશ ધરાવતાં સભ્યો એમાં એકત્રિત બની શકે છે.

રશિયાનો બોલ્શેવિ પક્ષ, જર્મનીનો નાઝી અને ઈટલીનો ફાશિસ્ટ પક્ષ, આવાં રાજ્યને સહાયભૂત થનારાં મંડળોના નમૂના છે. એમાં ગુપ્તપણું નથી; હશે તો તે હવે ચાલ્યું ગયું છે. એક સમયે ચાલુ રાજનીતિનો વિરોધ કરનાર આ મહામંડળો હવે રાજ્યકર્તાઓ આપે છે.

રાજ્ય કે સમાજનો અગર તેમના કોઈ વિશિષ્ટ વિભાગનો જ્યારે સખત વિરોધ કરવાનો હોય ત્યારે મંડળને ગુપ્તપણીનો બહુ જ આશ્રય લેવો પડે છે. ગાંધીજીએ હિંસાને ગાળી કાઢી એટલે ગુપ્તપણાની જરૂરિયાત રહી જ નહિ. પરંતુ કપટ, બળ, જોર, જુલમ, ત્રાસ અને હિંસાથી પોતાના કાર્યની સિદ્ધિ કરવામાં માનનારા અનેક મંડળો અસ્તિત્વમાં હતાં અને હજી છે. હિંદનાં ક્રાન્તિકારી મંડળો આવાં ગુપ્ત મંડળોનું એક રાજકીય સ્વરૂપ દર્શાવે છે.

આવાં ગુપ્ત મંડળો વર્તમાન યુગમાં મોટે ભાગે રાજકીય કે આર્થિક ઉદેશો ઉપર રચાયલાં હોય છે. છતાં એ ભૂલવું ન જોઈએ કે ધર્મ, ધાર્મિક ક્રિયા-કર્મકાણ્ડનો ઉપયોગ એક અગર બીજા સ્વરૂપે મંડળની કાર્યવાહીમાં દેખા દે છે. વળી ધર્મને અંગે, જતિભેદને અંગે, વ્યાપારને અંગે, ધન-ઉપાર્જનને અંગે, અગર મોજશોખને અંગે પણ ગુપ્ત મંડળો સ્થાપવામાં આવેલાં છે.

ખ્રિસ્તી, મુસ્લિમ, હિંદુ, બૌદ્ધ વગેરે ધર્મોની ચડતીપડતીના યુગમાં ધર્મઘેલછાને અંગે થયેલા જુલમો સર્વવિદિત છે. એ જુલમોથી બચવા, અગર પોતપોતાના મત કે માર્ગને શ્રેષ્ઠત્વ આપવાના ઝનૂનમાં અનેક ગુપ્ત મંડળો ઉદ્‌ભવ્યાં છે. એક જ ધર્મમાં મતભેદ ઊભા થાય છે અને એ મતભેદ અનુસાર મંડળો સ્થપાય છે. ગુપ્તપણાની જરૂર બેત્રણ સૂચના કરે છે : ગુપ્તપણું જુલમથી બચવા માટે હોય; પોતાની સ્થિતિ મજબૂત બનાવવા માટે હોય; વેર લેવા માટે હોય; સમાજને અમાન્ય એવા વર્તનથી આનંદ લેવા માટે હોય; અને ત્રાસ વર્તાવી સામા પક્ષને ભયભીત બનાવવા માટે પણ હોય. નગ્નમંડળો શરીરશાસ્ત્રનો આશ્રય લઈ રચાય છે; વિલાસપ્રિયતા પોષવા માટે ભોગમંડળો રચાય છે; લૂંટવા માટે બહાર-વડિયા; ચાંચિયા કે સફાઈદાર ગુંડાઓ (Gangsters) નાં મંડળો રચાય છે; રાજ્ય મેળવવા શસ્ત્રધારીઓ અને મુત્સદ્દીઓનાં મંડળો રચાય છે. દરેક મંડળમાં ગુપ્તપણું સચવાય છે, અને એ સાચવવા માટે વિસ્તૃત સંકેતમાલા અને ક્રિયાઓમાં એ ગુપ્તપણાને ગૂંથી દેવામાં આવે છે.

વળી આંતરરાષ્ટ્રીય બંધુભાવનાના ઉદ્દેશો ઉપર રચાયેલાં ગુપ્ત મંડળો પણ હોય છે, અને રાજ્ય કે સમાજનો વિરોધ ન હોય છતાં - રાજ્ય અને સમાજના આગેવાનો એવાં મંડળોના જાહેર સભ્યો હોવા છતાં - તેમાં કાંઈ પણ રહસ્ય છુપાયલું નથી એમ જાહેર રીતે કહેવા છતાં - તેનાં રહસ્ય કોઈ પણ ધર્મરહસ્યોના સરખાં જ ગુપ્ત રાખવામાં આવે છે. એટલું જ નહિ, એ રહસ્ય ના કહેવા છતાં એટલું આકર્ષક બનાવાય છે કે સહુની જિજ્ઞાસા ઉશ્કેરાઈ તેમાં પ્રવેશ પામવાની ઇચ્છા જ કરે. રોઝીકૃશિયન, મેસ્મરનાં મંડળો થિયોસોફી - ખાસ કરીને તેનો (Esoteric) અપાર્થિવ માર્ગ અને ફ્રીમેસનરી : એ બધાં ધર્મમંડળી અગર બંધુત્વ વધારનારાં મંડળો એ જાણીતાં ગુપ્ત મંડળો છે. જર્મન યુદ્ધ પછી મૂળ અમેરિકામાં સ્થપાયેલું અને હાલ ખૂબ વિસ્તાર પામતું રોટરી - ચક્ર મંડળ હજી ગુપ્ત મંડળ બન્યું નથી, છતાં તેના સંકેત અને સભ્યો તરફથી તેને અપાતું મહત્ત્વ તેને ઝડપથી ગુપ્ત મંડળમાં ફેરવી નાખે તો નવાઈ નહિ.

ઈટાલી અને જર્મનીમાં ગુપ્ત મંડળો નાબૂદ કરી નાખવામાં આવ્યાં છે, અને ફ્રીમેસનરી સરખી એક વખત ફ્રાન્સ જેવા પ્રદેશ ઉપર રાજસત્તા ભોગવતી મંડળને પણ ગેરકાયદે ઠરાવવામાં આવી છે. બળજબરી, જુલમ, ત્રાસ, તાપથી ચાલતાં રાજ્યોની સ્થિરતા ક્ષણિક છે. હિટલર કે મુસાલિનીના તેજથી હણાયલાં વિરોધી બળો બહારથી અદૃશ્ય થયેલાં ભલે લાગે; પરંતુ એબીસીનિયાની મુલ્કગીરીમાં રોકી દીધેલી ઈટાલિયન પ્રજા અગર યહુદીઓના શિકારે ચડાવી દીધેલી જર્મન - આર્ય પ્રજામાં ગુપ્ત મંડળો સ્થપાય એવું વાતાવરણ તો તૈયાર થઈ જ રહેલું છે.

૪

‘માફિયા ટોળી’

આ મંડળીઓની થોડી વિગત તપાસીએ અને ઈટલીની જાણીતી 'માફિયા' નામની ગુપ્ત મંડળીથી શરૂ કરીએ.

આજે ખૂબ જોર કરી રહેલા ઈટાલીને નેપોલિયને છિન્નભિન્ન કરી નાખ્યું હતું એ વાતને ભાગ્યે દોઢસો વર્ષ થયાં હશે. ઈટાલીની દક્ષિણે આવેલા સિસિલી ટાપુમાં લાંબા વખતથી અવ્યવસ્થા ચાલતી હતી. ઈટાલીનું રાજ્ય તે વખતે નબળું હતું એટલે સિસિલીની સંભાળ બરોબર રખાતી નહિ. તેમાં નેપોલિયને ઈટાલી જીતી પોતાના ભાઈને ગાદીએ બેસાડ્યો. એમાંથી અવ્યવસ્થા વધતી ચાલી, અને સિસિલીના મોટા જમીનદારોએ પોતાની જમીન સાચવવા અને મહેસૂલ ઉઘરાવવા બદમાશો અને ગુંડાઓને નોકર તરીકે રાખવા માંડ્યા. ગુંડાઓના હાથમાં સત્તા આવી એટલે તેનો પૂરો ઉપયોગ કરી તેમણે ખેડુત વર્ગને મારીઝૂડી તદ્દન અબોલ બનાવી દીધો. હાલ આપણે ત્યાં પણ મિલમાલિકો, જમીનદારો અને શાહુકારો દરવાજા કે ખેતી સાચવવા, ઉઘરાણી કરવા અગર વસૂલાત લાવવા માટે મકરાણી, કાબુલી અને ભૈયાઓ રાખે છે એ જાણીતી બિના છે.

જમીનદારોના તાલુકાઓ અને જમીનો પાસે પાસે હોવાથી આ ગુંડા રક્ષકોમાં પોતાનું જ એક બંધારણ ઉદ્‌ભવ્યું. અને તેને એટલું બળ મળ્યું કે એ જ રક્ષકોએ જમીનદારોને જ મુશ્કેલીમાં નાખી દીધા. આ રક્ષકોની સંખ્યા મોટી ન હતી, છતાં અંદર અંદરના ભારે સંપને લીધે, તેમ જ કોઈ પણ ગુનો કરવાની તેમની સતત તૈયારીને લીધે તેમણે ખેડૂતોમાં અને જમીનદારોમાં ભારે ભય ફેલાવ્યો, અને આખી જમીનદારી વ્યવસ્થા ઉપર પોતાનો સોટો ચલાવ્યો. જમીનદારોએ કયા ખેડૂતો રાખવા, કયા રક્ષકો રાખવા, રક્ષકોને કેટલો પગાર કે ભાગ આપવો, જમીનની દાણ કેટલી ઠરાવવી, જમીન વેચવી હોય તો શા ભાવે વેચવી અને રાખવી, પાક કેટલો કોને વેચવો એ બધું 'માફિયા' ટોળીના રક્ષકોએ હાથ કરી લીધું.

આ ગુંડાઓએ ધીમે ધીમે પાકની સાથે બજારો પણ હાથ કરવા માંડ્યાં, અને તેને અંગે શહેરોમાં પણ તેમની પ્રવૃતિ ફેલાઈ. 'માફિયા' ટોળીના હુકમ વગર જમીન કે માલ બજારમાં પણ વેચાતો બંધ થયો, તેમની મરજી વગર વ્યાપારીઓ માગણી કરતાં બીવા લાગ્યા, અને બીકને લીધે માગણીઓ પણ અટકી ગઈ.

આ મંડળીના ચોક્કસ નિયમો હતા અને તેમનું ચીવટાઈથી પાલન થતું. 'માફિયા'નો પ્રથમ નિયમ એ કે મંડળીના કોઈ પણ સભ્યે કોઈ પણ સંજોગોમાં સરકારી અદાલત કે સરકારી નોકરની સહાય લેવી જ નહીં. એ મંડળીનો બીજો નિયમ એ હતો કે કોઈ પણ ગુનાની સાક્ષી પૂરવી નહિ. પછી તે ગુનો મંડળીના સભ્યો વિરુદ્ધનો હોય કે ન પણ હોય. મંડળી સંબંધી, મંડળીનાં કાર્ય સંબંધી, મંડળીના ગુના સંબંધી સંપૂર્ણ વાચા રહીત બનવું એ તેમનો મુખ્ય સિદ્ધાંત. એ સિદ્ધાંતનું પાલન ન કરનારને ભારેમાં ભારે શિક્ષા મંડળી તરફથી થતી.

ધીમે ધીમે આ મંડળીનું જોર વધવા અને ફેલાવા લાગ્યું. બધા જ વર્ગોમાં તે મંડળીઓનો દાબ પડવા લાગ્યો. કેટલીક વાર તો લશ્કરના મોટા અમલદારોને 'માફિયા' મંડળીની સહાય લેવી પડતી. છેક ઈ. સ. ૧૮૯૨ સુધી તેમનું જોર વધતું ચાલ્યુ. રાજ્ય ચોંક્યું. અને તે સાલમાં લગભગ દોઢશો 'માફિયા' સભ્યોને પકડવામાં આવ્યા. એથી તેમનું જોર ઘટવાને બદલે વધ્યું અને કેટલાક નાસી ગયેલા સભ્યોએ અમેરિકામાં એ મંડળ ફેલાવ્યું. અમેરિકાના ન્યૂઑર્લીઅન્સ શહેરની લીસના મુખ્ય અધિકારીનું 'માફિયા' મંડળીએ ખૂન કર્યું. 'માફિયા' સરખી 'સ્ટોપાઘેરા' નામની બીજી છૂપી મંડળી સાથે ભયાનક મારામારી કરવાથી ડેવીડ હેનેસી નામના પોલીસ અધિકારીએ 'માફિયા' વિરુદ્ધ સખત પગલાં લીધાં, તેને પરિણામે હેનસીનો જીવ ગયો.

પકડાયેલા સભ્યો ઉપર કામ ચાલતાં જૂરીને એટલી ગભરાવવામાં આવી કે ઘણા 'માફિયા' સભ્યોને છોડી દેવા પડ્યા.

પરદેશમાં પણ આમ ત્રાસ વર્તાવતી આ છુપી મંડળી ઈટાલિયન સરકારના અનેક પ્રયત્નો છતાં નાબૂદ થઈ નહિ. અધિકારીઓ 'માફિ-યા'ની સહાય વડે અધિકાર જાળવી રાખતા, અને આગેવાનો ચૂંટણીમાં તેની સહાય વડે વિજય મેળવતા, એટલે સરકારના પ્રયત્નો લગભગ નિષ્ફળ નીવડ્યા. જર્મન યુદ્ધમાં ઈટાલી છેવટે મિત્ર રાજ્યો સાથે જોડાયું. એ ઈ. સ. ૧૯૧૫ થી ૧૯૧૮ સુધીના મહાયુદ્ધનાં ચાર વર્ષ 'માફિયા' મંડળ ખૂબ જોરમાં આવ્યું, અને તેમની ગુનાભરી પ્રવૃત્તિઓ ઘણી જ વધી પડી. ઈ. સ. ૧૯૨૨માં મુસોલિનીની સરદારી નીચે ફાસિસ્ટોએ રાજસત્તા હાથમાં લીધી, અને ત્યારથી 'માફિયા' મંડળીને વેરી નાખવા બહુ જ સખત પગલાં લેવામાં આવ્યાં. 'માફિયા'નો એટલી બધો ત્રાસ હતો કે તેમના વિરુદ્ધ મંડળીએ ગુના કર્યા હોય તેવા લોકો પણ સાક્ષી આપતાં ગભરાતા. અંતે પૂરતું રક્ષણ આપી પિડાતા લોકોની મહામુશ્કેલીએ જુબાનીઓ લઈ 'માફિયા'ના આગેવાનોને ભયંકર શિક્ષાઓ ફરમાવી, એટલે આ છૂપી મંડળી હાલ વિખેરાઈ ગઈ છે. આમ સો-સવાસો વર્ષ સુધી ઈટાલી અને અમેરિકા જેવા દેશમાં 'માફિયા'એ ત્રાસ વર્તાવી પોતાની સત્તા જમાવી હતી, અને રાજકારોબાર તથા ખેતી અને વ્યાપારમાં તે ધાર્યો લાભ મેળવતી હતી.

૫

'કેમોરા ટોળી'

'માફિયા'ની માફક ભારે સત્તા ભોગવતી સમયુગની બીજી એક ટોળી 'કેમોરા' નામથી ઓળખાતી. એ પણ ઈટાલીમાં જ. આ ટીળીનું અસ્તિત્વ ઈ. સ. ૧૮૨૦માં જાહેરમાં આવ્યું. સ્પૅનિશ ભાષામાં 'કેમોરા'નો અર્થ ઝઘડો થાય છે. સંભવિત છે કે નેપલ્સ જેવા ધોરી શહેરમાં આ શબ્દ અને આ મંડળ સ્પૅનિશ લોકોએ દાખલ કર્યાં હોય. જોતજોતામાં એ સંસ્થા ઈટાલીની બની ગઈ.

ઈટાલિયન રાજ્યનાની જહાંગીરીનો ભોગ થઈ પડેલા કેદીઓની સ્થિતિ સુધરે એ અર્થે કેદમાંથી બહાર નીકળેલા કેદીઓના દોસ્તોએ પ્રથમ તો એક સામાજિક મંડળ શરૂ કર્યું. કેદીઓ છૂટતા જાય તેમ મંડળ વિસ્તૃત થતું જાય. પછી તો બીજા તોફાની માણસો પણ એમાં ભળવા લાગ્યા અને નેપલ્સ શહેરની ગલીઓમાં ટોળાબંધ જુલમ કરવાની રીત 'કેમોરા'એ શરૂ કરી.

ટોળાંએ કેવી રીતે કામ કરવું એ વિશે 'કેમોરા'ની ઢબ જાણવા જેવી છે. પોલીસના માણસો આવતા દેખાય તો બિલાડીની માફક કેમોરાના સભ્યો અવાજ કરતા; તેમનો કોઈ ભોગ નજરે પડે એટલે કુકડાનો બોલ કાઢતા; મોટા નિઃશ્વાસ ઉપરથી એમ સમજાતું કે ભોગ આપવા ધારેલો માણસ એકલો નથી. આમ તેમના સૂચક સંકેત ઉપરથી તેઓ વીખરાતા અગર ભેગા થઈ ખૂન, મારઝૂડ કે લૂંટ કરતા. જેમ જેમ 'કેમોરા'નું જોર વધતું ગયું તેમ તેમ વાટ પાડવા ઉપરાંત દાણચોરી અને જાસા કરીને ધન પડાવવાના ઉદ્દેશ તેમાં દાખલ થયા. 'કેમોરા'નાં તોફાનો અને ગુનાઓમાં રાજકુટુંબના માણસો. રાજદ્વારી પુરુષો, અમીરો અને

પાદરીઓ પણ હિતસંબંધ રાખવા લાગ્યા, અને 'કેમોરા'ની લૂંટફાટ તથા દાણચોરીને છાવરી તેમાંથી ભાગ લેવા લાગ્યા. નેપલ્સમાં તે સમયે એવી અંધાધૂંધી ચાલતી હતી કે માલના રક્ષણ અર્થે વેપારીઓ પોલીસ રકવાને બદલે 'કેમોરા' મંડળના માણસોને રોકવા લાગ્યા. ચાલુ રાજ્યવ્યવસ્થા વિરુદ્ધ તેમની ચળવળ ન હતી એટલે રાજસત્તા પણ તેમનાં કાર્યો તરફ આંખ આડા કાન કરતી હતી; એટલું જ નહિ પણ બંદોબસ્તી સીરબંદીમાં (Police force) 'કેમોરા'ના ઘણા માણસો દાખલ થઈ ગયા. વળી પોલીસ ન શોધી શકે એવા કેટલાક અપરાધો 'કેમોરા' પકડી પાડી સરકારને ઉપયોગી થઈ પડવાનો દેખાવ કરતી હતી.

ઈ. સ. ૧૮૪૮માં 'કેમોરા'એ રાજકીય બાબતોમાં પણ માથું મારવા માંડ્યું. ઈ. સ. ૧૮૬૦માં મહારાજા ફ્રાન્સીસે નવું રાજબંધારણ પ્રજાને આપ્યું અને તે સાથે કેદમાં પડેલા સઘળા કેમોરીસ્ટી - કેમોરા મંડળના સભ્યો - ને બંધનમુક્તિ કરી દીધા. એટલે બે વર્ષ ચૂંટણીઓમાં તોફાન કરી પોતાના જ માણસોને સત્તા ઉપર લાવી 'કેમોરા'એ ખૂબ અવ્યવસ્થા ફેલાવી. પછી 'કેમોરા' ઉપર સખતી શરૂ થઈ, છતાં લાંબા સમય સુધી તેનું પ્રાબલ્ય ચાલુ રહ્યું. ઈ. સ. ૧૯૦૦માં એક બદનક્ષીનો મુકદ્દમો ચાલતાં જણાયું કે નેપલ્સની સુધરાઈમાં કેમોરીસ્ટી ઘણા છે. એથી આખી સુધરાઈને વિખેરી નાખવામાં આવી હતી. ત્યાર પછી તેની પ્રતિષ્ઠા ઘટી ગઈ અને મંડળ ઈ. સ. ૧૯૧૧માં ભાંગી ગયું. એક ખૂનના કામમાં ટોળીના માણસો પકડાયા અને તેના સરદારને અમેરિકાથી પકડી લાવવામાં આવ્યો. આવા ગુનેગારોનું ભેદીમંડળ આખી સદી સુધી નેપલ્સ જેવા શહેરમાં અનેકાનેક ગુનાઓ કરતું હતું. હજી પણ ગુંડાગીરીને 'કેમોરા' નામથી ઓળખવામાં આવે છે.

૬

કલુ કલક્સ ક્લૅન

આગળ વધેલા અમેરિકાના સંયુક્ત રાજ્ય – United States of America -માં ગુંડાઓનું કેટલું પ્રાબલ્ય છે એ સહુ કોઈ જાણે છે. ત્યાંના ગવર્નરો, ન્યાયાધીશો, અમલદારો એ સહુ ગુંડાની ટોળીઓનો આશ્રય લે છે, અને પોતાની સત્તા સાચવી રાખે છે એવો સંશય ચાલુ જ છે. પ્રમુખો પણ ગુંડાઓની ટોળીનો આશ્રય નહિ લેતા હોય એમ કહેવાય નહિ. Sand bagging- રેતી ભરેલી કોથળી માથામાં મારી ખૂન કરવાની પ્રથા અમેરિકાના ગુંડામાંથી ઉત્પન્ન થઈ છે.

ભેદી ભોંયરા, પીઠાં મકાનો, કેદખાનાં, જુગારખાનાં, વિકાસ ગૃહો અને શસ્ત્રભંડાર ભોંયતળિયાની નીચે રચવામાં આવે છે અને સૂતેલાં શહેરોની નીચે એક આખું જાગતું શહેર રાત્રે અનેક પ્રકારનાં કાવતરાં અને અપરાધોમાં રોકાયેલું હોય છે. આ કાર્યમાં રોકાયલા બદમાશો બુદ્ધિમાન, ભણેલા, દેખાવડા, સંસ્કારશોભન પણ હોય છે. અને પોતાના આકર્ષક ગુણોનો ઉપયોગ કોઈને ઠગવામાં, રંજાડવામાં, લૂંટવામાં, મારઝૂડ કરવામાં અને અંતે ખૂન કરવા સુધીનાં કાર્યો કરી શકે છે. શરીર સશક્ત, દાવપેચમાં પાવરધા અને જીવ હથેળીમાં લઈ ફરનારા આ બદમાશોએ સાહિત્ય અને સિનેમાને પણ ખૂબ સાધનો પૂરાં પાડ્યાં છે. પ્રખ્યાત વિમાની કર્નલ લીંડબર્ગના બાળકનું અપહરણ કરી ખૂન કરનાર હૉપ્ટમેન અને એવા જ બદમાશ

અલકૅપૉનનો હમણાં જ ચાલેલો મુકદ્દમો સહુના ધ્યાનમાં હશે જ.

એ દેશની એક જબરજસ્ત ટોળીની સહજ વિગત તપાસીએ.

ક્લુ ક્લકસ ક્લૅન નામની બે જુદી જુદી ટોળીઓ જુદા જુદા વખતમાં થઈ છે. એક ટોળી ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં – અમેરિકન આંતરવિગ્રહ પછી, અને બીજી ટોળી હાલમાં જ ઈ. સ. ૧૯૧૪-૧૫થી ૧૯૧૮ના જર્મન યુદ્ધના અરસામાં.

અમેરિકન આંતરવિગ્રહ ઉત્તર અને દક્ષિણ સંસ્થાનો વચ્ચે હબસી ગુલામોને આપેલા છુટકારાને અંગે ઊભો થયો હતો. હબસીઓના છુટકારાનો વિરોધ દક્ષિણ ભાગમાં વધારે ઉગ્ર હતો, અને આંતરવિગ્રહના શમન પછી અમેરિકાની કૉંગ્રેસે કરવા ધારેલા રાજકીય સુધારાનો વિરોધ પણ દક્ષિણ ભાગમાં જ તીવ્ર હતો. હબસીઓ તરફના સદ્‌ભાવની સામે થઈ ગૌરવર્ણનાં લાભ સાચવવા માટે એક મંડળ ઊભું થયું. ઈ. સ. ૧૮૬ ૫ના અરસામાં એક સામાજિક મંડળ કેટલાક ગોરા યુવાનોએ ટેનેસીમાં ઊચું કર્યું. આ મંડળમાં દાખલ થવાનો વિધિ અજબ વિચિત્રતાવાળો હતો, અને સભ્યોનો પોશાક પણ તેવો જ હતો. આ વિધિ અને પોશાકની અસર વહેમી હબસીઓ ઉપર બહુ થઈ. અને તેમના અજ્ઞાન અને વહેમનો લાભ લઈ આ મંડળ અતિ વિસ્તર પામ્યું. ગોરા-ઓના લાભ સાચવા બીજાં મંડળો ધવલ સંઘ (White League) અને અદ્રશ્ય વર્તુળ (Invisble Circle) જેવાં સ્થપાયાં હતાં, એ સર્વ આ મંડળમાં સમાઈ ગયાં. કાળા વિરુદ્ધ ગોરાઓના લાભ માચવવાના ઉદ્દેશથી સ્થપાયેલાં સર્વ મંડળો ક્લુ ક્લકસ ક્લૅન તરીકે ઓળખાતાં. તે બધાં એક જ નામની મોટી ટોળી બની ગયાં. ગોરાઓના લાભ આચવવાના બધા જ પ્રયત્નો કરવામાં આવતા, અને કાળા હબસીઓને રંજાડવા માટે ગમે તેવા જુલમો પણ કરવામાં આવતા. તેમના પ્રાબલ્યને અંગે કેટલાક કાયદાઓ પણ બદલી નાખવા પડ્યા.

આખા દક્ષિણ વિભાગને ‘અદ્રશ્ય મહારાજ્ય (Invisible Empire) નું નામ આપી આ મંડળે પોતાનો કાર્યપ્રદેશ નિશ્ચિત કર્યો હતો. એના પ્રમુખને ‘મહાન માયાવી’ (Grand Wizard) તરીકે ઓળખવામાં આવતો. મહારાજ્યમાં સંસ્થાનોના નાના વિભાગ પડ્યા હતા અને પ્રત્યેક વિભાગને ‘ભવ્ય નાગ’ (Grand Dragon) ના હાથ નીચે રાખવામાં આવ્યો હતો. સંસ્થાનોના અને પ્રત્યેક મંડળના ઉપરીને મહારાક્ષસ (Grand Titan) કહેતા. વિભાગોને મંડળ (Dominion) કહેતા એથી નાના વિભાગ તાલુકાઓના હતા જેના મહા ઉપરી મહાદૈત્ય (Grand Giant) તરીકે ઓળખાતો. નાનામાં નાનો ભૌગોલિક વિભાગ ગુફા-કેન્દ્ર (Den) તરીકે ઓળખાતો. અને તેના ઉપરીનું નામ મહામરુત (Grand Cyclope) રાખવામાં આવ્યું હતું. આમ મહામરુતથી શરૂ કરી મહાન માયાવી સુધીના હોદ્દેદારો આ ભવ્ય ગુપ્ત મંડળને ચલાવતા. આવા અમલદારો ઉપરાંત યોજના પ્રમાણે કાર્ય અમલમાં મૂકનાર કર્મચારીઓને પણ પિશીય (Genii) , સર્પ (Hydras) વંત્રીઓ (Furies) , નિશાચર (Night Hawks) તુર્ક વગેરે ભયંકર નામો આપવામાં આવતાં.

આ મંડળને દાબી દેવા ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા. પરંતુ મંડળના સભ્યોનો વ્યવસ્થિત ત્રાસ અને જુલમ લગભગ અનિવાર્ય બની ગયો. એનો ભોગ હબસીઓ અને હબસીઓની તરફેણ કરતા ગોરાઓ બનતા.

આ સંસ્થા જોકે ધીમેધીમે ક્ષીણ થતી ગઈ, છતાં તેણે ગોરાઓને આપવાના વધારાના હક્ક સ્થાપન કરાવ્યા, હબસીઓના મત ઘટાડી દીધા. અને મુક્તિ પામેલા ગુલામોના મતથી

સત્તા પામેલા અધિકારીઓને એણે દૂર કરાવ્યા.

ક્લુ ક્લક્સ ક્લૅન નામની બીજી એક ગુપ્ત સંસ્થા છેક ઈ. સ. ૧૯૧૫માં સાઈમન્સ નામના ગોરાએ સ્થાપી. આ સાઈમન્સ ભાષણ-કારનો ધંધો કરતો હતો અને સાથે સાથે ફેરિયાનું કામ પણ કરતો હતો. આમાંથી સંસ્થાઓ સ્થાપવાની કળા તેને હાથ ચઢી ગઈ, અને ક્લુ ક્લકસ ક્લૅન નામનો ભ્રાતૃભાવના ઉદ્દેશવાળો એક સંઘ તેણે સ્થાપ્યો. એ સંઘ સરકારી રાહે નોંધાયો પણ ખરો, એટલે કાયદેસરપણાને આગળ કરી તેણે મંડળનો જબરજસ્ત પ્રચાર શરૂ કર્યો. આ મંડળ ઉચ્ચ વર્ગનું, આધ્યાત્મિક તત્ત્વવાળું, સામાજિક વિશુદ્ધિ સ્થાપન કરનારું અને દેશાભિમાનનું પોષક મંડળ છે એમ જાહેર થવા માંડ્યું. સ્ત્રીજાતિનું રક્ષણ, માનવજાતનું બંધુત્વ અને પ્રભુનું પિતૃત્વ વગેરે મુદ્રાલેખો આગળ આવવા માંડ્યા. એમાંથી 'ગોરીપ્રજાનું શ્રેષ્ઠત્વ' અને સ્પષ્ટ તથા સંકુચિત 'અમેરિકાનું દેશાભિમાન' એમાં દાખલ થઈ ગયાં. પહેલાંની મંડળીઓનાં નીચેનાં તત્ત્વોનો એ મંડળે સ્વીકાર કર્યો :

૧ રોમન કેથોલિક મતનો વિરોધ.

૨ યહૂદી લોકોનો વિરોધ.

૩ ગોરાઓની સરખામણીમાં હબસીઓને લાવવાની ભાવના- નો વિરોધ.

૪ પ્રથમના મંડળ સરખી જ ક્રિયાઓ અને પોશાક તથા કાર્ય- વહેંચણી.

પ્રથમનું મંડળ દક્ષિણમાં જ સમાયું હતું; આ મંડળ આખા પ્રદેશમાં ફેલાઈ ગયું. સને ૧૯૨૧માં તેના આ લાખ તો સભ્યો હતા. સાઈમન્સની વેચાણકલા અને પ્રચારકલા આમાં આ કારણરૂપ હતી, પરંતુ મુખ્ય કારણો નીચે પ્રમાણે હતાં :

૧ જર્મન યુદ્ધના ધખારાથી તૃપ્ત બનેલી પ્રજાને દેશાભિમાનમાં પોતાની લાગણીઓ વ્યક્ત કરવાનું સાધન મળ્યું. યુરોપના રાજકારણમાં ભાગ ન લેવાનો સિદ્ધાંત સ્વીકારનાર અમેરિકન પ્રજાને જર્મન યુદ્ધમાં થયેલી ખુવારી નિરર્થક લાગી.

૨ નિર્બળ પોલીસથી અટકાવી ન શકાતી કેટલીક અનીતિમય રીતોને મંડળીના ભયથી દાબમાં રાખવાનું સાધન મળ્યું.

૩ અદાલતોના દીર્ઘસૂત્રીપણાથી અને કાયદાની આંટીઘૂંટીઓથી ગુનેગારો બચી જાય છે એ સાચી વાત છે; એવી રીતે બચી જનાર દુશ્મનોને આ મંડળી દ્વારા સજા કરાવવાનો લાગ મળતો.

૪ જાત અને ધર્મનાં અભિમાન પોષવાનો આ સંસ્થામાં માર્ગ મળ્યો. 'મે ફ્લાવર' નામના વહાણમાં અમેરિકા આવેલા પ્રોટેસ્ટન્ટ પંથના અગ્રણીઓના વંશજોને પોતાના પંથનું ભારે અભિમાન હતું; અમેરિકન જાતની વિશુદ્ધિ સાચવવાની તીવ્ર ઇચ્છા તેમનામાં જાગ્રત થઈ; અને ગોરાઓનું વર્ચસ્વ કાળી પ્રજા ઉપર રહેવું જ જોઈએ એવી અબોલ ઇચ્છા આ મંડળમાં વ્યક્ત થઈ શકતી.

એવા સંજોગોમાં આ મંડળનો ફેલાવો ઘણો થયો. ૧૯૨૨, ૧૯૨૪ અને ૧૯૨૬ ની ચૂંટણી ક્લુ કલક્સ ક્લૅનનું બળ એટલું બધું હતું કે ઘણાં સંસ્થાનોમાં એ મંડળના સભ્યો સૅનેટમાં કૉન્ગ્રેસમાં અને સરકારી ખાતાંઓમાં મોટા પ્રમાણમાં દાખલ થઈ શક્યા.

પરંતુ સત્તાનો દુરુપયોગ અને લાંચરુશવતના જોરને લીધે એ મંડળીની અંદર અંદર પણ

ઝઘડા ઊભા થયા. ઝઘડા થતાં મારામારી, ધમકી, બળજોરીનો યથેચ્છ ઉપયોગ થવા માંડ્યો, અને આ ગુપ્તમંડળ ગુનેગારો અને બદમાશોના મંડળ તરીકે પ્રતિષ્ઠા પામતું ગયું. ધવલ ઝભ્ભા અને ધવલ બુરખા વિચિત્ર અને બિહામણી રીતે પહેરી, આ મંડળના સભ્યો સમાજમાં ભય ફેલાવતા અને અમુક કાર્ય કરવા અગર ન કરવાના હુકમો આપતા. હુકમોનું પાલન ન થાય તો ગમે તેવી જંગલી કે ક્રૂર ઢબનો ઉપયોગ કરી સમાજને ગભરાવી નાખવામાં આવતો. મુક્કાબાજી, ફટકા, ચામડી ઉતરાણ અને ખૂન સુધીના માર્ગ લેતાં આ મંડળના સભ્યો અચકાતા નહિ.

છેક ગઈ સાલમાં એટલે ઈ. સ. ૧૯૩૭માં વરિષ્ઠ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમાયલા ન્યાયમૂર્તિ હ્યુગો બ્લૅક ક્લુ ક્લક્સ ક્લૅન જેવી છૂપી અને ગુનાઈત કૃત્યો કરનારી મંડળીના સભ્ય છે એવા આરોપો મુકાયા. અને એ કારણે તેમને રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું. ન્યાયમૂર્તિ બ્લૅકને જાહેર રીતે કહેવું પડ્યું કે એક સમયે તેઓ ક્લુ ક્લક્સ ક્લૅના સભ્ય તો હતા, પરંતુ યહૂદી, કેથોલિક્સ અને હબસીઓ વિરુદ્ધ તેમણે કોઈ પણ પ્રકારનો અભાવ કેળવ્યો નથી.

આમ ઊંચામાં ઊંચા દેશની ઊંચામાં ઊંચી ગણાતી અદાલતના ન્યાયાધીશ પણ આ મંડળના સભ્ય હોય એ ખરેખર સૂચક પ્રસંગ છે. છૂપા મંડળથી મહત્તા, તેનું બળ અને રાજકીય લાગવગનો આથી વધારે જ્વલંત દાખલો બીજો ન જ હોઈ શકે.

૭

એસેસિન - **Assasin** - મારા

એશિયા ખંડના થોડાં છૂપાં મંડળો આપણે જોઈએ.

અગિયારમી સદીમાં છૂપી રીતે ખૂન કરનારી એક એસેસિન નામે પ્રસિદ્ધ થયેલી ટોળી સ્થાપન થઈ અને બે સદી સુધી તેનો ઉપદ્રવ ચાલુ રહ્યો.

ગુનાઈત કૃત્યોમાં અને તેવાં કાર્ય કરનારી ટોળીઓમાં માદક પદાર્થોનો ઉપયોગ એ મોટું સાધન બની રહે છે. પહેલા વર્ગની મુસાફરી કરતા સર મન્મથનાથ મુકરજી અને તેમનાં પત્નીને ક્લૉરોફૉર્મના ઘેનમાં નાખી તેમના પૈસા અને વસ્તુઓ બદમાશોએ ચોરી લીધી એ કિસ્સો હજી હમણાં જ બન્યો છે. ભાંગ, ગાંજો, દારૂ, અફીણ ક્લૉરોફૉર્મ, કોકેન : એ બધા જ માદક પદાર્થોનું સ્થાન ગુનાઓમાં અને છૂપી મંડળીઓમાં બહુ જ મહત્ત્વનું છે. માદક પદાર્થોની દેહ ઉપર કેટલી ભારે અસર છે એ સહુ કોઈ જાણે છે. એ પદાર્થો કાં તો માનવીને બેભાન બનાવે છે, બેફામ બનાવે છે અગર અશક્ત બનાવે છે. ચંડુલની એક ફૂંક લેતાં માનવી ત્યાં ને ત્યાં ઊંઘી જાય છે, અને આઠ-દસ કલાક સુધી ઊઠી શકતો નથી. અફીણ માણસને સ્વપ્નસેવી બનાવી તેના દેહમાં એક જાતની જડતા લાવે છે. દારૂથી ભાન ભૂલી અનેક જાતના ગુના કરવાની પ્રવૃત્તિમાં માણસ પડે છે. ભાંગ કાં તો મિથ્થા હાસ્ય કે મિથ્યા ઉદાસીનતા પ્રેરે છે, અને તેમ કરી માનવી અને તેના જગત વચ્ચેના પ્રમાણમાં ભારે ફેરફાર કરી મૂકે છે. કોકેનથી આવતી જાગ્રતિ અને હિંમત કોકેનને બહુ જ પ્રચાર આપી રહી છે. શરીરને તાત્કાલિક બળ કે આરામ

આપી તેની જડતાને વધાર્યે જતા માદક પદાર્થોનું સેવન મનુષ્યને એક ધૂન. જડ એકાગ્રતા, પ્રમાણ રહિત આનંદ, સ્વપ્ન સરખો ભ્રમ, ચાલુ સ્થિતિનું અભાન, ભાન વગરનું સાહસ અને અર્થહીન હિંમત અર્પે છે. અલબત્ત, પ્રત્યેક સેવન દેહ ઉપર એક ઝટકો મારતું જાય છે, અને વ્યસનીને પરાધીન બનાવ્યે જાય છે.

દુ:ખી મનુષ્યો દુ:ખ ભૂલવા માટે, વિલાસી મનુષ્યો વિલાસને તીવ્ર બનાવવા માટે, સાધુઓ એકાગ્રતાને મેળવવા માટે, અને ગુનેગારો પોતાના ભોગને સામર્થ્યહીન કે પ્રાણહીન બનાવવા માટે આવા માદક પદાર્થોની સહાય લે છે. હિંમત હારી ગયેલા ગુંડાને કોકેન સુંઘાડી દેવાથી તે ગમે તે ગુનો કરવાની તૈયારી બતાવે છે, અને યુરોપ-અમેરિકાના છૂપી ટોળીના આગેવાનો આ પ્રથાનો ઉપયોગ પણ કરે છે. આ પદાર્થો ખાઈ શકાય છે, તેમને લસોટી તેમનાં પીણાં બનાવી શકાય છે. ભૂકો બનાવી તે સૂંઘી પણ શકાય છે, તેમની વરાળ કે ધૂણીનો ઉપયોગ થઈ શકે છે, અગર ઈન્જેક્સન દ્વારા તે શરીરમાં દાખલ કરી શકાય છે. આમ આ પદાર્થોમાં વપરાશની રીત પણ વૈવિધ્યવાળી છે.

'હશીશ' એ પશ્ચિમ એશિયામાં ભાંગના પાનમાંથી બનાવેલા માદક પીણા માટે વપરાતો શબ્દ છે. એ 'હશીશ'નો ઉપયોગ કરી ખૂન કરનારી ટોળી એ જ નામથી ઓળખાઈ. યુરોપથી ઈન્ગલૅન્ડ સુધી એ નામ પહોંચતાં શબ્દવિપર્યને લીધે 'હશીશ' નામ 'એસેસિન' બની ગયું, અને આજ સુધી છૂપું ખૂન કરનાર માટે અંગ્રેજી ભાષામાં એસેસિન શબ્દ કાયમનો બની ગયો.

ધર્મ અને ધર્મ સાથે જોડાયેલી રાજસત્તાના આગ્રહ અને લોભના પરિણામે જન્મેલી આ મારાઓની છૂપી જંગ ટોળીએ ઈરાન, સીરિયા, અરબસ્તાન વગેરે પ્રદેશમાં હાહાકાર વર્તાવ્યો હતો. અગિયારમી સદીનાં પાછલાં વર્ષોમાં મુસ્લિમ ધર્મના ઇસ્માઈલી પંથમાં હસન - એ - સબ્બાહ નામનો એક પુરુષ જાગ્યો. ઇસ્માઈલી પંથ એ શિયા માર્ગનો એક ફાંટો છે. હિંદમાં પણ ઇસ્માઈલી પંથના વહેરાઓ જાણીતા છે. શિયા-સુન્નીના ઝઘડા મુસ્લિમ ધર્મમાં ઓછા ઉગ્ર નથી. આજ સુધી એ ઉગ્રતા હિંદમાં પણ ચાલી આવી છે - જોકે નવા રાષ્ટ્રીય જુવાળમાં ઊભી થયેલી હિંદુ વિરુદ્ધ મુસ્લિમ જાગ્રતિને અંગે એ ઉગ્રતા ઘટી ગયેલી દેખાય છે. આગાખાની પંથને ઇસ્લામ તરીકે એક વખત ન સ્વીકારતા મુસ્લિમોએ ના. આગાખાનને મુસ્લિમોના આગેવાન તરીકે સ્વીકાર્યા છે એ સૂચક ચિહ્ન છે. શિયા- સુન્નીના વિરોધને અંગે હસને અનેક પ્રકારનાં કષ્ટ સહન કર્યાં, અનેક પ્રકારનાં સાહસો ખોડ્યાં અને અંતે કોહીસ્તાનમાં તે સ્થિર થયો. કોહી- સ્તાનમાં રહીને તેણે ઇસ્માઈલી પંથમાં પોતાને રુચતો ફેરફાર કરી એ પંથ ફેલાવવો શરૂ કરી દીધો. એને ઘણા અનુયાયીઓ મળ્યા; અને તે સર્વને હસને એક છૂપી ટોળીમાં વ્યવસ્થિત કરી દીધા. યુક્તિપ્રયુક્તિથી હસને એક પર્વતદુંગ હાથ કર્યો, અને ટોળીના સરદાર તરીકે તેણે સલામતી મેળવી.

ઇસ્માઈલી પંથના સિદ્ધાન્તો હસનને માન્ય હતા, માત્ર તેની અને બીજા ઈસ્માઈલીઓની વચ્ચે હસને જ એક તફાવત દાખલ કર્યો : જેટલા તેના અને તેની ટોળીના દુશ્મનો હોય તે બધાયને છૂપી રીતે ખૂન કરી દૂર કરવા એ નવું તત્ત્વ તેણે સ્વીકાર્યું, અને આવાં ગુપ્ત ખૂન એ તેની ટોળીનું મુખ્ય લક્ષણ બની ગયું. આ ટોળીમાં પણ અધિકારશ્રેણી બહુ સુફાઈપૂર્વક ખીલી નીકળી હતી. પ્રમુખના હાથમાં સર્વ સત્તા હતી, અને એનું અધિકાર નામ 'શેખ અલ જવાબ' એટલે 'પર્વતવાસી વડીલ' રાખવામાં આવ્યું હતું. ટોળીના કાર્યપ્રદેશને ત્રણ પ્રાંતોમાં વહેંચી નાખવામાં આવ્યો હતો, અને દરેક પ્રાંતમાં ઉપરીને દાઇ - અલ - કીરબાલ અગર 'મુખ્ય વડીલ તરીકે ઓળખવામાં આવતો. પ્રમુખના હાથ નીચે આ ત્રણ મુખ્ય વડીલો રહેતા અને પ્રમુખના

સલાહકાર મંત્રીમંડળનું કામ પણ કરતા હતા. એથી ઊતરતી શ્રેણીના અધિકારીઓ દાઈ અગર નેતા તરીકે ઓળખાતા. આ નેતાઓ ગુપ્ત મંડળની બધી ક્રિયાઓ, સિદ્ધાન્તો અને કાર્યક્રમથી વાકેફ હતા અને તેઓ ગુપ્ત મંડળનો પ્રચાર કરવામાં રોકાતા. ચોથી શ્રેણીના સાધકો 'રફીક' તરીકે ઓળખાતા. તેઓ ફિદાઈ - સૈનિકો તરીકે કામ કરી પક્વ થયેલા સાધનામાં ધીમે ધીમે દાખલ થતા વચલા વર્ગના અર્ધ દીક્ષિતો હતા. પાંચમા તેમના કર્મચારીઓ - ફિદાઈ - ભક્તો - આવતા હતા જેમને રક્ષણનું અગર ખૂનનું કામ સોંપવામાં આવતું હતું. ફિદાઈ શ્રેણીમાં મોટે ભાગે ભાવનાશીલ અને શક્તિશાળી યુવાનો લેવામાં આવતા. તેમની પાસેથી ભારેમાં ભારે સંયમ અને આજ્ઞાંકિતપણું ઇચ્છવામાં આવતાં હતાં, અને આ કોટીમાં સંપૂર્ણતા મેળવ્યા પછી તેમને ઉપલા વર્ગમાં દીક્ષા ખાતર ચઢાવવામાં આવતા. ટોળીને નામના અપાવનારો આ જ વર્ગ. છઠ્ઠા વર્ગમાં મુમુક્ષુઓ - વર્ગમાં દાખલ થવાની ઇચ્છા રાખનારા અદીક્ષિતો - લાસીક તરીકે ઓળખાતા, અને સાતમા વર્ગમાં મંડળી તરફ સહાનુભૂતિ રાખનાર સામાન્ય લોકોનો સમાવેશ થતો.

ધીમે ધીમે આ ટોળીની સત્તા જામવા લાગી. હસને લાંબા સમય સુધી સત્તા ભોગવી અને ટોળીને સ્થિર તથા વ્યાપક બનાવી. ઈ. સ. ૧૧૨૪માં હસનનું અવસાન થયું. ત્યાર પછીનાં પંદરેક વર્ષ સુધી આ ખૂની ટોળી જરા દબાતી રહી; ખુલ્લા યુદ્ધમાં તેને હાર મળવા લાગી, તેના કેટલાક કિલ્લાઓ હાથથી ગયા અને લૂંટાયા. આથી ઈરાનને બદલે ટોળીએ સીરિયામાં પોતાનું મુખ્ય મથક રાખ્યું, અને ત્યાં ગયેલી પ્રતિષ્ઠા પાછી મેળવી, ટોળીએ ઘણાં ખૂન કર્યાં અને ખાસ કરીને બગદાદના બે ખલીફાઓનાં ખૂન કરવાથી આસપાસનાં રાજ્યસ્થાનો ગભરાઈ ઊઠ્યાં, અને ટોળીએ ભારે જોર પકડ્યું. ટોળીના અત્યાચારોથી સહુ ભયભીત બની ગયા. ઈ. સ. ૧૧૬૨થી ૧૧૬૬ સુધીમાં સીરિયાની શાખા બીજી શાખાઓથી સ્વતંત્ર બની ગઈ. આ જ અરસામાં યુરોપમાં ખ્રિસ્તી રાજ્યો અને મુસ્લિમ સત્તા વચ્ચે જેરૂસલેમના કબજા બાબત ધર્મયુદ્ધો - ક્રુઝેડ - ચાલતાં હતાં. એ યુદ્ધમાંથી યુરોપનાં ખ્રિસ્તી લશ્કરોએ આ ખૂની ટોળીની હકીકત જાણી હતી. જાણીતા ખ્રિસ્તી ઉમરાવોમાંથી યુદ્ધમાં પ્રસિદ્ધિ પામેલ ત્રીપોલીના રેમંડ અને મોન્ટફેરાટના કોનરેડનાં ખૂન આ ટોળીના ફિદાઈઓએ જ કર્યાં હતાં.

તેરમી સદીના મધ્યમ ભાગમાં મધ્યએશિયાનાં બૌદ્ધધર્મી ખાનોએ પશ્ચિમ એશિયા તરફ આક્રમણો શરૂ કર્યાં. ચંગીઝખાનનું નામ તો જણીતું છે જ. તેના પછી આવેલા મંગુખાનના હુકમથી હલાકુખાને બાર હજાર એસેસિનોની કતલ કરી અને ઈરાનની બાજુબાજુમાં તેમની સત્તા નષ્ટ કરી. બીજી પાસેથી ઈજિપ્તના સુલતાનોએ સીરિયાની શાખાને નાબૂદ કરી. પછી તો આ ટોળી પડછાયા સમી બની રહી. તેના નાના નાના સંઘ હજી સીરિયા, ઈરાન અને હિંદના કોઈ કોઈ ખૂણામાં હોવાનું કહેવાય છે.

આમ આ ધર્મ સંબંધી મતભેદમાંથી ઊભી થયેલી ટોળી જગતની એક મહાખૂની ગુપ્ત ટોળી બની; તેણે યુદ્ધો કર્યાં, છૂપાં ખૂન કર્યા, રાજદ્વારોને ભયથી ઉજાગરા કરાવ્યા, ખલીફાઓને તેમણે કાપી નાખ્યા, ખ્રિસ્તી- ક્રુઝેડરોના આગેવાનોને પણ કતલ કર્યા, અને લાખોની સંખ્યામાં પોતાના અનુયાયીઓને અનેક દેશમાં ફરતા રાખ્યા. એ ટોળીની સત્તા કેટલી જબરી હશે તેનો ખ્યાલ આથી આવી શકશે.

ચીનની ધવલપદ્મ ટોળી-ત્રિશૂળસમાજ

ચીન, ઇજિપ્ત અને હિંદ એ માંત્રિક, તાંત્રિક અને ધર્મ સાથે સંબંધ રાખનારી ગુપ્ત ટોળીઓનાં મથક ગણાય છે. કેટલીક ગુપ્ત ટોળીઓ ધંધાનાં મહાજન કે ધંધામાં રહસ્યો સાચવી રાખનાર મંડળો હોય છે. પરંતુ ધાર્મિક ટોળામાંથી રાજકીય બની ગયેલી કેટલીક મંડળીઓનું ગુપ્ત સ્વરૂપ સમજવા સરખું હોય છે. ચીનની 'હુંગ' અગર 'ત્રિશૂળ' સમાજ હજી જીવતી જાગતી ગુપ્ત ટોળી છે, અને જગતની કોઈ પણ ટોળી કરતાં વધારે સભ્યોની સંખ્યા ધરાવે છે. ઈ. સ. ૩૮૬ ની સાલથી આ ત્રિશૂળસમાજ અને ધવલપદ્મ (White Lotus) ટોળી સાથે સાથે અસ્તિત્વ ભોગવતી ચાલી આવી છે.

આ સમાજની સ્થાપના - અગર પુનર્જીવન બૌદ્ધ મુનિ ઈઓન અગર હુનીયીન આભારી છે. અમિતાભ બુદ્ધનો પંથ ફેલાવવા પ્રથમ આ સંસ્થા સ્થાપન થઈ. આ મંડળીની સત્તા એટલી બધી વધી કે તેણે ઈ. સ. ૧૩૪૪માં મોગલ અગર યુએન વંશના રાજ્યકર્તાઓની સામે ભારે બળવો ઉઠાવ્યો. ઈ. સ. ૧૬૬૨ માં ખાન્ગ - સી નામના શહેનશાહે આ મંડળીને ગેરકાયદે ઠરાવી અને તેના સભ્યો ઉપર અત્યાચાર શરૂ કર્યો. ધવલપદ્મ અને ત્રિશૂળ મંડળ બંને એક જ ટોળીનાં જુદાંજુદાં નામો છે કે બંને સરખી છતાં જુદી ટોળીઓ છે એ નક્કી થઈ શક્યું નથી. એક જ મંડળની જુદી જુદી ભૂમિકાઓ માટે આ બે નામ વપરાતાં હોય એવો પૂરો સંભવ છે.

અત્યાચારને પરિણામે આ હુન્ગ - ત્રિશૂળમંડળ - વધારે અને વધારે રાજકીય બનતું ગયું અને રાજવંશની સામે તેણે વારંવાર ઝૂઝવા માંડ્યું. એ મંડળની ક્રિયાઓ અને મુખ્ય સૂત્ર એવાં છે કે ધાર્મિક રહસ્ય બહુ ઝડપથી રાજદ્વારી સ્વરૂપ ધારણ કરી લે.

મંડળનું મુખ્ય સૂત્ર અગર યુદ્ધગર્જના 'ચીંગને પદભ્રષ્ટ- કરો અને મીંગને સિંહાસને બેસાડો એ પ્રમાણે છે. ચીંગનો અર્થ 'માયામાં લપટાયેલો આત્મા' થાય છે અને મીંગનો અર્થ 'પૂર્ણ પ્રકાશ અગર વિશુદ્ધ આત્મા' થાય છે. બીજી રીતે 'ચીંગ' ત્યાંના 'મંચુ' રાજ્યકર્તા માટે વપરાય છે. અને તેમની પહેલાંના બૌદ્ધ રાજવંશને 'મીંગ'ને નામે ઓળખવામાં આવતો. આમ ધાર્મિક અને આધ્યાત્મિક ભાવનામાંથી મહાભયંકર રાજકીય ટોળીનો વિકાસ બહુ સરળ બની ગયો.

આ મંડળના કાર્યકાણ્ડ અને વિધિ ઇજિપ્તના પિતૃગ્રંથ (Book of the Dead) અને પશ્ચિમની તાર્કિક ફ્રીમેસનરીની ઉચ્ચ શ્રેણીના વિધિને બહુ મળતાં આવે છે. આખી ક્રિયામાં એક રૂપક યોજવામાં આવ્યું છે. આત્મા પાતાળમાં થઈને સ્વર્ગ ઉપર જઈ તેથી પણ આગળ વધી દેવોના પવિત્ર ધામમાં પહોંચી જાય એવી ભાવના આખી ક્રિયામાં રહેલી છે. ફ્રીમેસનરીની બધી જ મહત્ત્વની વિગતો 'હુંગ' મંડળની ક્રિયામાં હોય છે; એટલું જ નહિ પણ હસ્તમુદ્રાઓ અને ચિહ્નો ફ્રીમેસનો તરત ઓળખી કાઢે એવો સામ્યતાભરેલાં હોય છે.

ક્રિયાના ચાર વિભાગ થાય છે. દીક્ષા આપતી વખતે એક નિયત કરેલા ઓરડામાં પ્રથમ તો સંસ્થાનો ઇતિહાસ કહેવામાં આવે છે. એક શહેનશાહે પોતાને જ સહાયભૂત બનેલા સાધુઓના સંઘને દગીથી કાપી નાખ્યો; એમાંથી પાંચ સાધુઓ બચ્યા, તેમણે આ 'હુંગ' મંડળ સ્થાપ્યું. શહેનશાહે ત્રણ દગાખાજોથી આ કામ પાર ઉતાર્યું - જેમાં એક શહેનશાહ પોતે જ હતો. એ શહેનશાહને જ મંચુ શહેનશાહ (પદભ્રષ્ટ કરવા લાયક ચીંગ) તરીકે ગણી લેવામાં આવે છે.

ઇતિહાસકથન પછી દીક્ષા લેનારને વિધિપુર:સર સ્નાન કરાવવામાં આવે છે અને પછી તેને ધોળો ઝભ્ભો પહેરાવવામાં આવે છે. દેહશુદ્ધિનો એક એવો સંકેત છે કે દીક્ષા લેનાર આ દેહે મૃત્યુ પામી સ્વર્ગારોહણની પાત્રતા મેળવે છે. ઝભ્ભો પહેરાવ્યા પછી જમણો હાથ, ખભો અને છાતી ખુલ્લાં રાખવામાં આવે છે; ઉપરાંત સામાન્ય પગરખાંને બદલે ઘાસનાં ચંપલ પહેરાવવામાં આવે છે.

આ દરમિયાન સંઘના પ્રમુખ ગુપ્ત મંદિરને ખુલ્લું મૂકે છે અને સંઘના હોદ્દેદારોને તૈયાર કરે છે.

સ્નાન પછી ત્રીજા વિભાગની ક્રિયા શરૂ થાય છે. ગુપ્ત મંદિરમાં પ્રવેશ પામવા માટે ત્રણ દરવાજામાંથી પસાર થવું પડે છે. નવીન દીક્ષિત ત્રણે દરવાજામાંથી પસાર થાય છે અને પછી દારૂના પ્યાલામાં પોતાના લોહીનું ટીપું નાખી તે પોતે તથા સઘળા હાજર સભ્યો દારૂ સાથે ભેળવી પીએ છે. આથી નવા સભ્યનો આખા મંડળ સાથે રુધિરસંબંધ બંધાયો એમ માન-વામાં આવે છે.

ચોથા ભાગની ક્રિયામાં પ્રમુખ અને નવીન શિષ્ય વચ્ચે નક્કી કરેલા પ્રશ્નોત્તર ચાલે છે - Catechism. નવીન શિષ્યની સાથે રહેનાર-ચાલક (Conductor) શિષ્ય તરફે જવાબો આપે છે. પૃથ્વી અને પાણી ઉપર લાંબી મુસાકરી આત્માએ કરી હોય એવો ભાવાર્થ આ પ્રશ્નોત્તરમાંથી નીકળે છે. એ સઘવું સાંકેતિક હોય છે. એમાં અમુક અમુક સંખ્યા ઉપર, ત્રિકોણ ઉપર અને ત્રિશૂળ ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે કારણ સંખ્યા, ત્રિકોણ અને ત્રિશૂળ એ જગતભરના તાંત્રિકોમાં મોટા સંકેતો મનાય છે.

પ્રશ્નોની શરૂઆત નીચે પ્રમાણે થાય છે :-

પ્રમુખ-Master : 'તમે ક્યાંથી આવ્યા ?'

શિષ્યનો ચાલક : 'પૂર્વમાંથી.'

પ્રમુખ : 'કયે વખતે આવ્યા ?'

શિષ્યનો ચાલક : 'સૂર્યોદય થતાં - પૂર્વ દિશા પ્રકાશમય હતી.'

ફૂલ, પક્ષી, માળા, ઝવેરાત, તલવાર, ત્રિશૂળ, સ્વસ્તિક, અંક, દીપ, ધૂપ, મંત્રોચ્ચાર, વિધિ, મૂર્તિ એ બધાનો સંકેત તરીકે અગર સભ્યોના માનસ ઉપર છાપ પાડવા, અને છાપ દૃઢીભૂત કરવા ગુપ્ત મંડળો ખૂબ ઉપયોગ કરે છે, અને તેમાં ધર્મની માફક સફળતા પણ મેળવે છે; કાર્યવિધિ (Rituals) ના દબદબાથી મનુષ્યહૃદય અંજાઈ જાય છે, અને રહસ્યને છે સ્વીકારી લેવા જેવી માનસિક નિર્બળતા પણ ધારણ કરે છે. ગુપ્ત મંડળીમાં ધર્મનો આભાસ આપવાની વૃત્તિ આ દબદબા અને ભવ્યતાની અસરના જ્ઞાન ઉપર આધાર રાખે છે.

૯

હિંદની ગુપ્ત ટોળીઓ

રાજકીય ઉદ્દેશી પાર પાડવા માટે સ્થપાયેલી છૂપી ટોળીઓ આપણા દેશમાં તેમે જ પરદેશમાં જાણીતી છે. મૅઝિનીના બળવાને સફળ બનાવી રહેલી કાર્બોનરીએ તથા રશિયાના નિહિલિસ્ટો અને એનાર્કિસ્ટોની ટોળીઓએ ઇટાલી અને રશિયાને રાજકીય ક્રાન્તિદ્વારા મુક્તિના માર્ગ સફળ કરી આપ્યા છે. હિંદનાં ક્રાન્તિવાદી મંડળોની આપણે ભલે તરફેણ ન કરીએ; પરંતુ દેશની જાગૃતિમાં તેમણે આપેલો ફાળો વીસરાય એમ નથી. ગાંધીજીના અહિંસક બળવાએ રાજકીય મુક્તિના પ્રયત્નોને બીજે રસ્તે ન વાળ્યા હોત તો જર્મન યુદ્ધ પછી હિંદમાં પણ અનેક છૂપાં રાજકીય મંડળો સ્થપાયા વગર રહ્યાં ન હોત. ગાંધીજીનું માર્ગદર્શન હોવા છતાં કાકોરી કેસ. ભગતસિંહની ફાંસી અને એવા એવા પ્રસંગો ક્રાંતિકારોનાં મંડળોનું આછું આછું પણ અસ્તિત્વ સૂચવે છે. અને બ્રિટિશ રાજસત્તા હિંદને અવગણશે તો અન્ય દેશો સરખાં અહીં પણ પરિણામ આવે એમાં નવાઈ નથી.

હિંદની છૂપી ટોળીઓનું વૃત્તાન્ત ઉપયોગી અને રસિક વાંચન પૂરું પાડે એમ છે. આર્યો અને અનાર્યોના વારાફેરા : વૈદિક, બૌદ્ધ, જૈન, શૈવ અને પંથોની ચડતીપડતી : મુસ્લિમ સત્તાનું આક્રમણ અને હિંદુઓના ધર્મ કે રાજ્યરક્ષણના પ્રયત્નો : વ્યાપારીઓ સૈનિકો અને સાધુઓનાં સાહસ : પાગલાઈ તથા પેશ્વાઈની નિર્બળતાના યુગમાં ઉપસ્થિત થયેલી સ્થિતિએ ઊભાં કરેલાં ઠગ અને પીંઢારાઓનાં ટોળાં : ઈ. સ. ૧૮૫૭નો બળવો : રેંડ અને આયર્સ્ટનાં ખૂન : પૂનાના દફતરખાનાને આગ લગાડ્યાનો બનાવ : હિંદ જીતવા માટેનાં બ્રિટિશ કારસ્તાનો અને વીસમી સદીનાં ક્રાંતિકારી મંડળો : એ બધું બહુ જ ઉત્તેજક વાંચન પૂરું પાડે એમ છે. એ સર્વ પ્રસંગોમાં ગુપ્ત મંડળીઓનાં કારસ્તાનોએ શું શું કર્યું એ ખરેખર સમજવા જેવું છે. અંગ્રેજી ઇતિહાસકારોએ ઘણી માહિતી ભેગી કરી છે. છતાં પરદેશી માનસને ઘણી વાતોના ઉકેલ ન મળ્યા હોય એ સંભવિત છે. અત્યંત પ્રામાણિક પ્રયત્નો હોવા છતાં રાજ્યકર્તા હોવાનું ભાન, ઉચ્ચસંસ્કારની ખાતરી અને પરાધીન બનતી કે બની ચૂકેલી પ્રજાના માનસમાંથી ખેંચી કાઢેલી માહિતી આખા દ્રષ્ટિકોણને બદલી નાખે એ સ્વાભાવિક છે. ઇતિહાસનો શોખ ધરાવતા હિંદી અભ્યાસીઓ યુગ યુગનો, અગર પ્રસંગ પ્રસંગનો કે સંસ્થાઓનો અભ્યાસ કરે અને હિંદી દૃષ્ટિએ અભ્યાસનાં પરિણામો પ્રગટ કરે તો ઘણી બાબતો ઉપર સાચો પ્રકાશ પાડી શકે.

સાધુઓની જમાતો, અખાડા અને મઠ પણ ગુપ્ત મંડળીઓના કેટલાક ઇતિહાસ ઉકેલી શકે એમ છે. ધર્મ એ પ્રાચીન જીવનનું વ્યાપક તત્ત્વ. અને સાધુઓ ધર્મજીવનના મુખ્ય અંગ તરીકે બની ગયેલા હોવાથી તેમના પ્રત્યેનો પૂજ્યભાવ તેમને ઘણે અંશે ભારે રક્ષણ આપી રહે છે.પૂજ્યભાવ ભેદનું વાતાવરણ ઊભું કરે છે, અને સઘળા સાધુઓ આત્મોન્નતિના આગ્રહી ન હોવાથી તેમનાં જીવન પાર્થિવ પ્રસંગોમાં પણ પૂજ્યભાવ અને ભેદનો ઉપયોગ કરી લે છે. સાધુનો વેશ,સાધુનું નિરંકુશ ભ્રમણ, સાધુનું સાધનરહિતપણું, સાધુના અધિકાર અને સાધુ પ્રત્યેનો હિંદુજનતાનો પૂજ્યવાવ સાધુને વગર હરકતે કાવતરામાં સામેલ થવા દે છે, અને યથેચ્છ કાર્યક્રમમાં તેને યોજાવા દે છે. સાધુઓનો વેશ ધારણ કરવો એ પણ સરસ છે, એટલે ગુનેગારો પણ એ વેશમાં પોતાના ગુના સંતાડી શકતા.

દક્ષિણના ગાણપત્યો, બંગાળના શાક્તો ગુજરાતના કાંચળિયા પંથીઓ, જૈનોના ગોરજીઓ અને બૌદ્ધ મતના તાંત્રિકો ધર્મની છાયા નીચે ભોગવિલાસને ધાર્મિક સ્વરૂપ આપી સ્વેચ્છાચાર કરનાર ગુપ્ત મંડળો હતાં એમ પણ કહેવાય છે.

પરંતુ એ વિગતવાર ઇતિહાસમાં અત્રે ઊતરી શકાય એમ નથી. ધર્મ અને રાજ્યને અંગે આપણા દેશમાં પણ ગુપ્ત મંડળો ઘણાં થયાં છે. પરંતુ એ સર્વ મંડળોમાં બ્રિટિશ સામ્રાજ્યની

શરૂઆતમાં બહુ જોર ઉપર આવેલું ઠગ મંડળ ધ્યાન ખેંચે એમ છે. પીંઢારાઓ ઠગ સરખા ગુપ્તમાર્ગી ન હતા; પીંઢારાઓની લશ્કરી ટોળીને ઠગ જેવું ગુપ્ત વાતાવરણ જરૂરનું ન હતું. બંનેનો સમય લગભગ સરખો જ હતો. પરંતુ ઠગ અને પીંઢારા એ બે જુદી જ સંસ્થાઓ તરીકે ઓળખાવી જોઈએ. એ ઠગ ટોળીએ હિંદમાં ભજવેલો ભાગ સમજવા જેવો છે.

૧૦

ઠગ

આપણી ઘણી લોકકથાઓમાં ઠગની વાતો આવે છે. મોઢે કહેવાની વાતોનો પ્રચાર ઓછો થઈ ગયો છે, અને હવે તો બાળકને માતાઓ અને કૈંક અંશે દાદીમાઓ પણ ખાસ લખેલી વાર્તાઓ શાસ્ત્રીય ઢબે વિચારપૂર્વક કહી સંભળાવે છે, એટલે કંઠસ્થ વાર્તાસાહિત્ય ઘસાઈ જાય છે. પરંતુ પચીસ-ત્રીસ વર્ષ પૂર્વે એવી ઘણી વાર્તાઓ પ્રચલિત હતી કે જેમાં ઠગનાં વર્ણનો અને પરાક્રમો આવે જ આવે. ઠગપાટણ એ લોકકલ્પનાએ નક્કી કરેલું ઠગ ટોળીનું શહેર એવી વાર્તાઓમાં બહુ જ આગળ તરી આવતું. ‘દિલ્હીનો ઠગ’ અને ‘બનારસી ગુંડા’ એ હજી પણ તોફાની માણસોને અપાતાં બિરુદ જાણીતાં છે. શામળે પોતાની સામાજિક કથાઓમાં ઠગ લોકોનાં આછાં વર્ણન આપ્યાં છે. દલપતરામે અંગ્રેજી સત્તાના આગમનથી થયેલા લાભમાં ઠગ લોકોના વિનાશનું તો સ્પષ્ટ સૂચન કર્યું છે :

‘ફાંસીખોરા ફેલ કરીને વનમાં પાડી ન શકે વાટ.’

ઠગ લોકોને ઠગ, ફાંસીગાર કે ફાંસીખોર તરીકે ઓળખવામાં આવતા. ઠગ લોકોનો વિસ્તાર આખા હિંદમાં હતો. કરાંચીથી આસામ અને કાશ્મીરથી મદ્રાસ સુધી ઠગ લોકોની વ્યવસ્થિત જાળ પથરાઈ હતી. મલબાર સિવાય બીજા બધા પ્રદેશમાં ઠગ લોકોની ટોળીઓ અસ્તિત્વમાં હતી. ઠગ લોકોએ પૂરી પાડેલી હકીકતોમાં ભરૂચ, વડોદરા, ડભોઈ, પેટલાદ એવાં એવાં નામો પણ મળી આવે છે; એટલે ગુજરાતમાં પણ તેમની જાળ પથરાયેલી હતી એ નિ:સંશય વાત છે. ઠગ લોકોના બંધારણનાં અંગ્રેજ લેખકો પણ વખાણ કરે છે. એક લેખક કહે છે:

‘Treacherous and despicable as the Thugs were, one must give them full credit for the excellence of their organisation.’

‘ઠગ લોકો ધિક્કારપાત્ર અને વિશ્વાસઘાતી હતા એ ખરું; પણ તેમના બંધારણની શ્રેષ્ઠતા માટે તેમને પૂરું માન આપવું જોઈએ.’

આખા દેશના તેમણે વિભાગો પાડી દીધા હતા. અને એ વિભાગો અમુક ઠગ ટોળીઓને સોંપવામાં આવ્યા હતા. ઠગના રસ્તાઓ પણ ઠરી ચૂકેલા હતા. ગુરુ, સુબેદાર, જમાદાર અને દફેદાર જેવાં નામ ઠગ-અધિકારીઓને આપવામાં આવતાં હતાં. સંદેશવાહકો - પ્રાથમિક તપાસ કરનારાંઓને ‘બયકરીઆ’ મૃતદેહને દાટનારાઓને ‘લુગ્ગા’. ભોગ બનેલા માનવીઓને પકડી રાખનારા ‘શમસિયા’ અને ફાંસી નાખનારાઓને ‘ભુરટોટી’ કે ‘ભ્રટોટી’ કહેવામાં આવતા.

ચઢતા ઊતરતા દરજ્જાવાળી આ રચના લશ્કરની રચના સરખી વ્યવસ્થિત અને અત્યંત સખત બંદો- બસ્તવાળી હતી. કોઈ માણસ મંડળમાં દાખલ થયો એટલે તેણે મંડળ સંબંધમાં મુખ તદ્દન બંધ કરવું જોઈએ. તેનાં કૃત્યોમાં જરા પણ એવી ખામી ન આવવી જોઈએ કે જેથી ઠગસંઘને હાનિ પહોંચે. વિશ્વાસઘાત કરનાર ઠગને ભારેમાં ભારે સજા થતી - જોકે તેવા પ્રસંગો ભાગ્યે જ આવતા. વળી તેમનો ડર એટલો બધો હતો કે તેમની વિરુદ્ધ સાક્ષીપુરાવા કરવાની હિંમત જ ચાલતી નહિ; હિંમત કરનાર કોઈ નીકળે તો તેનું આવી બનતું. વળી ટોળીઓની વ્યવસ્થા પણ એવી રીતે ગોઠવાતી કે ઓળખાય એવાં સ્થળોએ ટોળીઓ જતી જ નહિ. વળી રાજ્યના નોકરો, પટેલો, તલાટીઓ, સિપાઈઓ તેમ જ મોટા અધિકારીઓમાં પણ ઠગ લોકોનું ગુપ્ત વજન ઘણું હતું. પૈસા વેરીને અને ભય પમાડીને તેઓ પોતાની વિરુદ્ધ તપાસ થવા જ દેતા નહિ. કેટલાક ઠગો ગામમાં અને તાલુકામાં સારી પદવી ઉપર યોજાયેલા હોવાથી ગુના કરનારા ઠગને કશી હરકત પહોંચતી નહિ. ગોરી લશ્કરી છાવણીમાં પણ દુકાનદાર કે શાહુકાર તરીકે ધમધોકાર કામ કરતા સભ્ય વ્યાપારીઓમાં ઠગ પણ હતા એવો પ્રત્યક્ષ અનુભવ 'ઠગની કબૂલાત (Confessions of a thug) ના લેખક મેડેઝ ટેલરને થયો હતો.

રાજા, રજવાડા, ઠાકોરો, નવાબો અને જમીનદારોને ઠગ લોકો તરફથી લાગા મળતા હતા, અગર રાજ્યનાં કાવતરાંમાં તેમની સહાય લેવાતી. એટલે સ્વાભાવિક રીતે દેશી રાજ્યોમાં ઠગ લોકો સલામતી ભોગવતા.

વળી તેમનાં મથકો અને થાણાં ગામેગામ અને શહેરશહેરમાં સ્થપાયેલા હતાં. કોઈ સ્થળે કોઈ વ્યાપારીની દુકાન તરીકે એ થાણું ચાલતું હોય; કોઈ સ્થળે ફકીરના તકિયામાં મથક હોય; કારીગર કે ખેડૂતનાં મકાન ઠગના ઉપયોગમાં આવતાં હોય કે કોઈ ઠાકોરઠકરાતની ગઢીમાં ઠગ લોકોને ભેગા થવાનું સ્થાન હોય. મંદિર, મસ્જિદ, વાડી, બગીચા, વાવ, આરામગૃહ : એમાંથી કયું સ્થાન ઠગનું થાણું ન હોય એ કહી શકાતું નહિ. ઇલોરાની ગુફાને ઠગ લોકો ઠગબિરાદરીનાં કાર્યોનું સંગ્રહસ્થાન માનતા. એ ગુફામાં આવેલાં ચિત્રો અને કોતરકામમાં ઠગ લોકોના રીતરિવાજ, દીક્ષા, ફાંસીના પેતરા પ્રત્યક્ષ વર્ણવાયા છે એમ ઠગ લોકોની માન્યતા હતી.

આ મથકો ઉપરાંત પાંચ પાંચ છ છ માઈલને છેટે નાનકડા વિસામા કે ભાંગેલી છત્રીઓનાં મકાનો ઠગ લોકોનાં મથક બની જતાં, એટલે ગામનાં નાકાં અગર માર્ગ ઉપર ઠગ લોકોની સગવડ સચવાતી. ગામ બહાનાં આ અગણિત થાણાં 'બીલ' તરીકે ઓળખાતાં. પોતાના ભોગને ફાંસી આપવાની અને દાટી દેવાની જગા આ 'બીલ' કે 'બીલ'ની આસપાસ રહેતી. 'બીલ'નો અર્થ હિંદીમાં દર કે ગુફા થાય છે; એ જગ્યાઓ સંતાવા માટે, અગર ગુનાઓ કરવા માટે ઘણી અનુકૂળ થઈ પડતી.

ઠગ લોકો ખૂન કરતા તે પણ ભારે સિફતથી કરતા. પોતાના ભોગને ગળે રૂમાલ નાખી રૂમાલના ફાંસામાં ગળું દાબી દેવાની ક્રિયા એ ખૂન કરવાની ઠગની સ્વીકૃત રીત હતી. ઊભે ઊભે, બેઠે બેઠે અગર જમીન ઉપર મનુષ્યને નાખી તેના પગ દબાવી અસહાય બનાવી દઈ ફાંસો દેવાની કળામાં ઠગ લોકો એટલા તો પાવરધા બની ગયા હતા કે વીજળીની ઝડપે તેઓ માણસનો જીવ લઈ શકતા. સામા થવાની, બૂમ પાડવાની કે જીવતા રહેવાની તલપૂર પણ તક ઠગ લોકો આપતા નહિ. ગળે નાખવામાં આવતા ફાંસા એટલા સખત અને પ્રબળ હતા કે માનવીને બદલે ઘોડા જેવા જાનવરને કંઠે તે દેવાય તો જાનવરનો પ્રાણ પણ એક ક્ષણમાં નીકળી જાય.

ફાંસી દેનાર ફાંસી દઈ મનુષ્યના પ્રાણ હરે કે તુર્ત તેની પાસેની વસ્તુઓ કબજે કરી

મૃતદેહને સફાઈથી દાટી દેવામાં આવતો. મેડોઝ ટેલરની કચેરીથી માત્ર ચારસો વાર છેટે આવા મૃતદેહો દાટવામાં આવતા હતા એમ જ્યારે તેણે જાણ્યું ત્યારે તે હબકી ગયો હતો. ઠગ લોકોને માત કરનાર કર્નલ સ્લિમાન પોતે પણ ઠગ લોકોની જુબાનીઓને માનવા તૈયાર ન હતો. પરંતુ જુદા જુદા ઠગોએ કરેલાં ખૂન અને સંતાડેલા મૃતદેહ એક પછી એક ખોલી બતાવવામાં આવ્યા ત્યારે સ્લિમાનની પણ ખાતરી થઈ કે તેની પાસે પાસે જ ઠગ લોકો પોતાનું કાર્ય બેધડક કોઈની પણ જાણ વગર કર્યે જતા હતા.

૧૧

ઉત્પત્તિ અને ઇતિહાસ

સંસ્કૃત સ્થગ સંતાડવું એ ઉપરથી ઠગ શબ્દ ઉત્પન્ન થયો છે. ઠગ શબ્દ અંગ્રેજી ભાષામાં કાયમ થઈ ગયો છે અને અમેરિકામાં તો ખુલ્લી લૂંટફાટ કરનાર બદમાશો માટે એ શબ્દ સ્થાયી બની ગયો છે. મૂળ તો રસ્તે જતા માણસોને ભોળવી ફાંસો દઈ મારી નાખનાર છૂપી ટોળીના સભાસદને ઠગ કહેવામાં આવતો. આ ધંધો વારસાઈમાં ઊતરતો. ઠગ બાપનો દીકરો ઠગનો જ ધંધો કરતો.

બારે માસ ઠગનું કામ કરવું એવો નિયમ ન હતો. વર્ષમાં બેચાર માસ નક્કી થાય અને જુદી જુદી ટોળીઓ નિશ્ચિત કરેલી યોજના અનુસાર નિશ્ચિત વિભાગમાં ટોળીબંધ કામ કરે. લૂંટનો ઉદ્દેશ ગૌણ હતો. માત્ર ભવાની - કાળી - ઈષ્ટદેવીની આજ્ઞા પ્રમાણે શુકન અનુસાર નીકળી રસ્તે જતા મુસાફરો, યાત્રાળુઓ. સૈનિકોને ફાંસો દઈ મારી નાખવા એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો, એમ અંગ્રેજ લેખકોની માન્યતા છે. જે ખૂન આ પ્રમાણે થતાં તે ભવાનીના ભોગ તરીકે ગણી લેવામાં આવતાં. ભવાનીએ નિર્મિત કરેલાં મનુષ્યો જ તેમને હાથે મરે છે એવી માન્યતાને લીધે ઠગને ફાંસો દેતાં. ક્ષોભ, સંકોચ કે પાપની લાગણી ઉદ્‌ભવતી નહિ, બાળપણથી જ આ પ્રકારનું શિક્ષણ મળતું હોવાથી અને આવા અનેક પ્રસંગોનો અનુભવ થવાથી ઠગ લોકોનાં હૃદય રીઢાં થઈ જતાં હોવાં જોઈએ. રસ્તે મળ્યા માણસને શુકન જોઈ મારવો એટલો જ ઉદ્દેશ હોવાથી ગરીબ, તવંગર, હિંદુ, મુસલમાન : એવા કોઈ પણ ભેદ સિવાય ખૂન કરવામાં આવતાં.

ઠગ લોકોની માન્યતા પ્રમાણે ઠગ લોકોની ઉત્પત્તિ દેવીપુરાણને અનુસરતી લાગે છે. શુંભ, નિશુંભ કે ચંડ, મુંડ અથવા મહિષાસુર નામનો રાક્ષસ જગતમાં ઉત્પન્ન થયો. આ ભયંકર રાક્ષસે પોતાના ત્રાસથી જગતને દુ:ખી કરી નાખ્યું. એની ઊંચાઈ એટલી હતી કે ઊંડામાં ઊંડો સમુદ્ર આ રાક્ષસની કમ્મર સુધી પણ પહોંચી શકતો નહિ. જેટલાં માનવી જન્મે એટલા માનવીને તે ખાઈ જતો. દેવોએ પ્રાર્થના કરી એટલે ભવાનીએ - કાળીએ બડ્‌ગ લઈ આ રાક્ષસને કાપી નાખવા યુદ્ધ આદર્યું. દેવીની તલવાર અસરકારક તો નીવડી, પરંતુ રાક્ષસના લોહીના પ્રત્યેક બિંદુમાંથી નવીન અસુરો - એના જ સરખા ઊપજવા લાગ્યા, અને એક રાક્ષસને બદલે હજારો અને લાખો રાક્ષસો સામે દેવીને યુદ્ધ કરવું પડ્યું. લોહી છંટાવાથી ઊપજતી પરિસ્થિતિ દેવીએ જોઈ, અને તેને લાગ્યું કે આને માટે જુદો રસ્તો કરવો પડશે. ભવાનીને હાથે થયેલા પ્રસ્વેદનો બિંદુમાંથી દેવીએ બે પુરુષો ઉપજાવ્યા, અને પોતાના

પાલવમાંથી બે કટકા ફાડી આપી દેવીએ એ બે પુરુષને આજ્ઞા કરી કે એ કકડા વડે પ્રત્યેક રાક્ષસને ફાંસી દઈ ગૂંગળાવી મારવો. આમ ગૂંગળાવીને મારવાથી રાક્ષસનાં રુધિરે ઊભી કરેલી મુશ્કેલી ટળી ગઈ, અને અંતે તે રાક્ષસ માર્યો ગયો.

આ બંને પુરુષોએ કૌશલ્યથી ફાંસો દેવાનું કામ કર્યું હતું. તેનાથી દેવી પ્રસન્ન થયાં, અને તેમણે આ લૂગડાના કટકા - રૂમાલ - ની એ બંને પુરુષોને ભેટ આપી, તથા આજ્ઞા આપી કે આ રૂમાલનો ઉપયોગ તેમણે કરવો, તેમના વંશજોને શીખવવો, અને જે રાક્ષસપક્ષના મનુષ્યો હોય તે સર્વ ઉપર તે વાપરી તેવા મનુષ્યોનો વધ તેમણે કરવો.

પરંતુ સ્ત્રી, સાધુ, બ્રાહ્મણ ગવૈયા, કલાકારો, માનવ, સોની વગેરે કારીગરોને મારવાની સખત મનાઈ હતી.

કલકત્તાનાં કાળી, વિંધ્યાચળમાં ચુનાર પાસે આવેલાં વિંધ્યવાસિની, દક્ષિણનાં તુળજાભવાની, બનારસનાં દુર્ગા દેવી એ ઠગ લોકોની ઈષ્ટ દેવીનાં જુદાં જુદાં સ્વરૂપો. સેંકડોની સંખ્યામાં ઠગ લોકો આ દેવસ્થાનોની જીવાએ જતા. હજી વિંધ્યવાસિની માતા ચોરની જાત્રાનું ધામ ગણાય છે.

ઠગની એક ટોળી વીસથી ચારસો માણસો સુધીની પણ હોય.

પશ્ચિમના અભ્યાસીઓ ઠગ લોકોને ઈરાનના સગર્ટી જાતના યોદ્ધાઓ સાથે સાંકળે છે. ગ્રીસનો ઇતિહાસકાર હીરોડોટસ આ સગર્ટી યોદ્ધાઓનું વર્ણન આપે છે, ઈરાનના શહેનશાહ ઝર્કસીસે ગ્રીસ ઉપર ચડાઈ કરી હતી : એના લશ્કરમાં આઠ હજાર સગર્ટી લડવૈયા પણ હતા. આ લોકો મોટે ભાગે રબારી વર્ગના હતા, અને કોઈ પણ જાતનું ધાતુનું હથિયાર રાખતા નહિ. તેમનું હથિયાર ચામડાનું એક ગાળાવાળું દોરડું હતું; એ ગાળામાં માણસ કે જાનવર જે ફસાય તેનો મર્યે જ છૂટકો થતો.

મુસ્લિમ વિજેતાઓ સાથે સગર્ટી જાતના વંશજો આવી દિલ્હીની આસપાસ ઘર કરી રહ્યા હોય, અને તેમણે ફાસિયાઓનો ધંધો સ્વીકાર્યો હોય એવો સંભવ કેટલાકને લાગે છે. ખૂનનો આ માર્ગ પરદેશથી આવ્યો હોય એમ કહેવામાં આપણું સ્વદેશાભિમાન ઘવાવાની જરૂર નથી જ ! પરંતુ માત્ર ફાંસાના સામ્ય ઉપરથી ઉત્પત્તિ સાબિત ભાગ્યે જ થાય. ઑસ્ટ્રેલિયામાં ‘લેસો’નો ઉપયોગ અસંસ્કૃત જાતો કરે છે. તેમના ઉપરથી ’લેસો’ નો ઉપયોગ છેક અમેરિકાનાં પશુક્ષેત્રોમાં પણ થાય છે. તેથી કાંઈ ફાંસિયાઓએ ઑસ્ટ્રેલિયાના જંગલીઓ પાસેથી આ જ્ઞાન મેળવ્યું કહી શકાય નહિ.

ઠગ લોકોનો પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ ઝિયાઉદ્દીન બારનીના લખેલા ફિરોઝ તુઘલખના ઇતિહાસમાં જોવામાં આવે છે. એ ઇતિહાસ સને ૧૯૫૬ માં લખાયો. જણાવ્યું છે કે ઈ. સ. ૧૨૯૦માં હજાર ઠગ દિલ્હીમાં પકડાયા હતા. ફિરોઝશાહે તેમને મારી ન નાખતાં લખનૌ લઈ જઈ છોડી દીધા. ત્યાંથી તેઓ સંયુક્ત પ્રાંતમાં અને બંગાળમાં ફેલાયા હોવા જોઈએ. અકબરના સમયમાં ઠગ લોકોનો બીજો ઐતિહાસિક ઉલ્લેખ છે. વળી શાહજહાનના સમયમાં ‘થીવીનો’ નામના એક ફ્રેન્ચ મુસાફરે પણ ઠગ લોકોનો ઉલ્લેખ કર્યો છે, જેમાં ઠગ લોકો રૂપાળી સ્ત્રીઓનો ઉપયોગ મુસાફરોને ફસાવવા માટે કરતા હતા એમ જણાવ્યું છે.

ઈ. સ. ૧૭૯૯માં ટીપુ સુલતાન પાસેથી શ્રીરંગપટ્ટણ અંગ્રેજોએ લીધેલું તે સમયે કંપની સરકારના ધ્યાન ઉપર ફાંસીગરોના અસ્તિત્વની વાત લાવવામાં આવી હતી. ઈ. સ. ૧૮૧૬ માં ડૉ. શેરવુડ નામના મદ્રાસમાં રહેતા અંગ્રેજ અમલદારે એક વિગતવાર લેખ ઠગ લોકોનાં

કારસ્તાનો વિષે લખ્યો. પરંતુ ઠગ લોકોનાં કાર્યો બધાને લાંબા સમય સુધી કલ્પિત અને વધારે પડતાં લાગ્યાં. તેમનો ઉપદ્રવ વધી ગયો, અને સરકાર તથા લોકો ચોંકે એવાં ખૂન થવા લાગ્યાં. ઈ. સ. ૧૮૨૯માં ઠગ લોકોને વિખે રી નાખવા માટે કર્ન લ સ્લિમાનની ખાસ નિમણૂક કરવામાં આવી. ઈ. સ. ૧૮૩૦માં એક ફિરંગિયા નામનો બ્રાહ્મણ ઠગ પકડાયો; આ ફિરંગિયો મશહૂર અને સંઘમાં માનીતો ઠગ હતો. એના પકડાવાથી અનેક ચોંકાવ- નારી બિનાઓ બહાર આવી. પ્રથમ તો સિલ્માનને પોતાને જ વિશ્વાસ ન બેસે એવી એ બિનાઓ લાગી; પરંતુ ફિરંગિયા અને બીજા તેની દ્વારા ખાડાવાયલા ઠગ લોકોના કથની સાબિતીઓ મળવા લાગી, એટલે આ ઉપદ્રવને શાંત પાડવા બહુ જ કડક ઇલાજો લેવા માંડયા

દસ વર્ષમાં ઠગ લોકોના મુખ્ય મુખ્ય સરદારો અને તેમના સાથીદારો પકડાઈ ગયા. રીતસર ન્યાયની અદાલતોથી આ કામોની તપાસ બની શકે એમ ન હતું, એટલે ખાસ અદાલતો નીમી, પુરાવાની ઝીણવટને બાજુએ મૂકી, ફાંસી અને જન્મટીપની સજાઓ દ્વારા સખત ભય ઉપજાવી ઠગ લોકોને દાબી દેવામાં આવ્યા. ઈ. સ. ૧૮૪૦માં સારી રીતે શાંતિ થઈ.

ગુજરાતીઓને આ સંબંધી એક માહિતી વાંચવી ગમશે. નિઝામ હૈદરાબાદમાં તે વખતે એક સૂબા તરીકે પેસ્તનજી નામના પારસી ગૃહસ્થ હતા. તેમણે પણ ઈ. સ. ૧૮૪૦માં નિવેદન કરી જણાવ્યું હતું કે નિઝામ રાજ્યમાં ઠગનો ત્રાસ નાબૂદ થયો છે.

ઈ. સ. ૧૮૬૦ - સુધી આવાં સખત બંદોબસ્તી પગલાં લેવાયાં, અને દરમિયાન ઠગની ટોળીઓનો લગભગ નાશ થયો. છૂટાછવાયા બનતા પ્રસંગોને ટોળીઓ સાથે સંબંધ ન હતો, છતાં ઈ. સ. ૧૯૦૪ સુધી ‘સુપરિ-ન્ટેન્ડેન્ટ ઑફ ઠગનો હોદ્દો હિંદી સરકારમાં ચાલુ હતો.

વંશપરંપરાનો ફાંસિયાનો ધંધો કરનાર ઠગ સિવાય બીજા બે પ્રકારના ઠગ ઓગણીસમી સદીમાં ઊભા થયા હતા. તેમનામાં ધર્મ-ભાવ- નાનો અંશ પણ ન હતો. લૂંટ એ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો. મંડળના બંધન સિવાય બીજું કંઈ જ નૈતિક બંધન તેમને હતું નહિ. અલબત્ત, એક અગર બીજી રીતે ફાંસી દઈ લોકોને મારવાની પ્રથા એ બંને પ્રકારોમાં જાણીતી હતી. એક પ્રકારને સ્લિમાન ‘મેગપુનેઈઝમ’ને નામે ઓળખાવે છે. ખરું જોતા એનો ઉચ્ચાર ‘મેખ ફંદિયા’ થાય છે. એકલા રૂમાલને બદલે નાની ખીંટી જેવી લાકડીમાં ફાંસો વીંટાળી તે વડે લોકોને મારવાની કરામત એ ઠગ લોકો કરતા હતા. ઈ. સ. ૧૮૨૬ માં લૉર્ડ લેકે ભરતપુરના કિલ્લાને ઘેરો ઘાલ્યો તે સમયથી આ મેખફંદિયા ઠગ લોકોએ પોતાની કારકિર્દી શરૂ કરી હોય એમ જણાય છે. વણઝારાની ટોળી માફક બૈરાંછોકરાં સાથે આ લોકો ફરતા. વેપારને બહાને, સાથે બૈરાંછોકરાં અને કાંઈ મિલકત હોવાના કારણે વિશ્વાસ ઉત્પન્ન કરી તેઓ મુસાફરોને મારી નાખતા. તેમનો મુખ્ય ઉદ્દેશ મારી નાખેલા મનુષ્યોનાં બાળકોને વેચવાનો હતો. સારા કુટુંબના માણસોને ફસાવી મારી નાખી તેમનાં બાળકો પુત્રપુનીઓને દૂર દેશમાં લઈ જઈ તેઓ વેચતા. બાલિકાઓ મોટે ભાગે કોઈ શોખીન જાનદારના જનાનખાના માટે, અગર કોઈ ગશિકાને ઘેર ભારે કિંમતે વેચાતી.

બીજા પ્રકારના ઠગ ‘તુશ્મબાઝ’ નામથી ઓળખાતા. આ ‘તુશ્મબાઝ’ ઠગને જન્મ આપનાર એક અંગ્રેજ સૈનિક હતો એમ જાણીને આપણને જરૂર નવાઈ લાગશે. કાનપુરની લશ્કરી ટુકડીમાં ક્રીગ નામનો એક સૈનિક હતો. ઈંગ્લંડના ભામટાઓમાં એક જુગારની પદ્ધતિ હતી. પટાને બે વળાંક આપી ઉત્પન્ન થયેલાં ખાંગાંમાં લાકડી ભરવીએ તો વળાંકની ગોઠવણી પ્રમાણે કાં તો લાકડી છૂટી પડે અગર પટામાં લાકડી ભરાઈ જાય. હાલ તો નાનાં બાળકો પણ દોરા વડે આવી રમત કરી શકે છે. લાકડી બંધાય કે છૂટી એ ઉપર જુગાર રમાતો. આ રીત

સૈનિક ક્રીગે હિંદમાં દાખલ કરી અને એક ગોલંદાજ ધનકુળ આહીરને, સુહીબો નામના એક રસોઈયાને અને એક ગણેશિયા નામના નોકરને શીખવી. આ રીત જોતજોતામાં ફેલાઈ, અને ઠગવૃત્તિવાળાં લોકોએ તેનો લાભ લેવા માંડ્યો. લોકોને આ રમતના ચડસે ચડાવી એકાંતમાં લઈ જઈ તેમને ગળે ફાંસો અપાતો, અને તેમના માલની લૂંટ કરવામાં આવતી. આ જુગાર અને ખૂનની ભયાનક રમતને પોલીસ તરફથી રક્ષણ મળતું હતું. આજના વખતમાં છક્કોપંજો અને અમેરિકન ફીચર્સ ઉપર જુગાર રમનારાઓની સંખ્યા તેનો અણધાર્યો વિસ્તાર અને પોલીસનું તેમાં મળતિયાપણું એટલા જાહેર છે કે 'તુશ્મબાઝ'ના જુગારીપણાને મળતા રક્ષણનો આપણને સહજ ખ્યાલ આવશે.

પરંતુ જુગારી તરીકે જૂજજાજ શિક્ષા ખાઈ આવતા તુશ્મબાઝો ભયંકર ખૂનીઓ છે એમ જ્યારે જણાયું ત્યારે સત્તાવાળાઓએ તેમની વિરુદ્ધ સખત પગલાં લીધાં અને તેમને નિર્મૂળ કર્યા.

આ બંને ઠગની નવી જાત ઓગણીસમી સદીની પેદાશ હતી. જ્યારે ધાર્મિક ઠગ લોકોની સંસ્થાને છસો વર્ષથી તો ઇતિહાસે ઓળખી છે, અને કથાઓ માનવામાં આવે તો તેમનું પ્રાચીનપણું ઘણું લંબાય એમ છે.

૧૨

ઠગની નૈતિક ભૂમિકા

અતિ પ્રાચીનતાથી આપણે ફુલાઈ જવું જોઈએ ખરું ? આ પ્રાચીનપ્રિય ગૃહસ્થની મારા મિત્રે વાત કરી હતી. પ્લેગ પણ પરદેશથી હિંદમાં આવે એ એમને ગમતું નહિ, એટલે તેમણે વેદમાંથી પ્લેગ કાઢી બતાવ્યો ! ઠગની સંસ્થાનું ઉત્પત્તિસ્થાન હિંદ હોય કે હિંદ બહાર હોય એ વિશે અભ્યાસીએ તો વિરાગવૃત્તિ જ રાખવી રહી. છતાં એટલું તો ચોક્કસ કે ઠગની સંસ્થા વિષે કોઈ હિંદી અભ્યાસી તૈયાર થાય તો પશ્ચિમના લેખકો કરતાં વધારે સારો પ્રકાશ પાડી શકે. કર્નલ સ્લિમાન પોતે જ કહે છે કે :

'India is a strane land; and live in it is as long as we may, and mix with its people as much as we please, we shall to the last be constantly liable to stumble upon new moral phenomena to excite our special wonder.'

ઠગ લોકોને દાબી દેનાર કર્નલ સ્લિમાન જાતે જ 'ઠગી સ્લિમાન' તરીકે ઓળખાતો થઈ ગયો. ઠગ સંસ્થાની ઝીણવટભરી વિગતો મેળવનાર, ઠગ લોકોના જીવનમાં ભળી જનાર, અને તેમ કરી તેમના માનસને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરનાર, અને ઠગ વિષે પ્રમાણ તરીકે મનાતો પુરુષ આવો ઉલ્લેખ કરે એથી સ્પષ્ટ જ થાય છે કે ઠગ લોકોની સંસ્થાને પૂરી રીતે સમજવા માટે ગુપ્ત સંસ્થાઓ અને ખાસ કરીને હિંદની ધાર્મિક-અધાર્મિક સંસ્થાઓનો ઊંડો અને સહાનુભૂતિભર્યો અભ્યાસ જ- રૂરનો છે.

વર્ષમાં ત્રણ-ચાર માસ અગર જ્યારે બિરાદરીની આજ્ઞા થાય ત્યારે ઠગનું કરપીણ કાર્ય કરતા મનુષ્યનું ખાનગી જીવન - અગર સામાજિક જીવન કેવું હતું એનો વિચાર કરીએ ત્યારે આ સંસ્થા માત્ર ગુનેગારોની જ હતી એમ માનતા પહેલાં અટકી જવું પડે છે. એ સંબંધમાં એક અંગ્રેજ અભ્યાસી અને કર્નલ સ્લિમાનના પૌત્રની હકીકત આપણે સાંભળીએ. એ કહે છે કે :

'The most astounding fact about the Thug is that, as a general rule,he was a good citizen and model husband, devoted to his family, and scrupulously straight when out on his expedition,presenting a complexity of character utterly baffling to a student of psychology.'

'ઠગ વિષે એક મહા આશ્ચર્યકારક ઘટના એ છે કે સામાન્યત: ઠગ જ્યારે પોતાના ઠગકાર્યમાં ન રોકાયો હોય ત્યારે તે એક સારો નાગરિક, આદર્શ પતિ, કુટુંબનો વહાલસોયો પાલક અને બહુ જ સાચો સજ્જન હોય છે. આ ચારિત્ર્યગૂંચવણ માનસશાસ્ત્રના અભ્યાસીને બહુ જ મૂંઝવે એમ છે.'

એ જ લેખક બીજે સ્થળે ઠગ લોકોને નીચે પ્રમાણે ઓળખાવે છે :

'Here was nobody amateur assassins,driven to crime by force of circumstances, but men of seeming respectability and high intelligence, often occupying positions of importance and responsibility in their normal lives, secretly trained from boyhood to the highest degree of skill in strangulation.'

'ઠગ એ કાંઈ સંજોગોએ ખૂન કરવા પ્રેરેલા બિન-આવડતવાળા ખૂનીઓ ન હતા. એ તો નિત્યજીવનમાં પ્રતિષ્ઠિત અને જવાબદારીભરી જિંદગી ગુજારનાર ઊંચી બુદ્ધિના અને ઊંચી પદવી ભોગવતા ગૃહસ્થો હતા. માત્ર છૂપી રીતે બાળપણથી તેમને ફાંસો નાખવાની કળામાં એટલા પાવરધા બનાવ્યા હતા કે ગૂંગળાવીને મારી નાખવાની આવડત તેમના હાથમાં સંપૂર્ણ બની ગઈ હતી.'

લૂંટ અગર મિલકતનો શોખ તેમની પ્રવૃતિને પ્રેરતો નહિ. એ વિષે એ જ લેખકનું કથન સાંભળવા સરખું છે :

'That robbery did not form the principal motive is clear from the fact that they made little effort to ascertain the wealth of those they put to death.'

'પોતાના ભાવિ ભોગની પાસે કેટલી મિલકત છે એની તપાસ કરવાનો જરા પણ પ્રયત્ન ઠગ કરતા નહિ. એ ઉપરથી લૂંટ એ તેમનો મુખ્ય ઉદ્દેશ ન હતો એ તો સાબિત જ થાય છે.'

સ્ત્રીઓ પ્રત્યેનું તેમનું વર્તન કોઈ પણ સંસ્કૃતિને શોભા આપે એવું ઉચ્ચ હતું. સ્ત્રીઓ તરફ કુદૃષ્ટિ કરવી એ ભયંકર પાપ અને ગુનો ગણાતાં. ઠગની સ્ત્રીઓ ઠગને પૂર્ણ વફાદાર રહેતી, અને આજના જતિવિષયક સ્વચ્છંદને એક સરસ બોધપાઠ પૂરો પાડે એવું તેમનું વિશુદ્ધ ચારિત્ર્ય હતું.

પશ્ચિમના ગુંડાઓ સ્ત્રીઓ પ્રત્યે જે કલુષિત વર્તન અને ભાવના રાખે છે તેની સરખામણીમાં એક અંગ્રેજ લેખક કહે છે કે :

'Contemptible and horrible as the Thugs unquestionably were,it is certain that they would be loud in their expression of horror at the deed of these despicable ruffians in western countries.

Howeverunscrupulous and treacherous the Thugs were,one thing at least stands to their credit, that while sometimes they killed women – though contrary to their faith – they never maltreated them beforehand.'

'ઠગ લોકો ભયંકર અને તિરસ્કારપાત્ર ખરેખર હતા. પણ એટલું તો ચોક્કસ કે પશ્ચિમના મવાલીઓ સ્ત્રીઓ પ્રત્યે જે વર્તન ચલાવે છે તે તરફ ઠગ લોકો વધૃણાના ઉદ્‌ગાર કાઢે. ઠગ લોકો હૃદયહીન હશે, કૃતઘ્ની હશે, પરંતુ તેમને માટે એટલું તો કહેવું જ પડશે કે સ્ત્રીઓને મારી નાખતા પહેલાં તેમની લાજ લૂંટવા જેવું દુષ્કૃત્ય તેમણે કદી કર્યું નથી. આ તો તેમની નૈતિક પ્રતિષ્ઠા વધારે એમ છે. વળી સ્ત્રીઓને માર-વાની તેમના ધર્મ પ્રમાણે તો સખ્ત મનાઈ છે. છતાં એવા જૂજ પ્રસંગે સ્ત્રીઓનાં શીલ ભ્રષ્ટ કરવા તરફ તેમણે નજર કરી નથી.'

જે લૂંટ તેઓ મેળવતા તેની વહેંચણી તેઓ યોગ્ય રીતે કરતા, અને દેવીનો ચોક્કસ ભાગ કાઢતા. મારેલા માણસનાં બાળકોને ઘણી વખત તેઓ ઉછેરતા, અને તેમને દત્તક લીધાના તો અનેક પ્રસંગો ઠગ લકોના ઇતિહાસમાં વિધમાન છે. મેડોઝ ટેલરે વર્ણવેલો મશહૂર ઠગ અમીરઅલી આ પ્રમાણે બાલ્યાવસ્થામાં દત્તક લેવાયેલો ઠગ હતો. એના પિતા એક સારી સ્થિતિના ગૃહસ્થ હતા અને તેમને ઠગ લોકોએ ફાંસો દઈ મુસા-ફરીમાં મારી નાખ્યા હતા. પરંતુ તેની સાથે આવેલા તેના બાળક અમીરઅલીને બચાવી તેને પાળીપોષી દત્તક લઈ એક આગેવાન ઠગ તરીકે બનાવનાર પણ ગુપ્ત મારાઓનો સરદાર જ હતો.

તેમનામાં કેટલાક રારા ગવૈયા હતા, સારા કલાકારો હતા, સારા વાધો વગાડનાર હતા અને બહુ સારી નકલ કે બહુ સારો વેશપલટો કરી શકે એવા અભિનયકાર હતા.

૧૩

ખૂનનો ઉદ્દેશ

આ ઠગ લોકોનો ધર્મ તેમને ફાંસીગર બનાવતો હતો. માત્ર માણસોને ગૂંગળાવી મારવાનો શીખ એ જ તેમનાં ખૂનોનો હેતુ હતો એમ પશ્ચિમના લેખકો કહે છે. શિકારશોખ સાથે ઠગ લોકોની ખૂનવૃત્તિને સરખાવવામાં આવે છે. શિકારનો પણ ચડસ લાગે છે; એ પ્રમાણે માણસો મારવાની પણ ટેવ પડે છે એમ એ લેખકોની ધારણા છે. કર્નલ સ્લિમાને એક વખત ફિરંગિયા ઠગની જુબાની લેતાં પૂછ્યું :

'તમને દયા નથી આવતી ?'

'દયા તો આવે છે, પણ દેવીની આજ્ઞા માનવી જ જોઈએ. વળી દેવીનો ગોળ ખાધા પછી અમારા લોકોની દયા ઓસરી જાય છે.'

ખૂન કર્યા પછી ઠગ લોકો મિજબાની કરતા એટલે કે દેવીને નૈવેદ્ય ધરાવતા. તેમાં પ્રસાદ તરીકે ગોળ ધરાવાતો અને વહેંચાતો. એ ગોળ ખાધાથી ગમે તેવા માણસમાં ખૂન કરવાનું જોસ આવે છે એવી તેમની માન્યતા હતી.

એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જાનવર મારવાં અને માણસ મારવાં એ શું સરખું છે ? ટેવ પડ્યાથી ખૂન કરવાની આવડત અને નિર્દયતા વધી જાય એ ખરું, પરંતુ ભવાનીની આજ્ઞા એ શું માત્ર યથેચ્છ ખૂન કરવાની વૃત્તિ સૂચવે છે ? એવી ઘેલછા - એવો શૉખ પૂરો પાડવા માટે સેંકડો ઠગની ટોળીઓ સેંકડો અને હજારો ગાઉની મુસાફરી કરે ખરી ? લૂંટનો ઉદ્દેશ નહિ, સ્ત્રી બાળક અને સાધુ વગેરેને મરાય નહિ, લોહીનું ટીપું પણ પડે નહિ. મૃત મનુષ્યનાં બાળકોનું પોતાનાં જ બાળકોની માફક પોષણ થાય, ખાનગી જીવન આદર્શ શહેરી તરીકે પસાર થતું હોય, એવા સંજોગોમાં છેક ઉદ્દેશ રહિત ખૂન થાય એ માની શકાશે ખરું ?

દેવી તો માત્ર રાક્ષસ, રાક્ષસી સત્ત્વ અને રાક્ષસી મનુષ્યોની જ વિરોધી છે. એમાંથી કાંઈ ઉદ્દેશનો ધ્વનિ શું નથી નીકળતો ? રાક્ષસની વધતી જતી સંખ્યાને ગૂંગળાવવા ઉપજાવેલા મનુષ્યો રાક્ષસી મનુષ્યોને મારવાનો જ ઉદ્દેશ ધરાવે એ માનવું વધારે સરળતાભર્યું લાગે છે.

ઠગ લોકોની એક દંતકથા સૂચક છે. ઠગ લોકોની શરૂઆતની ભૂમિકામાં ભવાની જાતે આવી મારેલા માણસોનો બક્ષ કરી જતી હતી. પણ તેમાં એક શરત એવી હતી કે માણસને ગૂંગળાવ્યા પછી એ સ્થળને છોડી દેતી વખતે ઠગ લોકોએ પાછું વાળીને જોવું નહિ. એક વખત નવા ઠગદીક્ષિતે ભૂલથી પાછળ જોયું. અને બક્ષ કરતી દેવી ક્રોધે ભરાઈ. તેણે તે દિવસથી મૃત દેહનો ભક્ષ કરવાનું બંધ કર્યું. ઠગ લોકોએ ખૂબ વિનંતી કરી એટલે દેવીએ પોતાનો એક દાંત કાઢી આપ્યો; એને કોદાળી તરીકે વાપરવા સૂચના કરી. દાંત એ ભક્ષનું સાધન છે એટલે દેવીએ આવો તોડ કાઢી મૃતદેહને દાટી દેવાની જવાબદારી ઠગ લોકો ઉપર નાખી.

આ કોદાળીની ભારે પૂજા કરવામાં આવતી. ઠગ લોકો એના તરફ અત્યંત પૂજ્યવાવથી જોતા. આ કોદાળીનું ફળ ઠગની ટોળી રાત્રે ઊભું દાટી દેતી, અને બીજે દિવસે કઈ બાજુએથી જવું તે માર્ગનું સૂચન એ ફળ યોગ્ય રીતે આપોઆપ ગોઠવાઈને કરતું એવી માન્યતા હતી. વળી એમ પણ કહેવાતું કે એ ફળ ઠગ લોકો રાત્રે કૂવામાં નાખી દેતા, અને બીજે દિવસે જ્યારે તેની જરૂર પડતી ત્યારે એ ફળ કૂવામાંથી આપોઆપ ઊછળી આવતું.

ખૂન પહેલાંની દેવીની આજ્ઞા, ખૂન માટે નીકળતા પહેલાં જોવાના શુકન, અને ખૂન પછીની કાળજીભરેલી વ્યવસ્થા છેક ઉદ્દેશરહિતપણું સૂચવતી નથી.

વળી ઠગના સંઘમાં ઠગ તરીકે ક્વચિત્ સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી. ઠગની પત્ની એક સહચારિણી તરીકે ઠગપતિની ઘણી વાતો જાણતી અને છુપાવતી. પરંતુ બધી જ પત્નીઓ ઠગની સવારીઓમાં કે તેમના કાર્યમાં ભાગ લઈ શકતી નહિ.

ધર્મની આજ્ઞા વિરુદ્ધ સ્ત્રીઓને મારી નાખવાના પ્રસંગોએ જ તેમનો પરાજય કરાવ્યો એવી ઠગ લોકોની દ્રઢ માન્યતા હતી. ફિરંગિયાએ જુબાનીમાં કહ્યું હતું :

'સ્ત્રીઓને મારવાનું શરૂ કર્યું ત્યારથી અમારાં નસીબ ફરી વળ્યાં. કાલીબીબીનું ખૂન કર્યું

ત્યારથી અમારી દુર્દશા શરૂ થઈ... પાંચ વર્ષ તો કાંઈ ખાસ મુશ્કેલી દેખાઈ નહિ, પણ પછી તો દુઃખનાં વાદળ ઊમટ્યાં.'

ખીમા જમાદાર નામના એક ઠગની જુબાની ઉપરથી વળી એક બીજું તત્ત્વ દેખાઈ આવે છે.

'માબાપનું ખૂન અમે તેમનાં બાળકો દેખતાં કદી કરતા નથી.' આ બધી સાવધાની અને નૈતિક કાળજી ઉદ્દેશરહિતપણાનું સૂચન ભાગ્યે જ કરે છે.

આ લોકો પોતાના મૃત્યુ માટે કેટલા બેદરકાર હતા તે પણ આપણે અંગ્રેજ લેખકોને જ કહેવા દઈશું. મિસિસ કર્સ નામની લેખિકા ઈ. સ. ૧૮૩૧માં એટલે ઠગને પકડવાની શરૂઆતમાં પચીસ ઠગને સાથેલાગી ફાંસી અપાઈ તેનું વર્ણન આપતાં લખે છે :

'It would be impossible to find in any country a set of men who meet death with more indifference than these wretches; and, had it been in a better cause,they would have excited universal sympathy.'

'મૃત્યુને ઠગ સરખી બેદરકારીથી ભેટનારો માનવવર્ગ જગતના કોઈ પણ દેશમાં મળવો અશક્ય છે. સારા ધ્યેયને ખાતર તેઓ આવી બહાદુરીથી મૃત્યુ પામતા હોત તો તેમના પ્રત્યે આખા જગતની સહાનુભૂતિ આકર્ષાત.'

૧૬ મી ઑક્ટોમ્બર ૧૮૩૦ના સરકારી ગૅઝેટ-સમાચારપત્રમાં આવેલું આ વર્ણન ઉતારવા સરખું છે :

'As the sun rose the eleven men were brought out from the goal, decorated with chaplets of flowers, and marched up to the front of the drop,where they arranged themselves in line with infinite self-possession, When arranged,each opposite the noose that best pleased him, they lifted up their hand and shouted "Bhidachel ka Jae ! Bhawani ka Jae..." every one making use of precisely the same invocation,though four were Mahomedans, one a Brahman and the rest Rajpoots. They all ascended the steps, and took their position upon the platform with great composure. Then, taking the noose in both hands,made the same invocation to Bhawani, after which they placed them over their heads and adjusted them to their necks; some of the younger ones laughing at the observations of the crowd around them.'

'સૂર્યોદય થતાં બરોબર બંદીખાનામાંથી અગિયારે માણસોને લાવવામાં આવ્યા. ફૂલગજરાથી તેઓ શણ-ગારાયલા હતા. તેમને ફાંસીના માંચડા પાસે લાવ્યા, જ્યાં તેઓ તલપૂર પણ ગભરાટ વગર ગોઠવાયા. પછી કયા ફાંસામાં કોણ પેસશે તેની પસંદગી તેમણે જ કરી લીધી, અને હાથ ઊંચા કરી 'વિંધ્યાચળનો જય ! ભવાનીનો જય !' એવા જયનાદ કર્યા. અગિયારે જણે એક સરખો જયઘોષ કર્યો, જોકે એમાંથી ચાર મુસલમાનો હતા, એક બ્રાહ્મણ હતો અને બાકીના રજપૂત હતા. પછી તેઓ માંચડા ઉપર ચડી ગયા, સંપૂર્ણ સ્થિરતાથી તેમણે પોતપોતાના ફાંસા પાસે સ્થાન લીધું, બંને હાથે ફાંસો પકડી દેવીનો જયનાદ ફરી કર્યો અને

ફાંસાને માથામાંથી લઈ ગળે બરાબર ભેરવ્યો. આસપાસ ભેગા થયેલા ટોળામાં ચાલતી વાતચીત સાંભળી કેટલાક યુવાન ઠગ તો માંચડા ઉપર હસવા લાગ્યા.'

મૃત્યુને આમ હસતે મુખે આવકારનાર ઠગ લોકોનાં ખૂન દેવીથી પ્રેરાયલાં, લૂંટની લાલસાથી રહિત, બહુ જ જોખમભરેલાં, અનેક મનાઈ-ઓથી રક્ષાયલાં, મૃત મનુષ્યોનાં બાળકો માટે જીવનભર વાત્સલ્ય ઉપજાવનારાં હોવા છતાં ઉદ્દેશ રહિત શૉખ કે રમત સરખાં હોઈ શકે ? મારો નમ્ર મત એવો છે કે ઉદ્દેશ રહિત ન જ હોય.

એ શો ઉદ્દેશ હોઈ શકે ? રાજ, સત્તા, લક્ષ્મી, લોભ, પ્રતિષ્ઠા, વેર એ સર્વમાંથી ઉત્પન્ન થતા રાક્ષસી અન્યાયોને છૂપી રીતનાં ખૂનથી ટાળવાનો આ લાંબા સમયથી વ્યવસ્થિત ધર્મપ્રયત્ન તો નહિ હોય ?

એ ઉદ્દેશથી શરૂ થયેલા પ્રયત્નો ધીમે ધીમે બગડતા ચાલે, એમાં સ્વાર્થ ભળે, માત્ર ખૂનનો શૉખ ક્વચિત્ ઉત્પન્ન થાય, એ સંભવિત છે. અને એવી પરિસ્થિતિ વચમાં ઉત્પન્ન થાય તો મંડળને ધક્કો પહોંચે જ. બ્રિટિશ રાજ્યઅમલની શરૂઆતમાં તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ હતી. રાજ્યોની ઝડપી ઊથલપાથલ સ્વાર્થી સેનાપતિઓ અને મુત્સદીઓના કાવાદાવા, કેન્દ્રિત રાજ્યવ્યવસ્થાનો અભાવ કે તેની બલહીનતા, અતંત્ર વહીવટ, જીવનમાં ગુંડાગીરીને મળતા લાભ. રુશવતખોર અમલદારશાહી : આ બધું ઓગણીસમી સદીની શરૂઆતમાં વ્યાપક બન્યું હતું. એ સ્થિતિના અન્યાયો ટાળવા અગર એ સ્થિતિનો લાભ લઈ પોતાનો સ્વાર્થ સાધવા ઠગ લોકોનાં ટોળાં નૈતિક સિદ્ધાંતને બાજુએ મૂકી પોતાના ખૂની ધંધાને ખૂબ બહેલાવી રહ્યાં હોય એમ પણ સંભવિત છે. ઠગ કે ઠગસંસ્થા આદર્શ રૂપ હતો એમ કહેવાનો ઉદ્દેશ નથી, પરંતુ તે સર્વ કાળમાં આદર્શહીન જ હતાં એમ માનવા માટે જરા પણ આધાર મળી શકતો નથી. રાક્ષસોને મારવા દેવીએ ઠગને ઉપજાવ્યા એ કથામાંથી આપણે સહજ ઉદ્દેશ મેળવી શકીએ છીએ.

૧૪

શાક્ત મતનો ફાંટો

ભવાનીને ઇષ્ટ દેવી તરીકે સ્વીકારનાર પંથ શાક્ત મતમાં જ ગણી શકાય. બૌદ્ધ. જૈન અને હિંદુ ધર્મનાં તંત્રોએ ભેગાં થઈ શાક્ત માર્ગને વિકસાવ્યો હોય. શક્તિપૂજાનાં - શક્તિની પ્રતિષ્ઠાનાં તત્ત્વો ઠગ લોકોને શાકત સંપ્રદાથી તરીકે ઓળખાવી શકે એમ છે. શક્તિસંપ્રદાયમાં ભયંકર લાગતાં કર્મકાણ્ડ હોય છે. તેમાં ગુપ્તપણું હોય છે; બંધારણની ઝીણવટ પણ હોય છે; એટલે શક્તિપૂજકોએ રાજ્ય, ધન કે સત્તાના બળનો વિરોધ કરવા માટે આવો એક ઠગનો માર્ગ વિકસાવ્યો હોય એમ લાગે છે.

મુસ્લિમોએ હિંદમાં પ્રવેશ કર્યો એટલે મુસ્લિમ ધર્મ પણ હિંદમાં પ્રતિષ્ઠિત બન્યો. છતાં ધર્માન્તર કરતા સમુદાય પોતાના સર્વ પાછલા સંસ્કારોને પૂરા ગાળી કાઢીને નવા ધર્મમાં આવી શકતા નથી. નવીન ધર્મસ્વીકારમાં પણ જૂની ધર્મભાવનાઓ એક અગર બીજે સ્વરૂપે સાથે જ ચાલી આવે છે. સાહસપ્રિય, નવીન મુસ્લિમોને હિંદુ ધર્મ પ્રત્યે તિરસ્કાર ઊપજે છતાં તેમના

લોહીમાં ઊતરી આવેલી રહસ્યપ્રિયતા તેમને ઠગ જેવા ઉગ્ર અને ગુપ્ત માર્ગમાં પ્રેરી શકી એ આપણે ઠગ લોકોનાં દૃષ્ટાંતથી જોઈ શકીએ છીએ. હિંદુમુસ્લિમ ઐક્યને અશક્ય માનનાર માટે ઠગનો ઇતિહાસ બહુ જ સૂચક છે. ઠગની સંસ્થા ગમે તેવી ગુનાઇત કૃત્યો કરનારી હતી, છતાં તેમાં એક જ ભાવથી હિંદુ-મુસલમાનો ભળી શકતા એ આજ આપણને નવાઈ લાગે એવો ઇતિહાસ છે. ઠગનો ભોગ થનાર ગમે તે ધર્મના હતા. ઠગ લોકો જેમ હિંદુને મારતા તેમ મુસ્લિમોને પણ મારતા,અને હિંદુ હિંદુનું તેમજ મુસ્લિમ મુસ્લિમનું ખૂન કરવામાં ધર્મનો જરાય વાંધો કાઢતા નહિ. મસ્જિદ આગળ વાજું વાગતાં આજ મુસ્લિમોનું મુસ્લિમપણું તીવ્ર બની જાય છે. ઠગ મુસ્લિમો ભવાનીનાં દર્શન કરતા અને ભવાનીનો જય ઉચ્ચારતા. મુસ્લિમનો પડછાયો પડતાં, મુસ્લિમ ભાષાનો શબ્દ વાપરતાં અપવિત્ર બની જતા આજના ચોખલિયા હિંદુઓએ જાણવું જોઈએ કે ઠગબિરાદરીમાં મુસલમાનો સાથે બ્રાહ્મણો ખુશીથી ભળતા અને ભવાનીની પૂજામાં મુસ્લિમોને બ્રાહ્મણો સામેલ પણ કરતા. હિંદુ અને મુસલમાન ઠગ પરસ્પરને ઓળખવા માટે જે સંકેતપુકાર કરતા તેમાંના બે પુકારો ઉપરથી જણાશે કે ઠગ લોકોએ ધર્મવિરોધને બાજુએ મૂક્યો હતો. ‘અલીખાન’ અગર ‘હરિસત’ એ શબ્દોચ્ચારથી ઠગ લોકોની અરસપરસ ઓળખ થતી. ઠગ જમાદારોનાં નામ ઉપરથી પણ જણાશે કે એ બિરાદરીમાં હિંદુઓ અને મુસલમાનો કેમ ભળતા હતા.

ફિરંગિયો બ્રાહ્મણ, માંધાતા, જવાહિર શુકલ, લાલાજી શુકલ, મોહન બ્રાહ્મણ, મહારાજ બટુક, ગુંડા તિવારી, મંડન, બ્રખુભાન વગેરે નામવાળા હિંદુ ઠગ સાથે બહેરામ, રૌશન જમાદાર, ખલિલ, શેખ ઇનાયત, હૈદરખાન, શેખ નગ્ગુ, ગુલ્ફીકાર વગેરે નામવાળા મુસ્લિમ ઠગમ પરસ્પર ભારે વફાદારીથી પોતાનું કાર્ય કરતા હતા. રુક્મિણી, રાધા અને મુસમબીબી સરખી સ્ત્રીઓએ પણ પોતાનો ભાગ એમાં ભજવ્યો છે, અને જરૂર પડ્યે ‘ઝીર’ની - ફાંસો નાખવાની ઇશારત આપી છે.

ગામેગામ અને શહેરેશહેરમાં થાણાં નાખી બેઠેલું આ ઠગ મંડળ એક જ પ્રકારની ભાવના અને એક જ પ્રકારના કર્મકાણ્ડથી હજારેક વર્ષ સુધી જોડાયેલું રહ્યું. તેણે કેટકેટલા ભોગ લીધા હશે ? કેટકેટલા ભોગ આપ્યા હશે ? કેટલા અન્યાયો દૂર કર્યા હશે ? કેટલા અન્યાયો તેણે પોતે કર્યા હશે ? એ મહામંડળમાં ભયાનક રહસ્યો હતા ચિત્રવિચિત્ર ક્રિયાઓ હતી, ભવાનીને ભોગ આપવાનો તેનો ઉદ્દેશ હતો. ભોગ આપવાની રીત અજબ હતી, અને એ રૂમાલથી ફાંસો નાખવાની અજબ તરકીબ તેને સાધ્ય બની ગઈ હતી. એમાં હિંદુ-મુસ્લિમ સંગઠન પણ શક્ય હતું. તેણે અનેક મર્દો ઉપજાવ્યા છે, અને અનેક રહેંસી નાખનાર ખૂનીઓ પણ ઉપજાવ્યા છે. એ મંડળની ભયાનક અને છૂપી કાર્યવાહીએ હિંદના મોટા ભાગમાં ભારે ઊથલપાથલ કરી હોવી જોઈએ; એણે કેટલાય વહેમ અને કેટલાયે ભયના પ્રસંગો ઊભા કર્યા હશે.

સતીનો રિવાજ બંધ કરનાર ગવર્નર જનરલ લૉર્ડ બેન્ટીક ઠગને પણ નાબૂદ કરવા મથ્યો. કર્નલ સ્લિમાન એ ટોળીઓને નાબૂદ કરવામાં સફળ થયો. વહેમને માટે ઠગને, હિંદવાસીઓને કે પૂર્વના સઘળા અજ્ઞાનીઓને આપણે ભલે વખોડીએ; પરંતુ એ વહેમ કર્નલ સ્લિમાન જેવા યુરોપવાસીની સાથે કેમ જોડાઈ શક્યો તેનું પણ એક દૃષ્ટાંત આપણે જાણી લઈએ. કર્નલ સ્લિમાનને પરણ્યે ચાર વર્ષ થયાં હતાં, છતાં તેને બાળક ન હતું. કામગીરી અર્થે ફરતાં તે એક ગામડામાં આવ્યો. ગામડાના પટેલે તેનું સ્વાગત કર્યું, અને તેને અનેક પુત્ર થાઓ એવો આશીર્વાદ આપ્યો. સ્લિમાન હસતાં હસતાં કહ્યું કે જો તેને પુત્ર થશે તો તે ગામને સારી રકમ ભેટ આપશે. એક જ વર્ષમાં સ્લિમાનને ત્યાં પુત્ર જન્મ્યો. સ્લિમાને પોતાનું હસતાં આપેલું વચન

પાળ્યું. અને પેલા ગામડાને થોડી રકમ ભેટ આપી. ગામલોકોએ પ્રસંગના સંભારણા તરીકે એક દેરી બંધાવી અને તેમાં અખંડ દીવો રાખવાની વ્યવસ્થા કરી. આ પ્રસંગને સો ઉપરાંત વર્ષ થઈ ગયાં છતાં કાંઈ એવી વિચિત્ર ઘટના બને છે કે કર્નલ સ્લિમાનના વંશમાંથી કોઈ પણ સ્ત્રી દેરી જોવા જાય છે તેને એક વર્ષમાં અચૂક પુત્ર જન્મે છે ! આજ સુધી અજાયબ કિસ્સો બન્યે જાય છે એમ કર્નલ સ્લિમાનનો પૌત્ર જાતે લખે છે !

૧૫

નવલકથાનો વિષય

ઠગસંસ્થા ભલે નાબૂદ થઈ. એ ભયંકર સંસ્થા હતી, છૂપી સંસ્થા હતી, હિંસક સંસ્થા હતી. પરંતુ એની કારકિર્દીમાં કલ્પનાને ઉશ્કેરે એવા અનેક પ્રસંગો વેરાયેલા છે. એનો અભ્યાસ નિરર્થક નીવડે એમ નથી. ઠગની ટોળીએ અનેક નિર્દોષ માણસોનાં ખૂન કર્યાં છે એમ મનાય છે. હશે, એ માટે તેને દોષ દઈએ – જો એ ખૂન નિર્દોષનાં જ હોય તો. જંગીસ અને તૈમુરે કતલ કરેલાં માનવીની ખોપરીના મિનારા બાંધ્યા કહેવાય છે. એ મિનારાઓને નીચા પાડી દે એવા ભવ્ય મિનારા માનવીઓનાં શિર્ષમાંથી આજની ગોરી પ્રજા રચી રહી છે ! ઠગ લોકો માનવીને ગૂંગળાવી એક પળમાં તેની જીવનદોરી તોડી નાખતા; દુશ્મનને રિબાવી રિબાવીને મારતી પશ્ચિમની સુધરેલી પ્રજામાં એ રહેમ હજી આવી નથી. ઠગ લોકોને ધર્મનું બહાનું હતું; પશ્ચિમની પ્રજાને ધર્મનું બહાનું છે જ નહિ. સંપૂર્ણ નફટાઈથી તે કાયદેસર કહેવાતો ખૂન કર્યે જાય છે ! ઠગ લોકો સહુને મારતા નહિ; સ્ત્રીબાળકને તો તેઓ અવશ્ય અવધ્ય માનતા. પશ્ચિમની પ્રજા સ્ત્રી, બાળક, વૃદ્ધ, અપંગ કોઈને ઓળખતી નથી. બૉમ્બ ફેંકી તે બધાંયને બાળી મૂકે છે ! આજની હિંસક પશ્ચિમની પ્રજાઓ કરતાં શું ઠગની ટોળીઓ વધારે ક્રૂર, વધારે અન્યાયી અને વધારે ઘાતકી હતી ?

કલ્પના એમાં પ્રસંગ શોધે અને વાર્તા રચે એવું સહિત્ય છે. મેં વાર્તાનું અવલંબન ઠગની સંસ્થામાંથી લીધું છે. એ વાર્તામાં હિંદ-વાસીઓનો મધ્ય એશિયા સાથે સંબંધ હોવાનો ઉલ્લેખ કર્યો છે. હિંદવાસીઓના પ્રવાસ અને દેશાંતરગમન માટે આપણાં ભૂલભરેલા વિચારો પ્રવર્તે છે. આપણે અટકની બહાર નીકળતા જ ન હતા એવી માન્યતા આપણામાં પ્રચલિત છે. આ માન્યતા અંશતઃ એક ભ્રમ છે. આપણા હિંદવાસીઓ, અને તેમાંયે હિંદુઓ ખુશ્કી માર્ગે પણ કેટલે દૂર પહોંચી જતાં તેનું વર્ણન ધી જર્નલ ઑફ ધી ગ્રેટર ઇન્ડિયા સોસાયટીના જુલાઈ ૧૯૩૭ના અંકમાં શ્રી ડિસ્કળ કરના આ લેખમાં આપેલું છે. જર્યૉર્જ ફોરસ્ટર નામના અંગ્રેજ મુસાફરે બંગાળાથી ઈંગ્લાંડ સુધી ત્રણ વર્ષની પગરજો મુસાફરી કરી હતી. એ મુસાફરી ઈ. સ. ૧૭૮૨થી ૧૭૮૪ સુધીમાં તેણે કરી. અફઘાનિસ્તાન અને રશિયામાં તે સમયે હિંદુઓ હતા એવો તેણે કરેલો ઉલ્લેખ આપણા ભ્રમને દૂર કરશે, અને મેં સૂચવેલા પ્રસંગના ઐતિહાસિક વાતાવરણ માટેની શંકાનું સમાધાન કરશે.

ફોરસ્ટરની મુસાફરીના પુસ્તકના પાન ૨૯૧ ઉપરનું લખાણ સાથેના પરિશિષ્ટ બીજામાં આપ્યું છે. ઠગને દાબી દેવાના કંપની સરકારના પ્રયત્ન પહેલાંનાં પચાસ વર્ષ પહેલાંનું એ ચિત્ર છે.

પરિશિષ્ટ બીજું

‘George Forster’s Travels’ give an account of his journey from Bengal to England 1782-84

P. 291-I must mention to you that we brought from **baku** five Hindoos; two of them were merchants of multan, and three were mendicants : a father, his son and a Sanyasee. The last was a hale spirited young man, who, impelled an equal alertness in mind and body, blended also with a strong tincture of fanaticism was making, it may be termed, the tour of the world; for he did not seem to hold it a matter of much concern wither his course was directed, provided he was in motion.

The Hindoos at **baku** had Supplied his little wants, and recommended him to their agents in Russia, whence, he said, he would like to proceed with me to England. The Multanee Hindoos were going to **Aastrakhan** on a commercial adventure merely.

* * *

The city of **Aastrakhan** is supposed to contain... Nagayan Tartars (the ancient people of the country)... and... a small society of Hindoos... In this city, which occupies a mediate situation between As a & Europe, there is perhaps a more diversified assemblage of nations than on any other spot on the globe and a more liberal display of toleration. You see the... churches mingled with the Mahomedan mosque and Hindoo pagoda... The Hindoos also enjoy at **Aastrakhan** very fair indulgence. After Accumulation certain property they return to India and are succeeded by other adventurers they have neglected to preserve any record of their first settlement, and subsequent progress in this quarter of Russia.

ગુજરાતી ભાવાર્થ

જ્યોર્જ ફોરસ્ટર નામના અંગ્રેજી મુસાફરે બંગાળથી ઈંગ્લાંડ
સુધીની ખુશ્કી માર્ગની કરેલી સને ૧૭૮૨થી ૧૭૮૪
સુધીની પ્રસાફરીના વર્ણનમાંથી ઉતારો.

* * *

પાન ૨૯૧ - આ સ્થળે એક વિગત મારે જણાવી જોઈએ. અમારી સાથે બાકુ શહેરથી અમે પાંચ હિંદુઓને લઈ આવ્યા. એમાંના બે મુલતાનના વ્યાપારીઓ હતા, અને ત્રણ સાધુઓ હતા. સાધુઓના બે જણ બાપદીકરો થતા હતા અને એક સંન્યાસી (**Sanyasee**) હતો. આ સંન્યાસી આનંદી અને તેજદાર સ્વભાવનો યુવક હતો. એના મન અને શરીરની અજબ સ્ફૂર્તિનું મિશ્રણ તેને પૃથ્વીપરિક્રમા કરવા પ્રેરતું હતું. એ સંન્યાસી એવો મસ્ત હતો કે એને મુસાફરી કરવાની મળે એટલે એને બસ થઈ જતું. પછી કયે માર્ગે એણે જવું અગર ક્યારે મુસાફરી પૂરી કરવી એ વિષે એને જરાય કાળજી ન હતી. ચાલ્યા કરવું - ગતિમાં રહેવું એ જ એનો શૉખ !

બાકુના હિંદુઓએ આ સંન્યાસીની ઝીણી ઝીણી જરૂરિયાતો પૂરી પાડી હતી ને રશિયાના આડતિયાઓને એની ભાળવણી કરી હતી. રશિયાથી મારી સાથે ઇન્ગ્લંડ આવવાની પણ તેની તૈયારી હતી. મુલતાની હિંદુઓ તો આસ્ટ્રાખાન શહેરમાં વ્યાપાર માટે જ જતા હતા.

* * *

આસ્ટ્રાખાન શહેરમાં દેશના મૂળ નિવાસી નાયગન તાર્તરોની અને થોડા હિંદુઓની વસતી હતી. આ શહેર યુરોપ અને એશિયાની સરહદ ઉપર આવ્યું છે, એને લીધે જગતના કોઈ પણ સ્થળ કરતાં આ શહેરમાં જુદી જુદી પ્રજાઓની વિવિધતા ઘણી વધારે જોવામાં આવે છે. અહીં ધર્મ ઉદારતા પણ ઘણી જ વધારે છે. આ શહેરમાં ખ્રિસ્તી દેવળો, મુસ્લિમ મસ્જિદો અને હિન્દુ મંદિરો તમે તદ્દન સેળભેળ થઈ ગયાં હોય એટલાં પાસે પાસે આવેલાં જોશો... આસ્ટ્રાખાનમાં હિંદુઓ પ્રત્યે બહુ જ ઉદાર વર્તન રાખવામાં આવે છે... અહીં આવનાર હિંદુઓ થોડી મિલકત થાય એટલે પોતાને દેશ પાછા ફરે છે, અને નવા સાહસિકો તેમના દેશમાંથી આવી તેમનું સ્થાન લે છે... હિંદુઓનો વસવાટ આસ્ટ્રાખાન માં પ્રથમ ક્યારે થતો તેનો દાખલો રાખવાનું તેઓ ચૂક્યા છે, અને રશિયાના આ પ્રદેશમાં પોતાના પ્રથમ વસવાટ પછી શી પ્રગતિ કરી તેનો પણ ઈતિહાસ તેમની પાસે નથી.

